વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી

# વર્તમાન પ્રવાહો

**AUGUST** **E-COPY**

**01/08/2023 to 31/08/2023**











ગુજરાતી ચલચિત્રોના પાછલા ત્રણ વર્ષના પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા

ચંદ્રયાન – 3 ના વિક્રમ લેન્ડરનું સફળતાપૂર્વક ઉતરાણ થયું

દક્ષિણ આફ્રિકામાં 15મી BRICS સંમેલનનું આયોજન થયું

વન (સંરક્ષણ) સુધારા બિલ – 2023

પેજ નં. 17 — પશ્ચિમ બંગાળે 'મેન્ગ્રોવ સેલ' સ્થાપવાની જાહેરાત કરી

પેજ નં. 25 — ગુજરાતમાં સેમિકોન ઈન્ડિયા 2023 નું આયોજન કરવામાં આવ્યું

પેજ નં. 79 — 'વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશીપ 2023' ના પ્રદર્શનમાં ભારતે ટોચનું સ્થાન મેળવ્યું

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | કેન્દ્ર સરકારે આંકડા પર સ્થાયી સમિતિની રચના કરવામાં આવી | 06 |
| 2 | જૈવવિવિધતા (સુધારા) બિલ – 2021 | 07 |
| 3 | વન (સંરક્ષણ) સુધારા બિલ – 2023 | 08 |
| 4 | સિનેમેટોગ્રાફ (સુધારા) બિલ – 2023 | 09 |
| 5 | રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) બિલ – 2023 | 09 |
| 6 | ફોજદારી કાયદાઓને બદલવા ત્રણ નવા બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યા | 10 |
| 7 | ચંદ્રયાન – 3 ના વિક્રમ લેન્ડરનું સફળતાપૂર્વક ઉતરાણ થયું | 11 |
| 8 | દક્ષિણ આફ્રિકામાં 15મી BRICS સંમેલનનું આયોજન થયું | 13 |
| | **આંતરરાજ્ય** | |
| 9 | બહુ રાજ્ય સહકારી મંડળીઓ (સુધારા) બિલ–2022 લોકસભામાંથી પસાર કરવામાં આવ્યો | 15 |
| 10 | નાગાલેન્ડને સત્તાવાર રીતે 'લમ્પી ચામડી રોગ' પોઝિટિવ રાજ્ય જાહેર કરવામાં આવ્યું | 15 |
| 11 | જમ્મુ કાશ્મીર ખાતે ભારતનો પ્રથમ કેનેબીસ મેડિસિન પ્રોજેક્ટ શરૂ થશે | 15 |
| 12 | વડાપ્રધાન દ્વારા 'ભારત મંડપમ' સંકુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું | 16 |
| 13 | ભારત સરકાર દ્વારા વિદેશી નાગરીકો માટે આયુષ વિઝાની નવી શ્રેણી જાહેર કરી | 16 |
| 14 | રાજસ્થાન, ગોવા, ઉત્તરપ્રદેશ અને જમ્મુ કાશ્મીરના કુલ 9 ઉત્પાદનોને GI Tag આપવામાં આવ્યો | 17 |
| 15 | પશ્ચિમ બંગાળે 'મેન્ગ્રોવ સેલ' સ્થાપવાની જાહેરાત કરી | 17 |
| 16 | જન્મ અને મૃત્યુની નોંધણી (સુધારા) બિલ – 2023 | 18 |
| 17 | વિપક્ષ દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ લોકસભામાં લાવવામાં આવ્યો | 18 |
| 18 | રોહિણી સમિતિએ તેનો અહેવાલ સરકારને સોંપ્યો | 19 |
| 19 | 'આઈકોનીક સાઈટ મ્યુઝિયમ' આદિચનાલ્લુર પુરાતત્વીય સ્થળનો શિલાન્યાસ કર્યો | 19 |
| 20 | રેલવે બોર્ડ એ રેલવે સ્ટેશન પર જન ઔષધિ કેન્દ્ર ખોલવાની મંજૂરી આપી | 20 |
| 21 | NCERT એ ધોરણ 3 થી 12 ના અભ્યાસ ક્રમમાં સુધારો કરવા પેનલની રચના કરી | 20 |
| 22 | નેશનલ સ્પેસ ઈનોવેશન ચેલેન્જ – 2023 લોન્ચ કરવામાં આવી | 21 |
| 23 | હરિયાણા સરકારે હથનીકુંડ ડેમ બાંધવાનો નિર્ણય કર્યો | 21 |
| 24 | ભારતની પ્રથમ 3D પ્રિન્ટેડ પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું | 21 |
| 25 | સિમ કાર્ડ વિક્રેતાઓ માટે પોલીસ વેરિફિકેશન ફરજિયાત બનાવવામાં આવ્યું | 22 |
| 26 | હવાના સિન્ડ્રોમ અંગે કેન્દ્ર સરકારનો નિર્ણય | 22 |
| 27 | મિઝોરમ ABDM માઈક્રોસાઈટનું સંચાલન કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું | 22 |
| 28 | શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક જાહેર કરવામાં આવ્યું | 23 |
| 29 | ભારતનો સૌપ્રથમ જૈવવિવિધતા ગામ એટલાસ ગોવામાં જાહેર કરવામાં આવ્યું | 24 |
| | **ગુજરાત** | |
| 30 | વડાપ્રધાન દ્વારા રાજકોટમાં વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું | 25 |
| 31 | ગુજરાતમાં સેમિકોન ઈન્ડિયા 2023 નું આયોજન કરવામાં આવ્યું | 25 |
| 32 | સાપુતારામાં "મેઘ મલ્હાર પર્વ"નો પ્રારંભ પ્રકૃતિ, સંસ્કૃતિ અને પ્રગતિનો ત્રિવેણી સંગમ | 25 |
| 33 | સુરતમાં સાઈબર સંજીવની 2.0 અભિયાન શરૂ કરવામાં આવ્યું | 26 |
| 34 | ભાવનગરના દક્ષિણામૂર્તિ બાલમંદિરને ભારતનો સર્વશ્રેષ્ઠ બાલમંદિરનો પુરસ્કાર એનાયત થયો | 26 |


Banking Academy

| | | |
|---|---|---|
| 35 | ગુજરાતી ચલચિત્રોના પાછલા ત્રણ વર્ષના પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા | 26 |
| 36 | દિવ્યાંગોના વિકાસ માટે અમદાવાદમાં ગુજરાતનું કંપોઝિટ રિજનલ સેન્ટર તૈયાર કરવામાં આવ્યું | 27 |
| 37 | ગુજરાતના ધાર્મિક – પ્રવાસન સ્થળો પર ગરવી – ગુર્જરી એમ્પોરિયમ શરૂ કરાશે | 27 |
| 38 | 18 ગુજરાતી ચલચિત્રોને રૂ. 3.25 કરોડની આર્થિક સહાય જાહેર કરવામાં આવી | 28 |
| 39 | ગુજરાતના 21 સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ કરવામાં આવશે | 28 |
| 40 | 13માં રાષ્ટ્રીય અંગદાન દિવસે ગુજરાતને તેની શ્રેષ્ઠ કામગીરી બદલ પાંચ એવોર્ડ મળ્યા | 28 |
| 41 | GTU માં પ્રથમ મહિલ ઉપકુલપતિ તરીકે રાજુલ ગજ્જરની નિમણુંક કરવામાં આવી | 29 |
| 42 | ગુજરાતમાં નારી વંદના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું | 29 |
| 43 | ગુજરાત રેડક્રોસને સૌથી વધુ બ્લડ કલેકશન કરવા બદલ નેશનલ એવોર્ડ એનાયત થયો | 29 |
| 44 | ગાંધીનગરમાં G-20 એમ્પાવર સંમેલનનું આયોજન થયું | 30 |
| 45 | રાજય વન વિભાગની વસતિ ગણતરી મુજબ દીપડાની સંખ્યામાં 63% નો વધારો થયો | 30 |
| 46 | દરિયાકાંઠાના ખેડૂતો માટે 'ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ' શરૂ કર્યો | 31 |
| 47 | ગુજરાતે તાપી જિલ્લાથી 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમનો શુભારંભ કર્યો | 31 |
| 48 | મિશન ઈન્દ્રધનુષ 5.0 નો ગાંધીનગર ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો | 31 |
| 49 | નર્મદા જિલ્લામાં પશુધન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું | 32 |
| 50 | ગુજરાત સરકારએ નિવૃત્ત રમતવીરોને પેન્શનની જાહેરાત કરી | 32 |
| 51 | 74 માં વન મહોત્સવની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી | 32 |
| 52 | NFSU ને ઈલેક્ટ્રોનિક એવિડન્સ એકઝામિનરનો દરજ્જો આપવામાં આવ્યો | 33 |
| 53 | કંડલા પોર્ટ હવે ભારતનું પ્રથમ મેગા પોર્ટ બનશે | 34 |
| 54 | દેશના કુલ ઈસબગુલના ઉત્પાદનનું 90% પ્રોસેસિંગ ગુજરાતમાં થાય છે | 34 |
| 55 | ગુજરાત સરકારે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં સુધારો કર્યો | 35 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 56 | ભારત અને ચીન વચ્ચે સ્ટેપલ વિઝા વિવાદ થયો | 36 |
| 57 | બ્રિટને યંગ પ્રોફેશનલ્સ સ્કીમ હેઠળ "વિઝા ફોર ઈન્ડિયન્સ" નો બીજો તબક્કો શરૂ કર્યો | 36 |
| 58 | 'ટેલિસમેન સબ્રે' યુધ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું | 36 |
| 59 | ટ્વિટરે તેના નવા લોગો 'X' નું અનાવરણ કર્યું | 37 |
| 60 | બેંગ્લોર ખાતે પાંચમાં વર્લ્ડ કોફી કોન્ફરનસનું આયોજન કરવામાં આવ્યું | 37 |
| 61 | ભારતે 'INDIA STACK' શેર કરવા માટે પાપુઆ ન્યુ ગિની સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા | 37 |
| 62 | જાપાનમાં વિશ્વનું સૌપ્રથમ જૈન ગુરુ મંદિર નિર્માણ પામશે | 38 |
| 63 | ફ્રાન્સ ભારતીય વિદ્યાર્થીઓને પાંચ વર્ષના શેંગેન વિઝા આપશે | 38 |
| 64 | ભારતના સ્વાતંત્ર્ય દિવસને અમેરિકામાં રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવા યુએસ સાંસદમાં પ્રસ્તાવ મૂકાયો | 39 |
| 65 | CBI એકેડેમી ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્કમાં જોડાઈ | 39 |
| 66 | ભારત અને UAE વચ્ચે 'ઝાયદ તલવાર' ક્વાયતનું આયોજન થયું | 40 |
| 67 | ઓસ્ટ્રેલિયામાં માલાબાર યુધ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું | 40 |
| 68 | ACTO દ્વારા એમેઝોન સમિટનું આયોજન કરવામાં આવ્યું | 40 |
| 69 | 20 મી આસિયાન – ભારત આર્થિક મંત્રીઓની બેઠક યોજાઈ | 41 |

| | | |
|---|---|---|
| | **અર્થવ્યવસ્થા** | |
| 70 | કોર્પોરેટ ડેટ માર્કેટ ડેવલપમેન્ટ ફંડ લોન્ચ કરવામાં આવ્યું | 42 |
| 71 | RBI એ નાણાકીય વર્ષ 2024 ની ત્રીજી નાણાકીય નીતિ જાહેર કરી | 42 |
| 72 | ભારતે સૌપ્રથમ UAE ને ખનીજ તેલની ચૂકવણી ભારતીય રૂપિયામાં કરી | 42 |
| 73 | એર ઈન્ડિયા એ નવા લોગો અને નવુ હવાઈજહાજ લિવરીનું અનાવરણ કર્યુ | 43 |
| 74 | RBI દ્વારા UDGAM પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું | 43 |
| 75 | 1 સપ્ટેમ્બરથી 'મેરા બિલ મેરા અધિકાર' યોજના લાગૂ થશે | 44 |
| 76 | RBI એ દેશની આર્થિક સ્થિતિની માહિતી આપતો અહેવાલ રજૂ કર્યો | 44 |
| 77 | RBI એ ઋણ ધારક પાસેથી લેવામાં આવતા 'PENAL INTEREST' રદ કર્યો | 45 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 78 | વડાપ્રધાને 1.25 લાખ વડાપ્રધાન ખેડૂત સમૃદ્ધિ કેન્દ્રોનું રાષ્ટ્રને સમર્પણ કર્યું | 47 |
| 79 | ભારત સરકારએ YES-Tech, WINDS પોર્ટલ અને AIDE મોબાઈલ એપ લોન્ચ કરી | 47 |
| 80 | 'મેરા ગાંવ મેરી ધરોહર' પહેલ શરૂ કરવામાં આવી | 48 |
| 81 | 'મેરી માટી મેરા દેશ' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું | 48 |
| 82 | મધ્યપ્રદેશમાં હેલી શિખર સંમેલન 2023 નું આયોજન કરવામાં આવ્યું | 48 |
| 83 | JJM ડિજિટલ એકેડેમીની સ્થાપના કરવામાં આવી | 49 |
| 84 | NHAI દ્વારા 'રાજમાર્ગયાત્રા' મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી | 49 |
| 85 | ભારતના આરોગ્ય વિભાગ દ્વારા ઈ–કેર પોર્ટલની શરૂઆત કરવામાં આવી | 50 |
| 86 | NCPCR દ્વારા MASI પોર્ટલ વિકસાવવામાં આવ્યું | 50 |
| 87 | ULLAS મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી | 50 |
| 88 | કેન્દ્રીય નાણામંત્રાલયે વિવાદ સે વિશ્વાસ 2.0 યોજના શરૂ કરી | 51 |
| 89 | 'Bhartiya Vastra Evam Shilpakosh' પોર્ટલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું | 51 |
| 90 | PM સ્વનિધિ યોજનામાં નવા લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં આવ્યા | 52 |
| 91 | ઉત્તર ભારતની સૌપ્રથમ દેવિકા નદી કાયાકલ્પ પરિયોજના પૂર્ણ થશે | 52 |
| 92 | ભારતના મુખ્ય ન્યાયાધીશે 'સુસ્વાગતમ' પોર્ટલ લોન્ચ કર્યુ | 52 |
| 93 | કેન્દ્રીય કેબિનેટે સાત રેલવે પ્રોજેકટને મંજૂરી આપી | 53 |
| 94 | કેન્દ્રીય મંત્રીમંડળે 'પી.એમ. ઈ–બસ' સેવાને મંજૂરી આપી | 53 |
| 95 | કેન્દ્ર સરકારે પી.એમ વિશ્વકર્મા યોજનાને મંજૂરી આપી | 54 |
| 96 | 'ODOP વોલ' નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું | 54 |
| 97 | લખપતિ દીદી યોજનાની ઘોષણા કરવામાં આવી | 54 |
| 98 | યુરિયા ગોલ્ડ ખાતર લોન્ચ કરવામાં આવ્યું | 55 |
| 99 | ગ્લોબલ ઈનિશિયેટિવ ઓન ડિજિટલ હેલ્થ લોન્ચ કરવામાં આવ્યું | 55 |
| 100 | ભારતીય વૈજ્ઞાનિકોએ નેનોમિકેનિકલ પરિક્ષણ ટેકનોલોજી વિકસાવી | 56 |
| 101 | કેન્દ્રીય મંત્રીએ NCAP કાર્યક્રમનો શુભારંભ કર્યો | 56 |
| | **રિપોર્ટ અને ઈન્ડેકસ** | |
| 102 | તમાકુ નિયંત્રણ પર WHO એ અહેવાલ જાહેર કર્યો | 58 |
| 103 | ગ્રામીણ ભારતમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ – 2023 અંગેનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો | 59 |
| 104 | ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ – 2023 અહેવાલ જાહેર કરવામાં આવ્યો | 59 |
| 105 | ભારતીય વસતિમાં નોંધપાત્ર આનુવંશિક વિવિધતાઓ રહેલી છે | 60 |
| 106 | ઈન્ટરનેટ સ્થિતિસ્થાપકતામાં ભારત દક્ષિણ – એશિયામાં છઠ્ઠા ક્રમે રહયું | 60 |
| 107 | CPCB દ્વારા NCAP રેન્કિંગ જાહેર કરવામાં આવ્યો | 61 |

| | | |
|---|---|---|
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 108 | મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્યને વાઘ આરક્ષિત ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવશે | 62 |
| 109 | તેજસ તિવારી FIDE તરફથી રેટિંગ મેળવનાર વિશ્વનો સૌથી યુવા ખેલાડી બન્યો | 62 |
| 110 | સ્ક્રબ ટાયફસ ચેપી રોગ નિયંત્રણ માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું | 62 |
| 111 | ભારત રશિયાની S-400 જેવી એર ડિફેન્સ સિસ્ટમ વિકસાવશે | 63 |
| 112 | મધ્યપ્રદેશમાં સૌથી વધુ વાઘની સંખ્યા નોંધાઈ | 63 |
| 113 | SPACEX દ્વારા વિશ્વનો સૌથી મોટો ખાનગી સેટેલાઈટ 'જયુપીટર–3' લોન્ચ કરવામાં આવ્યો | 63 |
| 114 | ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠેથી ISRO ના રોકેટનો કાટમાળ મળી આવ્યો | 64 |
| 115 | OPEN AI દ્વારા વર્લ્ડકોઈન ક્રિપ્ટો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો | 65 |
| 116 | ISRO એ PSLV-C56 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ | 65 |
| 117 | કેન્દ્રીય કેબિનેટ ભારતનેટ યોજના માટે 1.39 લાખ કરોડ મંજૂર કર્યા | 66 |
| 118 | ભારત 'નિયંત્રિત માનવ ચેપ અભ્યાસ' સંશોધન મોડલને લાવશે | 66 |
| 119 | ભારતે ઈઝરાયેલ પાસેથી 'SPIKENLOS' મિસાઈલ પ્રાપ્ત કરી | 67 |
| 120 | ભારતે 'નીરાક્ષી' ઓટોનોમસ અંડરવોટર વ્હીકલ લોન્ચ કર્યુ | 67 |
| 121 | INDIAai અને Meta India વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થયા | 68 |
| 122 | ગલ્ફ પ્રવાહ પ્રણાલી વર્ષ 2025 સુધીમાં તૂટી શકે છે! | 68 |
| 123 | ભારતીય વેબ બ્રાઉઝર ડેવલપમેન્ટ ચેલેન્જ શરૂ કરવામાં આવી | 68 |
| 124 | જેની પટેલ એનાલોગ એસ્ટ્રોનોટ તરીકે પસંદગી પામનાર ભારતની સૌપ્રથમ મહિલા બની | 69 |
| 125 | 'માયા OS' વિકસાવવામાં આવી | 69 |
| 126 | ISRO એ IMS-1 સેટેલાઈટ બસ ટેકનોલોજી ખાનગી ક્ષેત્રને હસ્તાંતરણ કરી | 70 |
| 127 | હિમાલય ગીધનું સફળતાપૂર્વક સંવર્ધન કરવામાં આવ્યું | 70 |
| 128 | ISRO દ્વારા ગગનયાન મિશન માટે પેરાશૂટનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું | 71 |
| 129 | તમિલનાડુમાં નવા સ્પેસપોર્ટનું નિર્માણ કરવામાં આવશે | 71 |
| 130 | NASA અવકાશયાત્રા માટે પરમાણુ રોકેટ વિકસાવી રહયું છે | 71 |
| 131 | ગુજરાતમાં આંખ આવવાના (Conjuctivitis) કેસોમાં સતત વધારો નોંધાયો | 72 |
| 132 | ભારતે સૌપ્રથમ લોંગ – રેન્જ રિવોલ્વર "પ્રબળ" લોન્ચ કરી | 72 |
| 133 | CWC દ્વારા મોબાઈલ એપ્લિકેશન "Floodwatch" લોન્ચ કરવામાં આવી | 72 |
| 134 | ભારતના રાષ્ટ્રપતિએ 'વિધ્યાગીરી' જહાજ લોન્ચ કર્યુ | 73 |
| 135 | કમળની નવી પ્રજાતિ 'નમોહ – 108' નું અનાવરણ કરવામાં આવ્યું | 73 |
| 136 | પ્રથમ સ્વદેશી ઈ–ટ્રેકટર CSIR Prima ET11 લોન્ચ કરવામાં આવ્યું | 74 |
| 137 | D-4S ને ભારતીય સશસ્ત્ર દળમાં સામેલ કરવામાં આવ્યું | 74 |
| 138 | ભારતીય સેનામાં 'SWATHI MK-II' નો સમાવેશ કરવામાં આવ્યો | 74 |
| 139 | કેન્દ્ર સરકારે ગ્રીનહાઈડ્રોજનની વ્યાખ્યા જાહેર કરી | 75 |
| 140 | NTCA દ્વારા ધોલપુર – કરૌલી વાઘ આરક્ષિત ક્ષેત્રને મંજૂરી આપવામાં આવી | 75 |
| 141 | લડાકુ વિમાન તેજસથી સૌપ્રથમ વખત અસ્ત્ર મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું | 76 |
| | **રમત–જગત** | |
| 142 | BWF રેન્કિંગમાં ભારતીય બેડમિન્ટન જોડી સાત્વિક – ચિરાગ બીજા ક્રમે રહ્યા | 78 |
| 143 | ISSF વર્લ્ડ ચેમ્પિયનશિપ જુનિયર્સ – 2023 માં ભારત બીજા ક્રમાંકે રહયું | 78 |
| 144 | ગોવા ચેલેન્જર્સ અલ્ટિમેટ ટેબલ ટેનિસ – 2023 નું વિજેતા બન્યું | 78 |
| 145 | ડોમ્મારાજુ ગુકેશએ FIDE રેન્કિંગમાં શ્રી વિશ્વનાથ આંનદને પાછળ છોડયા | 79 |
| 146 | 'વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશીપ – 2023' ના પ્રદર્શનમાં ભારતે ટોચનું સ્થાન મેળવ્યું | 79 |
| 147 | વર્લ્ડ યુનિવર્સિટી રમતમાં ભારતે કુલ 26 મેડલ જીત્યા | 79 |


Banking Academy

| | | |
|---|---|---|
| 148 | જોર્ડનમાં U-20 વિશ્વ રેસલિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું | 80 |
| 149 | સ્પેન મહિલા ફિફા વર્લ્ડ કપ – 2023 નું વિજેતા બન્યું | 80 |
| 150 | તીરંદાજી વર્લ્ડ કપ 2023 માં ભારતની ટીમ એ ગોલ્ડ મેડલ જીત્યો | 80 |
| 151 | શા'કેરી રિચાર્ડસન વિશ્વની સૌથી ઝડપી દોડવીર બની | 81 |
| 152 | પ્રજ્ઞાનનંદ FIDE વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચનાર બીજો ભારતીય બન્યો | 81 |
| | **નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 153 | અમિત શાહે "ડો. એપીજે અબ્દુલ કલામ: Memories Never Die" પુસ્તકનું વિમોચન કર્યુ | 83 |
| 154 | કોઈમ્બતુરમાં તમિલ કવિ તિરુવલ્લુવરની 25 ફૂટ ઊંચી સ્ટીલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી | 83 |
| 155 | પ્રસિધ્ધ પરમાણુ ભૌતિકશાસ્ત્રી વિકાસ સિંહાનું નિધન થયું | 83 |
| 156 | પિયુષ પટેલની BSF ના IG તરીકે નિમણૂક થઈ | 84 |
| 157 | સચિન તેંડુલકરને ચૂંટણી પંચના 'નેશનલ આઈકોન' બનાવવામાં આવ્યા | 84 |
| 158 | પ્રસિધ્ધ આંકડાશાસ્ત્રી ડો. કલ્યામપુડી રાધાકૃષ્ણ રાવનું નિધન થયું | 85 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 159 | ગુજરાતી મુળની લેખિકાની નોવેલ બૂકર પ્રાઈઝ માટે શોર્ટલિસ્ટ થઈ | 87 |
| 160 | રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર–2021ની જાહેરાત કરવામાં આવી | 87 |
| 161 | ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્યૂલિપ ગાર્ડનને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું | 88 |
| | **મહત્વના દિવસો** | |
| 162 | 1 – ઓગસ્ટ : વર્લ્ડ વાઈડ વેબ દિવસ (World Wide Web Day) | 89 |
| 163 | 1 – ઓગસ્ટ : વિશ્વ ફેફસા કેન્સર દિવસ (World Lung Cancer Day) | 89 |
| 164 | 1 TO 7 – ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ (World Breast Feeding Week) | 89 |
| 165 | 6 – ઓગસ્ટ : હિરોશિમા દિવસ (Hiroshima Day) | 90 |
| 166 | 9 – ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ (International Day of the World Indigenous People) | 90 |
| 167 | 10 – ઓગસ્ટ : વિશ્વ સિંહ દિવસ (World Lion Day) | 90 |
| 168 | 12 – ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day) | 91 |
| 169 | 13 – ઓગસ્ટ : વિશ્વ અંગદાન દિવસ (World Organ Donation Day) | 91 |
| 170 | 14 – ઓગસ્ટ : વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ (Partition Horrors Remembrance Day) | 91 |
| 171 | 15 – ઓગસ્ટ : રાષ્ટ્રભરમાં 77 માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી | 92 |
| 172 | 19 – ઓગસ્ટ : વિશ્વ માનવતા દિવસ (World Humanity Day) | 92 |
| 173 | 19 – ઓગસ્ટ : વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ (World Photography Day) | 92 |
| 174 | 20 – ઓગસ્ટ : વિશ્વ મચ્છર દિવસ (World Mosquito Day) | 93 |
| 175 | 23 – ઓગસ્ટ : ગુલામોના વેપાર અને તેની નાબૂદીની યાદ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ | 93 |
| 176 | 24 – ઓગસ્ટ : વિશ્વ ગુજરાતી ભાષા દિવસ | 93 |
| 177 | 26 – ઓગસ્ટ : મહિલા સમાનતા દિવસ (Women's Equality Day) | 94 |
| 178 | 29 – ઓગસ્ટ : પરમાણુ પરિક્ષણના વિરોધમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Nuclear Test) | 94 |
| 179 | 29 – ઓગસ્ટ : રાષ્ટ્રીય રમતગમત દિવસ (National Sports Day) | 94 |
| | Current Affairs Booster | 95 |
| | Facts.... Inshort | 111 |

## 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

### કેન્દ્ર સરકારે આંકડા પર સ્થાયી સમિતિની રચના કરવામાં આવી

- ભારત સરકારે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશન (NSO) ની કામગીરીની સમીક્ષા કરવા માટે ભારતના ભૂતપૂર્વ મુખ્ય આંકડાશાસ્ત્રી પ્રણવ સેનની અધ્યક્ષતામાં આંકડા પર એક સ્થાયી સમિતિની રચના કરી.
- સરકારએ ડિસેમ્બર 2019માં રચેલી સ્ટેન્ડિંગ કમિટી ઓન ઈકોનોમિક સ્ટેટિસ્ટિક (SCES) નું નામ બદલીને સ્ટેન્ડિંગ કમિટીઓન સ્ટેટિસ્ટિક (SCOS) કરવામાં આવ્યું.
- વિવિધ મંત્રાલયો અને વિભાગોના વિવિધ આર્થિક આંકડાઓની વિભાવનાઓ, વ્યાખ્યાઓ, વર્ગીકરણ અને પધ્ધતિની સમીક્ષા કરવા અને સંકલન સાધવા SCES ની રચના કરવામાં આવી છે.




- SCES માં કુલ 28 સભ્યો છે, તેના અધ્યક્ષ દેશના મુખ્ય આંકડાશાસ્ત્રી હોય છે.
- SCES ને તેનો અહેવાલ જૂન 2020 સુધીમાં રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ તે COVID – 19 રોગચાળાને કારણે અહેવાલ રજૂ થઈ શકયો નહીં હતો.
- હવે SCOS પાસે SCES કરતા વ્યાપક આદેશ છે. તે માત્ર આર્થિક ડેટા જ નહી પરતું સામાજીક અને પર્યાવરણીય ડેટાનો આવરી લીધા છે.
- SCOS માં કુલ 14 સભ્યો હશે જેમાંથી 10 સત્તાવર સભ્યો અને 4 બિન–સત્તાવાર સભ્યો હશે. જો જરૂરિયાત જણાય તો 2 સભ્યો વધારીને કુલ 16 સભ્યો પણ હોઈ શકે છે.

**National Statistical Organisation (NSO) વિશે....**

**વડુ મથક** : નવી દિલ્હી

- વર્ષ 2019 માં કેન્દ્રીય સરકારે NSSO (National Sample Survey Office) અને CSO (Central Statistical Office) નું વિલીનીકરણ કરીને NSO ની રચના કરી.
- તે આંકડા અને કાર્યક્ષમ અમલીકરણ મંત્રાલય હેઠળ કાર્યરત છે.
- તે દેશમાં આંકડાકીય પ્રણાલીના આયોજિત વિકાસ માટેની નોડલ એજન્સી તરીકે કાર્ય કરે છે.

❖ **SCOS ના મુખ્ય કાર્યો :**

- વર્તમાન માળખાની સમીક્ષા કરવી તેમજ આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા SCOS સમક્ષ લાવવામાં આવેલા તમામ સર્વેક્ષણો સંબંધિત વિષય / પરિણામો / પધ્ધતિ વગેરે પર સમયાંતરે ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને સંબોધવા.
- તે સેમ્પલિંગ ફ્રેમ, સેમ્પલિંગ ડિઝાઈન, સર્વેક્ષણ સાધનો વગેરે સહિત સર્વેક્ષણ પધ્ધતિ અંગે સલાહ આપે છે સર્વેક્ષણની યોજનાને અંતિમ સ્વરૂપ આપે છે.
- આ સાથે તે સર્વેના પરિણામોને પણ અંતિમ સ્વરૂપ આપશે.
- આ સમિતિ તમામ માહિતીનું એકત્રીકરણ અને સંકલન વધારશે અને માહિતીની અસંગતતા ઘટાડશે.

❖ **NSO ની સમીક્ષા કરવાની જરૂર શા માટે છે?**

- કેટલાક નિષ્ણાતોએ રાષ્ટ્રીય સર્વેક્ષણમાં ઉપયોગમાં લેવાતી જૂની સર્વેક્ષણ પધ્ધતિઓ પર ચિંતાઓ વ્યકત કરી છે.
- જેમ કે NSS (National Sample Survey), NFHS (National Family Health Survey) અને PLFS (Periodic Labour Force Survey) નો સમાવેશ થાય છે.
- જેના કારણ ભારતનો વિકાસ ઓછો આંકવામાં આવે છે.
- આ જૂની પધ્ધતિઓ કેટલાક સમયથી વાસ્તવિક માહિતીને દર્શાવવામાં નિષ્ફળ રહી છે. કારણકે ભારતીય અર્થતંત્ર છેલ્લા 30 વર્ષોમાં અતિશય ગતિશીલ રહ્યુ છે.
- ઉદાહરણ તરીકે NFHS જેવા રાષ્ટ્રીય સર્વેક્ષણ ગ્રામીણ પૂર્વગ્રહ દર્શાવે છે, જૂની વસતિ ગણતરીના ડેટા પર ભારે નિર્ભરતાને કારણે ગ્રામીણ વસતિનો વધારે પડતો અંદાજ આપે છે.

## જૈવવિવિધતા (સુધારા) બિલ – 2021

- તાજેતરમાં જૈવવિવિધતા (સુધારા) બિલ – 2021 (Biological Diversity (Amendment) Bill.- 2021 લોકસભા અને રાજયસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું.
- આ બિલ સ્થાનિક કંપનીઓ માટે અનુપાલનની જરૂરીયાતોને સરળ બનાવવા માટે જૈવવિવિધતા અધિનિયમ – 2002 માં સુધારો કરે છે.

Significant shift

**The Biological Diversity (Amendment) Bill, 2021 seeks to exempt registered AYUSH medical practitioners from intimating biodiversity boards before accessing biological resources**



**Traditional knowledge:** A tribal harvesting *Arogyapacha* leaves from a forest in Kerala. S. MAHINSHA

- It also aims at easing compliance burden, boosting investment and simplifying patent application processes
- Environmental organisations have raised concerns about potential for "bio piracy"; they say amendments favour industry and there is lack of clarity on benefit sharing with local communities

### ❖ જૈવવિવિધતા અધિનિયમ – 2002

- આ અધિનિયમ વર્ષ 1992 ના જૈવ વિવિધતા સંમેલન (Convention on Biological Diversity) માં ભારતની પ્રતિબધ્ધતાઓના અમલ માટે ઘડવામાં આવ્યો હતો.
- CBD અનુસાર દેશોને તેમના જૈવિક સંસાધનોને નિયંત્રિત કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને તે રાષ્ટ્રીય કાયદાના આધારે આ સંસાધનોની પહોંચને નિયત્રિંત કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- આ અધિનિયમ જૈવિક સંસાધનોનું અસરકારક રીતે સંચાલન કરવા માટે ત્રણ સ્તરીય માળખું સુયોજિત કરે છે.
  (1) રાષ્ટ્રીય સ્તરે – રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળ (NBA) National Biodiversity Authority
  (2) રાજય સ્તરે – રાજય જૈવવિવિધતા બોર્ડ (STATE Biodiversity Board)
  (3) સ્થાનિક સ્તરે – જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ (Biodiversity Management Committees)

### ❖ જૈવ વિવિધતા (સુધારા) બિલ – 2021 અને જૈવવિવિધતા અધિનિયમ – 2002 વચ્ચેની સરખામણી

**(1) જૈવિક સંસાધનોની પહોંચ**

- અધિનિયમ 2002 – જેમાં ભારતમાં જૈવિક સંસાધનો અથવા સંબંધિત જ્ઞાન મેળવવા ઈચ્છતી કોઈ પણ વ્યકિતએ પૂર્વ પરવાનગી લેવી જરૂરી છે અથવા તેના ઈરાદા વિશે નિયમનકારી અધિકારીઓને જાણ કરવી જરૂરી છે.
- સુધારા બિલ – 2021 – આ ખરડો એવી સંસ્થાઓ અને પ્રવૃત્તિઓના વર્ગીકરણમાં ફેરફાર કરે છે કે જેને માહિતીની જરૂર હોય છે, જયારે અમુક કિસ્સાઓમાં છૂટ પણ આપવામાં આવી છે.

**(2) બૌધ્ધિક સંપદા અધિકારો માટે મંજૂરી**

- અધિનિયમ 2002 – ભારતમાંથી જૈવિક સંસાધનો સંબંધિત બૌધ્ધિક સંપદા અધિકારો સંબંધિત અધિકારો માટે અરજી કરતા પહેલા NBA ની મંજૂરી આવશ્યક છે.
- સુધારા બિલ – 2021 – બૌધ્ધિક સંપદા અધિકારોના વાસ્તવિક અનુદાન પહેલા NBA પાસેથી મંજૂરીની જરૂર પડશે, અધિકારોની અરજી પ્રક્રિયા દરમિયાન મંજૂરીની જરૂર પડશે નહી.

**(3) લાભની વહેંચણી**

- અધિનિયમ 2002 – NBA એ વિવિધ પ્રવૃત્તિઓ માટે મંજૂરી આપતી વખતે લાભ વહેંચણીની શરતો નક્કી કરવી જરૂરી છે.
  – જૈવ વિવિધતાનું સંરક્ષણ કરનારા અથવા તેનું પરંપરાગત જ્ઞાન ધરાવતા લોકો નાણાકીય અને બિન–નાણાકીય લાભ વહેંચવાનો સમાવેશ થાય છે.
- સુધારા બિલ – 2021 – જૈવ સર્વેક્ષણ અને જૈવ ઉપયોગ દ્વારા લાભ વહેંચણીની આવશ્યકતાઓને દૂર કરે છે.

**(4) ફોજદારી દંડ**

- અધિનિયમ 2002 – અધિનિયમ ચોક્કસ પ્રવૃત્તિઓ માટે મંજૂરી ન મેળવવી અથવા સૂચના ન આપવા જેવા ગુનાઓ માટે કેદ સહિત ફોજદારી દંડ લાદે છે.
- સુધારા બિલ – 2021 – આ અધિનિયમ ગુનાઓને અપરાધિક બનાવે છે અન તેના બદલે એક લાખથી 50 લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરેલી છે.

**(5) AYUSH તબીબી વ્યવસાયિકોની મુક્તિ**

- અધિનિયમ 2002 – આ અંગે વિશેષ કોઈ જોગવાઈ નથી.
- સુધારા બિલ – 2021 – તે નોંધાયેલ AYUSH તબીબી વ્યવસાયિકો તેમજ કોડિફાઈડ પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરતા લોકોને અમુક હેતુઓ માટે જૈવિક સંસાધનોને મેળવવા રાજય જૈવ વિવિધતા બોર્ડને અગાઉથી સૂચના આપવામાંથી મૂક્તિ આપવામાં આવે છે.

### ❖ જૈવ વિવિધતા (સુધારા) બિલ 2021 ના ફાયદાઓ :

- સ્થાનિક કંપનીઓ માટે અનુપાલન જરૂરીયાતોને સરળ બનાવવી.
- ભારતીય દવા પ્રણાલી અને વન ઔષધિય વનસ્પતિઓની ખેતીને પ્રોત્સાહિત કરવી.
- સંશોધન, પેટન્ટ અરજી અને સંશોધન પરિણામોના સ્થળાંતરો માટેની પ્રક્રિયાઓના ઝડપી ટ્રેકિંગની સુવિધા આપવી.
- ગુનાઓને અપરાધિક બનાવવા.
- આ ક્ષેત્રમાં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવું.

Banking Academy

## વન (સંરક્ષણ) સુધારા બિલ – 2023




- હાલમાં લોકસભા અને રાજયસભામાંથી વન (સંરક્ષણ) સુધાર બિલ – 2023 પસાર કરવામાં આવ્યું હતું.
- તેનો ઉદ્દેશ્ય વન (સંરક્ષણ) અધિનિયમ, 1980 માં નોંધપાત્ર ફેરફાર લાવવાનો છે. ભારતમાં જંગલના સંરક્ષણ માટે આ એક મહત્વપૂર્ણ કેન્દ્રીય કાયદો છે.

❖ **પૃષ્ઠભૂમિ**

- આઝાદી બાદ જંગલની જમીનના વિશાળ વિસ્તારોને આરક્ષિત અને સંરક્ષિત જંગલો તરીકે વિભાજીત કરવામાં આવી હતી.
- તેમ છતા કેટલાક જંગલ વિસ્તારોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો તેમજ જયાં જંગલ ન હતા તે વિસ્તારને વન (જંગલ) માં સમાવેશ કર્યો ન હતો.
- ગોદાવર્મન કેસ – 1996માં સર્વોચ્ચ અદાલતે વૃક્ષો કાપવાની પર પ્રક્રિયાને સ્થગિત કરી અને વન (સંરક્ષણ) અધિનિયમમાં તમામ નોંધાયેલ હોય અથવા શબ્દકોશની વ્યાખ્યા અનુસાર જંગલ અંગેના અર્થ સાથે મળતી આવતી જમીન હોય.
- જૂન 2022 માં સરકારે વન સંરક્ષણ નિયમોમાં સુધારો કરીને વિકાસકર્તાઓને "જમીન પર વૃક્ષારોપણ કરવાની મંજૂરી આપવામાં આવી હતી જેના જૂન 2022 માં સરકારએ વન સંરક્ષણ નિયમોમાં સુધારો કરી વિકાસકર્તાઓને જે જંગલ પર વન સંરક્ષણ અધિનિયમ લાગુ પડતો નથી ત્યાં વૃક્ષારોપણ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આવા વૃક્ષારોપણ થયેલ જમીનના ટૂકડાને વળતરજનક વનીકરણની અનુગામી જરૂરીયાતોને આધિન કરી શકાય છે.

❖ **વન(સંરક્ષણ) સુધારા બિલ – 2023 ની મુખ્ય જોગવાઈઓ**

**(1) અધિનિયમના કાર્યક્ષેત્ર હેઠળની જમીન :**

- અધિનિયમમાં પ્રસ્તાવનાનો સમાવેશ કરીને તેના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવામાં આવ્યુ છે.
- બે પ્રકારની જમીનનો સમાવેશ કર્યો છે.
  (A) ભારતીય વન અધિનિયમ – 1927 તેમજ અન્ય કોઈપણ કાયદા હેઠળ સૂચિત કરાયેલ જંગલ
  (B) પ્રથમ શ્રેણી સિવાયની જમીન પરંતુ તે 25 ઓકટોબર 1980 ના રોજ અથવા ત્યાર બાદ જંગલ તરીકે સરકાર દ્વારા સૂચિત થયેલી હોવી જોઈએ.
- રાજય / કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા અધિકૃત કોઈ પણ સત્તા દ્વારા 12 ડિસેમ્બર 1996 ના રોજ અથવા તે પહેલા જંગલના ઉપયોગમાંથી બિન જંગલ ઉપયોગમાં ફેરવેલી જમીન પર કાયદો લાગુ થશે નહી.

**(2) જમીનની મુક્ત શ્રેણીઓ :**

- અધિનિયમમાં જગંલોની બહાર વનીકરણ અને વૃક્ષારોપણને પ્રોત્સાહિત કરવા માટે કેટલીક છૂટછાટ આપવામાં આવી છે.
- રસ્તાઓ અને રેલ્વેની બાજુમાં આવેલી વસાહતો અને સંસ્થાઓને આંતરજોડાણ આપવા 0.10 હેકટર જંગલની જમીનની દરખાસ્ત કરવામાં આવી છે, 10 હેકટર સુધીની જમીન સુરક્ષા સંબંધિત માળખાકીય સૂવિધાઓ માટે તેમજ ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત જિલ્લાઓમાં (5) હેકટર સુધીની જમીન જાહેર ઉપયોગિતાની પરીયોજનામાં ઉપયોગની દરખાસ્ત કરવામાં આવી છે.
- વ્યૂહાત્મક પરિયોજનાને પણ અધિનિયમ હેઠળ છૂટછાટ મળેલી છે જેમ કે આંતરરાષ્ટ્રીય સીમ, વાસ્તવિક નિયંત્રણરેખા (LAC), નિયંત્રણ રેખા (LOC) વગેરેની આસપાસના 100 કિ.મી.માં વ્યૂહાત્મક પરિયોજનાને છૂટ અપાઈ છે.

**(3) વિકાસ માટેની જોગવાઈઓ :**

- નવો અધિનિયમ ખાનગી તેમજ સરકારી કંપનીઓને જંગલની જમીન ફાળવણી અંગેની જોગવાઈએ જૂના અધિનિયમને અનુરૂપ ચાલુ રાખશે.
- તેનાથી વિકાસ પરિયોજનાઓ સરળ બનશે અને કાયદાના અમલીકરણમાં એકરૂપતા આવશે.

**(4) નવી વનીકરણ પ્રવૃત્તિઓ :**

- જંગલોના સંરક્ષણ માટે વનસંવર્ધન પ્રવૃતિઓની શ્રેણીમાં ફ્રન્ટલાઈન વન કર્મચારીઓ માટેની માળખાકીય સુવિધા, પર્યાવરણને અનુકુળ પર્યટન, પ્રાણીસંગ્રહાલય, તેમજ સફારી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- સાથે સાથે વન વિસ્તારોમાં સર્વેક્ષણ અને તપાસને વનસંવર્ધન પ્રવૃત્તિઓમાં સમાવેશ કરવામાં આવ્યો.

**(5) જળવાયુ પરિવર્તન શમન અને સંરક્ષણ :**

- અધિનિયમ વન સંરક્ષણ પ્રયાસોના ભાગરૂપે માન્યતા પ્રાપ્ત કરીને આબોહવા પરિવર્તન સામે લડવામાં રાષ્ટ્રના પ્રયાસોમાં ફાળો અને વર્ષ 2070 સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જન જેવી રાષ્ટ્રની આતરરાષ્ટ્રીય પ્રતિબધ્ધતાઓમાં યોગદાન આપવાનો ઉદેશ્ય રાખે છે.

**(6) સ્થાનિક સમુદાયોનું સશકિતકરણ કરશે :**

- ઈકો ટુરિઝમ પ્રાણીસંગ્રહાલય તેમજ સફારી જેવી આર્થિક પ્રવૃત્તિઓ સ્થાનિક આદિવાસી સમુહ માટે રોજગારીની તકોનું સર્જન કરશે અને તેઓને સર્વાંગી વિકાસ સાથે એકીકૃત કરશે.

- આ નવા બિલને લઈને કેટલીક ચિંતાઓ રજૂ થઈ છે જેમાં પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોમાં વિકાસને પરવાનગી, માત્ર ઓકટોબર 1980 ના રોજ અથવા તે પછીના જંગલો જ આવરી લેવાયા. તેમજ વન સંરક્ષણ સમવર્તી સૂચિ હેઠળ આવે છે.

## સિનેમેટોગ્રાફ (સુધારા) બિલ – 2023




- લોકસભા અને રાજયસભાએ સિનેમેટોગ્રાફ (સુધારા) બિલ 2023 પસાર કર્યું હતું.
- આ બિલ સેન્સરશીપથી કોપીરાઈટ સુધીની દરેક વસ્તુને આવરી લેવા માટે કાયદાના અવકાશને વિસ્તૃત કરે છે. તેમજ સખત એન્ટી પાયરસીની જોગવાઈઓ રજૂ કરે છે.
- આ બિલ સિનેમેટોગ્રાફ એક્ટ – 1952 માં સુધારો કરે છે. પાયરસીને કારણે અંદાજે ફિલ્મ ઉદ્યોગને 20,000 કરોડનું નુકસાન થાય છે.

**❖ બિલની મુખ્ય જોગવાઈઓ :**

- બિલની જોગવાઈઓના ઉલંઘ્ન બદલ 3 મહિનાથી 3 વર્ષ સુધી કેદની સજા થઈ શકે છે.
- તેમજ 3 લાખ રૂપિયા અને કુલ ઉત્પાદન ખર્ચના 5% વચ્ચેનો દંડ લેવામાં આવશે.
- બિલ Central Board of Film Certification (CBFC) ની સ્વાયત્તતા પર ભાર મૂકે છે.
- કે.એમ. શંકરપ્પા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (2002) કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયના આધારે સરકાર પાસે હવેથી CBFC ના નિર્ણયની ફેરતપાસ કરવાની સત્તા રહેશે નહી.

**સિનેમેટોગ્રાફ અધિનિયમ – 1952 વિશે....**

- ફિલ્મોનું પ્રદર્શન ભારતીય સમાજની સહનશીલતાની મર્યાદામાં હોય તેની ખાતરી કરવા સંસદ દ્વારા આ અધિનિયમ ઘડવામાં આવ્યો હતો.
- તે ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા, રાજયની સુરક્ષા, વિદેશી રાજયો સાથેના મૈત્રીપૂર્ણ સંબધો, જાહેર વ્યવસ્થા, શિષ્ટાચાર, નૈતિકતા, બદનક્ષી અથવા કોર્ટની અપમાનના જેવા વિષયો પર ફિલ્મોને પ્રમાણિત કરવા માટેના માર્ગદર્શક સિધ્ધાંતો આપે છે.
- આ અધિનિયમની કલમ 3 હેઠળ CBFC (Central Board of Film Certification) ની સ્થાપનાની જોગવાઈ કરવામાં આવી છે.
- **વડુ મથક :** મુંબઈ, મહારાષ્ટ્ર (CBFCનું)

**❖ ઉમંર આધારિત રેટિંગ**

- નવા બિલમાં એવી ફિલ્મો માટે નવી વય – આધારિત રેટિંગ સિસ્ટમ રજૂ કરે છે જેને માતાપિતા અથવા વાલીઓના માર્ગદર્શનની જરૂર હોય છે. વર્તમાન U/A રેટિંગ જે વ્યાપક વય શ્રેણીને આવરી લે છે, તેને ત્રણ અલગ – અલગ શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવશે.
- U/A 7+ :- માતાપિતા અથવા વાલીના માર્ગદર્શન સાથે 7 વર્ષથી વધુ ઉમરના બાળકો માટે યોગ્ય ફિલ્મ.
- U/A 16+ :- માતાપિતા અથવા વાલીના માર્ગદર્શન સાથે 16 વર્ષથી વધુ ઉમરના બાળકો માટે યોગ્ય ફિલ્મ.
- આ નવી વર્ગીકરણ પ્રણાલી ઈન્ફોર્મેશન ટેકનોલોજી નિયમો – 2021 અને શ્યામ બેનેગલ સમિતિની ભલામણ (2017) ના આધારે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ માટે અમલમાં મૂકવામાં આવેલ અધિક્રમિક વય વર્ગીકરણ સાથે સંરેખિત છે.

**❖ ટીવી અને અન્ય માધ્યમો માટે પુનઃ પ્રમાણપત્ર**

- વર્ષ 2004 ના બોમ્બે હાઈકોર્ટના આદેશ પછી, ટેલિવિઝન પર પુખ્ત રેટિંગ ધરાવતી ફિલ્મો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- પરિણામે બ્રોડકાસ્ટર્સ સ્વેચ્છાએ ફિલ્મો કાપી નાખે છે અને U/A રેટિંગ માટે CBFC પાસેથી પુનઃપ્રમાણપત્ર માંગે છે.
- નવુ બિલ આ પ્રથાને ઔપચારિક બનાવે છે, જે ફિલ્મોને ટેલિવિઝન અને 'અન્ય માધ્યમો' દ્વારા પ્રસારણ માટે ફરીથી પ્રમાણિત કરવાની મંજૂરી આપે છે.
- CBFC પ્રમાણપત્રોના લાયસન્સ દર 10 વર્ષે ફરી નવીનીકરણ કરવાની જરૂરિયાતને દૂર કરી છે અને તેને આજીવન માન્ય બનાવી છે.

## રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) બિલ – 2023

- વર્તમાન સંસદના ચોમાસુ સત્રમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) બિલ – 2023 લોકસભા અને રાજયસભામાંથી પસાર કરવામાં આવ્યુ છે.




**❖ બિલની વિશેષ જોગવાઈઓ**

**(1) બિલ સેવાઓ સંબંધિત કેટલીક બાબતો પર દિલ્હીના ઉપરાજયપાલ (Lieutenant Governer - LG) ને ભલામણો કરવા માટે National Capital Civil Service Authority ની સ્થાપના કરવામાં આવશે.**

- ઓથોરીટી (i) બદલી અને તૈનાતી (ii) તકેદારી સંબંધિત બાબતો (iii) શિસ્ત અંગેની કાર્યવાહી અને (iv) અખિલ ભારતીય સેવા (ભારતીય પોલીસ સેવા સિવાય) અને DANICS (દાદરા અને નગર હવેલી નાગરીક સેવા) ના જૂથ A ની કાર્યવાહીને મંજૂરી બાબતો અંગે ભલામણો કરશે.
- ઓથોરિટીમાં (i) અધ્યક્ષ તરીકે દિલ્હીના મુખ્ય પ્રધાન (ii) સભ્ય સચિવ તરીકે દિલ્હી સરકારના પ્રધાન ગૃહ સચિવ અને (iii) સભ્ય તરીકે દિલ્હી સરકારના મુખ્ય સચિવ, કેન્દ્ર સરકાર પ્રધાન ગૃહ સચિવ અને મુખ્ય સચિવ બંનેની નિયુકિત કરશે.

- ઓથોરિટીના તમામ નિર્ણયો હાજર રહેલા સભ્યોના બહુમતી મત અને મતદાન પર આધારિત હશે. મીટિંગ માટે કોરમની સંખ્યા બે હશે.
- આ બિલ ઉપરાજયપાલને ઓથોરિટી દ્વારા કરાયેલ ભલામણ અને દિલ્હી વિધાનસભા બોલાવવી, મુલતવી તેમજ વિસર્જન સહિતની અનેક બાબતો પર તેની સંપૂર્ણ વિવેક બુધ્ધિનો ઉપયોગ કરવાની સત્તા આપે છે.

**(2) ઉપરાજયપાલની સત્તાઓ**

- ઉપરાજયપાલ તેના વિવેધબુધ્ધિ પર કાર્ય કરી શકે તેવી બાબતોમાં (i) દિલ્હી વિધાનસભાની કાયદાકીય ક્ષમતાની બહારની બાબતો પરંતુ જે તેને સોંપવામાં આવેલી હતી (ii) એવી બાબતો કે જયાં તે કાયદા દ્વારા તેની વિવેકબુધ્ધિમાં કાર્ય કરવા અથવા કોઈપણ ન્યાયિક અથવા અર્ધ ન્યાયિક કાર્યોનો ઉપયોગ કરવો જરૂરી છે. આ બંનેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- બિલમાં LG ને ઓથોરિટીની ભલામણોને મંજૂરી કરવાની અથવા તેને પુનવિચાર માટે પરત કરવાની સત્તા આપીને તેની વિવેકાધીન ભૂમિકાને વિસ્તૃત કરી છે. LG અને ઓથોરિટી વચ્ચે મતભેદના કિસ્સામાં, LG નો નિર્ણય અંતિમ રહેશે.

**(3) મંત્રીઓ દ્વારા વિવિધ બાબતોનો નિકાલ**

- દિલ્હી સરકારના મંત્રી તેમના ધ્યાન પર લાવવામાં આવેલી બાબતોના નિકાલ માટે સ્થાયી આદેશ જારી કરી શકે છે. સંબંધિત વિભાગના સચિવ સાથે પરામર્શ કરીને આદેશ જારી કરવાનો રહેશે.
- કોઈપણ આદેશ આપ્યા પહેલા કેટલીક બાબતોમાં મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવની મદદથી LG સમક્ષ તેના અભિપ્રાય લેવા માટે ફરજીયાત મૂકવાની રહેશે.
- આ બાબતોમાં (i) દિલ્હીમા શાંતિ (ii) દિલ્હી અને કેન્દ્ર સરકાર, સર્વોચ્ચ ન્યાયાલય અથવા અન્ય રાજય સરકારો સાથે સંબંધો (iii) વિધાનસભા બોલાવવી, મુલતવી અને વિસર્જન (iv) એવી બાબતો કે જેના પર LG એ તેની સંપૂર્ણ વિવેધબુધ્ધિથી આદેશ આપવાનો હોય છે.

❖ **સચિવોનું કર્તવ્ય :**

- સંબંધિત વિભાગના સચિવએ કેટલીક બાબતો LG, મુખ્યમંત્રી તેમજ મુખ્ય સચિવની ધ્યાનમાં લાવવા જોઈએ. આ બાબતોમાં એનો સમાવેશ થાય છે જેનાથી દિલ્હી સરકારનો કેન્દ્ર, અન્ય રાજય સરકાર, સર્વોચ્ચ ન્યાયાલય તેમજ દિલ્હી ઉચ્ચ ન્યાયાલય સાથે વિવાદ થઈ શકે છે.

❖ **દિલ્હી સંબંધિત બંધારણીય જોગવાઈઓ**

- અનુચ્છેદ 239 (AA) હેઠળ સંસદને કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી અથવા તેનો કોઈપણ ભાગ અને તેનાથી સંબંધિત કોઈપણ બાબતે કાયદો બનાવવાની સંપૂર્ણ સત્તા છે.
- એસ બાલ ક્રિષ્ના સમિતિ (1987) ની ભલામણને આધારે 69 મો બંધારણીય સુધારા – 1991 પસાર કરવામાં આવ્યો.
- આ સુધારામાં અનુચ્છેદ 239 (AA) ઉમેરવામાં આવ્યો હતો.
- આ બંધારણીય સુધારાના સંદર્ભમાં સંસદ દ્વારા દિલ્હી રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ અધિનિયમઅ 1991 પસાર કરવામાં આવ્યો.
- દિલ્હી વિધાનસભા દ્વારા રાજયયાદી અને સંયુક્તયાદી પર જાહેર વ્યવસ્થા, પોલીસ અને જમીન સિવાયની તમામ ધારાકીય સત્તાઓ દિલ્હી સરકાર પાસે છે.

## ફોજદારી કાયદાઓને બદલવા ત્રણ નવા બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યા

- ગૃહમંત્રી અમિત શાહએ લોકસભામાં અંગ્રેજોના સમયના ત્રણ ફોજદારી કાયદામાં પરિવર્તન કરવા અંગેના બિલ લોકસભામાં રજૂ કર્યા હતા.
- લોકસભા અધ્યક્ષ આ ત્રણેય ખરડાઓ તપાસ માટે ગૃહ બાબતોની સ્થાપી સમિતિને મોકલ્યા છે.

❖ **આ ત્રણ બિલમાં નીચે આપેલ પૈકીનો સમાવેશ થાય છે.**

(i) ભારતીય ન્યાય સંહિતા બિલ 2023 જે ઈન્ડિયન પીનલ કોડ – 1860 નું સ્થાન લેશે.
(ii) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા બિલ – 2023, જે Crpc (Code of Criminal Procedure) – 1973 નું સ્થાન લેશે.
(iii) ભારતીય સાક્ષ્ય સંહિતા બિલ – 2023 જે Indian Evidence Act – 1872 નું સ્થાન લેશે.

❖ **નવા બિલના મુખ્ય બાબતો :**

**(1) ભારતીય ન્યાય સંહિતા બિલ – 2023**

(i) બ્રિટિશ યુગનો રાજદ્રોહ કાયદો નાબૂદ

- સરકાર બ્રિટિશરાજ સમયનો રાજદ્રોહ કાયદો નાબૂત કરવાની દરખાસ્ત મૂકી છે અને તેને સ્થાને નવો દેશદ્રોહનો કાયદો લાવશે.
- નવા દેશદ્રોહના કાયદાની જોગવાઈ મુજબ દેશ સામેનું કોઈ પણ કૃતય કે જે બોલાયેલ હોય કે લેખિત હોય કે પછી નિશાનીથી કે દેખીતા પ્રતિનિધિત્વથી અથવા ઈલેકટ્રોનિક સંદેશા વ્યવહારથી કરવામાં આવ્યુ હોય તેઓ આજીવન કેદની સજાને પાત્ર બનશે.
- આ ઉપરાંત દેશ વિરુધ્ધ ઉશ્કેરણી કરવી કે ઉશ્કેરણીનો પ્રયાસ કે કરવુ, અલગતાવાદી કે સશસ્ત્ર બળવો કરવો, અથવા ભાંગ–ફોડની પ્રવૃત્તિ કરવી, અલગતાવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવુ અથવા દેશની એકતા, અંખંડિતતા અને સાર્વભૌમત્વને જોખમમાં મૂકે તેવું કોઈ કૃત્ય કરવુ તે દેશ દ્રોહ ગણાશે.

(ii) મોબલિન્ચિંગ

- ટોળા દ્વારા હુમલો કરીને કોઈની હત્યા કરી નાખવાના અપરાધ બદલ સખત સજાઓની જોગવાઈ કરવામાં આવી છે.
- આ ગુનાઓ માટે સાત વર્ષની જેલથી આજીવન કેદ સુધી તેમજ દેહાંતદંડ સૂધી સજાની જોગવાઈઓ તેના ગુના અનુસાર કરવામાં આવે છે.
- વર્તમાનમાં મોબલિન્ચિંગ અંગે કોઈ કાયદો નથી.

(iii) ત્રાસવાદની સૌપ્રથમ વખત વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે.

- અગાઉ આંતકવાદની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા ન હતી. હવે સશસ્ત્ર વિદ્રોહ, વિધ્વંસક ગતિવિધિઓ, અલગતાવાદ, ભારતની એકતા, સાર્વભૌમત્વ અને અખંડતાને પડકારવા જેવા અપરાધોને આ કાયદામાં પહેલીવાર પરિભાષિત કરવામાં આવ્યા છે.
- આ કાયદા હેઠળ દેશમાં ત્રાસવાદની પ્રથમ વખત વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે.
- ત્રાસવાદની વ્યાખ્યા :– જે વ્યકિત ભારતમાં કે વિદેશની ધરતી પરથી એવુ કૃત્ય કરે કે જેનો ઈરાદો ભારતની એકતા, અખંડિતતા અને સુરક્ષાને ભયમાં મૂકવાનો હોય, સામાન્ય જનતા કે વર્ગને ડરાવવાનો હોય કે જાહેર વ્યવસ્થા ખોરવવાનો હોય તેને ત્રાસવાદ કહેવાય છે.

(iv) ઓળખ છૂપાવીને મહિલા સાથે લગ્ન કરવા એ હવેથી અપરાધ ગણાશે.

- જયારે બાર વર્ષથી ઓછી ઉંમરની બાળકી સાથે દુષ્કર્મના ગુનામાં 20 વર્ષની જેલ અથવા મૃત્યુની સજા.

(v) સમાજસેવા અંગેની પ્રથમવખત જોગવાઈ

- કોઈપણ પ્રકારના નશામાં તોફાન મચાવવુ કે ૫ હજારથી નાની રકમની ચોરી કરવી જેવા નાના – મોટા ગુનાઓ માટે સમાજસેવા જેવી સજાની જોગવાઈ કરેલી છે.




**(2) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા બિલ – 2033**

(i) દેશમાં ગમે ત્યારે 'Zero FIR' દાખલ કરી શકાશે.

- FIR દાખલ થયાના 15 દિવસમાં તેને સંબંધિત પોલીસ મથકે મોકલી આપવામાં આવશે.
- દરેક જિલ્લા અને પોલીસ સ્ટેશનમાં એક પોલીસ અધિકારીને નિયુકત કરવામાં આવશે. જે ધરપકડ કરાયેલ વ્યકિતના પરિવારને તેની ધરપકડ વિશે સત્તાવાર રીતે ઓનલાઈન અને રૂબરૂમાં જાણ કરશે.

(ii) કોઈ પણ કેસમાં 90 દિવસની અંદર ચાર્જશીટ ફાઈલ કરવાની રહેશે.

(iii) વારંવાર મુદ્દતો પાડીને કેસમાં વિલંબ કરવાની કોઈપણ પક્ષકારોની વૃત્તિને ચલાવી લેવાશે નહી.

**(3) ભારતીય સાક્ષ્ય સંહિતા બિલ – 2023**

(i) ડિજિટલ FRI થી ચુકાદા સુધીની બધી કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવશે.

- ડિજિટલ રેકોર્ડને કાયદેસરતા આપવાથી માંડીને FIR અને કોર્ટના ચુકાદાઓ સુધીની તમામ વ્યવસ્થા ડિજિટલ અને પેપરલેસ હશે.
- દેશની સંપૂર્ણ અદાલતો વર્ષ 2027 સુધીમાં કમ્પ્યૂટરાઈઝ થઈ જશે.
- સાત વર્ષ કે તેથી વધુની સજાવાળા ગુનામાં ફોરેન્સિકની ટીમએ સ્થળ પર જવુ ફરજીયાત થશે.
- સર્ચ અને જપ્તીની વિડિયોગ્રાફી કરાશે. તપાસ અને અનુસંધાન ફોરેન્સિક વિજ્ઞાન પર આધારિત હશે.

(ii) દસ્તાવેજાની વ્યાખ્યામાં હવે ડિજિટલ રેકોર્ડનો સમાવેશ કરવામાં આવ્યો. જેમાં ઈલેકટ્રોનિક અને ડિજિટલ રેકોર્ડ, ઈ– મેઈલ સર્વર લોગ, કમ્પ્યૂટર, સ્માર્ટ ફોન, લેપટોપ, SMS , વેબસાઈટ, લોકેશનના પુરાવ, મેઈલ તેમજ ઉપકરણો પરના સંદેશાઓનો સમાવશે થાય છે.

## ચંદ્રયાન – 3 ના વિક્રમ લેન્ડરનું સફળતાપૂર્વક ઉતરાણ થયું




- 23 ઓગસ્ટ 2023 ના રોજ ચંદ્રયાન – 3 નું લેન્ડર 'વિક્રમ' ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરતાની સાથે જ ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.
- ચંદ્ર પર ઉતરવા માટે અગાઉના તમામ અવકાશ–યાન તેના વિષુવવૃત ની ઉત્તર અથવા દક્ષિણમાં થોડા ડીગ્રી અક્ષાંશ પર ઉતર્યા છે.

❖ **ચંદ્રયાન – 2 માંથી મેળવેલી શીખ**

- જુલાઈ 2019 માં ચંદ્રયાન – 2 લોન્ચ કરવામાં આવ્યું હતું. જે ચંદ્રની ધરતીથી થોડે દૂર હતું ત્યારે તેનો સંપર્ક કપાઈ ગયો હતો.
- ચંદ્રયાન મિશન આશરે 95% સફળ રહ્યું હતું.

- ચંદ્રયાન- 2 ની નિષ્ફળતાને આધારે ચંદ્રયાન – 3માં ઘણા ફેરફાર કરાયા. નવા ઉપકરણો બનાવાયા, અલ્ગોરિધમ વ્યવસ્થિત કરાયું તથા જે કારણોસર ચંદ્રયાન – 2 ચંદ્ર પર ઉતરી ન શકયું તેના પર ફોકસ કરવામાં આવ્યું હતું.
- ઈસરોએ પરિક્ષણ દરમિયાન નોંધ્યુ કે જો લેન્ડિંગ માટે જગ્યા યોગ્ય નહી લાગે તો અન્ય વૈકલ્પિક જગ્યા પણ તૈયાર રાખવી.
- ચંદ્રયાન – 3 ને ટાર્ગેટ સ્થળથી આગળ – પાછળ લઈ જવાની વ્યવસ્થા કરી હતી. જેથી એક કિ.મી. ના વર્તુળમાં તેનું સોફટ લેન્ડિગ થઈ શકે.
- ચંદ્રયાન – 3 માટે સમતલ જગ્યાની પસંદગી કરવામાં આવી છે. આવું એટલા માટે કરવામાં આવ્યું હતુ કે તે વખત જો કોઈ પદાર્થ રસ્તામાં આવે તો પણ ચંદ્રયાનનું સંતુલન બગડવા નહી દેવાય.
- ચંદ્રયાન – 3 ના પગ મજબૂત કરવામાં આવ્યા હતા તથા તેની સાથે વધારે ઉપકરણ, આધુનિક સોફટવેર અને એક મોટી ઈંધણ ટાંકી લગાવવામાં આવી હતી.
- જો અંતીમ ઘડીએ કોઈપણ ફેરફાર કરવો પડે તો આ ઉપકરણ તે સ્થિતિમાં મહત્વપૂર્ણ હતું.
- સોફટ લેન્ડિગ એટલે કે કોઈપણ અંતરીક્ષયાનને નુકશાન ન પહોંચાડવું અને ધીમી નિયંત્રિત ગતિથી સપાટી પર ઉતારવું

### ❖ રોવર – પ્રજ્ઞાન

- ચંદ્રની સપાટી પર ચંદ્રયાન – 3 ના લેન્ડર – વિક્રમે લેન્ડ કર્યાના લગભગ અઢી કલાક બાદ તેમાથી રોવર 'પ્રજ્ઞાન' બહાર આવ્યું હતું.
- રોવરના પૈડા એવી રીતે તૈયાર કરવામાં આવ્યા હતા કે ચંદ્રની સપાટી પર ભારતના રાષ્ટ્રીય ચિન્હ અને ઈસરોના લોગોની છાપ ઉપસાવી શકે.
- ચંદ્રયાન – 3 ચંદ્રની સપાટી પર ઓછામાં ઓછા એક ચંદ્ર દિવસ (પૃથ્વીના 14 દિવસ) માટે કાર્યરત રહેશે.
- પ્રજ્ઞાન રોવર 500 મીટરની ત્રિજયામાં લેન્ડિંગ સાઈટની આસપાસ ફરશે. પ્રયોગો કરશે અને લેન્ડરને ડેટા અને ઈમેજ મોકલશે.
- વિક્રમ લેન્ડર ડેટા અને ઈમેજને ઓર્બિટરમાં રીલે કરશે, જે પછી તેને પૃથ્વી પર ટ્રાન્સમિટ કરશે.

### ❖ ચંદ્રયાન – 3 મિશન

- આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવાન સ્પેસ સેન્ટર ખાતેથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- તેને 14 જુલાઈ 2023 ના રોજ બપોર 2:35 કલાકે લોન્ચ કરવામાં આવ્યું.
- તેને GSLVMK III (LMV3) નામના કદાવર અને આધુનિક રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- મિશન ત્રણ ભાગોમાં વિભાજીત છે જેમાં પ્રોપલ્શન મોડયુલ, લેન્ડર મોડયુલ અને રોવરનો સમાવેશ થાય છે.
- ચંદ્રયાન – 3 લેન્ડર, રોવર અને પ્રોપલ્શન મોડયુલમાં કુલ 6 પેલોડનો સમાવેશ થાય છે.
- **પ્રોપલ્શન મોડયુલ પૅલોડમાં :** SHAPE (Spectro Polari Metry of Habitable Planet Earth) પૅલોડ છે જે પ્રતિબિંબિત પ્રકાશનું પૃથ્થકરણ કરીને સંભવિત રીતે વસવાટ કરી શકાય તેવા નાના ગ્રહોની શોધ કરવાનો છે.
- **લેન્ડર પૅલોડમાં**
  (1) RAMBHA-LP (Radio Anatomy of Moon Bound Hypersensitive ionosphere and Atmosphere) – જે ચંદ્રની સપાટીની નજીક પ્લાઝમાં ઘનતાની વધ–ઘટને માપશે.
  (2) ChaSTE (Chandra's Surface Thermophysical Experiment) – ચંદ્રના ધ્રુવીય પ્રદેશના તાપીય ગુણધર્મોના માપન કરવા.
  (3) ILSA (Instrument for Lunar Seismic Activity) – ઉતરાણ સ્થળની આસપાસ ધરતીકંપ માપવા અને ચંદ્રના પોપડા અને આવરણની રચનાનું વર્ણન કરવું.
  (4) LRA (Laser Retroreflector Array) : ચંદ્રની પ્રણાલી ગતિશીલતાને સમજવી.
- **રોવર પૅલોડમાં**

(1) LIBS (Laser Induce Breakdown Spectro-Scope) ચંદ્ર ભૂસ્તરશાસ્ત્રની આંતરદૃષ્ટિને સમૃદ્ર બનાવવી તેમજ તેના મૂળભૂત બંધારણનું વિશ્લેષણ કરવું.
(2) APXS (Alpha Particle X-ray Spectrometer) : માટી અને ખડકોની રસાયણિક રચના અને ખનીજોના લક્ષણોની શોધ કરવી.

- ચંદ્રયાન – 3 ની લેન્ડિંગ સાઈટ ચંદ્રના દક્ષિણી ધ્રુવની નજીક લગભગ 70°C પર છે.
- મતેનો અંદાજિત ખર્ચ 615 કરોડ રૂપિયા જેટલો છે.
- રિતુ કરિધલએ ચંદ્રયાન – 3 મિશનનું નેતૃત્વ કર્યું હતું. તેમને 'રોકેટ મહિલા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ચંદ્રયાન–3 મિશનના નિદેશક એસ. મોહનકુમાર છે.
- ચંદ્રયાન– 3 માં કાસ્ટિંગ બોડી બનાવવાનું મિશન ગુજરાતના જામનગર ખાતે બન્યું હતું.

### ❖ '23 ઓગસ્ટ : રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકના બેંગલુરુમાં ISRO Telementry, Tracking and Command Network (ISTRAC) સંકુલમાં વૈજ્ઞાનિકોને સંબોધન કર્યુ હતું.
- તે દરમિયાન વડાપ્રધાનએ 23 ઓગસ્ટને ભારતવર્ષમાં 'રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- કારણકે આ જ દિવસે ચંદ્રયાન – 3 મિશનએ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતા પૂર્વક લેન્ડિંગ કર્યુ હતું.
- લેન્ડર વિક્રમ જે સ્થળ પર ઉતરાણ કર્યુ તે સ્થળને વડાપ્રધાનએ 'શિવશકિત પોઈન્ટ' નામ આપવામાં આવ્યું.
- આ ઉપરાંત ચંદ્રયાન – 2 ના ટચડાઉન પોઈન્ટને 'તિરંગા' નામ આપવામાં આવ્યું છે.

## દક્ષિણ આફ્રિકામાં 15મી BRICS સંમેલનનું આયોજન થયું




- 15માં BRICS સંમેલનનું આયોજન દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગ ખાતે થયું હતું.
- આ સંમેલનમાં ભારત તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા.
- કોરોના મહામારી અને વર્ષ 2019 પછી પ્રથમ વખત BRICS દેશના નેતાઓ વ્યક્તિગતરૂપે ભેગા થયા હતા આ પહેલા આ સંમેલન વર્ચ્યુઅલરૂપે થયું હતું.
- આ વર્ષે સંમેલનની થીમ : "BRICS in Africa – Partnership for Mutually Acccelerated Growth, Sustainable Development and Inclusive Multilateralism"
- બ્રિકસમાં જોડાવા માટે દુનિયાના 40 દેશોએ ઈચ્છા વ્યકત કરી હતી અને 23 દેશોએ તો અરજી પણ કરી હતી, જેમાંથી માત્ર છ દેશોને સંગઠનમાં સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો છે.
- સંમેલનમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ BRICS માં નવા 6 દેશોને ઉમેરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ 6 માંથી 4 ઈસ્લામિક દેશ છે. આ સાથે BRICS માં કુલ 11 સદસ્યો થશે.
- 6 દેશોમાં આર્જેન્ટિના, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા, ઈજિપ્ત તેમજ સંયુકત આરબ અમીરાતનો સમાવેશ થાય છે.
- નવા સભ્યોનું સભ્યપદ 1 જાન્યુઆરી, 2024થી લાગુ થશે. આ સાથે જ BRICSનું નવું નામ BRICS PLUS થઈ જશે.
- સંમેલન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ BRICS બિઝનેસ સમિટમાં પણ ભાગ લીધો હતો.

### ❖ નેતાઓનું સંયુકત નિવેદન

- G20ના પ્રમુખ પદોને સમર્થન : વર્ષ 2024 અને 2025માં અનુક્રમે બ્રાઝિલ દક્ષિણ આફ્રિકાને G-20ના પ્રમુખ પદને સહયોગ તેમજ દક્ષિણ વિશ્વના પ્રતિનિધિત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- એક પક્ષીય પગલાઓનો વિરોધ કરવો : સર્વ સમાવેશક બહુપક્ષીય પદને પ્રોત્સાહન અને આંતરરાષ્ટ્રીય કાયદાને સમર્થન આપવું.
- માનવ અધિકાર સહકાર : બ્રિકસ તેમજ અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સમાનતા અને પરસ્પર આદરના સિદ્ધાંતો હેઠળ માનવ અધિકારો પર સહકાર આપવા માટે પ્રતિબદ્ધ થવું.
- કૃષિ અને ખાદ્ય સુરક્ષા : વાજબી કૃષિ વેપાર, ભૂખમરાનો અંત લાવવો, ટકાઉ કૃષિ અને સ્થિતિસ્થાપક પ્રથાઓ માટે પ્રયત્નશીલ રહેવું.
- સંયુકત રાષ્ટ્ર (United Nations)માં સુધારાઓ કરવા : લોકશાહીને પ્રોત્સાહન, અસરકારકતા અને વિકાસશીલ દેશોનું પ્રતિનિધિત્વ વધારવા UNમાં વ્યાપક સુધારો કરવો જેમાં સુરક્ષા પરિષદનો પણ સમાવેશ થાય છે.
- વૈશ્વિક શાસનને પ્રોત્સાહન : વૈશ્વિક શાસનમાં ચપળતા, કાર્યક્ષમતા, પ્રતિનિધિત્વ અને જવાબદેહ લોકશાહી દ્વારા સુધારો કરવો.
- શાંતિપૂર્ણ રીતે સંઘર્ષોનું નિરાકરણ લાવવું. આ નિરાકરણ પ્રક્રિયા મહિલાઓની ભાગીદારી સાથે સંવાદિત સર્વસમાવેશક હોવી જોઈએ.

### ❖ BRICS વિસ્તરણની આવશ્યકતા

- BRICSમાં વિશ્વના પાંચ સૌથી મોટા વિકાસશીલ દેશોને એક સાથે લાવે છે જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા વૈશ્વિક વસતીના 41%, વૈશ્વિક GDPના 24% અને વૈશ્વિક વેપારના 16% નું પ્રતિનિધિત્વ કરે છે.
- તેને વિસ્તૃત કરવાનો વિચાર વર્ષ 2017ના Xiamen સંમેલનમાં રજૂ કરવામાં આવ્યો હતો.

### ❖ BRICS નું વિસ્તરણ કરવાના ફાયદા

- સાઉદી અરેબિયા અને UAE દેશો પાસે વિદેશી નાણું વિપુલ પ્રમાણમાં છે. આવા દેશો BRICSમાં જોડાય તો સંગઠનને આર્થિક મજબૂતી મળશે.
- ભારતના સાઉદી અરેબિયા અને UAE વચ્ચે સુમેળભર્યા સંબંધો આવનારા સમયમાં વૈશ્વિક સ્તરે ભારત માટે અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરશે. UAEમાં આશરે 30% ભારતીય લોકો વસે છે.
- વિશ્વમાં તેલ ઉત્પાદનની દૃષ્ટિએ બે મોટા દેશો રશિયા અને સાઉદી અરેબિયા હવે BRICSના સભ્યો બનશે.
- BRICS દેશો US ડોલર (USD) પર તેમની નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેનાથી આ દેશો પોતાની અર્થવ્યવસ્થા પર વધુ નિયંત્રણ રાખી શકશે અને USની આર્થિક નીતિઓની અસર ઘટાડી શકાય.

**BRICS વિશે....**

- Brazil, Russia, India, China, South Africa
- તેની સ્થાપના વર્ષ 2006માં બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા કરવામાં આવી હતી. ત્યારે તેનું નામ BRIC હતું.
- વર્ષ 2010માં દક્ષિણ આફ્રિકા BRICમાં સામેલ થતા BRICS નામ આપવામાં આવ્યું.
- BRICSની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય સદસ્ય દેશોની સહાયતા કરવી તેમજ આર્થિક ક્ષેત્રો, વ્યાપાર અને ટેક્નોલોજી ક્ષેત્રે એકબીજાની સહાયતા કરવાનો છે.
- તેની બેંકનું નામ NDB (New Development Bank) છે. NDBનું વડુથમક શાંઘાઈ, ચીન છે.

Banking Academy

ગુજરાત સરકારની તમામ ભરતીઓની તૈયારી

# હવે Govt. Jobs સુરત માં

GPSC
Class-3
PSI
કોન્સ્ટેબલ
તલાટી
બિન સચિવાલય
જુ.ક્લાર્ક
TET/TAT

2023-2024 માં સંભવિત 20000 થી વધુ ભરતીઓની થનાર જાહેરાત

- નિષ્ણાંત ફેકલ્ટીઓ
- Weekly Test
- Full Day Reading
- સંપૂર્ણ મટીરીયલ્સ
- OMR Mock Test

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

ટૂંક સમયમાં શરૂ

ગુજરાતની જૂની અને સૌથી વિશ્વસનીય સંસ્થા

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 2 આંતરરાજ્ય (રાષ્ટ્રીય)

## બહુ રાજય સહકારી મંડળીઓ (સુધારા) બિલ–2022 લોકસભામાંથી પસાર કરવામાં આવ્યો




- લોકસભામાં રાજય સહકારી મંડળીઓ (સુધારા) બિલ – 2022 ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યો હતો. હવે આ બિલ રાજયસભામાં રજૂ કરવામાં આવશે.
  - **બિલની વિશેષતાઓ**
  - નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે ચૂંટણી સુધારા લાગુ કરવા સહકારી ચૂંટણી સત્તામંડળ માટે જોગવાઈઓ કરવામાં આવી છે.
  - આ ચૂંટણી ઓથોરિટી ચૂંટણી પંચ જેટલી જ શકિતશાળી હશે અને તેમાં સરકારી હસ્તક્ષેપ નહી થાય.
  - આ ચૂંટણી સત્તામંડળમાં એક અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ હશે તેમજ ત્રણથી વધુ ન થાય તેટલા સભ્યો કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરાશે.
  - સહકારી મંડળીઓના બોર્ડમાં એક તૃત્યાંશ જગ્યા ખાલી થાય ત્યારે તે જગ્યાઓ પર ફરી ચૂંટણી યોજવાની જોગવાઈ કરવામાં આવી છે.
  - આ ખરડો રાજયની સહકારી મંડળીઓને સંબંધિત રાજયના કાયદાઓને આધીન રહીને હાલની બહુ રાજય સહકારી મંડળીમાં મર્જ કરવાની મંજૂરી આપે છે.
  - આ બિલમાં નબળા રાજયોને મદદ કરવા માટે કો– ઓપરેટીવ રિહેબીલેશન, રીંકસ્ટ્રશન અને ડેવલપમેન્ટ ફંડની જોગવાઈ કરેલ છે. તેમજ આ ફંડમાં નફાકારક સહકારી મંડળીના યોગદાનની ધિરાણ કરવામાં આવશે.
  - બહુ રાજય સહકારી મંડળીએ પોતાના શેર હોલ્ડિંગમાં ઘટાડો કરતા પહેલા સરકારની પૂર્વ મંજૂરી લેવી જરૂરી છે.
  - આ સમિતિઓમાં એક અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ અને એક મહિલાને અનામતની જોગવાઈ આ ખરડામાં કરવામાં આવી છે, જેનાથી સમિતિઓમાં આ વર્ગોનું પ્રતિનિધિત્વ વધશે.

## નાગાલેન્ડને સત્તાવાર રીતે 'લમ્પી ચામડી રોગ' પોઝિટિવ રાજય જાહેર કરવામાં આવ્યું




- રાજયના ચાર જિલ્લામાં 'લમ્પી ચામડી રોગ' ના કેસ નોંધાતા નાગાલેન્ડને સત્તાવાર રીતે લમ્પી ચામડી રોગ પોઝિટિવ રાજય તરીકે જાહેર કરવામાં આવ્યુ છે.
- આ જાહેરાત "The Prevention and Control of Contagious and Contagious Disease in Animal Act - 2009" મુજબ કરવામાં આવી છે.
- પશુપાલન અને પશુચિકિત્સા સેવા નિયામક કચેરી, સબંધિત રાજય વિભાગના સહયોગથી તમામ જરૂરી નિવારક પગલાં અમલમાં મૂકવા માટે જવાબદાર રહેશે.
- આ પરિસ્થિતિનો સામનો કરવા માટે પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી સલાહ અને માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવશે.
  - **Lumpy Skin Disease (લમ્પી ચામડી રોગ)**
  - આ રોગના ઝડપી ફેલાવ અને આર્થિક નુકસાનને કારણે વિશ્વ પશુ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા તેને નોંધપાત્ર બિમારીના રુપે વર્ગીકૃત કરવામાં આવી છે.
  - તે કેપ્રીપોક્સ વાયરસથી થાય છે, જેને નીથલિંગ વાયરસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
  - આ રોગથી મૃત્યુદરમાં વધારો, ઉત્પાદકતામાં ઘટાડો, ઉચ્ચ નિયંત્રણ ખર્ચ, ધંધાકીય નુકશાન અને બજાર મૂલ્યમાં ઘટાડો જે અંતે ખાદ્ય સુરક્ષાને પ્રભાવિત કરે છે.
  - ગાય અને ભેંસ આ રોગ માટે સૌથી વધુ સંવેદનશીલ છે પરતું હરણ, બળદ વગેરે વન્યજીવ પ્રજાતિ માટે પણ ખતરારૂપ છે.
  - આ રોગના લક્ષણોમાં તાવ, દૂધ ઉત્પાદનમાં ઘટાડો, ચામડીમાં ગઠ્ઠા જામવા, ભૂખ ન લાગવી, નાક અને આંખાંથી સ્ત્રાવ થવો વગેરે થાય છે.
  - તે માખીઓ, ટીક અને મચ્છર સહિત વિવિધ વાહકો દ્વારા ફેલાય છે.

## જમ્મુ કાશ્મીર ખાતે ભારતનો પ્રથમ કેનેબીસ મેડિસિન પ્રોજેક્ટ શરૂ થશે

- વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના નેતૃત્વ હેઠળ જમ્મું કાશ્મીરમાં ભારતનો પ્રથમ કેનેબીસ મેડિસિન પ્રોજેકટ શરૂ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ CSIR-IIIM જમ્મુ અને કેનેડીયન કંપનીના સહયોગથી જાહેર – ખાનગી ભાગીદારોના ધોરણે શરૂ કરવામા આવશે.
- આ પ્રોજેકટનો ઉદ્દેશ્ય ન્યૂરોપેથી, કેન્સર અને વાઈની સારવાર માટે કેનેબીસની સંભાવિતતાનો ઉપયોગ કરવામાં આવશે તેમજ J & K (જમ્મુ અને કાશ્મીર) અને પંજાબના રાજયોમાં નશાકારક દ્રવ્યોનું સેવન ઘટાડવામાં આવશે.

- કેનેબીસને ગાંજો (મારીજુઆના) તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નશીલો પદાર્થ કેનેબીસ પ્રજાતિના છોડમાંથી મળે છે.
- કેનેબીસના સક્રિય ઘટકોમાં ટેટ્રાહાઈડ્રોકેનાબીનોલ, કેનેબીનોલ, ટેટ્રાહાઈડ્રોકેનેબીવેરીન અને કેનેબીડીઓણનો સમાવેશ થાય છે.
- ભારતમાં કેનેબીસ સંબંધિત કેન્દ્રીય કાયદો 'Narcotic Drugs And Psychotropic Substance Act 1985' છે.
- આ NDPS Act હેઠળ કેનેબીસના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે પરંતુ તેના પાંદડા અને બીજને ઉપયોગ કરવાની મંજૂરી આપેલ છે. તેમજ રાજયોને તેના માટે નિયમો બનાવવાની સત્તા આપે છે.
- ઓડિશા ભારતનું પ્રથમ રાજય છે. જેને કેનેબીસનો 'ચિલમ' તરીકે ધુમ્રપાન માટે ઉપયોગ કરવાની કાયદાકીય મંજુરી આપેલી છે.




## વડાપ્રધાન દ્વારા 'ભારત મંડપમ' સંકુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના પ્રગતિમેદાન ખાતે "International Exibition Cum Convention Centre" સંકુલનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- જેને 'ભારત મંડપમ' (Bharat Mandapam) નામ આપવામાં આવ્યું છે.
- રૂા. 2700 કરોડના અંદાજીત ખર્ચે રાષ્ટ્રીય પ્રવાસ તરીકે વિકસાવવામાં આવેલ આ સ્મારક પ્રોજેકટનો ઉદ્દેશ્ય ભારતને વૈશ્વિક વ્યાપાર સ્થળ તરીકે પ્રદર્શિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.
- IECC કોમ્પ્લેકસ લગભગ 123 એકરના વિસ્તારમાં ફેલાયેલું છે. જે તેને ભારતનું સૌથી મોટી સભાઓ, પ્રોત્સાહનો, સંમેલનાં અને પ્રદર્શનો (MICE) નું સ્થળ બનાવે છે.
- આ સંમેલન કેન્દ્ર અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. જેમાં બહુવિધ મીટિંગ રૂમ, ઓડિટોરિયમ અને એમ્ફી થિયેટરનો સમાવેશ થાય છે.
- જે મોટા પાયે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો, વેપાર મેળાઓ, પરિષદો અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં માટે બનાવવામાં આવ્યુ છે.
- આ કન્વેન્શન સેન્ટરની આર્કિટેકચરલ ડિઝાઈનમાં ભારતની પરંપરાગત કલા અને સંસ્કૃતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે રાષ્ટ્રનો સમૃધ્ધ વારસો અને આધુનિક સિધ્ધિઓનું પ્રતિનિધિત્વ કરે છે.
- ભારત મંડપમ શબ્દ ભગવાન બસવેશ્વરાની 'અનુભવ મંટપ' ની વિભાવના પરથી લેવામાં આવ્યો છે, જે 12 મી સદીમાં ખૂબ જ મહત્વપૂર્ણ સંસ્થા હતી.
- અનુભવ મંટપ માનવ ઈતિહાસની સૌથી પ્રારંભિક સંસદોમાંથી એક છે, જયાં કવિઓ અને સામાજીક – આધ્યાત્મિક સુધારકો બેસીને વિવિધ સુધારાઓ પર ચર્ચા કરતા હતા.




## ભારત સરકાર દ્વારા વિદેશી નાગરીકો માટે આયુષ વિઝાની નવી શ્રેણી જાહેર કરી

- કેન્દ્રીય સરકારના ગૃહમંત્રાલયે આયુર્વેદ અને અન્ય ભારતીય દવાઓની પ્રણાલીઓ હેઠળ ભારતમાં સારવાર મેળવવા માંગતા વિદેશી નાગરીકો માટે આયુષ વિઝા નામની વિઝાની નવી શ્રેણી જાહેર કરી છે.
- આ પ્રકારની નવી શ્રેણીની શરૂઆત એ 'Heal In India' પહેલની દિશામાં ભારતનો પ્રયાસ છે.
- આ આયુષ વિઝાનો ઉદ્દેશ્ય આયુર્વેદ, યોગ તેમજ અન્ય પરંપરાગત ઉપચારાત્મક સંભાળ અને સુખાકારીનો લાભ લેનાર લોકોને મદદ કરવાનો છે.
- વિઝા મેન્યુઆલ – 2019 ના પ્રકરણ 11 – મેડિકલ વિઝા બાદ નવુ પ્રકરણ 11 A :- આયુષ વિઝા ઉમેરવામાં આવ્યું છે.
- જે ભારતીય પરંપરાગત દવાઓની પ્રણાલી સાથે સંબધિત છે.
- આયુષ વિઝા શ્રેણીની રજૂઆત એ 'Heal In India' પહેલનો એક ભાગ છે.
- 'Heal In India' પહેલ – તે ભારતમાં વિશ્વના લોકોને 'સંકલિત અને સર્વગ્રાહી સારવાર' પ્રદાન કરવા અને વિશ્વ કક્ષાની સસ્તી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ સેવાઓની પહોંચ માટે દર્દીની ગતિશીલતા વધારવાનો પ્રયાસ છે.
  - **AYUSH વિશે**
    - Ayurveda (આયુર્વેદ), Yoga (યોગ), Unani (યુનાની), Naturopathy (નેચરોપેથી), Siddha (સિધ્ધા), અને Homoeopathy (હોમિયોપેથી)



- ભારત સરકારે વર્ષ 2003 માં તેના Department of Indian System of Medicine and Homoeopathy (ISM&H) નું નામ બદલીને Ayush વિભાગ કર્યો.
- 9 નવેમ્બર 2014 ના રોજ સ્વતંત્ર Ayush મંત્રાલય બનાવ્યું.
- આયુષ (Ayush) સંસ્કૃત શબ્દ 'આયુષ્યમાનભવ' પરથી આવ્યો છે.

## રાજસ્થાન, ગોવા, ઉત્તરપ્રદેશ અને જમ્મુ કાશ્મીરના કુલ 9 ઉત્પાદનોને GI Tag આપવામાં આવ્યો

- ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય અંતર્ગતના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) અને ઈન્ડિયન પેટન્ટ ઓફિસ દ્વારા ભારતના વિવિધ પ્રદેશોના સાત ઉત્પાદનોને ભૌગોલિક સંકેત (GT Tag) આપવામાં આવ્યા છે.
- આ સાત ભૌગોલિક સંકેતોમાં રાજસ્થાનના ચાર, ઉત્તરપ્રદેશનું એક અને ગોવાના 2 ઉત્પાદનોનો સમાવેશ થાય છે.
- જલેસર ધાતુ શિલ્પ – જલેસર, ઉત્તરપ્રદેશનું ધાતુની હસ્તકલા જે સુશોભન ધાતુની હસ્તકલા અને પિત્તળના વાસણો માટે જાણીતી છે.
- ગોવાની 'મનકુરાડ કેરી' જેને 'મલકોરાડા' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે કેરીની એક અનોખી જાત છે.
- 'ગોઅન બેબિન્કા' – એક પરંપરાગત ઈન્ડો – પોર્ટુગીઝ પુડિંગ (Indo – Portuguess Pudding) જેને Queen of Goan Dessert તરીકે પણ ઓળખવામાં આવે છે.
- રાજસ્થાનના ચાર ભૌગોલિક સંકેતોમાં ઉદયપુર કોફતગારી ધાતુ હસ્તકલા, બિકાનેર એમ્બ્રોડરી હસ્તકલા, જોધપુર બંધેજ હસ્તકલા તેમજ બિકાનેર ઉસ્તા કલા શિલ્પનો સમાવેશ થાય છે.
- જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાની ચિકરી લાકડાની હસ્તકલા, અને અનંતનાગ જિલ્લાની કિંમતી મુશ્કબુદજી ચોખાની જાતને ભૌગોલિક સંકેત (GI-Tag) આપવામાં આવ્યા છે.
- મુશ્કબુદજી ચોખા એ કાશ્મીર ખીણના ઉંચા વિસ્તારોમાં ખાસ કરીને અનંતનાગ જિલ્લામાં ઉગાડવામાં આવતી ટૂંકા, ઘાટા અને સુગંધિત ચોખાની મૂલ્યવાન જાત છે. તેમાં સ્વાદ, સુગંધ અને સમૃદ્ધ ઓર્ગેનોલેપ્ટિક ગુણધર્મોનું સુમેળભર્યુ મિશ્રણ છે.
- જમ્મુ પ્રાંતના રાજૌરી જિલ્લાની પર્વત માળાઓમાં વસેલું, ઉત્કૃષ્ટ ચિકરી લાકડુ તેના નિસ્તેજ અને મધ રંગના નરમ લાકડા માટે વખણાય છે.




### Geographical Indication (GI Tag) વિશે....

- GI ટેગ એ ચોક્કસ ભૌગોલિક પ્રદેશમાંથી ઉદ્ભવતા તેમજ વિશેષ લાક્ષણિકતા ધરાવતા ઉત્પાદોને ઓળખવા માટેનો સંકેત છે.
- તેનું નિયમન માલસામાનના ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ 1999 હેઠળ થાય છે.
- તે વિશ્વ વ્યાપાર સંગઠનની TRIPS સમજૂતી દ્વારા સંચાલિત અને નિર્દેશિત છે.
- તે મુખ્યત્વે ત્રણ ઉત્પાદન જેમા કૃષિ, પ્રાકૃતિક તેમજ ઉત્પાદિત (હસ્તકલા અને ઔદ્યોગિક એકમોમાંથી) ને આપવામાં આવે છે.
- આ ટેગ 10 વર્ષ માટે માન્ય રહેશે ત્યારબાદ તેનુ ફરીવાર નવીનીકરણ કરી શકાય છે.
- ગુજરાતને કુલ 17 GI ટેગ મળ્યા છે.
- દાર્જીલિંગની ચા ને વર્ષ 2003માં સૌપ્રથમ વાર GI TAG મળ્યું.

## પશ્ચિમ બંગાળે 'મેન્ગ્રોવ સેલ' સ્થાપવાની જાહેરાત કરી



- પશ્ચિમ બંગાળે મેન્ગ્રોવ ઈકોસિસ્ટમના સંરક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ પર રાજયમાં 'મેન્ગ્રોવ સેલ' (Mangrove Cell) સ્થાપવાની જાહેરાત કરી છે.
- પશ્ચિમ બંગાળ રાજય ભારતના લગભગ 40% મેન્ગ્રોવ જંગલોનું ઘર છે.
- મેન્ગ્રોવ સેલ એક વિશષ્ટિ સંસ્થા હશે જે સંપૂર્ણપણે મેન્ગ્રોવના સંચાલન અને સંરક્ષણ માટે સમર્પિત હશે.
- તે રાજયમાં મેન્ગ્રોવનુ વાવેતર અને જાળવણી કરવાનો એકશન પ્લાન તૈયાર કરશે.
- તે મેન્ગ્રોવ સંરક્ષણ પ્રયાસોને વધારવા માટે બિન–સરકારી સંસ્થાઓ સાથે સંકલન કરશે.
- આ સેલ સરકાર, ખાનગીક્ષેત્ર તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી ભંડોળ મેળવશે.
- મેન્ગ્રોવ ઈકોસિસ્ટમના સંરક્ષણ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ દર વર્ષે 26 જુલાઈના રોજ ઉજવવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય મેન્ગ્રોવ ઈકોસિસ્ટમના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.

## જન્મ અને મૃત્યુની નોંધણી (સુધારા) બિલ – 2023




- વર્તમાન ચોમાસુસત્રમાં જન્મ અને મૃત્યુની નોંધણી (સુધારા) બિલ – 2023 લોકસભા અને રાજયસભામાંથી પસાર કરવામાં આવ્યું છે.
- આ બિલ ડિજિટલ જન્મ પ્રમાણપત્રો બનાવવાની દરખાસ્ત કરે છે. જે વિવિધ હેતુઓ માટે વ્યાપક દસ્તાવેજો તરીકે કામ કરશે.
- તેનો ઉદ્દેશ્ય જન્મ તારીખ અને સ્થળને સાબિત કરવા માટે બહુવિધ દસ્તાવેજોની જરૂરીયાતને દુર કરવાનો છે.

**❖ મુખ્ય જોગવાઈઓ**

- આ બિલ જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ–1969 માં નોંધપાત્ર સુધારા રજૂ કરે છે.
- જન્મ અને મૃત્યુની નોંધણી માટે સામાન્ય નિર્દેશો જારી કરવા માટે ભારતના રજિસ્ટ્રા જનરલની નિમૂણકની જોગવાઈ કરે છે.
- આ બિલ રાજયો માટે કેન્દ્રીય નાગરીક નોંધણી પ્રણાલી નામના કેન્દ્રીયકૃત પોર્ટલ પર જન્મ અને મૃત્યુની ડિજિટલ નોંધણી કરવાનું ફરજિયાત બનાવે છે.
- તબીબી સંસ્થાઓએ રજિસ્ટ્રારને મૃત્યુનું કારણ દર્શાવતું પ્રમાણપત્ર પ્રદાન કરવું જરૂરી રહેશે.
- ડિજિટલ જન્મ પ્રમાણપત્રનો ઉપયોગ શૈક્ષણિક સંસ્થઓમાં પ્રવેશ, ડ્રાઈવિગ લાઈસન્સ , સરકારી નોકરીઓ, પાસપાર્ટ, આધાર, મતદાર નોંધણી અને લગ્ન નોંધણી માટે કરવામાં આવશે.
- કેન્દ્રીયકૃત રજિસ્ટ્રર જાહેર સેવાઓ અને સામાજિક લાભોની કાર્યક્ષમ અને પારદર્શક ડિલિવરીની સુવિધા આપશે.
- ડેટાબેઝ નેશનલ પોપ્યુલર રજીસ્ટર CNPRI, રેશનકાર્ડ અને પ્રોપર્ટી રજીસ્ટ્રેશન રેકોર્ડને પણ અપડેટ કરશે.
- તે દત્તક લીધેલા, અનાથ, ત્યજી દેવાયેલા, આત્મસમર્પણ અને સરોગેટ બાળકો માટે નોંધણી પ્રક્રિયાને પણ સરળ બનાવશે.

## વિપક્ષ દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ લોકસભામાં લાવવામાં આવ્યો




- હાલમાં વિપક્ષ દ્વારા મણિપુરની પરિસ્થિતિ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનની માંગ કરવા માટે સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ (No Confidence Motion-NCM) લાવવામાં આવ્યો હતો.
- વિરોધપક્ષ વતી આ પ્રસ્તાવ કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

**❖ NCM શું છે?**

- અવિશ્વાસ પ્રસ્તાવ એ સંસદીય પ્રક્રિયા છે જેનો ઉપયોગ વિધાનસભામાં સરકારના સમર્થન અને બહુમતીને ચકાચવા માટે થાય છે.
- ભારતમાં તે લોકસભામાં રજૂ કરવામાં આવે છે, અને જો સ્વીકારવામાં આવે, તો તે સરકારની કામગીરી પર ચર્ચા તરફ દોરી જાય છે.
- જો પ્રસ્તાવ ને ગૃહા સભ્યોની બહુમતી મળે તો તે પસાર થયો ગણાય છે.
- જો પ્રસ્તાવ પસાર થાય છે, તો સરકારે પદ પરથી રાજીનામું આપવું પડે છે.
- ફ્લોર ટેસ્ટ – સરકાર ફ્લોર ટેસ્ટ દ્વારા પોતાની તાકાત (ગૃહમાં બહુમતી) નું પ્રદર્શન કરીને સત્તા જાળવી શકે છે.

**❖ સામુહિક જવાબદારીનો સિદ્ધાંત**

- બંધારણના અનુચ્છેદ 75 (અને રાજય માટે અનુચ્છેદ 164) અનુસાર મંત્રીમંડળ લોકસભાને સામૂહિક રીતે જવાબદાર છે. જયાં સુધી લોકસભાની બહુમતીના સભ્યો તેના પર વિશ્વાસ કરે ત્યાં સુધી મંત્રાલય કાર્યાલયમાં રહે છે.
- લોકસભા નિયમ 198 અવિશ્વાસની દરખાસ્ત માટેની પ્રક્રિયાને સ્પષ્ટ કરે છે.
- NCM પ્રસ્તાવ કોઈ રજૂ કરી શકે છે? – કોઈપણ લોકસભા સાંસદ જે 50 તેના સાથીદારોનું સમર્થન મેળવી શકે છે. તેઓ કોઈ પણ સમયે મંત્રીમંડળ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવી શકે છે.
- અવિશ્વાસ પ્રસ્તાવ માત્ર લોકસભામાં જ લાવી શકાય છે. તેને રાજયસભામાં રજૂ કે પસાર કરી શકાય નહી.
- આઝાદી બાદ લોકસભામાં 27 વખત અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.
- સૌપ્રથમ અવિશ્વાસ પ્રસ્તાવ જવાહરલાલ નેહરુની સરકાર સામે ઓગસ્ટ 1963 માં રજૂ કરવામાં આવ્યો હતો.
- અવિશ્વાસની દરખાસ્ત એ એક નિર્ણાયક કાયદાકીય સાધન છે જેનો ઉપયોગ સરકારને જવાબદાર ઠેરવવા માટે થાય છે, જો કે વિપક્ષો શાસક પક્ષને વધુ સંખ્યામાં હરાવી શકે તે દુર્લભ છે.

## રોહિણી સમિતિએ તેનો અહેવાલ સરકારને સોંપ્યો






- જસ્ટિસ જી. રોહિણીની અધ્યક્ષતા હેઠળના કમિશને લગભગ છ વર્ષ પછી સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયને અન્ય પછાત વર્ગો (OBC) ની જાતિના પેટા વર્ગીકરણ માટેનો લાંબા સમયથી રાહ જોવાતો અહેવાલ સોંપ્યો છે.
- જો કે, ભલામણોની વિગતો જાહેર કરવામાં આવી નથી.

❖ **રોહિણી કમિશન વિશે**

- બંધારણના અનુચ્છેદ 340 (પછાત વર્ગોની સ્થિતિની તપાસ માટે કમિશન નિયુક્ત કરવાની રાષ્ટ્રપતિની સત્તા) હેઠળ 2 ઓક્ટોબર, 2017 ના રોજ રોહિણી કમિશનની રચના કરવામાં આવી હતી.
- તેને અન્ય પછાત વર્ગો (OBC) ના પેટા વર્ગીકરણ અને તેમના માટે અનામત લાભોના સમાન વિતરણનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.
- વર્ષ 2015 માં પછાત વર્ગોના રાષ્ટ્રીય કમિશન (NCBC) એ OBC ને ત્રણ ભાગોમાં વિભાજન અત્યંત પછાત વર્ગ, વધુ પછાત વર્ગ અને પછાત વર્ગો કરવાની ભલામણ કરી હતી.

❖ **કમિશનને આપેલ સંદર્ભ**

- કેન્દ્રીય સૂચિમાં સૂચિબધ્ધ OBC વચ્ચે લાભોની અસમાન વહેંચણીની તપાસ કરવી.
- વૈજ્ઞાનિક અભિગમ સાથે OBC માં પેટા વર્ગીકરણ કરવું.
- કોઈપણ પુનરાવર્તનો, અસ્પષ્ટતાઓ, અસંગતતાઓ, તેમજ લખાણની ભૂલોનો અભ્યાસ કરવો અને સુધારવાની ભલામણ કરવી.
- સંબંધિત જાતિઓ અથવા સમુદાયોને તેમની સંબંધિત પેટા શ્રેણીઓમાં ઓળખવા અને વર્ગીકૃત કરવા.

❖ **OBC ના પેટા વર્ગીકરણની જરૂરીયાત**

- OBC ને કેન્દ્ર સરકારની નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં 27% અનામત મળે છે, પરંતુ એક માનવામાં આવે છે કે આ અનામતનો લાભ માત્ર થોડો પ્રભાવશાળી જાતિ જૂથોને જ મળે છે.
- વર્ષ 2018 માં કમિશનએ અગાઉના વર્ષોમાં 1.3 લાખ કેન્દ્રીય સરકારી નોકરીઓ અને કેન્દ્રીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં OBC પ્રવેશના ડેટાનું વિશ્લેષણ કર્યુ હતું જે દર્શાવે છે.97% લાભો માં 25% OBC જાતિઓએ જ મેળવ્યો છે.
- પેટા વર્ગીકરણનો હેતું ઐતિહાસિક રીતે ઓછુ પ્રતિનિધિત્વ ધરાવતા અને વંચિત OBC સમુદાયોને વધુ તક પૂરી પાડવા માટે 27% અનામતની અંદર અનામત પ્રદાન કરવાનો છે.

## 'આઈકોનીક સાઈટ મ્યુઝિયમ' આદિચનાલ્લુર પુરાતત્વીય સ્થળનો શિલાન્યાસ કર્યો

- કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા આઈકોનીક સાઈટ મ્યુઝિયમ' આદિચનાલ્લુર પુરાતત્વીય સ્થળનો શિલાન્યાસ કરવામાં આવ્યો.



- આ સંગ્રહાલયનો ઉદ્દેશ્ય પ્રદેશના સમુધ્ધ સાંસ્કૃતિક વારસા અને ઐતિહાસિક મહત્વને પ્રદર્શિત કરવાનો છે.
- આદિચનાલ્લુરના સંદર્ભમાં આ મ્યુઝિયમ દક્ષિણ ભારતમાં લોહ યુગની સંસ્કૃતિના ઈતિહાસને શ્રધ્ધાંજલિ આપવા માટે બનાવવામાં આવે છે.
- વર્ષ 2020-21 ના બજેટમાં ભારત સરકારે 5 આઈકોનીક સાઈટ મ્યુઝિયમ વિકસાવવાનો નિર્ણય કર્યો હતો.
- આ સંગ્રહાલયોમાં રાખીગઢી (હરિયાણા), ધોળાવીરા (ગુજરાત), હસ્તિનાપુર (ઉત્તરપ્રદેશ) , શિવસાગર(આસામ) અને આદિચનાલ્લુર(તમિલનાડુ) નો સમાવેશ થાય છે.
- આ સ્થળો અત્યંત મહત્વપૂર્ણ ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂલ્ય ધરાવે છે તેમજ સરકારનો હેતું વૈશ્વિક સ્તરે તેમના મહત્વને વધારવાનો છે.

❖ **આદિચનાલ્લુર**

- આદિચનાલ્લુર તમિરાબાદ નદીના કિનારે તમિલનાડુના થુથુકુડી જિલ્લામાં આવેલ એક પ્રાચીન લોહયુગનું સ્થળ છે.
- તે મેગાલિથિક સંસ્કૃતિનું મહત્વ દર્શાવે છે.
- આ ઉપરાંત સંગમ સાહિત્યમાં દર્શાવેલ પ્રાચીન કોરાકોરીનું બંદર તેની નજીકમાં આવેલું છે.
- પુરાતત્વવિદોએ અહિથીં શેકેલા માટીના વાસણો, સંખ્યાબંધ લોખડના શસ્ત્રો, ઓજારો તેમજ મોટી સંખ્યામાં હાડકાઓ અને ખોપરી મળી આવી હતી.
- સ્થળ પરથી મળી આવેલા નમૂનાઓની કાર્બન ડેટિંગથી જાણવા મળ્યું છે કે તે 905 BC થી 696 BC વચ્ચેના સમયગાળાના છે.

Banking Academy

## રેલવે બોર્ડ એ રેલવે સ્ટેશન પર જન ઔષધિ કેન્દ્ર ખોલવાની મંજૂરી આપી

- રેલવે બોર્ડએ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર યોજના હેઠળ રેલવે સ્ટેશન પર જન ઔષધિ કેન્દ્ર ખોલવા અંગેની મંજૂરી આપી.
- આ કેન્દ્ર પરથી રેલવે પ્રવાસી ઉપરાંત તમામ નાગરીકો સસ્તી અને ગુણવત્તા – સભર જેનરિક દવાઓ ખરીદી શકશે.
- પ્રથમ તબક્કામાં વિવિધ રાજ્યોના 50 રેલવે સ્ટેશન પર કેન્દ્ર તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ તમામ મોટા સ્ટેશનો પર જન ઔષધિ કેન્દ્ર ખોલવામાં આવશે.
- પ્રથમ 50 રેલવે સ્ટેશન પરના કેન્દ્રીની ડિઝાઈન રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા દ્વારા કરવામાં આવશે.
- ઓનલાઈન ટેન્ડરના માધ્યમથી ઔષધિ કેન્દ્રની ફાળવણી કરવામાં આવશે. કેન્દ્ર ફાળવણીમાં વ્યકિતગત સાહસિકને પ્રાથમિકતા આપવામાં આવશે.




❖ **જન ઔષધિ યોજના વિશે**

- ભારત સરકાર દ્વારા વર્ષ 2015 માં શરૂ કરવામાં આવી હતી.
- યોજના હેઠળ સમગ્ર દેશમાં 'જન ઔષધિ કેન્દ્ર' બનાવવામાં આવ્યા.
- આ કેન્દ્ર પર ઉચ્ચ ગુણવર્તાવાળી જેનરિક દવાઓ બજાર કિંમત કરતા 60% થી 70% જેટલી ઓછી કિંમતે મળે છે.
- ભારત દેશનો કોઈપણ નાગરિક, હોસ્પિટલ, NGO, ફાર્મસિસ્ટ કે ડોકટર જન ઔષધિ કેન્દ્ર ખોલી શકે છે.
- દિવ્યાંગ વ્યકિત, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિનો વ્યકિત જન ઔષધિ કેન્દ્ર ખોલે તો સરકાર તેને 50,000 ની સહાય કરે છે.

## NCERT એ ધોરણ 3 થી 12 ના અભ્યાસ ક્રમમાં સુધારો કરવા પેનલની રચના કરી

- NCERT (National Council of Educational Research and Training) એ ધોરણ 3 થી 12 સુધીના અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને શિક્ષણ સામગ્રીને અંતિમ સ્વરૂપ આપવા માટે અને ધોરણ 1 અને 2 ના વર્તમાન પાઠ્યપુસ્તકોમાં સુધારો કરવા માટે 19 સભ્યોની એક સમિતિની રચના કરી છે.
- આ સમિતિનું નેતૃત્વ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્લાનિંગ ઈન એડમિનિસ્ટ્રેશન (NIEPA) ના કુલપતિ મહેશચંદ્ર પંત કરશે.
- જ્યારે સમિતિની સહઅધ્યક્ષતા પ્રિસ્ટન યુનિવર્સિટીના પ્રોફેસર મંજુલ ભાર્ગવ કરશે.
- આ સમિતિ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણના ભાગરૂપે કસ્તુરી રંગનના નેતૃત્વ હેઠળની સંચાલન સમિતિ દ્વારા તૈયાર કરાયેલી સ્કૂલ શિક્ષણ માટેની પાઠ્યક્રમની રૂપરેખા (NCF-SE) ની સાથે અભ્યાસક્રમ તૈયાર કરવા માટે કામ કરશે.
- વિવિધ વિષયો માટે પાઠ્યપુસ્તકો અને શીખવાની સામગ્રી વિકસાવવા માટે NSTC દ્વારા CAG (Curricular Area Group) ને મદદ કરવામાં આવશે.
- આ સમિતિનો ઉદ્દેશ્ય ચાલુ શૈક્ષણિક વર્ષના અંત સુધીમાં રિવિઝન પ્રક્રિયાને પૂર્ણ કરવાનો છે અને આગામી શૈક્ષણિક વર્ષ (2024-25) માટે નવા પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનો છે.



**National Council of Educational Research and Training (NCERT) વિશે....**

**મુખ્યાલય** : નવી દિલ્હી

- તે વર્ષ 1961 માં સ્થપાયેલી એક સ્વાયત્ત સંસ્થા છે.
- તેનો હેતું અભ્યાસક્રમ વિકાસ, પાઠ્યપુસ્તકો, સંશોધન અને શિક્ષક પ્રશિક્ષણ દ્વારા શાળા શિક્ષણની ગુણવત્તાને વધારવાનો છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 વિશે....**

- તેને 29 જુલાઈ 2020 ના રોજ ભારતની કેન્દ્રીય કેબિનેટ દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- આ નવી નીતિ અગાઉની શિક્ષણ પરની રાષ્ટ્રીય નીતિ 1986 નું સ્થાન લીધુ છે.
- તેનો હેતુ વર્ષ 2030 સુધીમાં ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાનો છે.
- નવી શિક્ષણ નીતિ સામાન્ય સુત્ર (5+3+3+4) પર આધારિત છે.
- આ નીતિ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમનો ભાર ઘટાડવાનો અને તેમને વધુ 'આંતરશિસ્ત' અને "બહુભાષી" બનાવે છે.

Banking Academy

## નેશનલ સ્પેસ ઈનોવેશન ચેલેન્જ – 2023 લોન્ચ કરવામાં આવી




- નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન, ISRO અને ખાનગી સંસ્થા Navars Edutech દ્વારા 'નેશનલ સ્પેસ ઈનોવેશન ચેલેન્જ (NSIC) – 2023' લોન્ચ કરવામાં આવી છે.
- NSIC – 2023 એ ભારતની વિકસતી અવકાશીય અર્થવ્યવસ્થા અને આગામી અવકાશ ઉત્સાહીઓની પેઢીને સ્પેસ વર્કફોર્સ સમજાવવા અને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તરનું અભિયાન છે.
- NSIC 2023 એ રાષ્ટ્રીય સ્તરનું પ્લેટફોર્મ છે, જ્યાંથી ઉદ્યોગ અગ્રણીઓ પાસેથી પ્રેરણા મેળવી શકે તેમજ સંશોધનની નવી તકો પ્રાપ્ત કરી શકે તેમજ વિશ્વને નવીનતમ સંશોધનો રજૂ કરી શકે તે માટેનું એક પ્લેટફોર્મ છે.

**❖ NSIC નો ઉદ્દેશ્ય**

- અટલ ઈનોવેશન મિશન મુજબ NSIC માં દેશના દરેક શાળાના બાળકો ભાગ લઈ શકશે જેનો ઉદ્દેશ્ય બાળકોમાં નવીનતા અને જિજ્ઞાસાને પ્રોત્સાહન આપવાનો છે.
- જયાંથી બાળકોને વિવિધ પ્રકારના સંસાધનોની સાથે અવકાશ સંબંધિત વિવિધ પ્રકારના પડકારો આપવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓ અવકાશ સંબંધિત પડકારો અંગે મંથન કરશે અને તેના ઉકેલ સંબંધિત ટૂંકૂ સંશોધન પેપર રજૂ કરી શકશે.
- કેટેગરી – 1 :- (ધોરણ 5 થી 8 ) માં કચરો વીણતા રોબોટ, પુનઃઉપયોગ થઈ શકે તેવા રોકેટની ડિઝાઈનનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- કેટેગરી– 2 :- (ધોરણ 9 થી 12) માં ગ્રીન હાઉસના અભ્યાસ માટે સેટેલાઈટ ડિઝાઈન અને મંગળ માટે ભારતીય અવકાશયાન ડિઝાઈનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**❖ લાયકાત**

- ધોરણ 5 થી 12 ના વિદ્યાર્થીઓને 11 ઓગસ્ટથી 20 સપ્ટેમ્બર સુધી નવીનતમ કરવા અને આધુનીક અવકાશી સમસ્યાઓના ઉકેલવા માટે પ્લેટફોર્મ આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓ Navars Edutech ની લિંક દ્વારા તેમની અરજી રજૂ કરી શકે છે.

## હરિયાણા સરકારે હથનીકુંડ ડેમ બાંધવાનો નિર્ણય કર્યો




- દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં યમુના નદીના વારંવાર પૂરના જોખમને ટાળવા માટે હરિયાણા સરકારે હથનીકુંડ બંધ બાંધવાનો નિર્ણય કર્યો છે.
- આ બંધ હરિયાણાના યમુનાનગર જિલ્લામાં હથનીકુંડ બેરેજથી 4.5 કિ.મી. દૂર ઉપરવાસમાં બાંધવામાં આવશે.
- આ બંધ 14 કિ.મી. લાંબો જળાશય બનાવશે. જેનાથી કાલેસર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભયારણ્યના વિસ્તારો સહિત જંગલની જમીનનો મોટો હિસ્સો પાણીમાં ગરકાવ થશે.
- બંધને કારણે 9 ગામોને વિસ્થાપિત કરવાના તેમજ NH-73 નો 11 કિલોમીટર રસ્તાના ટુકડાને ફેરવવો પડશે.
- આ પ્રોજેક્ટની 250 મેગાવોટ વીજળીનું ઉત્પાદન ઉપરાંત વધારાના સિંચાઈના પાણી, ભૂગર્ભજળ રિચાર્જ અને એકવાકલ્ચરની મદદથી 497 કરોડનો લાભ થશે.

## ભારતની પ્રથમ 3D પ્રિન્ટેડ પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

- કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા કેમ્બ્રિજ લે આઉટ, બેંગલુરુ ખાતે દેશની પ્રથમ 3D પ્રિન્ટેડ પોસ્ટ ઓફિસનું નિર્માણ કરવામાં આવ્યું છે.



- આ પોસ્ટ ઓફિસનું નિર્માણ લાર્સન એન્ડ ટુબ્રો (L & T) દ્વારા લગભગ 1000 ચોરસ ફૂટમાં 3D કોક્રીટ પ્રિન્ટીંગ ટેકનોલોજીની મદદથી બનાવવામાં આવ્યું છે.
- જયારે IIT મદ્રાસ દ્વારા ટેકનિકલ ગાઈડન્સ પુરુ પાડવામાં આવ્યુ હતું.
- આ ઓફિસના નિર્માણમાં કુલ 23 લાખ જેટલો ખર્ચ અને માત્ર 45 દિવસનો સમય લાગ્યો હતો.
- 3D પ્રિન્ટીંગ ટેકનોલોજી : એક એવી ટેકનોલોજી જે ડિજિટલ 3D મોડલ અથવા મટિરિયલ લેયર પર લેયર ઉમેરીને 3D પદાર્થ બનાવે છે.
- CAD (Computer Aided Oesign) – CAD મોડેલમાંથી ડિપોઝિશન અને સોલિડિફિકેશન કમ્પ્યૂટર દ્વારા નિયંત્રણ કરીને ત્રિ– પરિમાણીય (3D) પદાર્થ બનાવવામાં આવે છે.

## સિમ કાર્ડ વિક્રેતાઓ માટે પોલીસ વેરિફિકેશન ફરજિયાત બનાવવામાં આવ્યું



- મોબાઈલ ફોનમાં ઉપયોગમાં લેવાતા સિમકાર્ડની મદદથી થતા ડિજિટલ ફ્રોડ, આંતકવાદ અને સમાજ વિરોધી ઘટનાઓને કાબૂમાં લેવા માટે સરકારે સિમકાર્ડ વિક્રેતા માટે પોલિસ વેરિફિકેશન ફરજિયાત બનાવ્યું છે.
- હવેથી વ્યકિતગત ઉપયોગ માટે એક ગ્રાહકને મહત્તમ 9 સિમકાર્ડ ફાળવી શકાશે. નિયમોનું ઉલ્લંઘન કરનારને રૂા. 10 લાખનો દંડ ફટકારવામાં આવશે.
- પ્રિન્ટેડ આધારકાર્ડનો દુરુપયોગ અટકાવવા માટે તેનો QR કોડ સ્કેન કરવાનું ફરજિયાત બનાવ્યું છે તેમજ હવેથી તમામ પોઈન્ટ ઓફ સેલ ડીલર્સ માટે પણ રજિસ્ટ્રેશન ફરજિયાત રહેશે.
- ટેલિકોમ સંચાલકોએ કોઈપણ ડિલરની નિમણૂક કરતા પહેલા દરેક ડિલર્સ અને તેના બિઝનેસ સંબંધિત દસ્તાવેજોની પૂરતી ચકાસણી કરવાની રહેશે, અગાઉના નિયમોમાં ડિલરના દસ્તાવેજોની પૂરતી ચકાસણી કરવાની જોગવાઈ નહોતી.
- મોબાઈલ ટેકનોલોજીના દુરૂપયોગથી વધતી છેતરપિંડીની ઘટનાઓને અટકાવવા સિમકાર્ડના જથ્થાબંધ વેચાણને બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.
- હવેથી બિઝનેસ કનેકશનનો કોન્સેપ્ટ લોન્ચ કરવામાં આવશે જેમાં કારોબારનું KYC તથા કારોબારવતી સિમકાર્ડ લેનાર વ્યકિતનું પણ KYC કરવામાં આવશે.
- આ નવા નિયમો આગામી 2 ઓકટોબર, 2023 થી અમલી બનશે તથા તેના પાલન માટે ડિલરને આશરે છ મહિનાથી વધુનો સમય આપવામાં આવશે.

## હવાના સિન્ડ્રોમ અંગે કેન્દ્ર સરકારનો નિર્ણય



MEDICAL SYMPTOMS RESULT OF ESPIONAGE WARS?

WHAT IS HAVANA SYNDROME?
Havana syndrome is a set of medical signs and symptoms first reported in late 2016 by American and Canadian embassy staff in Havana, Cuba, and subsequently in other countries including the US, Austria, Germany, and now India

The apartments in Guangzhou where US diplomats developed the symptoms

WHAT DO US INTEL AGENCIES SAY?
The US intel services have not reached a consensus on a formal determination of the cause of the Havana syndrom though unnamed sources in intelligence and in two presidential administrations have expressed suspicions to the press that Russian militar intelligence is responsible

WHEN WAS IT FIRST DETECTED?
➤ In 2016, a number of Canadians and Americans living in Havana complained of **concussion-like symptoms, including headaches, dizziness, nausea and difficulty in concentrating**. Some described hearing buzzing or high-pitched sounds before falling sick
➤ In 2018, US diplomats in China reported problems similar to those reported in Cuba, as did undercover CIA agents working in other countries with partner agencies on missions aimed at countering Russian covert operations
➤ Last month, US vice-president Kamala Harris was delayed for three hours as she was about to fly to Hanoi, Vietnam, after a US official in Vietnam reported Havana syndrome symptoms

WHAT DO EXPERTS SAY?
While there is no expert consensus on the exact cause, a National Academies of Sciences Engineering, and Medicine expert committee concluded in December 2020 that microwave energy (especially directed radi frequency energy) 'appears to be the most plausible mechanism in explaining these cases among those that the committee considered' but that 'each possible cause remains speculative'. The Biden admin has started calling them 'unexplained health incidents (UHIs)'

Source: National Academy of Sciences & media reports

- કેન્દ્ર સરકારે કર્ણાટક હાઈકોર્ટને કહયું છે કે તે ભારતમાં 'હવાના સિન્ડ્રોમ' ની બાબતને જોશે.
- કેન્દ્ર સરકારનો નિર્ણય બેંગ્લોરના રહેવાસીની અરજીના જવાબમાં હતું, જેણે ભારતમાં હવાના સિન્ડ્રોમની તપાસ કરાવવા માટે આદેશની રીટ (Writ) જારી કરવાની વિનતીં કરવા હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.
- જાહેર સત્તાધિકારીઓને તેમની ફરજ બજાવવા માટે નિર્દેશ આપવા મેન્ડમસ રિટ જારી કરવામાં આવે છે.
- હવાના સિન્ડ્રોમ એ માનસિક સ્વાસ્થ્યના લક્ષણોના જૂથનો ઉલ્લેખ કરે છે જેમાં કોઈપણ બાહ્ય અવાજ, ઉબકા, ચક્કર અને માથાનો દુખાવો, યાદ શકિતમાં ઘટાડો અને સંતુલન સમસ્યાઓ વિના ચોક્કસ અવાજો સાંભળવાનો સમાવેશ થાય છે.
- તેના પ્રારંભિક કેસો વર્ષ 2016 ના અંતમાં હવાના (ક્યુબાની રાજધાની) માં મળી આવ્યા હતા.
- આ રોગ પાછળના કારણો અંગે સચોટ માહિતી નથી પરંતુ એવુ અનુમાન કરવામાં આવ્યુ હતુ કે તે 'ધ્વન્યાત્મક સમસ્યા' હોઈ શકે છે.
- યુ.એસ. આધારિત કેટલાક અભ્યાસો સુચવે છે કે પીડિતો ઉચ્ચ શકિતવાળા માઈક્રોવેવ્સના સંપર્કમાં આવી શકે છે જે નર્વસ સિસ્ટમને નુકસાન કરે છે.

## મિઝોરમ ABDM માઈક્રોસાઈટનું સંચાલન કરનાર દેશનું પ્રથમ રાજય બન્યું




- હાલમાં નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) એ સમગ્ર દેશમાં આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) ને ઝડપી અપનાવવા માટે 100 માઈક્રોસાઈટ પ્રોજેકટની જાહેરાત કરી છે.
- મિઝોરમ તેની રાજધાની આઈઝોલમાં ABDM માઈક્રોસાઈટનું સંચાલન કરનાર ભારતમાં પ્રથમ રાજય બન્યું છે.
- આ પહેલ હેઠળ, પ્રદેશમાં ખાનગી દવાખાનું, નાની હોસ્પિટલો અને લેબોરેટરી સહિતની તમામ આરોગ્ય સંભાળ સુવિધાઓને ABDM દ્વારા સક્ષમ બનાવવામાં આવશે અને દર્દીઓને દર્દીઓને ડિજિટલ આરોગ્ય સેવાઓ પ્રદાન કરશે.
  - ❖ **ABDM Microsite**
    - તે વ્યાખ્યાપિત ભૌગોલિક ક્ષેત્ર છે, જયાં નાના અને મધ્યમ કક્ષાના ખાનગી આરોગ્ય સંભાળ પ્રદાતાઓ સુધી પહોંચવાના પ્રયાસો પર કેન્દ્રીત છે.
    - આ માઈક્રોસાઈટને મોટાભાગે ABDM ના રાજય મિશન નિદેશક દ્વારા અમલમાં મૂકવામાં આવશે, જયારે નાણાકીય સંસાધનો અને સમગ્ર માર્ગદર્શન NHA (National Health Authority) દ્વારા પ્રદાન કરવામાં આવશે.

- આ પ્રોગ્રામ હેઠળ ઈનટરફેસિંગ એજન્સી પાસે આ વિસ્તારના આરોગ્યસંભાળ પ્રદાતાઓ સુધી પહોચવા માટેની ટીમ હશે.
- જે ABDM ના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવશે અને સેવા પ્રદાતાઓને ABDM હેઠળ મુખ્ય રજિસ્ટ્રીમાં જોડાવા માટે મદદ કરશે.
- આ ઉપરાંત ABDM ના ઉપયોગને પ્રોત્સાહન આપશે જે નિયમિત ક્લિનિકલ દસ્તાવેજીકરણ માટે ડિજિટલ સોલ્યુશન પુરુ પાડશે.
- દર્દીઓ આ જગ્યાએથી તેમના હેલ્થ રેકોર્ડનું જોડાણ આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (ABHA) સાથે કરી શકશે તેમજ દર્દીઓ તેમા મોબાઈલ પરથી ABDM-PHR (Personal Health Record) એપ્લિકેશન પરથી તે ડેટાને મેળવી શકશે અને આગળ બીજા કોઈની સાથે આપલે પણ કરી શકશે.

**ABDM (આયુષ્માન ભારત ડિજિટલ મિશન) વિશે....**

- પ્રધાનમંત્રીએ સપ્ટેમ્બર 2021 ના રોજ ABDM મિશનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કર્યો હતો.
- તેને પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન (PM-DHM) તરીકે પણ ઓળખાય છે.
- મિશન ને ચાર ઘટકોમાં વિભાજીત કરવામાં આવે છે.
- હેલ્થ આઈડી (Health Identification), Healthcare Professional Registry, Healthcare Facilities Registry અને Health Record

- આ પહેલ ABDM એ મુંબઈ, અમદાવાદ અને સુરત ખાતેથી આ માઈક્રોસાઈટ પ્રાયોગિક ધોરણે લોન્ચ કરી હતી. જેની સફળતાને આધારે 100 નવી માઈક્રોસાઈટને લોન્ચ કરવામાં આવી.

## શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક જાહેર કરવામાં આવ્યું

- કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્હીમાં શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF-SE) જાહેર કરી છે.
- તે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ના અમલીકરણ તરફનું એક મહત્વપૂર્ણ અને પરિવર્તનકારી પગલું દર્શાવે છે.
- નવા ફ્રેમવર્ક અનુસાર હવેથી બોર્ડ પરીક્ષાઓ વર્ષમાં બે વખત લેવામાં આવશે.
- NCF ની માર્ગદર્શિકા અનુસાર વિદ્યાર્થી પાસે બંને પરીક્ષામાંથી જેમાં વધારે ગુણ હશે તે જાળવી રાખવાનો વિકલ્પ રહેશે. આમ વિદ્યાર્થીને પરીક્ષા પાસ કરવા માટે બે તક આપવામાં આવશે.
- આ ફ્રેમવર્ક મુજબ શૈક્ષણિક સત્ર 2024 ના પાઠયપુસ્તકો તૈયાર કરવામાં આવશે.
- ધોરણ 11 અને 12 ના વિદ્યાર્થીઓને બે ભાષા ભણવી પડશે, જેમાંથી એક ભાષા ભારતીય હોવી જોઈએ.
- નવી વ્યવસ્થા હેઠળ ધોરણ – 11 અને 12 માં વિષયોની પસંદગી આર્ટસ, સાયન્સ અથવા કોમર્સ શાખા સુધી મર્યાદિત નહી રહે વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના વિષયો પસંદ કરવાની સ્વતંત્રતા રહેશે.




- **NCF –SE ને પાંચ ભાગોમાં સંગઠિત કરવામાં આવ્યુ છે.**
- **ભાગ A**
  - શાળાકીય શિક્ષણના વ્યાપક ઉદ્દેશ્યો અને તેના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આવશ્યક મૂલ્યો અને સ્વભાવ ક્ષમતાઓ અને કૌશલ્ય અને જ્ઞાનને સ્પષ્ટ કરે છે. તે વિષય વસ્તુની પસંદગી, શિક્ષણશાસ્ત્ર, મૂલ્યાંકન માટેના સિધ્ધાંતો અને દષ્ટિકોણને પણ નિર્ધારિત કરે છે.
- **ભાગ B**
  - તે કેટલાક મહત્વપૂર્ણ ક્રોસ–કટીંગ વિષયો પર કેન્દ્રિત છે જેમ કે ભારતીય પણુ, મૂલ્યો માટે શિક્ષણ, પર્યાવરણ વિશે શીખવુ અને કાળજી લેવી, સમાવેશી શિક્ષણ, માર્ગદર્શન અને પરામર્શ અને શૈક્ષણિક તકનીકનો ઉપયોગ કરવો.
- **ભાગ C**
  - દરેક શાળા વિષય માટે અલગ અલગ પ્રકરણ છે. આમાના દરેક પ્રકરણમાં શાળાકીય શિક્ષણના તમામ સંબંધિત તબક્કાઓ માટે વ્યાખ્યાયિત શિક્ષણ ધોરણો સાથે વિષય વસ્તુની પસંદગી, શિક્ષણશાસ્ત્ર અને તે વિષય માટે યોગ્ય મૂલ્યાંકનો માટે ચોક્કસ માર્ગદશિકાઓ છે.
  - આ ભાગમાં ફાઉન્ડેશનલ સ્ટેજ પર એક પ્રકરણ અને ગ્રેડ 11 અને 12 માં વિષયોની ડિઝાઈન અને શ્રેણી પર એક પ્રકરણ પણ છે.
- **ભાગ D**
  - તે શાળાની સંસ્કૃતિ અને પ્રક્રિયા સાથે સંકળાયેલ છે જે શીખવા માટે સકારાત્મક માહોલ બનાવે છે. તેમજ મૂળભૂત મૂલ્યો અને સ્વાભાવને વિકસિત કરે છે.
- **ભાગ E**
  - તે શાળાકીય શિક્ષાની સમગ્ર ઈકોસિસ્ટમની આવશ્યકતાઓને રેખાંકિત કરે છે. જે NCF-SE ના લક્ષ્યોને પ્રાપ્ત કરવા સક્ષમ બનાવશે.
  - તેમાં શિક્ષકની ક્ષમતાઓ અને સેવાની શરતો, ભૌતિક માળખાકીય જરૂરિયાતો અને સમુદાય અને પરિવારની ભૂમિકાના પાસાઓનો સમાવેશ થાય છે.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 દ્વારા પ્રસ્તાપિત શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF-SE) એ શાળકીય શિક્ષણની 5+3+3+4 ડિઝાઈન માટેનુ અભ્યાસક્રમ માળખું છે.

Banking Academy

## ભારતનો સૌપ્રથમ જૈવવિવિધતા ગામ એટલાસ ગોવામાં જાહેર કરવામાં આવ્યું

- ગોવાના મુખ્યમંત્રી દ્વારા મહામાયા દેવાલય મંડપ માયેમ વિલેજ (બિકોલિમ ટાઉન) કાર્યક્રમમાં ભારતનું પ્રથમ વિલેજ એટલાસ 'માયોમ બાયોડાયવર્સિટી એટલાસ' જાહેર કર્યો છે.
- આ ઉપરાંત તેમણે તેને સમર્પિત વેબસાઈટ, પોસ્ટર અને લોગો જાહેર કર્યો હતો.
- આ કાર્યક્રમનું આયોજન માયોમ વાયગુનીમ ગ્રામ પંચાયત, જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિ અને અન્ય સંસ્થાઓએ સાથે મળીને કર્યો હતો.
- માયોમ જૈવવિવિધતા એટલાસ :– તે 250 પાનાનો દસ્તાવેજ છે જે માયેમ ગામમાં જોવા મળતા વિવિધ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની વિગતો આપે છે.
- આ એટલાસ માયેમ ગામનો સામાજીક – સાંસ્કૃતિક ઈતિહાસ આપે છે જે 12 મી સદીનો છે.
- ગોવા રાજ્ય સરકાર તમામ 191 ગ્રામ પંચાયતોના જૈવવિવિધતા એટલાસનું અનાવરણ કરશે.






# 3 ગુજરાત

## વડાપ્રધાન દ્વારા રાજકોટમાં વિવિધ પ્રોજેકટનું લોકાર્પણ કરવામાં આવ્યું

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની બે દિવસીય મુલાકાત દરમિયાન રાજકોટમાં રૂા. 2033 કરોડના વિવિધ પ્રકલ્યોનું લોકાર્પણ કર્યુ હતું.
- જેમાં રાજકોટના હિરાસરમાં આંતરરાષ્ટ્રીય હવાઈમથક અને રાજકોટમાં સૌની યોજનાની લિંક–3 માં વિવિધ કાર્યો અને રાજકોટમાં સૌરાષ્ટ્રનો સૌપ્રથમ મલ્ટિલેવલ ઓવર બ્રિજનો સમાવેશ થાય છે.

❖ **રાજકોટનું આંતરરાષ્ટ્રીય હવાઈમથક**



- વડાપ્રધાન દ્વારા ગુજરાતમાં રાજકોટ ખાતે રાજયનું ચોથું આંતરરાષ્ટ્રીય હવાઈમથકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું.
- આ એરપોર્ટ પર 5375 કિમીના વેગથી ઉડ્ડયન કરી શકે તેવા 'સી' પ્રકારના એરબસ તથા બોઈંગ જેવા વિમાનોનું સુવિધા સાથે તૈયાર કરવામાં આવ્યું.
- રાજયના અન્ય ત્રણ આંતરરાષ્ટ્રીય હવાઈમથકમાં અમદાવાદ, સુરત અને વડોદરાનો સમાવેશ થાય છે.
- આ એરપોર્ટ 2500 એકરમાં ફેલાયેલુ છે તેની મુસાફર વહનક્ષમતા 2800 થી વધારે છે.

❖ **સૌની યોજના**

- 'સૌરાષ્ટ નર્મદા અવતરણ ઈરિગેશન યોજના' ટૂંકમાં સૌની (SAUNI) યોજના તરીકે ઓળખવામાં આવે છે.
- યોજનાની શરૂઆત 30 ઓગસ્ટ, 2016 ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.
- યોજના હેઠળ નર્મદાના પૂરના પાણી નર્મદા મુખ્ય નહેર અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્ર વિસ્તારની નદી અને ડેમ સુધી પહોંચાડવા કુલ 1263 કિ.મી. લંબાઈની ચાર પાઈપલાઈન લિંક દ્વારા સૌરાષ્ટ્રના 11 જિલ્લાના 115 જળાશયો સુધી પહોચાડવામાં આવશે.
- લિંક – 1 :- મોરબી જિલ્લાના મચ્છુ – 2 ડેમથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાની ડેમ સુધી
- લિંક – 2 :- સુરેન્દ્રનગર જિલ્લાના લીંમડી ભોગાવો– 2 ડેમથી અમરેલી જિલ્લાના રાયડી ડેમ સુધી
- લિંક – 3 :- સુરેન્દ્રનગર જિલ્લાના ધોળી ધજા ડેમથી રાજકોટ જિલ્લાના વેણુ – 1 ડેમ સુધી
- લિંક – 4 :- સુરેન્દ્રનગર જિલ્લાના લીંમડી ભોગાવો– 2 ડેમથી જૂનાગઢ જિલ્લાના હિરણ – 2 ડેમ સુધી

## ગુજરાતમાં સેમિકોન ઈન્ડિયા 2023 નું આયોજન કરવામાં આવ્યું

- વડા પ્રધાન દ્વારા સેમિકોન ઈન્ડિયા 2023 નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ વર્ષે સેમિકોન ઈન્ડિયાનું આયોજન ગુજરાતના ગાંધીનગર ખાતે કરવામાં આવ્યુ હતું.




- આ મિશનનું આયોજન India Semiconductor Mission' અંતર્ગત કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સેમિકન્ડકટર મિશનના વિઝન સાથે સંકલિત કરી, સેમિકન્ડકટરની ડિઝાઈન, ઉત્પાદન અને ટેકનોલોજી વિકાસમાં અગ્રણી વૈશ્વિક ખેલાડી બનવામાં ભારતની પ્રગતિ કરાવવાનો છે.

❖ **ભારત સેમિકન્ડકટર મિશન (ISM)**

(1) ISM ને ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશનમાં સ્વતંત્ર બિઝનેસ ડિવિઝન તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે.
(2) ઈલેકટ્રોનિક અને આઈટી મંત્રાલય દ્વારા વર્ષ 2021 માં ભારતમાં ટકાઉ સેમિકન્ડકટર અને ડિસ્પ્લે ઈકોસિસ્ટમના વિકાસ માટે શરૂ કરવામાં આવ્યુ હતું.
(3) તેનો ઉદ્દેશ્ય સેમિકન્ડકટર, ડિસ્પલે મેન્યુફેકચરીંગ અને ડિઝાઈન ઈકોસિસ્ટમાં રોકાણ કરતી કંપનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.
(4) તેની સાથે ISM તેને સંબંધિત યોજનાઓના કાર્યક્ષમ, સુસંગત અને સરળ અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરે છે.

## સાપુતારામાં "મેઘ મલ્હાર પર્વ"નો પ્રારંભ પ્રકૃતિ, સંસ્કૃતિ અને પ્રગતિનો ત્રિવેણી સંગમ

- રાજયના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ સાપુતારા ખાતે એક મહિના સુધી ચાલનારા 'મેઘ મલ્હાર પર્વ' – 2023 નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- આ પર્વ દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા તૈયાર કરાયેલા વિવિધ પ્રકલ્પો જેવા કે મ્યુઝિકલ ફાઉન્ટેન, એમ્ફિથિયેટર, એડવેન્ચર પાર્ક, બોટિંગ જેટ્ટી એરિયા ડેવલપમેન્ટ, ફ્લોટિંગ જેટ્ટી, મોલ રોડના વિકાસની કામગીરી, મહાદેવ મંદિર પાસે પાર્કિંગ વગેરેનો સમાવેશ થાય છે.

- આ પર્વ દરમિયાન આર્ટ ગેલેરી વર્કશોપ, ફોટોગ્રાફી, આર્ટ પેઈન્ટિંગ, વાસની બનાવટો, વારલી ચિત્રકામ, યોગા ક્લાસીસ, ક્વીઝ કોન્ટેસ્ટ, સેમિનાર, રંગોળી સ્પર્ધા, ફોટોગ્રાફી સ્પર્ધા, વિવિધ રમત સ્પર્ધાઓ, મનોરંજન પ્રવૃત્તિઓ વગેરેમાં પર્યટકોને ભાગ લેવાનો મોકો મળશે.




❖ **સાપુતારા :**

- ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં સાપુતારા અને ડોન એમ બે ગિરિમથકો આવેલા છે.
- સાપુતારા શિખર ગુજરાતમાં આવેલ પશ્ચિમ ઘાટનો સૌથી ઉંચો પર્વત છે.
- અહિ સાપોના નિવાસને કારણે આ સ્થળને સાપુતારા તરીકે ઓળખવામાં આવે છે.
- તે સર્પગંગા નદીના કિનારે વસેલુ છે.

## સુરતમાં સાઈબર સંજીવની 2.0 અભિયાન શરૂ કરવામાં આવ્યું

- સુરત પોલિસે શહેરને સાઈબર સુરક્ષિત શહેર બનાવવા રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સાયબર સંજીવની 2.0 અભિયાન શરૂ કર્યુ.
- અભિયાન અંતર્ગત બે મોબાઈલ વાન અને વેબ પોર્ટલ (WWW.Cybersanjivani.org) નું પણ અનાવરણ કર્યુ હતું.
- આ મોબાઈલવાન સુરતના દરેક પોલીસ સ્ટેશનમાં એક સપ્તાહ સુધી રોકાશે આ ઉપરાંત શેરી નાટકો, પત્રિકાઓ, માસ્કા અને જાહેરાતોના માધ્યમથી શહેરના અલગ અલગ વિસ્તારોમાં લોકોને સાઈબર ક્રાઈમથી સુરક્ષિત રહેવા માટે માહિતી પૂરી પાડવામાં આવશે.
- તેમજ આ સાયબર સેલનો QR કોડ સ્કેન કરવાની સાયબર સેલનો સંજીવની રથ કયાં છે તે પણ શહેરીજનો જાણી શકશે.
- વર્તમાન સમયમાં સાઈબર ક્રાઈમના બનાવો જેવા કે હેકિંગ, ફિશિંગ, કોલ સ્પુફિંગ સહિતના બનાવોની સાથોસાથ ડીપ ફેક વધી રહ્યા છે,જેને ધ્યાનમાં રાખીને આ મહત્વનું પગલું લેવામાં આવ્યું છે.




- ગુજરાતમાં સાયબર ક્રાઈમની ફરિયાદ કરવા માટેનો નંબર 1930 છે.

## ભાવનગરના દક્ષિણામૂર્તિ બાલમંદિરને ભારતનો સર્વશ્રેષ્ઠ બાલમંદિરનો પુરસ્કાર એનાયત થયો

- ગાંધીનગરના સાબરમતી હોલ ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ચોથા પદવીદાન તેમજ 14 માં સ્થાપના દિન સમારંભમાં ગુજરાતનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન સંચાલિત દક્ષિણામૂર્તિ બાલમંદિરને શ્રેષ્ઠ બાલવાટિકા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.




- ભાવનગરના દક્ષિણામૂર્તિ બાલમંદિર તેની વિશિષ્ટ કાર્યશૈલી અને અભિગમના કારણે સમગ્ર રાજયમાં અલગ છબી ધરાવે છે. આ બાલમંદિરનું ઉદ્‌ઘાટન વર્ષ 1922 માં કસ્તુરબા ગાંધીએ કર્યુ હતું.
- જાણીતા બાળ વાર્તાકાર અને કેળવણીવિદ સ્વ. ગિજુભાઈ બધેકા આ પ્રકારના બાલમંદિરના સ્વપ્નદૃષ્ટા હતા અને તેમણે વિકસાવેલી શૈલીના આધારે વર્ષ 1920 માં દક્ષિણામૂર્તિ બાલમંદિરનો પાયો નંખાયો હતો.
- બાળકો ભવિષ્યમાં મરોડદાર અક્ષરે લખી શકે તે માટે બાલમંદિરના વર્ષોમાં 'Three Finger Activity' કરાવવામાં આવે છે.
- આ સાથે – સાથે મારિયા મોન્ટેસરીની શિક્ષણ પધ્ધતિ, ફ્રેડરિક ફ્રોબેલની કિન્ડરગાર્ટન પધ્ધતિ, માર્ગારેટ અને રેચલ મેકિંમલન બહેનોની નર્સરી પધ્ધતિ, ગાંધીજી દ્વારા ભલામણ કરાયેલી 'નઈ તાલીમ' કે બાલવાડી તરીકે ઓળખાતી પધ્ધતિઓનો પણ આ બાલમંદિરમાં સમન્વય કરવામાં આવ્યો હતો.

## ગુજરાતી ચલચિત્રોના પાછલા ત્રણ વર્ષના પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા

- ગુજરાત સરકારએ વર્ષ 2020, 2021 અને 2022 ના એમ ત્રણ વર્ષના ગુજરાતી ચલચિત્રો અને દસ્તાવેજી ચિત્રોના પુરસ્કારો જાહેર કર્યા છે.
- આ પુરસ્કારોની જાહેરાત કુલ 46 જેટલી વિવિધ કેટેગરીમાં કરવામાં આવી હતી.
- રાજયન માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જાહેર થયેલા આ પારિતોષિકોમાં વર્ષ 2020 માટે 34, વર્ષ 2021 માટે 36 અને વર્ષ 2022 માટે 40 મળીને કુલ 110 એવોર્ડ જાહેર કરવામાં આવ્યા છે.

- આ પુરસ્કારો "ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ – 2019" અંતર્ગત આપવામાં આવે છે. નીતિ અંતર્ગત રચાયેલી 'ચલચિત્ર પરિક્ષણ સમિતિ' દ્વારા કરવામાં આવેલ પરિક્ષણ બાદ પસંદગી પામેલા ચલચિત્રને આ પારિતોષિક તથા રોકડ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા છે.

❖ **વર્ષ 2020 માટે**
- શ્રેષ્ઠ ચલચિત્ર – 'લવની લવ સ્ટોરી'
- શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર – 'ગોળ કેરી'
- શ્રેષ્ઠ અભિનેતા – મલ્હાર ઠાકર ('ગોળ કેરી ફિલ્મ')
- શ્રેષ્ઠ અભિનેત્રી – કિંજલ રાજપ્રિયા ('કેમ છો?' ફિલ્મ')
- "ગુજરાતી ચલચિત્રો માટેની ગુણવત્તા સમનિવત પ્રોત્સાહન નીતિ – 2019" હેઠળ વિવિધ સહાય આપવામાં આવે છે.
- ગુજરાતી સાહિત્યકૃતિ પરથી બનતી ફિલ્મને સામાન્ય કરતા 25% વધુ સહાય મળશે.
- ગુણાંકનમાં સૌથી વધારે પ્રદર્શન કરતી ચલચિત્રને 75 લાખ સુધીની સહાય કરવામાં આવશે.



❖ **વર્ષ 2021 માટે**
- શ્રેષ્ઠ ચલચિત્ર – 'કોઠી 1947'
- શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર – 'દીવા સ્વટન'
- શ્રેષ્ઠ અભિનેતા – આદેશસિંધ તોમર ('ડ્રામબાજ ફિલ્મ')
- શ્રેષ્ઠ અભિનેત્રી – ડેનિશા ગુમરા (ભારત મારો દેશ છે ફિલ્મ)

❖ **વર્ષ 2022 માટે**
- શ્રેષ્ઠ ચલચિત્ર – 'ઓમ મંગલમ સિંગલમ'
- શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર – 'ફક્ત મહિલાઓ માટે'
- શ્રેષ્ઠ અભિનેતા – પરા સોની ('ફક્ત મહિલાઓ માટે')
- શ્રેષ્ઠ અભિનેત્રી – આરોહી પટેલ ('ફક્ત મહિલાઓ માટે')

## દિવ્યાંગોના વિકાસ માટે અમદાવાદમાં ગુજરાતનું કંપોઝિટ રિજનલ સેન્ટર તૈયાર કરવામાં આવ્યું

- ગુજરાતમાં દિવ્યાંગજનોના સશક્તિકરણ અને કૌશલ્ય વિકાસ માટે કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં અત્યાધુનિક કંપોઝિટ રિજનલ સેન્ટર (CRC) ના નવા ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ કેન્દ્રમાં દિવ્યાંગજનોને તમામ પ્રકારની સુવિધા મળી રહે તે માટે અંદાજિત 45 જેટલા રૂમ ઉપલબ્ધ છે. તે 2.15 એકરમાં ફેલાયેલ છે.
- કેન્દ્રમાં વિશેષ શૈક્ષણિક સેવાઓ, મનોવૈજ્ઞાનિક સેવાઓ, વાણી તથા શ્રવણની સેવાઓ, વ્યાવસાયિક ઉપચાર સેવાઓ, ફિઝિયોથેરાપી સેવાઓ, ઓકયુપેશન થેરાપી તેમજ માન્થેટિકસ અને ઓર્થોટિક્સ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- આ કેન્દ્ર દ્વારા દિવ્યાંગજનને વ્યાવસાયિક તાલીમ આપી તેઓને સ્વનિર્ભર બનાવવાનો પ્રયાસ કરશે.
- દિવ્યાંગજનોને કેન્દ્ર કે રાજ્ય સરકાર તરફથી મળતી તમામ સેવાઓની માહિતી અહિ આપવામાં આવશે.
- કંપોઝિટ રિજનલ સેન્ટર (CRC) અમદાવાદની સ્થાપના 16 મી ઓગસ્ટ, 2011 ના રોજ અલી યાવર જંગ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ ડિસેબિલિટી (દિવ્યાંગજન) મુંબઈના વહીવટી નિયંત્રણ હેઠળ કરવામાં આવી છે, જે સામાજીક ન્યાય અને અધિકારિતા ન્યાય મંત્રાલય અંતર્ગત દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ ભારત સરકાર હેઠળની સ્વાયત્ત સંસ્થા છે.



## ગુજરાતના ધાર્મિક – પ્રવાસન સ્થળો પર ગરવી – ગુર્જરી એમ્પોરિયમ શરૂ કરાશે

- ગુજરાત સરકાર હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમ ગુજરાત સહિત દેશભરમાં નવા 18 'ગરવી – ગુર્જરી' એમ્પોરિયમ શરૂ કરશે જેમાના 13 સ્થળો ગુજરાતમાં ખોલવામાં આવશે.
- તેને મુખ્ય હેતુ હાથસાળ અને હસ્તકલા કારીગરો દ્વારા ઉત્પાદિત હાથ બનાવટની વસ્તુઓના વેચાણમાં વધારો કરવાનો છે.
- ગુજરાતમાં આ 13 સ્થળોમાં સુરત, પાલનપુર, પાલિતાણા, જામનગર, વલસાડ, વાપી, દ્વારકા, ડાકોર, સોમનાથ, અંબાજી, નવસારી, મોરબી અને પાવાગઢનો સમાવેશ થાય છે. તેમાના મોટા ભાગના ધાર્મિક તથા પ્રવાસન સ્થળો છે.



- આ ઉપરાંત ગુજરાત બહાર મહારાષ્ટ્રમાં મુંબઈ અને પુણે ખાતે, રાજસ્થાનમાં ઉદયપુર, નાથદ્વારા અને જયપુર ખાતે ગરવી ગુર્જરી એમ્પોરિયમ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## 18 ગુજરાતી ચલચિત્રોને રૂ. 3.25 કરોડની આર્થિક સહાય જાહેર કરવામાં આવી

- "ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ – 2019" અંતર્ગત 18 ગુજરાતી ચલચિત્રોને 3.52 કરોડની આર્થિક સહાય – સબસિડી જાહેર કરવામાં આવી છે.
- ગુજરાતી ચલચિત્રોની ગુણવત્તા ઊંચી આવે તેમજ લોકો ગુજરાતી ચલ ચિત્રો વધુને વધુ પ્રમાણમાં જોવા પ્રેરાય તેવી કક્ષાના ગુજરાતી ચલચિત્રોનું નિર્માણ થાય તેવું સાનુકુળ વાતાવરણ સર્જવાના હેતુથી ગુજરાત સરકાર દ્વારા આ સહાય ચૂકવવામાં આવે છે.
- માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રાપ્ત દરખાસ્ત અનુસાર કુલ 18 ગુજરાતી ચલચિત્રોને પરિક્ષણ સમિતિના ગુણાંકનના આધારે આર્થિક સહાય ચૂકવવાનું જાહેર કરવામાં આવ્યુ છે.
- આ 18 ચલચિત્રોને કુલ 3.52,06,386/- ની આર્થિક સહાય ચૂકવવાની મંજૂરી માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આપવામાં આવી છે.
- સૌથી વધુ આર્થિક સહાય મેળવતી ટોચની ત્રણ ગુજરાતી ચલચિત્રોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ફિલ્મનું નામ | ચૂકવવા પાત્ર રકમ |
|---|---|---|
| (1) | નાયકાદેવી ધ વોરિયર ક્વીન | 50,00,000 |
| (2) | ગાંધીની બકરી | 40,00,000 |
| (3) | શાબાશ | 30,56,700 |



માહિતી નિયામકશ્રીની કચેરી

ન્યૂઝ એન્ડ મીડિયા રિલેશન શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦

gujaratinformation@gmail.com | https://gujaratinformation.gujarat.gov.in

૦૧ ઓગસ્ટ, ૨૦૨૩ — સમાચાર સંખ્યા :

"ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯" અંતર્ગત
૧૮ ગુજરાતી ચલચિત્રોને રૂ. ૩.૫૨ કરોડની આર્થિક સહાય-સબસિડી જાહેર

ગુજરાતી ચલચિત્રોની ગુણવત્તા ઊંચી આવે તેમજ લોકો ગુજરાતી ચલચિત્રો વધુને વધુ પ્રમાણમાં જોવા પ્રેરાય તેવી કક્ષાના ગુજરાતી ચલચિત્રોનું નિર્માણ થાય તેવું સાનુકૂળ વાતાવરણ સર્જવાના હેતુથી ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાતી ચલચિત્રો માટેની ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯' અંતર્ગત ગુજરાતી ચલચિત્રોને આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રાપ્ત દરખાસ્ત અનુસાર કુલ ૧૮ ગુજરાતી ચલચિત્રોને પરીક્ષણ સમિતિના ગુણાંકનના આધારે આર્થિક સહાય ચૂકવવાનું જાહેર કરવામાં આવ્યું છે.

ચલચિત્ર પરીક્ષણ સમિતિની બેઠકમાં કુલ ૧૮ ચલચિત્રનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ૧૮ ચલચિત્રોને કુલ રૂ. ૩,૫૨,૦૬,૩૮૬/- ની આર્થિક સહાય ચૂકવવાની મંજૂરી માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આપવામાં આવી છે.

જે ગુજરાતી ચલચિત્રોને આર્થિક સહાય-સબસિડી જાહેર કરવામાં આવી છે તેની યાદી નીચે મુજબ છે:

| ક્રમ | ફિલ્મનું નામ | કુલ ચૂકવવા પાત્ર રકમ રૂ. |
|---|---|---|
| ૧ | લકીલોકડાઉન | 30,00,000 |
| ૨ | શાબાશ | 30,56,700 |
| ૩ | ગાંધીની બકરી | 40,00,000 |
| ૪ | જોવા જેવી થઈ | 5,00,000 |
| ૫ | અડકો દડકો | 20,00,000 |
| ૬ | હાથ તાલી | 5,00,000 |
| ૭ | મને લઈ જા | 28,99,686 |

## ગુજરાતના 21 સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ કરવામાં આવશે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજનાના ભાગરૂપે 508 રેલવે સ્ટેશનના પુનઃનિર્માણ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- દેશના 27 રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશોના 508 રેલવે સ્ટેશનોને રૂા. 24,470 કરોડના ખર્ચે આધુનિક અને વિશ્વ સ્તરના બનાવવામાં આવશે.
- તેમાં ગુજરાતના 21 સ્ટેશનનો સમાવેશ થાય છે.




❖ **અમૃત ભારત સ્ટેશન યોજના**

- આ યોજના ફેબ્રુઆરી 2023 માં રેલવે મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- તેમાં દેશના કુલ 1309 રેલવે સ્ટેશનનો પુનઃવિકાસ કરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં 508 સ્ટેશનોને આવરી લેવાયા છે.
- આ યોજનામાં સૌથી વધુ 149 સ્ટેશનો ઉત્તરપ્રદેશમાં, 80 સ્ટેશન મધ્યપ્રદેશમાં, 29 સ્ટેશન હરિયાણામાં, 72 સ્ટેશન આંધ્રપ્રદેશમાં તેમજ 87 સ્ટેશન ગુજરાતમાં છે.
- દરેક સ્ટેશનને સિટી સેન્ટર તરીકે વિકસાવવામાં આવશે.
- યોજના હેઠળ અત્યાર સુધીમાં મધ્યપ્રદેશનું રાની કમલાપતિ, સ્ટેશન, ગુજરાતનું ગાંધીનગર સ્ટેશન અને કર્ણાટકના સર.એમ. વિશ્વેશ્વરૈયા સ્ટેશનનો આધુનિક બનાવવામાં આવ્યા છે.
- રેલવે સ્ટેશનના બિલ્ડિંગની ડિઝાઈન સ્થાનિક સંસ્કૃતિ, પ્રાચીન વારસો અને સ્થાપત્યને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે.
- સ્ટેશન પર કેવી સુવિધાઓ આપશે પાર્કિંગને મોટુ અને વ્યવસ્થિત બનાવશે તેમજ સ્ટેશન પર હરિત પુનપ્રાપ્ય ઉર્જાનો ઉપયોગ કરશે.
- સ્ટેશનની બંને તરફ પ્રવાસીઓ માટે આવવા જવાના અલગ દરવાજા બનાવવામાં આવશે તેમજ સીડીઓને બદલે લિફ્ટની સગવડ કરવામાં આવશે.
- સ્ટેશનોને મેટ્રો તેમજ સિટી બસ સ્ટેન્ડ સાથે જોડવામાં આવશે અને પ્રવાસીઓને ટ્રેનની પ્રતિક્ષા માટે રૂફ પ્લાઝા બનાવવામાં આવશે.
- આ યોજના ભારતીય રેલવેનું મહત્વાકાંક્ષી લક્ષ્ય '2030 સુધીમાં નેટ ઝીરો' ઉત્સર્જન હાંસિલ કરવામાં મદદરૂપ થશે.

## 13 માં રાષ્ટ્રીય અંગદાન દિવસે ગુજરાતને તેની શ્રેષ્ઠ કામગીરી બદલ પાંચ એવોર્ડ મળ્યા

- નવી દિલ્હીખાતે 13 માં રાષ્ટ્રીય અંગદાન દિવસ 3 જી ઓગસ્ટના રોજ NOTTO (National Organ and Tissue Transplant Organisation) દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગુજરાતને વિવિધ શ્રેણીમાં 5 એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

- આ કાર્યક્રમમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આ પ્રસંગે ટ્રાન્સપ્લાન્ટ મેન્યુઅલ અને ટ્રાન્સપ્લાન્ટ કો – ઓર્ડિનેટર કોર્સ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ જાહેર કરવામાં આવ્યો હતો.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલને વિવિધ શ્રેણીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ત્રણ તેમજ રાજયના SOTTO એકમને એક અને અંગદાનની જાગરૂકતા સાથે સંકળાયેલી અંગદાન ચેરિટેબલ સંસ્થાને ઈમર્જિંગ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલને બેસ્ટ રિટ્રાઈવલ સેન્ટર, બ્રેઈનડેડ કમિટી માટે તેમજ સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ ડો.સંજય સોલંકીને બેસ્ટ ટ્રાન્સપ્લાન્ટ કો–ઓર્ડિનેટર માટે એકસલન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.




## GTU માં પ્રથમ મહિલ ઉપકુલપતિ તરીકે રાજુલ ગજ્જરની નિમણુંક કરવામાં આવી

- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) ના પ્રથમ મહિલા ઉપકુલપતિ તરીકે ડો. રાજુલ ગજ્જરની નિમણૂક કરવામાં આવી છે.
- અગાઉ ડો. રાજુલ ગજ્જર એલ ડી.એન્જિનિયરીંગ કોલેજ તેમજ વિશ્વકર્મા એન્જિનિયરીંગ કોલેજના પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી ચૂકયા છે.
- તેઓ 1 જૂન 2016 થી 30 ડિસેમ્બર 2016 સુધી GTU ના કામચલાઉ ઉપકુલપતિ રહી ચૂકયા છે.
- તેમણે 66 થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંશોધન પત્રને પ્રકાશિત કર્યા છે, 4 પુસ્તકો લખ્યાં છે તેમજ 3 પેટન્ટ પણ નોંધાવ્યા છે.
- GTU ની સ્થાપના થી લઈને અત્યાર સુધીમાં કુલ 7 ઉપકુલપતિની નિમણૂક કરવામાં આવી છે. રાજુલ ગજ્જર 8 માં ઉપકુલપતિ બનશે.

### Gujarat Technological University (GTU) વિશે....

**સ્થાપના** : વર્ષ 2007

- આ યુનિવર્સિટીમાં અમદાવાદ, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, રાજકોટ, સુરત અને ભુજ એમ 6 ઝોન હેઠળ કુલ 486 સંલગ્ન કોલેજો સમગ્ર ગુજરાત રાજયમાં કાર્યરત છે.
- આ વિશ્વવિદ્યાલયમાં એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, મેનેજમેન્ટ, ફાર્મસી અને કોમ્પ્યૂટર – સાયન્સના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.




## ગુજરાતમાં નારી વંદના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું

- રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયમાં 1 લી થી 7 મી ઓગસ્ટ દરમિયાન નારી વંદન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સપ્તાહ દરમિયાન વિવિધ થીમ આધારિત પ્રવૃત્તિઓનું કરવામાં આવી હતી.
- આ ઉજવણીનો મુખ્ય હેતુ મહિલાઓનુ સશક્તિકરણ, સુરક્ષા અને વિકાસને ઉજાગર કરી પ્રેરિત કરવાનો છે.
- સપ્તાહ દરમિયાન 1 ઓગસ્ટને મહિલા સુરક્ષા દિવસ તરીકે, 2 ઓગસ્ટને બેટી બચાવો બેટી પઢાઓ દિવસ તરીકે , 3 ઓગસ્ટને મહિલા સ્વાવલંબન દિવસ તરીકે , 4 ઓગસ્ટને મહિલા નેતૃત્વ દિવસ તરીકે, 5 ઓગસ્ટને મહિલા કર્મયોગી દિવસ તરીકે, 6 ઓગસ્ટને મહિલા કલ્યાણ દિવસ તરીકે , 7 ઓગસ્ટને મહિલા સુરક્ષા દિવસ તરીકે ઉજવવામાં આવી હતી.



## ગુજરાત રેડક્રોસને સૌથી વધુ બ્લડ કલેકશન કરવા બદલ નેશનલ એવોર્ડ એનાયત થયો

- ગુજરાતની રેડ ક્રોસ સંસ્થાને દેશમાં સૌથી વધારે સ્વૈચ્છિક રક્તદાન એકત્રિત કરવા બદલ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે નેશનલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજય શાખાવતી ગુજરાત રેડક્રોસના વાઈસ ચેરમેન અજયભાઈ દેસાઈ દ્વારા આ શિલ્ડ સ્વીકારવામાં આવ્યો હતો.



### International Committee of the Red Cross (ICRC) વિશે.

**સ્થાપના** : વર્ષ 1863 (હેનરી ડયૂનન્ટ દ્વારા)

- તેનો ઉદ્દશ્ય સામાન્ય લોકોને ખોરાકની અછત, કુદરતી આફતો, યુધ્ધ અને રોગચાળા દરમિયાન મદદ કરવાનું કામ કરે છે.
- દર વર્ષે 8 મે ના રોજ વિશ્વ રેડ ક્રોસ દિવસ ઉજવવામાં આવે છે.

## ગાંધીનગરમાં G-20 એમ્પાવર સંમેલનનું આયોજન થયું




- ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી G-20 ના પ્રતિનિધિઓનું મહિલા સશક્તિકરણ પર મંત્રીસ્તરીય પરિષદનું આયોજન કરવામાં આવ્યુ હતું.
- આ સંમેલનનો વિષય : "Women Led Development : Eusuring a sustainable, Inclusive and Equitable global Economic Growth" હતો.
- સંમેલન દરમિયાન મહિલા અને બાળ વિકાસ અને લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની દ્વારા 'G-20 EMPOWER' ડિજિટલ સમાવેશ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ સત્રમાં G20 EMPOWER એજન્ડા હેઠળ G20 EMPOWER 'Tech Equity' ડિજિટલ સમાવેશ પ્લેટફોર્મ, શ્રેષ્ઠ કાર્ય પ્લેબુક, KPI ડેશબોર્ડ અને G-20 EMPOWER કોમ્યુનિક 2023 ને અપનાવવા સહિત મુખ્ય પરિણામોની રજૂઆત પણ જોવા મળી હતી.
- Techequity એ એગ્રીગેટ પ્લેટફોર્મ છે જેનો ઉદ્દેશ્ય મહિલાઓને આજના ટેકનોલોજી સંચાલિત વિશ્વમાં વિકાસ માટે જરૂરી ડિજિટલ કૌશલ્યો અને જ્ઞાન પ્રદાન કરીને લિંગ ડિજિટલ વિભાજનને દૂર કરવાનો છે.

## રાજય વન વિભાગની વસતિ ગણતરી મુજબ દીપડાની સંખ્યામાં 63% નો વધારો થયો

- વન વિભાગની તાજેતરની વસતિ ગણતરી મુજબ રાજયમાં છેલ્લા છ વર્ષમાં દીપડાની વસતિમાં 63% નો વધારો નોંધાયો છે. જે વર્ષ 2016 માં 1395 થી વધીને વર્ષ 2023 માં 2274 થઈ ગયો છે.
- અહેવાલમાં સૌપ્રથમવાર અમદાવાદમાં એક દીપડો અને ભરૂચમાં 105 દીપડાઓ જોવા મળ્યા, જયાં અગાઉ કોઈ અસ્તિત્વ ન હતું.
- જૂનાગઢ, સુરત અને ગીર–સોમનાથ જેવા જિલ્લાઓમાં તેની સંખ્યા બમણી થઈ ગઈ હતી, જે માનવ – પ્રાણી સંઘર્ષની ઘટનામાં વધારો થવાની ચેતવણી આપે છે.
- કેન્દ્ર સરકાર વર્ષ 2021 ના અહેવાલ મુજબ, ગુજરાતના આંકડા ભારતની સત્તાવાર ચિત્તોની સંખ્યા સાથે સુમેળમાં છે.
- વર્ષ 2006 માં, સૌરાષ્ટ્રમાં જ કુલ 1395 દીપડામાંથી 700 દીપડા હતા જયારે તાજેતરની વસતિ ગણતરીમાં આ સંખ્યા 60% વધીને 1117 થઈ છે.
- વર્ષ 2016 માં 1395 જેટલા દીપડાની ગણતરી કરવામાં આવી હતી, તેમાંથી 465 જૂનાગઢ અને ગીર–સોમનાથમાં હતા.
- વર્ષ 2023 ની ગણતરીમાં આ સંખ્યા 835 છે, જે રાજયના 37% દીપડાઓનું ઘર છે.
- દક્ષિણ ગુજરાત પ્રદેશમાં વર્ષ 2016 ની ગણતરી કરતા વર્ષ 2023 માં સૌથી વધુ 145% નો વધારો થયો છે. ત્યાં વર્ષ 2016 માં 27 સંખ્યા હતી જે વધીને વર્ષ 2023 માં 58 થઈ ગઈ છે.




- ઉત્તર ગુજરાત પ્રદેશમાં ગત વસતિ ગણતરીની સરખામણીએ 67% નો વધારો થયો છે. ત્યાં વર્ષ 2016 માં 91 સંખ્યા હતી જે વધીને વર્ષ 2023 માં 152 થઈ છે.
- સૌરાષ્ટ્ર – કચ્છ પ્રદેશમાં 59.6% નો વધારો નોંધાયો છે. આ વર્ષે કુલ 2274 માંથી ત્યાં 1117 નોંધાયા છે.
- મધ્ય ગુજરાત પ્રદેશમાં માત્ર 24% નો સૌથી ઓછો વધારો નોંધાયો છે. અહિ વર્ષ 2016 માં 394 સંખ્યા હતી જે વધીને વર્ષ 2023 માં 487 થઈ છે.
- અમરેલી દાહોદ મહેસાણા, જામનગર અને પોરબંદર જિલ્લામાં દીપડાની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

Banking Academy

## દરિયાકાંઠાના ખેડૂતો માટે 'ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ' શરૂ કર્યો

- ગુજરાત સરકારે રાજયમાં નાળિયેરીની ખેતી, ઉત્પાદન અને નાળિયેર સંબધિત ઉદ્યોગોના સંકલિત વિકાસને પ્રોત્સાહન આપવા ચાલુ વર્ષે જ 'ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ' અમલમાં મૂકયો છે.
- વર્ષ 2023-24 ના બજેટમાં કુલ 2403 લાખની જોગવાઈ સાથે આ યોજનાને મંજૂરી આપવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ્ય નાળિયેરીની ઉત્પાદકતા અને ખેડૂતોની આવકમાં વધારો ઉપરાંત ઉત્પાદનમાં વૈવિધ્યકરણ લાવવું.
- આ યોજના હેઠળ ખેડૂતોને નાળિયેરી વાવેતર વિસ્તાર માટે જે ખર્ચ થતો હતો તેના 75% અથવા મહત્તમ 37,500 પ્રતિહેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવશે.




- આ ચૂકવણી 2 હપ્તામાં કરવામાં આવશે, 75% સહાય પ્રથમ હપ્તામાં અને બાકીની 25% સહાય બીજા હપ્તામાં સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.
- આ ઉપરાંત નાળિયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે ખર્ચના 50% મુજબ મહત્તમ રૂા. 5,000 પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે.
- આ તમામ સહાય ખેડૂત ખાતા દીઠ 4 હેકટરની મર્યાદામાં જ આપવામાં આવશે.
- દરિયાકાંઠાના જિલ્લામાં 45.61 લાખ હેકટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે. આ યોજનાથી રાજયના દરિયાકાંઠાના જિલ્લામાં નાળિયેરીનો વાવેતર વિસ્તાર 26 હજાર હેકટરથી વધીને 70 થી 80 હજાર હેકટર સુધી પહોંચવાની શકયતા છે.

## ગુજરાતે તાપી જિલ્લાથી 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમનો શુભારંભ કર્યો




- તાપી જિલ્લાના ગુણસદા ખાતેથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રયમનો રાજયવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો હતો
- આ ઝુંબેશ હેઠળ રાજયમાં 9 થી 15 ઓગસ્ટ સુધીમાં સ્થાનિક કક્ષાએ પાંચ જુદી – જુદી થીમ પર કાર્યક્રો યોજાયા હતા.
- આ ઝુંબેશમાં ગુજરાતના ગામડવાઓમાંથી અંદાજિત 1.50 કરોડ લોકો જોડાશે અને 10 લાખ થી વધુ વૃક્ષો વાવવામાં આવશે.
- શીલાફલકમ સમર્પણ કાર્યક્રમ હેઠળ તાપી જિલ્લાના સ્વતંત્રતા સેનાનીઓ અને શહિદોના નામ અંકુરીત કરવામાં આવ્યા.
- કળશયાત્રા અંતર્ગત તમામ ગ્રામ પંચાયતોમાંથી ગામની માટી ભેગી કરી દિલ્હી ખાતે 'કર્તવ્યપથ' પર શહિદવીરોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી.
- વસુધા વંદન કાર્યક્રમ હેઠળ 219 ગ્રામપંચાયતો ખાતે 75 સ્થાનિક રોપાઓનું વાવેતર કરી 'અમૃત વાટીકા'નું નિર્માણ કરવામાં આવશે અને તેની જવાબદારી જે તે ગ્રામ પંચાયત લેશે.
- 'વીરો કો વંદન' કાર્યક્રમ હેઠળ જિલ્લાના સ્થાનિક વીરો, શહિદોના પરિવારોને વિવિધ ગ્રામ પંચાયત ખાતે શીલફલકમ કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

## મિશન ઈન્દ્રધનુષ 5.0 નો ગાંધીનગર ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો

- રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગરના શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતેથી મિશન ઈન્દ્રધનુષનાં પાંચમાં તબક્કાનો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો છે.
- આ અભિયાન હેઠળ 0 થી 5 વર્ષ સુધીની વયના અંદાજીત 50,900 બાળકો અને 7,278 સગર્ભાઓનું રસીકરણ કરવામાં આવશે.
- આ સર્વાત્રિક રસીકરણ કાર્યક્રમમાં સગર્ભાઓને ધનુર અને ડિપ્થેરિયા જયારે બાળકોને થતા ઓરી, રૂબેલા, ઝેરી કમળો, બાળ ટી.બી. પોલીયો ડિપ્થેરીયા, ઊંટાટિયું, ધનુર, હીબબેકટેરિયાથી થતાં ન્યૂમોનિયા અને મગજના તાવ જેવા રોગ, ન્યુમોકોકલથી થતાં ન્યુમોનિયા, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવા 11 રોગો સામે રોગ પ્રતિકારક રસી આપવામાં આવે છે.




Banking Academy

- અગાઉના મિશન ઈન્દ્રમધનુષના ચાર તબક્કામાં 9.16 લાખ નિયત વયજૂથોનો બાળકો અને 2.14 સગર્ભાઓનુ સફળ રસીકરણ કરાયું છે.

❖ **સઘન મિશન ઈન્દ્રધનુષ**

- તેને 8 ઓક્ટોબર 2017 ના રોજ ગુજરાતના વડનગર ખાતેથી શરૂ કરવામાં આવ્યુ હતું.
- તે કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ કાર્યરત છે.
- આ મિશનનો હેતુ અગાઉના મિશન ઈન્દ્રધનુષ (જે વર્ષ 2014 માં શરૂ કરવામાં આવ્યું ) માં વંચિત રહી ગયેલા 2 વર્ષની વય સુધીના તમામ બાળકો તેમજ સગર્ભા સ્ત્રીઓને સંપૂર્ણ રસીકરણયુક્ત કરવાનો છે.
- તેમાં સાત રોગો સામે રક્ષણ આપતી સાત રસીઓ આપવામાં આવશે. જેમાં ડિપ્થેરિયા, ઉટાટિયું, પોલયો, ટીટેનેસ, ક્ષય, કમળો અને ઓરી જેવા રોગનો સમાવેશ થાય છે.
- ઈન્દ્રધનુષ યોજનાનું 2.0 સંસ્કરણ વર્ષ 2019, 3.0 સંસ્કરણ વર્ષ 2021 અને 4.0 સંસ્કરણ વર્ષ 2022 માં શરૂ કરવામાં આવ્યુ હતું.

## નર્મદા જિલ્લામાં પશુધન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું



- ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા રાજયોના પશુપાલન વિભાગ અને રાજયની પશુપાલન યુનિવર્સિટીઓના સહયોગથી દેશના 112 આકાક્ષી જિલ્લાઓમાં ફર્ટિલીટી કેમ્પ, પશુપાલકો માટે જાગૃત્તિ સેમિનારનું આયોજન કરવામાં આવી રહ્યુ હતું.
- આ આયોજન હેઠળ ગુજરાતના આકાંક્ષી જિલ્લા નર્મદામાં પશુધન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- કુત્રિમ બીજદાન કાર્યકરોની સંખ્યા વધારવા તેમજ MAITRIS (Multi Purpose Artificial Insemination Technician in Rural India) કાર્યકરોને કાર્યરત કરવા ભારત સરકાર તરફથી 100% સહાય રાજયોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.
- ગુજરાતમાં પ્રથમ તબક્કામાં કુલ 110 MAITRIS કાર્યકરો કાર્યરત છે.
- આ કાર્યકરોને ત્રણ માસની કુત્રિમ બીજદાનની કામગીરી માટેની તાલીમ આપી તૈયાર કરવામાં આવ્યા છે.

## ગુજરાત સરકારએ નિવૃત્ત રમતવીરોને પેન્શનની જાહેરાત કરી




- ગુજરાત સરકારે નિવૃત્ત રમતવીરોને મહિને રૂપિયા ત્રણ હજારનું પેન્શન આપવાનો નિર્ણય કર્યો છે.
- આ યોજના હેઠળ 35 વર્ષની ઉંમર સુધીમાં રાષ્ટ્રીય કક્ષાએ ઓલમ્પિક અને ભારતની પારંપરિક રમતો જેવી કે કબડ્ડી, ખોખો, યોગાસન અને મલખમ જેવી રમતોમાં રાષ્ટ્રીય સ્તરના વિજેતાઓને આવરી લેવાયા છે.
- વર્ષ 2016 થી આર્થિક રીતે નિસહાય હોય તેવા રમતવીરોને પેન્શન આપવા માટેની યોજના અમલમાં હતી.
- આ યોજનામાં ગુજરાતના વતની હોય અને 50 વર્ષથી વધુ ઉંમરના રમતવીરોને મહિને રૂપિયા 3000 નું પેન્શન આપવામાં આવશે.
- આ રમતવીરોએ પોતાની કારકિર્દી દરમિયાન રમતગમત ક્ષેત્રે 35 વર્ષની વય સુધીમાં રાષ્ટ્રીય કક્ષાએ વ્યકિતગત કે સંયુક્ત રમતમાં સુવર્ણ, રજત અને કાસ્ય પદક મેળવેલ હોય કે રાજય તરફથી નેશનલ માટે મોકલવામાં આવ્યા હોય તેવા સભ્યને આ પેન્શન મળવા પાત્ર ગણવામાં આવશે.
- આ પેન્શન માટે અરજી કર્યા બાદ વિભાગના સચિવ સહિત 7 સભ્યોની કમિટી દ્વારા પાત્રતા માટે કેસ ટુ કેસ નિર્ણય કરવામાં આવશે.

## 74 માં વન મહોત્સવની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી

- પંચમહાલ જિલ્લામાં પાવાગઢ નજીક જેપુરા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 74 માં વનમહોત્સવની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.
- ઉજવણી દરમ્યિાન જેપૂરા ખાતે નવનિર્મિત 'વન કવચ' ને જનસમર્પિત કર્યુ હતું.

❖ **જેપૂરા વનકવચ**

- પાવાગઢથી 6 કિમી દૂર આવેલ જેપૂરા ખાતે ગોધરા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા 1.1 હેકટર વિસ્તારમાં મિયાવાકી પધ્ધતિનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલ 'વન કવચ' માં 100 થી વધુ પ્રકારના 11 હજારથી વધુ છોડનું બારીકાઈથી વાવેતર કરવામાં આવ્યું છે.
- આ વન કવચમાં 200 થી વધુ વૈવિધ્યસભર પ્રજાતિઓ છે જે સમૃધ્ધ જૈવવિવિધતાના અનુકરણીય પ્રદર્શન તરીકે સેવા આપે છે.
- જેપુરા વન કવચની વિશેષતામાં પાવાગઢની સાત કમાનો જેવો જ પથ્થર થી બનેલો પ્રવેશદ્વાર છે તથા અહિના ગાઝેબો ઉતરીય કારીગરીનો ઉત્તમ નમૂનો છે.

- ગાઝેબો ઉપર ચાર વિશિષ્ટ વનસ્પતિઓ જેવી કે વડ, આંબો, કાંચનાર તથા કેસૂડાની ડાળીઓ અને પાંદડાની આબેહૂબ પ્રતિકૃતિઓની લોખંડની પટ્ટીઓ પર કોતરણી કરીને ગુંબજ બનાવવામાં આવ્યો છે.
- આ ઉપરાંત વન કવચ 100 થી વધુ વૃક્ષો, ઝાડીઓ અને વનસ્પતિ સાથે મધ્યગુજરાતમાં જોવા મળતા જંગલોની પ્રતિકૃતિ ધરાવે છે.
- વર્ષ 2022 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર ખાતે પ્રથમ વખત 'વન કવચ' પધ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ વનનું ઉદ્દઘાટન કર્યુ હતું.
- મુખ્યમંત્રીએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હરસિધ્ધિમાતા તીર્થ ક્ષેત્રમાં નિર્માણ થનારા રાજયના 23 માં સાંસ્કૃતિક વન હરસિધ્ધ વનનું ઈ–ખાતમૂહુર્ત કર્યુ હતું.




### ❖ વન મહોત્સવ

- વન મહોત્સવ એ ભારતમાં વાર્ષિક એક અઠવાડિયાનો વૃક્ષારોપણ તહેવાર છે.
- તેની શરૂઆત વર્ષ 1950 માં તત્કાલીન કેન્દ્રીય કૃષિ અને ખાદ્ય મંત્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ રાજઘાટ, દિલ્હી ખાતે એક વૃક્ષ વાવીને કરી હતી.
- વન મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય વન સંરક્ષણ અને વૃક્ષારોપણ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો છે.
- વર્તમાન સમયે ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે 1 જુલાઈ થી 7 જુલાઈ દરમિયાન 'વન મહોત્સવ સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતમાં તાજેતરમાં 74 માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

### ❖ ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ

- ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રમોદીએ વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં વર્ષ 2004 થી સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- 6, જુલાઈ, 2004 ના રોજ ગાંધીનગરના સેકટર 18 ખાતે સૌપ્રથમ પુનિત વનનું લોકાપર્ણ કરવામાં આવ્યુ હતું.
- સાંસ્કૃતિ વનનાં મુખ્ય ઉદ્દેશ્યોમાં ધાર્મિક અને ઔષધિય વૃક્ષોથી વધુમાં વધુ લોકોને માહિતગાર કરવા, રોજગારી વધારથી, વૃક્ષ આચ્છાદન હેઠળનો વિસ્તાર વધારવામાં લોકોની સક્રીય ભાગીદારી વધારથી, જૈવવિવિધતા અને પર્યાવરણમાં સુધારાઓ અને સંવર્ધન કરવુ તેમજ પૌરાણિક સંસ્કૃતિથી લોકોને પરિચિત કરવાનો છે.

## NFSU ને ઈલેકટ્રોનિક એવિડન્સ એકઝામિનરનો દરજ્જો આપવામાં આવ્યો

- ભારત સરકાર દ્વારા IT એકટ – 2000 ની કલમ 79A હેઠળ NFSU (National Forensic Sciences University ) ને ઈલેકટ્રોનિક એવિડન્સ એકઝામિનર તરીકે સત્તાધિકૃત કરવામાં આવી છે.
- જે અંતર્ગત NFSU કોઈપણ કોર્ટ અથવા સત્તામંડળ સમક્ષ ઈલેકટ્રોનિક સ્વરૂપના પુરાવાઓ બાબતે નિષ્ણાત અભિપ્રાય આપવા અંગે સત્તાધિકૃત રહેશે.
- સમગ્ર ભારતમાં આવી કુલ 12 સરકારી પ્રયોગશાળાઓ હતી. જેમાં NFSU આવી 13 મી લેબ બની છે
- IT એકટ, 2000 ની કલમ 79-A હેઠળ આવો દરજ્જો પ્રાપ્ત કરનારી NFSU ભારતની સૌપ્રથમ યુનિવર્સિટી બની છે.




- આ ઉપરાંત NFSU ને ડિજિટલ ફોરેન્સિક તપાસના વિશિષ્ટ ક્ષેત્રમાં તેની તકનીકી નિપૂણતા, વિશ્વસનીયતા અને ડોમેન કુશળતાના આધારે આવી સત્તા આપવામાં આવી છે.
- NFSU અનેક પ્રતિવ્યકિત કેન્દ્રીય તપાસ એજન્સીઓ માટે નોલેજ પાર્ટનર છે.
- NFSU આવી એજન્સીઓને સાયબર ગુનાઓની તપાસ માટે ક્ષમતા નિર્માણ સહિત અત્યાધુનિક ડિજિટલ ફોરેન્સિક લેબની સ્થાપનાના સંદર્ભમાં જરૂરી સહાય પૂરી પાડે છે.
- NFSU ડિજિટલ ફોરેન્સિક લેબ એ ISO/IEC 17025 અને ISO/IEC 27037 જેવા આંતરરાષ્ટ્રીય ધોરણો હેઠળ માન્યતા પ્રાપ્ત કરનાર પ્રથમ શૈક્ષણિક અને સંશોધન કરનારી લેબોરેટરી બની છે.
- વર્ષ 2022 માં NFSU ને CrPC ની કલમ 293 હેઠળ સત્તાધિકૃત કરાઈ છે. જે અંતર્ગત CrPC-293 ની વિશેષ જોગવાઈઓ હેઠળ કોર્ટમાં કેસોની તપાસ, વિશ્લેષણ અને રિપોર્ટ કરવાની સત્તા અપાઈ છે.

Banking Academy

## કંડલા પોર્ટ હવે ભારતનું પ્રથમ મેગા પોર્ટ બનશે



- તાજેતરમાં મેરિટાઈમ સ્ટેટ કાઉન્સિલ (MSDC) ની બેદિવસીય સમિટ કેવડિયા ખાતે મળી હતી.
- જેમાં કાઉન્સિલ સાગરમાલા પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના લોથલમાં ડેવલપમેન્ટ ઓફ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સના અમલીકરણ સંબંધિત વિવિધ વિકાસ એજન્ડા પર ચર્ચા કરવામાં આવી હતી.
- જયાં કેન્દ્રીય પોર્ટ શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલએ જણાવ્યુ કે ગુજરાતનું કંડલા પોર્ટ હવે ભારતનું પ્રથમ મેગા પોર્ટ બનશે.
- વર્તમાનમાં કંડલા પોર્ટમાં 285 મિલિયન મેગા ટન કાર્ગોની અવર – જવર થાય છે. જે હવે 300 મિલિયન મેટ્રીક ટન થશે આ સાથે આ બંદર ભારતનું પ્રથમ મેગા બંદર બનશે.
- આ ઉપરાંત આગામી 2047 માં ભારતનું કાર્ગો 10,000 મિલિયન મેટ્રિક ટન થઈ જશે જે હાલમાં 2600 મિલિયન મેટ્રિક ટન છે.
- કાર્બન ડાયોકસાઈડના સંપૂર્ણ નિવારણ માટે ગ્રીન શિપિંગ અને ગ્રીન પોર્ટ બનશે તેમજ વર્ષ 2047 સુધીમાં તે ભારતનું હાઈડ્રોજન હબ પણ બનશે.

❖ **કંડલા બંદર**

- મુક્ત વ્યાપાર ક્ષેત્ર – (Free Trade Zone) ધરાવતું ગુજરાતનું આ બંદર ગાંધીધામ તાલુકામાં સ્થિત છે.
- મહારાજા ખેંગારજી – III એ વર્ષ 1930-31 માં ત્યા જેટી બાંધી હતી.
- આઝાદી બાદ કરાચી બંદર પાકિસ્તાનમાં જતા તેના વિકલ્પરૂપે કસ્તુરભાઈ લાલભાઈ સમિતિની ભલામણથી કંડલા બંદર સ્થપાયું. જેનું ઉદ્‌ઘાટન જવાહરલાલ નેહરુના વરદ્ હસ્તે થયુ હતું.
- ઈ.સ. 1955 માં તેને મહાબંદર જાહેર કરવામાં આવ્યું.
- વર્ષ 1965 માં કંડલા બંદર એશિયાનું સૌપ્રથમ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEC) અને વર્ષ 1967 માં Export Processing Zone (EPZ) તરીકે જાહેર થયું.
- ઈન્ડિયા પોર્ટ એકટ – 1908 અંતર્ગત વર્ષ 2017 થી આ બંદરને 'પંડિત દિનદયાળ પોર્ટ' નામ આપવામાં આવ્યું છે.

## દેશના કુલ ઈસબગુલના ઉત્પાદનનું 90% પ્રોસેસિંગ ગુજરાતમાં થાય છે



- ગુજરાત સરકાર મુજબ દેશમાં ઈસબગુલ (સાયલિયમ હસ્ક) પ્રોસેસિંગમાં 90% હિસ્સો ગુજરાતનો છે. જયારે રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં તેનું ઉત્પાદન લગભગ બમણું થયુ છે.
- સ્થાનિક ભાષામાં ઘોડાજીર તરીકે ઓળખાતો ઈસબગુલ ભારતમાં ઔષધીય પાકોના વાવેતરનો વિસ્તાર સૌથી વધુ છે.
- રાજયમાં સિધ્ધપુર અને ઉંઝા તેના મુખ્ય પ્રોસેસિંગ શહેર છે. ત્યા આશરે કુલમાંથી 25% પ્રોસેસિંગ એકમો આવેલા છે.
- રાજયમાં સૌથી વધારે ઈસબગુલનું ઉત્પાદન કરતા જિલ્લાઓમાં બનાસકાંઠા (47%), કચ્છ (34%), મહેસાણા (10%) અને જૂનાગઢ (5%) નો સમાવેશ થાય છે.
- રાજયમાં વર્ષ 2018-19 માં વાવેતર વિસ્તાર 6754 હેકટર અને 6817 મેટ્રિક ટન ઉત્પાદન થયુ હતું. જયારે વર્ષ 2022-23 માં વાવેતર વિસ્તાર 13.3 હજાર હેકટર અને 12.9 હજાર મેટ્રિક ટન ઉત્પાદન થયુ હતું.
- ભારતમાંથી નિકાસ કરવામાં આવતા તમામ ઔષધિય પાકોમાં ઈસબગુલ સૌથી વધુ વિદેશી હુંડિયામણ આપે છે.
- તેની સૌથી વધુ નિર્યાત અમેરિકા (75%) , જર્મની, ઈટલી અને ઈગ્લેંડમાં થાય છે.

❖ **ઔષધીય ગુણ**

- તેના બીજ શીતળતાના ગુણ ધરાવે છે જેથી તેનો ઉપયોગ આયુર્વેદિક, યુનાની અને એલોપેથી ચિકિત્સાઓમાં કરવામાં તેના બીજ તથા તેની ભૂકીનો ઉપયોગ પાચનતંત્ર અને મૂત્રજનનતંત્રના શ્લેષ્મ આવરણોના સોજા દૂર કરવામાં તથા આંતરડાના ચાંદા, મસા અને ગોનોરીયાની સારવાર કરવા ઉપરાંત કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે કરી શકાય છે.
- ઔષધીય ઉપયોગની સાથે તેનો ઉપયોગ રંગકામ, કાપડનું છાપકાપ, આઈસ્કીમ ઉદ્યોગ, મીઠાઈ અને સૌંદર્ય પ્રસાધન ઉદ્યોગમાં પણ કરી શકાય તેમ છે. આ ઉપરાંત ઈસબગુલના ભૂસીમુક્ત બીજમાં 17-19% પ્રોટીન હોય છે.
- ઈસબગુલના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર વિશ્વમાં બીજા ક્રમે અને ભારતમાં પ્રથમ ક્રમાંકે આવે છે. વિશ્વના કુલ ઈસબગુલના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો 35% જેટલો છે.

Banking Academy

## ગુજરાત સરકારે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં સુધારો કર્યો

- ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાની સહાયના ધોરણમાં સુધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે.
- હવેથી એક જ રજીસ્ટ્રેશન ધરાવતી પાંજરાપોળ – ગૌશાળાને એક કરતા વધુ સ્થાને શાખાદીઠ તેના સંચાલન માટે મહત્તમ 3,000 પશુઓની મર્યાદામાં સહાય આપવામાં આવશે.
- રાજયમાં એવી પણ ગૌશાળા કે પાંજરાપોળ આવેલી છે કે જેણે એક જ જગ્યાએ રજીસ્ટ્રેશન કર્યુ હોય પરંતુ તે પશુ નિભાવ શેલ્ટર હોમ માટે બીજી જગ્યાએ શાખા ધરાવતી હોય છે.
- એક જ રજીસ્ટ્રેશન ધરાવતી પાંજરાપોળ – ગૌશાળાને એક કરતા વધુ સ્થાને ગૌશાળા – પાંજરાપોળના સંચાલન માટે મહત્તમ ત્રણ હજાર પશુની મર્યાદામાં પશુ દીઠ રોજના રૂા. 30 પ્રમાણે સહાય આપવામાં આવશે.
- આ યોજનાનો લાભ મેળવવા માંગતી સંસ્થાઓએ હવે 'ikhedut' પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. સહાયની રકમ જે તે સંસ્થાને DBT થી સીધી જ તેના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.
- આ યોજના માટે રાજય સરકારે 500/- કરોડનું ભંડોળ ફાળવ્યું છે.

**Gujarat Mukhyamantri Gau Mata Poshan Yojana**



# 4 આંતરરાષ્ટ્રીય

## ભારત અને ચીન વચ્ચે સ્ટેપલ વિઝા વિવાદ થયો




- ભારત સરકારે ચીનમાં યોજાનારી વર્લ્ડ યુનિવર્સિટી રમતમાં ચીને વુશુ (એક પ્રકારની રમત) ટીમમાં સામેલ અરુણાચલ પ્રદેશના ત્રણ ખેલાડીઓને નોર્મલ વીઝાને બદલે સ્ટેપલ વીઝા આપ્યા હતા.
- તેના કારણે ભારતે વુશ ટીમના તમામ ખેલાડીઓને એરપોર્ટથી પરત બોલાવી લીધા હતા.
- ભારતની સરકાર ચીન દ્વારા આપવામાં આવતા સ્ટેપલ વિઝાને મંજૂરી આપતી નથી.
  - **સ્ટેપલ વિઝા**
    - સામાન્ય રીતે નોર્મલ પાસપોર્ટ પર જે તે દેશની વિઝાના સ્ટેમ્પ લાગતા હોય છે જયારે સ્ટેપલ વિઝાએ પાસપોર્ટ પર વિઝાની સાથે એક પિન કરેલ કાગળ પર સ્ટેમ્પ લગાવીને આપવામાં આવે છે.
    - જયારે યાત્રી જે તે દેશની યાત્રા પુરી કરીને પોતાના દેશ પાછા ફરે ત્યોર તે દેશના અધિકારી તે કાગળ અને ટીકીટને ફાડી નાખે છે જેથી તે વ્યકિતના વિઝા પર યાત્રા સંબંધિત કોઈ ઉલ્લેખ રહેતો નથી.
    - ભારત સરકાર એટલા માટે વિરોધ કરે છે કારણ કે અપરાધિક ગતિવિધિમાં સામેલ નાગરીક વારંવાર વિદેશ યાત્રા કરે પરંતુ સ્ટેપલ વિઝાના કારણે તેના પાસપોર્ટ પર યાત્રા વિશેનો કોઈ ઉલ્લેખ મળતો નથી.
    - જેમ કે જમ્મુ – કાશ્મીરના અલગાવવાદી નેતાઓને ચીનની યાત્રા દરમિયાન સ્ટેપલ વિઝાને કારણે કાનુની તપાસમાં અડચણો ઉભી થાય છે.

## બ્રિટને યંગ પ્રોફેશનલ્સ સ્કીમ હેઠળ “વિઝા ફોર ઈન્ડિયન્સ” નો બીજો તબક્કો શરૂ કર્યો

- બ્રિટન સરકારે યુ.કે. ઈન્ડિયા યંગ પ્રોફેશનલ સ્કીમ ફોર ઈન્ડિયન્સના બીજા તબક્કાની જાહેરાત કરી છે તેનો પ્રથમ તબક્કો ફેબ્રુઆરીમાં શરૂ કરવામાં આવ્યો હતો.




- આ યોજના હેઠળ 18 થી 30 વર્ષની ઉમરના સ્નાતક ભારતીયો બીજા તબક્કા હેઠળ 27 જુલાઈ બપોરે 1.30 વાગ્યા સુધી અરજી કરી શકશે.
- તેમાં યુવા ભારતીયોને બ્રિટનમાં બે વર્ષ રહેવા, નોકરી કરવા અથવા ભણવાની તક પૂરી પાડે છે.
- વિઝા એન્ડ ઈમિગ્રેશન (UKVI) ના જણાવ્યા અનુસાર વર્ષ 2023 માટે આ યોજના હેઠળ કુલ 3,000 જગ્યાઓ છે.
- બ્રિટન દ્વારા શરૂ કરવામાં આવેલ આ પ્રકારની યોજનાનો લાભ ભારતને મળ્યો છે.
  - **ઈન્ડિયા યંગ પ્રોફેશનલ્સ સ્કીમ**
    - નવેમ્બર 2021, બાલી G-20 સંમેલનમાં તેની જાહેરાત કરવામાં આવી હતી.
    - તે 18 થી 30 વર્ષની વયના ભારતીય નાગરીકોને યુકેમાં પ્રવેશવા અને તેમના રોકાણ દરમિયાન કોઈપણ સમયે રજા અને પરત જવા માટે સક્ષમ બનાવશે.
    - આ યોજનાને પ્રારંભિક સમયમાં ત્રણ વર્ષ માટે શરૂ કરવામાં આવી છે.
    - આ યોજના હેઠળ દર વર્ષે 3,000 વ્યકિતઓને પ્રવેશવાની પરવાનગી આપવામાં આવે છે.

## ‘ટેલિસમેન સબ્રે’ યુધ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું



- ‘ટેલિસમેન સબ્રે’ બહુપક્ષીય સૈન્ય અભ્યાસના 10 માં સંસ્કરણનો શુભારંભ ઓસ્ટ્રેલિયાના ટાઉન્સવિલેમાં થયો હતો.
- આ અભ્યાસમાં ઓસ્ટ્રેલિયા અને અમેરિકા સહિત કુલ 13 રાષ્ટ્રો જોડાયા હતા.
- જેમાં કેનેડા, ફિજી, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, જાપાન, ન્યુઝીલેન્ડ, પાપુઆ ન્યુ ગિની, પ્રજાસતાક કોરિયા, ટોંગા અને UK (United Kingdom) નો સમાવેશ થાય છે.
- જયારે ભારત, ફિલિપાઈન્સ, સિંગાપોર અને થાઈલેન્ડ નિરિક્ષક તરીકે જોડાયુ હતું.

Banking Academy

- અભ્યાસમાં 30000 થી વધારે સૈન્યકર્મીઓ જોડાયા હતા.
- ક્વીન્સલેંડ, પશ્ચિમી ઓસ્ટ્રેલિયા, ઉત્તરીય પ્રદેશ અને ન્યૂ સાઉથ વેલ્સમાં ક્વાયત થઈ હતી.

❖ **ટેલિસમેન સબ્રે (Talisman Sabre)**

- તેનુ આયોજન દર બે વર્ષે થાય છે.
- તેની શરૂઆત વર્ષ 2005 માં થઈ હતી.
- ક્વાયતનો પ્રાથમિક ઉદ્દેશ્ય ભાગ લેનાર લશ્કરી દળો વચ્ચે સહકાર અને સંબંધોને મજબૂત કરવાનો છે.
- ક્વાયતમાં વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે સેનાની તૈયારી અને લોજિસ્ટિક્સ કામગીરી, ઉભયચર લેન્ડિંગ, જમીન પર સેના યુધ્ધાભ્યાસ, ક્ષેત્ર તાલીમ અભ્યાસ તેમજ હવાઈ અને સમુદ્રી સંચાલન સિમ્યુલેશન વગેરેનો સમાવેશ થાય છે.

## ટ્વિટરે તેના નવા લોગો 'X' નું અનાવરણ કર્યુ

- સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ટ્વિટરના માલિક એલન મસ્કે તાજેતરમાં ટ્વિટરના 'બ્લુબર્ડ' લોગોને બદલીને 'X' કર્યો.
- ટ્વિટરનું નવું વેબ એડ્રેસ હવેથી X.Com તરીકે ઓળખાશે.
- ટ્વિટરએ ચીનની Wechat જેવી જ સુપરએપમાં ફેરવવાની વ્યાપક વ્યુહરચનાના ભાગરૂપે આ પગલુ લેવામાં આવ્યું છે.
- ટ્વિટર માટે એલન મસ્કનું વિઝન પરંપરાગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી ઘણું આગળ વિસ્તારેછે.
- તેમનો ધ્યેય ટ્વિટરને વ્યાપક સુપર એપ બનાવવાનો છે, જેમાં વિવિધ પ્રકારની કાર્યક્ષમતા અને સેવાઓનો સમાવેશ થાય છે.
- ટ્વિટરના CEO લિન્ડા પાકારિનોએ ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે ટ્વિટરની વેબસાઈટની સાથો – સાથ એપ પણ રિડિઝાઈન કરાઈ રહી છે.

## બેંગ્લોર ખાતે પાંચમાં વર્લ્ડ કોફી કોન્ફરનસનું આયોજન કરવામાં આવ્યું

- ભારતમાં સૌપ્રથમ વખત વિશ્વ કોફી સંમેલન (World Coffee Conference – WCC) નું આયોજન કર્ણાટકના બેંગ્લોર ખાતે કરવામાં આવ્યું હતું.
- આ વર્ષે તેનો વિષય "Sustainability through circular economy and regenerative Agriculture" છે.
- આ સંમેલનમાં 80 થી વધુ દેશોના સહભાગીઓએ ભાગ લીધો હતો.
- આ સંમેલનમાં પરિષદ, પ્રદર્શન, કૌશલ્ય નિર્માણ વર્કશોપ, મુખ્ય કાર્યકારી અધિકારી અને વૈશ્વિક આગેવાનોની સભાઓ, તેમજ ઉત્પાદકોની સભાઓ સહિત વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ટેનિસ ખેલાડી રોહન બોપન્નાને આ સંમેલનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા હતા.
- આંતર–રાષ્ટ્રીય કોફી સંગઠન અને કોફી બોર્ડ ઓફ ઈન્ડિયાએ આ ઈવેન્ટનું સહ–આયોજન કર્યુ હતું.

### International Coffee Organisation (ICO) વિશે....

**સ્થાપના** : વર્ષ 1963
**વડુ મથક** : લંડન, યુનાઈટેડ કિંગડમ
**સભ્ય** : કુલ 73 દેશો

- તે આંતરસરકારી સંસ્થા તરીકે કાર્ય કરે છે જે કોફીના વેપારને પ્રોત્સાહન આપવા અને કોફી ઉત્પાદન અને વપરાશ કર્તા રાષ્ટ્રો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે.
- 1 લી ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય કોફી દિવસ ઉજવવામાં આવે છે.
- વિશ્વ કોફી સંમેલનનું દર ચાર થી પાંચ વર્ષે આયોજન કરવામાં આવે છે. અગાઉની ચાર WCC આ મુજબ છે. ઈંગ્લેંડ (2001), બ્રાઝિલ (2005), ગ્વાટેમાલા (2010) અને ઈથોપિયા (2016)




## ભારતે 'INDIA STACK' શેર કરવા માટે પાપુઆ ન્યુ ગિની સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા

- ભારતના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને પાપુઆ ન્યુ ગિનીના ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીએ 'INDIA STACK' શેર કરવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરીને ડિજિટલ પરિવર્તન તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યુ છે.
- આ અગાઉ જૂન 2023 માં ભારતે વૈશ્વિક સ્તરે આ પહેલની વધતી જતી રૂચિ અને સ્વીકૃતિને દર્શાવતા ઈન્ડિયા સ્ટેકને શેર કરવા માટે આર્મેનિયા, સિએરા લિયોન, સુરીનામ અને એન્ટિગુઆ અને બાર્બુડા નામના ચાર દેશો સાથે પહેલેથી જ MoU પર હસ્તાક્ષર કર્યા હતા.



- ભારત અને પાપુઆ ન્યુ ગિની વચ્ચેના આ કરાર મોટા પાયે ઓળખ, ડેટા અને ચૂકવણી સેવાઓને સમર્થન આપવા માટે 'ઇન્ડિયા સ્ટેક' ની વહેંચણીની સુવિધા આપે છે.
- આ કરાર લોકોનું જીવન ધોરણ અને સુશાસન કાર્યક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- આ સહયોગ અબાધ્ય લેણ–દેણ માટે ડિજિટલ ઓળ પ્રણાલી અને ડિજિટલ પેમેન્ટ મિકેનિઝમને મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે.

❖ **INDIA STACK શું છે?**

- તે API (એપ્લિકેશન, પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ) નો સમુહ છે.
- જે સરકારો, વ્યવસાયો સ્ટાર્ટઅપ અને વિકાસકર્તાઓને પેપર વિના, વ્યકિતગત હાજરી વિના અને રોકડ વિના સેવા વિતરણ તરફ ભારતની મુશ્કેલ સમસ્યાઓને ઉકેલવા માટે અનન્ય ડિજિટલ સંરચનાનો ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે.
- તે સરકારની આગેવાની હેઠળની પહેલ છે જે તમામ ક્ષેત્રોમાં ડિજિટલ સેવાઓની શ્રેણીને સક્ષમ કરવા માટે મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ સંગ્રહના ઘટકોની માલિકી અને જાળવણી વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે.
- ઈન્ડિયા સ્ટેકનો ઉદ્દેશ્ય ઓળખ ચકાસણી, ડેટા એક્સચેન્જ અને ડિજિટલ પેમેન્ટ પ્રક્રિયાઓને નાગરીકો માટે વધુ સુલભ અને કાર્યક્ષમ બનાવવાનો છે.
- INDIA STACK ના મુખ્ય ઘટકોમાં AADHAR, ડિજિટલ પેમેન્ટ માટે UPI અને વ્યકિતગત દસ્તાવેજોના સુરક્ષિત સંગ્રહ માટે ડિજિટલ લોકરનો સમાવેશ થાય છે.

## જાપાનમાં વિશ્વનું સૌપ્રથમ જૈન ગુરુ મંદિર નિર્માણ પામશે

- ભારત બહાર વિશ્વમાં સૌપ્રથમ જૈન ગુરુ મંદિર જાપાનમાં નિર્માણ પામી રહયુ છે.
- વિદેશોમાં જૈન દેરાસરો તો છે જ પરંતું ગુરુમંદિર પ્રથમ વખત બનશે.



- હાલમાં 12 જાપાનીઝનું એક ગ્રુપ જૈન ગુરુ જયંતસેન સુરીશ્વરજીની પ્રતિમા લઈ જવા બનાસકાંઠાના નેનાવા ગામના ઉપાશ્રયમાં પહોંચ્યુ છે, જે તેમની પ્રતિમા લઈ જઈ જાપાનના નાગાનોકેન શહેરમાં સ્થાપિત કરશે.
- હાલમાં જાપાનમાં જૈનાચાર્ય જયંતસેન સૂરીશ્વરની તસવીરની પૂજા થાય છે, હવે મૂર્તિની સ્થાપના કરાશે.
- 5-6 હજાર જાપાનીઝ જૈન આચારવિચાર પાળે છે, જયારે 2000 થી વધુ લોકોએ માંસાહાર છોડવું છે.
- જયંતસેન સૂરિજીનો જન્મ થરાદ નજીક પેપરાલમાં થયો હતો. તેમણે 17 વર્ષની વયે દીક્ષા લીધી. 47 વર્ષની વયે આચાર્યની પદવી મેળવી.
- સંયમ જીવનમાં તેમણે 14 રાજયોમાં 1 લાખ કિમીથી વધુનો વિહાર કરી અનેકને વ્યસનમુક્ત કર્યા છે.
- ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માએ તેમને રાષ્ટ્ર સંતની પદવી આપી હતી.

## ફ્રાન્સ ભારતીય વિદ્યાર્થીઓને પાંચ વર્ષના શેંગેન વિઝા આપશે



- યુરોપિયન દેશ ફ્રાન્સે વર્ષ 2030 સુધીમાં ભારતમાંથી કુલ 30,000 વિદ્યાર્થીઓને વિઝા આપશે.
- આ પહેલ હેઠળ ફ્રાન્સના દૂતાવાસ અને ફ્રાન્સ સંસ્થાએ 'Choose France Tour-2023' ની જાહેરાત કરી છે.
- આ નવા પ્રોગ્રામ હેઠળ ફ્રાન્સ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પાંચ વર્ષના 'શેંગેન વિઝા' આપવાની યોજના છે.
- ભારતના વિદ્યાર્થીઓ કે જેમણે માસ્ટર ડિગ્રી કે તેથી વધુની ડિગ્રી મેળવી છે અને ઓછામાં ઓછુ એક સેમેસ્ટર ફ્રાન્સમાં અભ્યાસ કર્યો છે તેઓને 5 વર્ષના ટૂંકા રોકાણના શેંગેન વિઝા માટે પાત્ર છે.
- આ વિશેષ કાર્યક્રમ હેઠળ ફ્રેન્ચ ભાષા અને અન્ય શૈક્ષણિક વિષયોમાં સર્વગ્રાહી તાલીમ પ્રદાન કરશે, ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉત્કૃષ્ટ બનવા અને ફ્રેન્ચ શિક્ષણ પ્રણાલીમાં સરળતાથી એકીકૃત થવા સક્ષમ બનાવશે.

Banking Academy

❖ **શેંગેન વિઝા**

- શેંગેન વિઝા એક કાયદાકીય મંજૂરી પ્રાપ્ત દસ્તાવેજ છે. જે બિનયુરોપિયન દેશોના નાગરીકોને 27 યુરોપિયન દેશોમાં ફરવા માટે ફરજિયાત મેળવવુ પડે છે.
- શેંગેન વિઝા એકવાર મંજૂર થયા પછી, આ વિઝા પ્રવાસીને સરહદ પર ઓળખની તપાસ કર્યા વિના અન્ય સભ્ય રાષ્ટ્રોની સરહદો પાર કરવાની મંજૂરી આપે છે.
- શેંગન વિસ્તાર (Schengen Countries Zone) એ 27 યુરોપિયન રાષ્ટ્રોનું એક જૂથ છે જેણે એક બીજા વચ્ચે સરહદ નિયંત્રણો નાબૂદ કર્યા છે.
- તે વિશ્વનો સૌથી મોટો વિઝા મુકત વિસ્તાર છે.
- આયર્લેન્ડ સિવાય મોટા ભાગના યુરોપિયન સંઘના દેશોનો શેંગેન વિસ્તારમાં સમાવેશ થાય છે.

## ભારતના સ્વાતંત્ર્ય દિવસને અમેરિકામાં રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવા યુએસ સાંસદમાં પ્રસ્તાવ મૂકાયો

- અમેરિકન સંસદમાં સાંસદ શ્રી થાનેદારની આગેવાની હેઠળ ભારતીય અમેરિકન સાંસદોના એક જૂથે US સંસદના નીચલા ગ્રહમાં ભારતના સ્વતંત્રતા દિવસ 15 ઓગસ્ટને 'રાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવાનો પ્રસ્તાવ મૂકયો છે.



- આ પ્રસ્તાવનો હેતુ વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશ ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો તેમજ વૈશ્વિક લોકશાહી અને શાંતિ, સ્થિરતા અને સમૃધ્ધિને આગળ વધારવાનો છે.
- આ પ્રસ્તાવને કોંગ્રેસી બડી કાર્ટર  અને બ્રાડ શેરમેન દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો.
- આ પ્રસ્તાવ મુજબ ભારતીય – અમેરિકન નાગરિકો અમેરિકામાં સરકારી અધિકારીઓ, લશ્કરી કર્મચારીઓ અને કાયદા અમલીકરણ માટેના અધિકારીઓના પદ શોભાવી અમેરિકાના વિકાસમાં અને દેશની વિવિધતાને સમુધ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.
- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રમોદીએ અમેરિકાની મુલાકાત લીધી હતી. તેમણે ત્યાંની સંસદને પણ સંબોધી હતી. આ સાથે જ તેઓ અમેરિકાની સંસદમાં ભાષણ આપનાર વડાપ્રધાન બન્યા હતા.

## CBI એકેડેમી ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્કમાં જોડાઈ




- CBI (Central Bureau of Investigation) એકેડેમી ગુનાઓની તપાસ અને કાયદા અમલીકરણ તાલીમ માટે ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્કમાં જોડાઈ છે.
- આ  મહત્વપૂર્ણ પગલું એકેડેમીના વૈશ્વિક પ્રભાવને વધારે છે, જયારે અસરકારક સંયુકત પહેલ અને ક્ષમતા નિર્માણનો માર્ગ પણ મોકળો કરે છે.
- ભારત આ નેટવર્કમાં જોડાનારા દસમો સભ્ય છે.
- આ જોડાણ માત્ર એકેડેમીની ક્ષમતાઓ માટે જ નહી પરંતુ કાયદાના અમલીકરણની તાલીમ અને પધ્ધતિના વૈશ્વિક ધોરણો જાળવવા તરફના તેના સમર્પણનો પણ પુરાવો છે.

❖ **CBI એકેડેમી**

- તે CBI માટે એક તાલીમ સંસ્થા છે, જે ભારતની મુખ્ય તપાસ એજન્સી છે.
- આ એકેડેમીની સ્થાપના વર્ષ 1996 માં કરવામાં આવી હતી અને તે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં સ્થિત છે.
- તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રની સેવામાં વ્યાવસાયીકરણ, નિષ્પક્ષતા, અખંડિતતા અને સમર્પણના ઉચ્ચ ધોરણો હાંસલ કરવાનો છે.
- તે સાયબર ક્રાઈમ, નાણાકીય અપરાધ, આંતકવાદ વિરોધ, પર્યાવરણીય અપરાધ, ભ્રષ્ટાચાર વિરોધી, માનવ અધિકાર, ફોરેન્સિક વિજ્ઞાન વગેરે જેવા વિષયો પર વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે.
- કોલકાત્તા, ચેન્નાઈ  અને મુંબઈ ખાતે ત્રણ પ્રાદેશિક તાલીમ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે.

❖ **ઈન્ટરપોલ ગ્લોબલ એકેડેમી નેટવર્ક**

- કાયદાના અમલીકરણની તાલીમમાં વૈશ્વિક વ્યુહરચનાનું નેતૃત્વ કરવામા મદદ કરવા માટે INTERPOL દ્વારા વર્ષ 2019 માં શરૂ કરાયેલ આ એક પ્રોજેકટ છે.
- તેનુ મુખ્ય કાર્ય સહકારી પ્રશિક્ષણ પ્રોજેકટ અને સંશોધન કાર્યક્રમોની રચના અને અમલીકરણ સાથે શ્રેષ્ઠ પ્રયાસો અને સંસાધનોની આપ લે કરવાનું છે.
- તે ઉપરાંત જ્ઞાન અને કૌશલ્યના આદાન – પ્રદાન સાથે નેટવર્ક કાયદા અમલીકરણ તાલીમ શાળાઓ વચ્ચે શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપવાનો પણ પ્રયાસ કરે છે.

## ભારત અને UAE વચ્ચે 'ઝાયદ તલવાર' ક્વાયતનું આયોજન થયું



- 'ઝાયદ તલવાર' એ ભારત અન UAE (United Arab Emirates) ની નૌકાદળ વચ્ચેની દ્વિપક્ષીય ક્વાયત છે.
- આ ત્રણ દિવસીય ક્વાયતનો શુંભારભ દુબઈના બંદર રાશિદ ખાતે થયો હતો.
- આ ક્વાયતમાં ભારતીય નૌકાદળના બે જહાજો જોડાયા હતા. જેમાં INS વિશાખાપટ્ટનમ અને INS ત્રિકંદનો સમાવેશ થાય છે.
- ક્વાયતનો ઉદ્દેશ્ય અને નૌકાદળ વચ્ચે દરિયાઈ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો અને આ ક્ષેત્રમાં સુરક્ષા પડકારોની સામાન્ય સમજને પ્રોત્સાહન આપવાનો છે.
- તે દરમિયાન બંને નૌકાદળ વચ્ચે સહકાર વધારવા અને સંબંધોને મજબૂત કરવા માટેના શ્રેષ્ઠ પ્રયાસોની આપલે કરી હતી.

❖ **ભારત અને UAE વચ્ચેની અન્ય ક્વાયત :**

- Desert Flag – હવાઈ સેના વચ્ચે, IN-UAE BILAT – નૌસેના વચ્ચે, Desert Eagle – હવાઈ સેના વચ્ચે

## ઓસ્ટ્રેલિયામાં માલાબાર યુધ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું

- માલાબાર યુધ્ધાભ્યાસની 27 મી આવૃત્તિ ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે સિડની નજીક સમાપ્ત થઈ.
- આ કવાયતમાં ભારતીય નૌસેના (IN) રોયલ ઓસ્ટ્રેલિયન નેવી (RAN), જાપાન મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JMSDF) અને યુએસ નેવી ના જહાજો, સબમરીન અને વિમાનોની ભાગીદારી જોવા મળી હતી.



- આ ક્વાયત બે તબક્કામાં યોજાઈ હતી. જેમાં 11 થી 15 ઓગસ્ટ સુધી બંદર પર અને 16-21 સુધી સમુદ્રમાં યોજાઈ હતી.
- ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ સ્વદેશી રીતે નિર્મિત વિનાશક INS કોલકતા, ફ્રિગેટ INS સહ્યાદ્રી અને P8I મેરિટાઈમ પેટ્રોલ હવાઈજહાજ દ્વારા કરવામાં આવ્યુ હતું.
- આ ક્વાયતનો હેતુ ચારેય નૌકાદળો વચ્ચે આંતર કાર્યક્ષમતા વધારવાનો અને એકબીજા દેશોની વિશેષતા તેમજ અનુભવોના આદાનપ્રદાન સુલભ બનાવવાનો છે.
- સમુદ્રી તબક્કામાં સપાટી પર હવામાં તેમજ પાણીમાં રહેલી સબમરિનને કેવી રીતે નષ્ટ કરવી તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

❖ **માલાબાર યુદ્ધાભ્યાસ**

- આ ક્વાયતની શરૂઆત વર્ષ 1992 માં ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય ક્વાયત તરીકે કરવામાં આવી હતી.
- વર્ષ 2007 માં જાપાન, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયાની ભાગીદારી સાથે આ યુધ્ધાભ્યાસનું વિસ્તરણ કરવામાં આવ્યુ હતું.
- આ ક્વાયતનું વર્ષ 2015 માં જાપાન કાયમી સભ્ય બનતા ત્રિપક્ષીય ક્વાયત સ્વરૂપે તેમજ વર્ષ 2020 માં ઓસ્ટ્રેલિયા કાયમી સભ્ય બનતા ચતુર્ભુજ નૌસેના ક્વાયત તરીકે આયોજન કરવામાં આવે છે.

## ACTO દ્વારા અમેઝોન સમિટનું આયોજન કરવામાં આવ્યું




- ACTO (Amazon Co-operation Treaty Organisation) દ્વારા બ્રાઝિલના બેલેમ શહેરમાં એમેઝોન સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સંમેલનનું આયોજન જળવાયુ પરિવર્તનનો સામનો કરવાના ભાગરૂપે ઉષ્ણકટીબંધીય વરસાદી જંગલને સુરક્ષિત કરવાના દિશા – નિર્દેશ સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવ્યું હતું.
- દક્ષિણ અમેરિકા ખંડ આઠ દેશો – બોલિવિયા, બ્રાઝિલ, કોલંબિયા, એકવાડોર, ગુયાના, પેરુ, સુરીનામ અને વેનેઝુએલા જોડાયા હતા.

❖ **સંમેલનના મુખ્ય મુદ્દાઓ**

- અંતિમ સંયુકત ઘોષણ જેને 'બેલેમ ઘોષણા કહેવામા આવે છે. જંગલોના વિનાશ માટે સંગઠન બનાવવા આવ્યુ, જેમાં દેશોએ સ્વૈચ્છિક વન નાબૂદીના લક્ષ્યોને અનુસરવાના રહેશે.
- આ સંમેલનમાં સભ્યો સ્થાનિક સમાજ અને તેના અધિકારોનું રક્ષણ કરવા સહમત થયા.
- આ સંમેલનમાં 'Sciency Body' ની રચના કરવામાં આવી છે. જે વાર્ષિક ધોરણે બેઠક કરશે અને અમેઝોન વરસાદી જંગલોનો વૈજ્ઞાનિક અહેવાલ જાહેર કરશે.

❖ **અમેઝોન જંગલ**

- અમેઝોન જંગલને 'Amazon Rainfores' (અમેઝોન વર્ષાવન) તથા Amazonia તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે એક 'Moist Broadleaf Tropical Rainforest' એટલે કે મોટા પાંદડા અને ભેજવાળું ઉષ્ણકટિંબંધિય વરસાદી વન છે.
- તે વિશ્વના કુલ વરસાદી વનનો લગભગ અડધો ભાગ આ જંગલો ધરાવે છે.
- દક્ષિણ અમેરિકા ખંડના 9 દેશોમાં આ જંગલો ફેલાયેલા છે.
- બ્રાઝિલ એકલામાં કુલ જંગલનો 60% વિસ્તાર આવેલ છે.
- આ 9 દેશોમાં – બ્રાઝિલ (60%), પેરુ (13%), કોલમ્બિયા (10%), જયારે વેનેઝુએલા, ઈકવાડોર, બોલિવિયા, ગુયાના , સુરિનામ અને ફ્રેન્ચ ગુયાનામાં સંયુક્ત રીતે 17% જંગલ આવેલ છે.
- અમેઝોનનો જંગલો વિશ્વનો 20% પ્રાણવાયુ (ઓકિસજન) પૂરો પાડે છે.
- અમેઝોન વરસાદી જંગલના રક્ષણ અને સંચાલન માટે વર્ષ 1995 માં Amazon Co-operation Treaty Organisation (ACTO) ની રચના કરવામાં આવી હતી.

## 20 મી આસિયાન – ભારત આર્થિક મંત્રીઓની બેઠક યોજાઈ




- ઈન્ડોનેશિયાના સેમારંગમાં 20 મી ASEAN – ભારત આર્થિક મંત્રીઓની બેઠક યોજાઈ હતી.
- આ બેઠક ભારત અને ASEAN દેશોની વચ્ચે આર્થિક સહયોગ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

❖ **બેઠકની મુખ્ય બાબતો :**

- મંત્રીઓએ મહામારી દ્વારા ઉભા થયેલા પડકારો વચ્ચે આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવાના મહત્વ પર પ્રકાશ પાડયો હતો.
- વર્ષ 2022-23 માં ભારત અને ASEAN વચ્ચે 13.5 બિલિયન અમેરિકી ડોલરનો દ્વિપક્ષીય વેપાર છે.
- વર્ષ 2022 -23 માં ભારતના કુલ વૈશ્વિક વેપારમાં ASEAN સાથેના વેપારનો હિસ્સો 11.3% હતો.
- ASEAN મંત્રીઓએ ASEAN – ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (AIBC) સાથે પણ ચર્ચા કરી હતી.
- પ્રાદેશિક અને વૈશ્વિક પડકારોની જટિલ પરિસ્થિતિ વચ્ચે મંત્રીઓએ કોવિડ – 19 મહામારીની બહુ –પરિમાણિય અસરો, આબોહવા પરિવર્તન, નાણાકીય બજારની અસ્થિરતા, ફુગાવો તથા ભૌગોલિક રાજકીય તણાવની ચર્ચા કરી હતી.
- આ વર્ષની બેઠકનો મુખ્ય મુદ્દો ASEAN – India Trade In Goods Aqreement (AITIGA) ની ઉંડાણપૂર્વકની સમીક્ષા હતી, જે મૂળ 2009 માં હસ્તાક્ષરિત કરવામાં આવી હતી.
- મંત્રીઓએ AITIGA માટેના સમીક્ષા દસ્તાવેજને સત્તાવાર રીતે સમર્થન આપ્યું હતું.
- જે પૂર્વ – નિર્ધારિત પધ્ધતિઓ સાથે વાટોઘાટોની ઔપચારિક શરૂઆત માટે માર્ગ મોકળો કરે છે.
- AIBC ને વર્ષ 2005 માં ASEAN સરકાર અને ભારતની સરકાર દ્વારા રચવામાં આવેલી એક સંસ્થા છે. તેનો ઉદ્દેશ્ય વ્યાપારી સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે.

### Association of Southeast Asian Nations (ASEAN) વિશે....

- તે દક્ષિણ – પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તેના સભ્યોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- તેની સ્થાપના 1969 ના રોજ થઈ હતી.
- સચિવાલય : જકાર્તા, ઈન્ડોનેશિયા

# 5 અર્થવ્યવસ્થા

## કોર્પોરેટ ડેટ માર્કેટ ડેવલપમેન્ટ ફંડ લોન્ચ કરવામાં આવ્યું

- કેન્દ્રીય નાણામંત્રીએ કોર્પોરેટ ડેટ માર્કેટ ડેવલપમેન્ટ ફંડ (Corporate Debt Market Development Fund - CDMDF) લોન્ચ કર્યુ હતું.
- બજારની અવ્યવસ્થા દરમિયાન નિર્દિષ્ટ ડેટ ફંડ માટે તે બેક સ્ટોપ સુવિધા છે.
- આ ફંડનો હેતુ નાણાકીય કટોકટીની સ્થિતિમાં તરલતા સહાય પૂરી પાડવાનો છે.
- તે વૈકલ્પિક રોકાણ ફંડના રૂપમાં હશે, જે તણાવના સમયમાં કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં સહભાગીઓમાં આત્મવિશ્વાસ જગાડવાનો છે.
- આ ફંડમાં મ્યુચ્યલ ફંડ માટે 33000 કરોડની બેકસ્ટોપ સુવિધા છે.
- ફંડમાં યોગદાન ચોક્કસ ડેટા ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ અને મ્યુચ્યુઅલ ફંડની એસેટ મેનેજમેન્ટ કંપનીઓ દ્વારા કરી શકાય છે.
- આ ફંડની ખાતરી National Credit Guarantee Trust Company (NCGTC) દ્વારા આપવામાં આવે છે. અને બેકસ્ટોપ સુવિધાનું સંચાલન SBI મ્યુચ્યુઅલ ફંડ દ્વારા કરવામાં આવશે.




❖ **બેકસ્ટોપ સુવિધા શુ છે?**

- બેકસ્ટોપ એ શેરના અનસબસ્ક્રાઈબ કરેલા હિસ્સા માટે ઓફર કરતી સિક્યોરિટીમાં છેલ્લો ઉપાય અથવા સુરક્ષા પ્રદાન કરવાની પ્રક્રિયા છે.

## RBI એ નાણાકીય વર્ષ 2024 ની ત્રીજી નાણાકીય નીતિ જાહેર કરી

- RBI એ તેની નાણાકીય નીતિમાં FY-23-24 માટે GDP વૃદ્ધિ દર અંદાજ 6.5% દર્શાવ્યો છે.
- આ વખતે RBI એ તેના નીતિ દરો જૂન 2023 ના નીતિ દરો સાથે યથાવત રાખ્યા છે.
  - (i) પોલિસી રેપો રેટ – 6.50%
  - (ii) ફિક્સડ રિવર્સ રેપોરેટ – 3.35%
  - (iii) બેંક રેટ – 6.75%
  - (iv) સ્ટેન્ડિગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) – 6.25%
  - (v) માર્જિનલ સ્ટેન્ડિગ ફેસિલિટી (MSF) – 6.75%
- નાણાકીય વર્ષ 2024 માટે ઉપભોક્તા મૂલ્ય સૂચકાંક ફુગાવો દરનો અંદાજ 5.4% કરવામાં આવ્યો છે. જે અગાઉની જૂન 2023 નાણાકીય નીતિમાં 5.1% કરવામાં આવ્યો હતો.
- RBI એ 12 ઓગસ્ટથી બેંકોને 10% Incremental Cash Reserve Ration (ICRR) જાળવવાનો આદેશ જારી કર્યો છે.
- બેંક રેગ્યુલેટરે રૂા. 2,000 ની ચલણી નોટોને પરત ખેચ્યા પછી બેકિંગ સિસ્ટમમાં જોવા મળી રહેલી અધિક લિકિવડિટીને શોષવા માટે આ નિર્ણય લીધો છે.
- RBI એ 19 મે ના રોજ રૂા. 2000 ની નોટને પરત ખેંચવાનો નિર્ણય કર્યો હતો.




### Reserve Bank of India (RBI) વિશે....

**વડુમથક** : મુંબઈ, મહારાષ્ટ્ર

- તેની સ્થાપના 1 એપ્રિલ 1935 ના રોજ થઈ હતી.
- તેનું વર્ષ 1949 માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યુ હતું.
- તેના પ્રથમ ગર્વનર સર ઓસ્બોન સ્મિથ હતા.
- શક્તિકાંત દાસ તેના વર્તમાન ગવર્નર છે.

## ભારતે સૌપ્રથમ UAE ને ખનીજ તેલની ચૂકવણી ભારતીય રૂપિયામાં કરી

- ભારતે સૌપ્રથમ વખત UAE ને 10 લાખ ઓઈલ બેરલ માટે ડોલરને બદલે UAE નું ચલણ દિરહામમાં અને ભારતીય રૂપિયામાં કર્યુ છે.
- આ નાણાકીય વ્યવહાર અબુધાબી નેશનલ ઓઈલ કંપની (ADNOC) અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) વચ્ચે થયા હતા.
- ભારત અને UAE વચ્ચે જુલાઈ 2023 ની વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ઝાપેલ અલ નાહયાનની હાજરીમાં Local Currency Sattlement કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- ભારતની ICO લિમિટેડ દ્વારા UAE ની અબુધાબી ગેસ લિકવિફીકેશન કંપની (ADNOC) લિમિટેડ અને ફ્રાન્સની ટોટલ એનર્જી સાથે Liquefied Natural




Banking Academy

Gas (LNG) આયાત કરવા માટે લાંબા – ગાળાનો Head of Agreement (HOA) કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

- આ કરાર હેઠળ ભારતની IOC વર્ષ 2026 થી ADNOC પાસેથી 14 વર્ષ માટે વાર્ષિક 12 લાખ ટન LNG આયાત કરશે.
- બોત્સવાના, ફિજી, જર્મની, ગુયાના, ઈઝરાયેલ, કેન્યા, મલેશિયા, મોરેશિયસ, મ્યાનમાર, ન્યુઝીલેન્ડ, ઓમાન, રશિયા, સશેલ્સ, સિંગાપોર, શ્રીલંકા, તાંઝાનિયા, યુગાન્ડ, બાદ હવે UAE એ INR ચૂકવણીનો સ્વીકાર કર્યો છે.

❖ **પેટ્રો ડોલર કરાર**

- વર્ષ 1970 માં અમેરિકા અને સાઉદી અરેબિયાએ પેટ્રો ડોલર એગ્રીમેન્ટ કર્યા હતા.
- જે મુજબ સાઉદી અરેબિયા જ્યારે બીજા દેશને ઓઈલ વેચશે ત્યારે તે બીજા દેશ પાસેથી માત્ર ડોલરથી પેમેન્ટ લેશે તેના બદલામાં અમેરિકા સાઉદી અરેબિયાને મિલીટરી રક્ષણ પુરુ પાડશે આ કરારને પેટ્રો કરાર કહે છે.
- આ ઉપરાંત સાઉદી અરેબિયા વધારાના ડોલરને અમેરિકાના ટ્રેઝરી બિલ અને બોન્ડમાં રોકાણ કરી શકશે.
- વર્ષ 1975 માં બધા જ OPEC (Organization of the Petroleum Exporting Countries ) દેશોએ પણ પેટ્રો ડોલર કરારને મંજૂરી આપી દીધી હતી.

## એર ઈન્ડિયા એ નવા લોગો અને નવુ હવાઈજહાજ લિવરીનું અનાવરણ કર્યુ




- એર ઈન્ડિયા દ્વારા તેના નવો લોગો ('The Vista') 'ધ વિસ્ટા' અને નવા હવાઈજહાજ 'લિવરી' નું અનાવરણ કરવામાં આવ્યું હતું.
- આ નવો લોગો 'ધ વિસ્ટા' સોનાની વિન્ડો ફ્રેમથી પ્રેરિત છે જે અમર્યાદિત શક્યતાઓ, પ્રગતિશીલતા, અને ભવિષ્ય માટે એરલાઈન્સના બોલ્ડ આત્મવિશ્વાસપૂર્ણ દ્દષ્ટિકોણને દર્શાવે છે.
- નવુ હવાઈજહાજ લિવરીની ડિઝાઈનમાં ચક્ર પ્રેરિત રચના સાથે ઘાટો લાલ, અંડાકારનું અને સોન રંગથી પ્રકાશિત કરેલી પેલેટ દર્શાવવામાં આવશે.
- તે આર્કષક નવા 'Air India Sons' અક્ષરોને ગૌરવ અપાવે છે, જે એર ઈન્ડિયાને મૂલ્યવાન, સમાવેશક અને સુલભ તરીકે સ્થાન આપવા માટે ઉર્જા અને આત્મવિશ્વાસને એકસાથે લાવશે.
- આ નવી બ્રાન્ડ ઓળખ બ્રાન્ડ ટ્રાન્સફોર્મેશન કંપની 'Future Brand' સાથે ભાગીદારીમાં તૈયાર કરવામાં આવી છે.
- પ્રવાસીઓ આ નવા ફેરફારને ડિસેમ્બર 2023 જોઈ શકશે, કારણકે ત્યારે નવા હવાઈ જહાજો ને જોડવામાં આવશે.

### Air India (AI) વિશે....

- તેની સ્થાપના 15 ઓકટોબર 1932 ના રોજ ટાટા એરલાઈન્સ તરીકે કરવામાં આવી હતી.
- વર્ષ 1953 માં ભારત સરકારે 'Air Corporation Act' પસાર કરીને ટાટા એરલાઈન્સની ભાગીદારી ખરીદી હતી.
- ત્યારબાદ તેનું નામ બદલીને 'Air India International Litd' કરવામાં આવ્યું.
- સરકારના ખાનગીકરણ કાર્યક્રમ હેઠળ 27 જાન્યુઆરી, 2022ના રોજ અધિકારીક રીતે રૂા.18,000 કરોડમાં 'ટાટા સમૂહ' ને વેચવામાં આવી છે.

## RBI દ્વારા UDGAM પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું




- RBI (Reserve Bank of India) દ્વારા UDGAM (Unclaimed Deposits Gateway to Access information) કેન્દ્રીય વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- RBI દ્વારા આ પોર્ટલ જાહેર જનતા એક જ જગ્યાએથી અલગ અલગ બેંકોમાં તેમની દાવા વગરની થાપણો સરળતાથી શોધી શકે તે માટે બનાવવામાં આવ્યું છે.
- રિઝર્વ બેંક ઈન્ફોર્મેશન ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ (ReBIT), ઈન્ડિયન ફાઈનાન્સિયલ ટેકનોલોજી એન્ડ એલાઈડ સર્વિસિસ (IFTAS) અને અન્ય સહભાગી બેંકોએ પોર્ટલ વિકસાવવા માટે સહયોગ કર્યો છે.
- આ પોર્ટલ વપરાશકર્તાઓને તેમની ડિપોઝિટની રકમોનો દાવો કરવા અથવા તેમની સંબધિત બેંકોમાં તેમના ડિપોઝિટને કાર્યરત કરવા સક્ષમ કરશે.
- સરકારના રિપોર્ટ મુજબ, ડિસેમ્બર 2020 અને ફેબ્રુઆરી 2023 વચ્ચે જાહેરક્ષેત્રની બેંકોમાં દાવા વગરની થાપણોમાં 70% થી વધુનો વધારો થાય છે.

❖ **દાવા વગરની થાપણ શોધવાની પ્રક્રિયા**

- આ માટે ગ્રાહકે તેમના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને UDGAM પ્લેટફોર્મ પર નોંધણી કરાવી શકે છે.
- એકવાર રજીસ્ટર થયા પછી, ગ્રાહક તેમના નામ હેઠળ દાવા વગરની થાપણો શોધી શકે છે અને વધારાની માહિતી જેમ કે PAN, મતદાન ID, ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાસપોર્ટ નંબર પ્રદાન કરી, તેની માલિકી તરીકે અરજી કરી શકે છે.

**Reserve Bank of India (RBI) વિશે....**

**વડુમથક** : મુંબઈ, મહારાષ્ટ્ર

- તેની સ્થાપના 1 એપ્રિલ 1935 ના રોજ થઈ હતી.
- તેનું વર્ષ 1949 માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યુ હતું.
- તેના પ્રથમ ગર્વનર સર ઓસ્બોન સ્મિથ હતા.
- શકિત્તકાંત દાસ તેના વર્તમાન ગવર્નર છે.

- ત્યાર બાદ ગ્રાહક તે શાખા સાથે KYC પ્રક્રિયા પૂર્ણ કરીને તેમની થાપણો પુનઃપ્રાપ્ય કરી શકે છે.
- જો તે ડિપોઝિટ ધારકનું મૃત્યું થયું હોય તો તેમના નામાંકિતોએ જરૂરી દસ્તાવેજો જમા કરવાના રહેશે.
- શરૂઆતમાં વપરાશકર્તાઓ પોર્ટલ પર ઉપલબ્ધ 7 બેંકોના સંબંધમાં તેમની દાવો ન કરેલી થાપણોની વિગતોને પ્રાપ્ત કરી શકશે.

❖ **દાવા વગરની થાપણો :**

- RBI મુજબ દાવા વગરની થાપણો એટલે કે બચત ખાતામાં કે ચાલુ ખાતામાં રાખવામાં આવેલ નાણું છે જયાં આ નાણું 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહે છે અથવા Fixed Deposit ના કિસ્સામાં પાકતી તારીખથી તે નાણાને ઉપાડવામાં આવ્યા ન હોય.

## 1 સપ્ટેમ્બરથી 'મેરા બિલ મેરા અધિકાર' યોજના લાગૂ થશે

- હાલમાં વસ્તુ અને સેવા કર વિભાગ દ્વારા 'મેરા બિલ મેરા અધિકાર' યોજના જાહેર કરવામાં આવી છે.
- આ યોજનામાં વેપારીઓ પાસેથી ગ્રાહકો બીલ માટે અને વેપારીઓ તેનો ઈન્કાર ન કરી શકે તે હેતુ અમલમાં મૂકવામાં આવનાર છે.
- GST માં નોંધાયેલ કેટલાક વેપારીઓ હજી બિલ આપતી નથી તેથી સરકારની આવકમાં ઘટાડો થાય છે.
- તેમાં 200/- થી વધુની ખરીદીના બિલ 'મેરા બિલ મેરા અધિકાર' મોબાઈલ એપ પર અપલોડ કરી શકાશે. જે IOS અને એન્ડ્રોઈડ એપ સિસ્ટમ પર ઉપલબ્ધ રહેશે.
- આ પ્રોજેક્ટ ગુજરાત, આસામ, હરિયાણા, પોંડિચેરી, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં પ્રાયોગિક રૂપે શરૂ કરવામાં આવશે.
- આ યોજનાનો લાભ લેવા દરેક ગ્રાહકોએ GSTમાં નોંધાયેલ વિક્રેતાઓ પાસેથી ઈનવોઈસ લેવાના રહેશે.
- માસિક અથવા ત્રિમાસિક સ્તરે આ બિલોનો લકી ડ્રો કરવામાં આવશે જેમાં વિજેતાને રૂા. 1 કરોડ, રૂા. 10 લાખ અને રૂા.10 હજારના ઈનામ આપવામાં આવશે.
- જયારે ઈનવોઈસ (બિલ) એપ પર અપલોડ કરવામાં આવે ત્યારે વિક્રેતાનો GSTIN, ઈનવોઈસ નંબર, ચૂકવેલી રકમ અને કરની રકમ નો ઉલ્લેખ ઈનવોઈસમાં હોવો જોઈએ.




**Goods and Services Tax (GST) વિશે....**

- 1 જુલાઈ 2017 ના રોજ વસ્તુ અને સેવા કર સંપૂર્ણ ભારતમાં લાગુ કરવામાં આવ્યું.
- GST એ એકલ કર પ્રણાલી છે. જે અપ્રત્યક્ષ કર છે જેમાં વર્તમનના મોટા ભાગના અપ્રત્યક્ષ કરો સમાઈ જાય છે.
- GST ના ચાર પ્રકાર છે.
  (1) CGST (કેન્દ્રીય વસ્તુ અને સેવા કર)
  (2) SGST (રાજય વસ્તુ અને સેવા કર)
  (3) IGST (સંકલિત વસ્તુ અને સેવા કર)
  (4) UTGST (કેન્દ્રશાસિત પ્રદેશ વસ્તુ અને સેવા કર)

## RBI એ દેશની આર્થિક સ્થિતિની માહિતી આપતો અહેવાલ રજૂ કર્યો

- RBI (Reserve Bank of India) એ STUDY ON INVESTMENT ATTRACTIVENESS નામનો દેશની માહિતી આપતો અહેવાલ રજૂ કર્યો છે.
- RBI ના અભ્યાસ મુજબ 2022-23 દરમિયાન કરવામાં આવેલ કુલ બેંક આધારિત રોકાણ દરખાસ્તોમાં 5 રાજયોનો હિસ્સો અડધાથી વધારે છે.
- આ અભ્યાસ દર્શાવે છે કે કયા રાજયોમાં રોકાણકારો આર્કષાય છે.
- વર્ષ 2022-23 માં કુલ 983 પરિયોજનામાં 3 લાખ કરોડનું રોકાણ થયું છે.
- બેંક અને સંસ્થા દ્વારા પૂરૂં પાડવામાં આવેલ 60% ભંડોળ આંતરમાળખાકીય પરિયોજનામાં ફાળવવામાં આવ્યું છે.



- ઉર્જા, રોડ, બ્રિજ, SEZs, બાયોટેક અને IT પાર્ક જેવા ક્ષેત્ર રોકાણકારો માટ મુખ્ય આર્કષણ રહયા છે.
- સૌથી વધુ રોકાણ મેળવનાર રાજયો અનુક્રમે ઉત્તરપ્રદે, ગુજરાત, ઓડિશા, મહારાષ્ટ્ર અને કર્ણાટક છે. આ રાજયોએ 50% રોકાણ મેળવ્યું છે.
- જેમાં 93% થી વધુ રોકાણ ગ્રીન ફિલ્ડ ક્ષેત્રોમાં આવ્યું છે.
- જયારે કેરળ, ગોવા અને આસામ આ યાદીમાં અંતિમ રહયા છે.

**Reserve Bank of India (RBI) વિશે....**

**વડુમથક** : મુંબઈ, મહારાષ્ટ્ર

- તેની સ્થાપના 1 એપ્રિલ 1935 ના રોજ થઈ હતી.
- તેનું વર્ષ 1949 માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યુ હતું.
- તેના પ્રથમ ગર્વનર સર ઓસ્બોન સ્મિથ હતા.
- શકિત્તકાંત દાસ તેના વર્તમાન ગવર્નર છે.

## RBI એ ઋણ ધારક પાસેથી લેવામાં આવતા 'PENAL INTEREST' રદ કર્યો

- RBI (Reserve Bank of India) એ બેંકો દ્વારા ઋણ ધારકો પાસેથી લેવામાં આવતા 'PENAL INTREST'ને રદ કર્યો છે.
- RBI એ બેંકોને PENAL INTREST ની જગ્યાએ PENAL CHARGE લેવાનો આદેશ આપ્યો છે. આ ચાર્જ વાજબી ધિરાણ હેઠળ લેવામાં આવશે.
- નવી માર્ગદર્શિકા નાની ફાઈનાન્સ બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો સહિત બેંકોને લાગુ પડશે.
- પેમેન્ટ બેંકો, નોન બેન્કિંગ નાણાકીય કંપનીઓ, હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ, પ્રાથમિક શહેરી સહકારી બેંકો, તમામ ભારતીય નાણાકીય સંસ્થાઓ જેમ કે EXiM બેંક, નાબાર્ડ, SIDBI અને NABFID જેવી સંસ્થાઓને લાગુ પડશે નહીં.
- આ નવી માર્ગદર્શિકા 1 જાન્યુઆરી, 2024 થી લાગુ થશે.
- હવેથી બેંકોએ તેના લોન એગ્રીમેન્ટમાં દર્શાવવામાં આવતું Most Important Terms and Condition અથવા Key Fact Statement પોતાની વેબસાઈટ પર મૂકવાનું રહેશે.
- આ ઉપરાંત RBIએ બેંકોને વ્યકિતગત લોન પર ગ્રાહકોને Floating Rate માંથી Fixed Rate અને Fixed Rate માંથી Floating Rate પર બદલી શકે તે માટે વિકલ્પ આપવા કહ્યું છે.




**PENAL CHARGES**

- તે ધિરાણકર્તા દ્વારા ઉધાર લેનાર પર લાદવામાં આવતા વધારાનો શુલ્ક છે.
- જ્યારે ધિરાણ લેનાર લોન અથવા અન્ય નાણાકીય સાધનો પર સમાન માસિક હપ્તા (EMI) ચૂકવવામાં વિલંબ કરે ત્યારે આ ચૂકવવા પાત્ર છે.
- જ્યારે ચૂકવણી ડિફોલ્ટ થાય છે ત્યારે તેના પર લેવામાં આવતી પેનલ્ટી ચાર્જ બેંકો અને NBFLમાં અલગ અલગ હોય છે.
  Ex : ધારો કે કોઈ વ્યકિત 10 લાખની લોનને દર મહિને 10,000 હપ્તો ભરે છે જ્યારે તે વ્યકિત તે મહિને EMI ન ભરી શકે ત્યારે તેના પર ચાર્જ લાગે છે તેને PENAL CHARGE કહે છે.

**PENAL INTREST**

- તે એડવાન્સ પર વસૂલવામાં આવતા વ્યાજના દરમાં ઉમેરવામાં આવે છે.
- જ્યારે ધિરાણ લેનાર ધિરાણના EMI પુનઃ ચૂકવણી શેડયૂલ પ્રમાણે ચૂકવતો નથી ત્યારે ધિરાણ ધરનાર દ્વારા વસૂલવામાં આવતો દંડ વ્યાજ છે.
  Ex : ધારો કે કોઈ વ્યકિત 10 લાખની લોનના દર મહિને 10000 હપ્તો ભરે છે જ્યારે તે વ્યકિત જે મહિને EMI ન ભરી શકે ત્યારે તેના પર જે દંડાત્મક ચાર્જ લાગે છે તેના કુલ મૂલ્ય (EMI + દંડાત્મક ચાર્જ) પર જે વધારાનો ચાર્જ લગાવવામાં આવે છે તેને 'PENAL INTREST' કહે છે.



# પોલીસ ભરતી Result-2019

## પોલીસ કોન્સ્ટેબલ

**70+** થી વધુ વિદ્યાર્થીઓ ની પસંદગી થવા બદલ

**ખૂબ ખૂબ અભિનંદન**




and Many More...

**તમારી વિશ્વસનીયતા એજ અમારી સફળતા...**

GPSC I/II | ના.મામલતદાર | PSI/ASI | તલાટી | કોન્સ્ટેબલ | બિન સચિવાલય | TET I/II

તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ

**Our Branches**


(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 6 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## વડાપ્રધાને 1.25 લાખ વડાપ્રધાન ખેડૂત સમૃદ્ધિ કેન્દ્રોનું રાષ્ટ્રને સમર્પણ કર્યું

➲ પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી દ્વારા રાજસ્થાનના સીકર ખાતેથી વિવિધ પહેલોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પહેલો નીચે મુજબ છે :–

**(1) 1.25 લાખ પ્રધાનમંત્રી ખેડૂત સમૃદ્ધિ કેન્દ્ર રાષ્ટ્રને સમર્પિત :–**



- આ કેન્દ્રો ખેડૂતોને એક જ જગ્યાએ ખેતી સાથે સંબંધિત જરૂરિયાતો જેમ કે ખાતર, બિયારણ, કીટનાશક મશીનરી, પરીક્ષણ, ઉપકરણ વગેરે જેવી રાહતો મળશે.
- આ ઉપરાંત ખેડી સાથે જોડાયેલી સરકારી યોજનાઓની માહિતી પણ ખેડૂતોને સહેલાઈથી મળશે.
- દેશભરમાં જિલ્લા, બ્લોક અને ગામના સ્તર પર વડા પ્રધાન ખેડૂત કેન્દ્ર હશે.
- ઓકટોબર 2023 સુધી કેન્દ્રોની સંખ્યા વધારીને 2.80 લાખ કરવામાં આવશે.

**(2) સલ્ફર કોટેડ યુરિયા (ગોલ્ડ યુરિયા) ની શરૂઆત :–**

- જૂન 2023 માં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ જમીનમાં સલ્ફરની ઉણપને પહોંચી વળવા માટે દેશમાં સૌપ્રથમવાર સલ્ફર કોટેડ યુરિયા દાખલ કરવાનો નિર્ણય લીધો હતો.
- તેમાં નાઈટ્રોજન શોષણ કાર્યક્ષમતાને 78% સુધી વધારશે જે નીમ કોટેડ યુરિયામાં માત્ર 50% જ છે.

**(3) પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PMKISAN) ના 14 માં હપ્તાનું વિતરણ કરવામાં આવ્યું.**

- PM-KISAN યોજનાની શરૂઆત 24 ફેબ્રુઆરી 2019 થી કરવામાં આવી હતી.
- તેમાં ખેડૂતોને દર વર્ષ ચાર – ચાર મહિનાના ત્રણ હપ્તામાં કુલ 6,000 વીત્તીય લાભ પ્રત્યક્ષરૂપે બેંક ખાતામાં જમા થાય છે.
- અત્યાર સુધીમાં દેશના 11 કરોડથી વધુ ખેડૂતોને 2.42 લાખ કરોડનો લાભ મળ્યો છે.

## ભારત સરકારએ YES-Tech, WINDS પોર્ટલ અને AIDE મોબાઈલ એપ લોન્ચ કરી

➲ કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમર અને કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાનમંત્રી કિરેન રિજ્જુ દ્વારા નવી દિલ્હી ખાતેથી Yield Estimation System Based on Technology (YES-Tech) માર્ગદર્શિકા, Weather Information Network Data System (Winds) પોર્ટલ અને AIDE મોબાઈલ એપ્લિકેશન જેવી પહેલોનો શુભારંભ કરવામાં આવ્યો.

**(1) YES –Tech**

- તે વિસ્તૃત માર્ગદર્શિકા છે જે ભારતના 100 જિલ્લાઓમાં વ્યાપક પરિક્ષણ અને પ્રાયોગિક ધોરણે અમલ બાદ વિકસાવવામાં આવી છે.
- તે એક ટેકનોલોજી – સંચાલિત ઉપજ અંદાજ પ્રણાલી છે.
- જે ગ્રામ પંચાયત સ્તરે સચોટ ઉપજ મૂલ્યાંકન માટે પધ્ધતિઓ, શ્રેષ્ઠ પ્રયાસો અને એકિકૃત સમજ આપે છે.
- તે કૃષિ ક્ષેત્રમાં ઉપજના અંદાજ અને નિર્ણય લેવાની ક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે.

**(2) WIND પોર્ટલ**

- Weather Information Network Data System.
- જે તાલુકા / બ્લોક અને ગ્રામ પંચાયત સ્તરે સ્વયંસંચાલિત હવામાન સ્ટેશન અને વરસાદ માપક દ્વારા એકત્ર કરાયેલ માહિતીનો સંગ્રહ કરવુ, સંચાલન કરવું તેમજ તેની પ્રક્રિયા કરવી.




- આ પોર્ટલ કૃષિ ક્ષેત્ર અને ગ્રામીણ અર્થવ્યવસ્થાને ટેકો આપતા પાક વીમા, કૃષિ સલાહકાર અને આપત્તિ ઘટાડવા જોખમ મૂલ્યાંકન અને નિર્ણય લેવાની ક્ષમતા વધારે છે.

**(3) AIDE મોબાઈલ એપ**

- તેનો ઉદ્દેશ્ય પાક વીમાં માટેની નોંધણી પ્રક્રિયામાં ક્રાંતિ લાવવાનો છે.
- તે એન્ડ્રોઈડ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.
- આ એપ પાક વીમા નોંધણી પ્રક્રિયાને સીધા ખેડૂતોના ઘર સુધી પહોંચાડે છે.

❖ **પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY)**

- 13 જાન્યુઆરી, 2016 ના રોજ કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY) શરૂ કરવામાં આવી હતી.

Banking Academy

- આ યોજના હેઠળ ખેડૂતોને કુલ વીમાની રાશીના ખરીફ પાક માટે 2% પ્રિમિયમ, રવી પાક માટે 1.5% પ્રિમિયમ તથા વાણિજ્યિક અને બાગાયતી પાક માટે 5% પ્રિમિયમ ચૂકવવું પડે છે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય જીવાતો, કુદરતી હોનારતો અને પાકમાં થતી બીમારીઓને કારણે સૂચિત પાક નિષ્ફળ જવાની ઘટનામાં ખેડૂતોને આર્થિક સહાય તથા વીમા કવચ પૂરુ પાડવાનો છે.

## ‘મેરા ગાંવ મેરી ધરોહર’ પહેલ શરૂ કરવામાં આવી




- કેન્દ્રીય ગૃહમંત્રી તેમજ સહકારિતા મંત્રી અમિતશાહ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે નવી દિલ્હીના કુતુબ મિનાર ખાતે ‘મેરા ગાંવ મેરી ધરોહર’ નામની પહેલ લોન્ચ કરવામાં આવી હતી.
- સાંસ્કૃતિક મંત્રાલયે ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ (IGNCA) સાથે સંકલનમાં નેશનલ મિશન ઓન કલ્ચરલ મેપિંગ હેઠળ ‘મેરા ગાંવ મેરી ધરોહર’ (MGMD) પ્રોજેક્ટ શરૂ કર્યો છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની સમૃધ્ધ સંસ્કૃતિ અને પરંપરાઓને પ્રોત્સાહિત કરવાનો, ગ્રામીણ સમુદાયોમાં આર્થિક વિકાસ, સામાજિક સમરસતા અને કલાત્મક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- MGMD દ્વારા 28 રાજયો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા ભારતના 6.5 લાખ ગામડાઓનું એક વ્યાપક વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર સાંસ્કૃતિક મેપિંગ કરવાનો છે તેમજ લોકોને ભારતના વૈવિધ્યસભર અને જીવંત સાંસ્કૃતિક વારસાને જાણવાની તક આપવાનો છે.
- આ પોર્ટલ દરેક ગ્રામ વિશે જરૂરી માહિતી પ્રદર્શિત કરે છે, જેમાં તેનું ભૌગોલિક સ્થાન, વસતિ વિષયક પાસાઓ અને પરંપરાગત પહેરવેશ, ઝવેરાત, કલા અને હસ્તકલા, તહેવારો, મંદિરો મેળાઓ વગેરેનો સમાવેશ થાય છે.
- તે અન્વેષણ, સંશોધન અને દેશના દરેક ગામની વર્ચ્યુઅલ ટૂર કરવા માટે વન સ્ટોપ ડેસ્ટિનેશન તરીકે સેવા આપશે.
- વપરાશકર્તાઓને તેમની ડિજિટલ ગામની યાત્રા શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરવા ઉપરાંત, તે તેમને ડિજિટલ રીતે ગામડાની મુસાફરીનો અનુભવ આપવાની તક પૂરી પાડે છે.

## ‘મેરી માટી મેરા દેશ’ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું




- કેન્દ્ર સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે 9 ઓગસ્ટથી 30 ઓગસ્ટ સુધી ‘મેરી માટી મેરા દેશ’ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી.
- જેના અંતર્ગત ગુજરાતમાં 9 મી થી 15 મી ઓગસ્ટ 2023 સુધી સ્થાનિક કક્ષાએ પાંચ જુદી – જુદી થીમ પર કાર્યક્રમ યોજાશે.
- અભિયાન અંતર્ગત દેશભરની ગ્રામ પંચાયતોમાંથી માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના કર્તવ્ય પથ પર લાવીને આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક તેમજ અમૃતવાટિકા બનાવીને જેમણે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. તેવા વીરોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.
- આ ઝુંબેશમાં દેશભરના ગામડવાઓમાંથી અંદાજીત 1.50 કરોડ લોકો જોડાશે અને 10 લાખ થી વધુ વૃક્ષો વાવવામાં આવશે.
- પંચપ્રાણ પ્રતિજ્ઞા જેમાં ગ્રામ પંચાયત સ્તરે ગ્રામજનો દ્વારા હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દીવો રાખી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવશે.
- ‘વસુધા વંદન’ કાર્યક્રમ અંતર્ગત દરેક ગ્રામ પંચાયત દીઠ 75 રોપાઓ વાવીને ઉછેર કરવામાં આવે છે.
- વીરોને વંદન હેઠળ સ્થાનિક પરંપરાઓ અને રિવાજો મુજબ ‘દેશના વીરો’ કે જેમાં સ્વતંત્ર સેનાનીઓ, સંરક્ષણ કર્મચારીઓ, રાજય અને કેન્દ્રના પોલીસ દળોના કર્મચારીઓ કે જેઓએ દેશ માટે બલિદાન આપેલ હોય તેમના પરિવાર માટે સન્માન સમારોહ યોજવામાં આવશે.
- ગ્રામ પંચાયતની તાલુકા અને રાજધાની નવી દિલ્હી સુધીની મિટ્ટી યાત્રામાં ગ્રામજનો દ્વારા માટી એકત્ર કરી અને તાલુકા કક્ષાએ તમામ ગ્રામ પંચાયતોની માટીને એકત્ર કરીને નવી દિલ્હી ખાતે તે માટીના કળશને લઈ જવામાં આવશે.
- આ કળશ જે કર્તવ્ય પથ, નવી દિલ્હી ખાતે 30 ઓગસ્ટના અંતિમ કાર્યક્રમમાં ઉપયોગમાં લેવાશે.
- ગુજરાતમાં આ અભિયાન મુખ્ય બે ભાગમાં થશે જેમાંથી એક સ્થાનિક કાર્યક્રમ અને બીજો મિટ્ટી યાત્રા સ્વરૂપે યોજાશે.
- ગ્રામીણ કક્ષાએ કાર્યક્રમના દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં અને રાષ્ટ્રગાન પણ ગાવામાં આવશે.

## મધ્યપ્રદેશમાં હેલી શિખર સંમેલન 2023 નું આયોજન કરવામાં આવ્યું

- નાગરીક ઉડ્ડયન મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ મધ્યપ્રદેશના ખજુરાહોમાં 5માં હેલીકોપ્ટર અને લઘુવિમાન શિખર સંમેલન (હેલી શિખર સંમેલન–2023) નું ઉદ્દઘાટન કર્યુ હતું.
- આ કાર્યક્રમ દરમિયાન મંત્રીએ RCS UDAN 5.2 અને Helisewa – App પણ લોન્ચ કરી હતી.

Banking Academy

❖ **હેલી શિખર સંમેલન – 2023**




- સંમેલનનો વિષય "Reaching the Last Mile : Regional Connectivity Through helicopter & Small Aircraft" રાખવામાં આવ્યો હતો.

❖ **સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય :–**

- ભારતીય હેલીકોપ્ટર અને લઘુવિમાન ઉદ્યોગના વિકાસ અંગે ચર્ચા કરવા માટે ઉદ્યોગના તમામ હિતધારકો અને નીતિ ઘડવૈયાઓ માટે એક સામાન્ય પ્લેટફોર્મ પુરૂ પાડવું.
- દુરસ્થ અને પહાડી પ્રદેશોમાં UDAN યોજનાનો વ્યાપ વધારવો તેમજ દેશમાં ગ્રામીણ થી શહેરી વચ્ચેના આંતરજોડાણનો વિસ્તાર કરવો.
- અવિરત સેવાઓ પ્રદાન કરીને હાલના અને સંભવિત પર્યટન હોટસ્પોટ માટે હેલીકોપ્ટર અને નાના વિમાનોની મદદથી આંતરજોડાણને વધારવુ.

❖ **UDAN 5.2 (Ude Desh Ka Aam Nagarika)**

- દેશમાં છેવાડાના અને પ્રાદેશિક વિસ્તારોમાં જોડાણ સુવિધાને વધારવા તેમજ 1A (< સીટ) અને શ્રેણી 1 (< 20 સીટ) જેવા લઘુ વિમાનોની મદદથી છેવાડાના માનવી સુધી જોડાણ સુનિશ્ચિત કરવા UDAN 5.2 લોન્ચ કરવામાં આવ્યુ છે.
- તે માટે 22 નવા રૂટની ફાળવણી કરવામાં આવી છે.

❖ **Helisewa App**

- આ એપ્લિકેશન હેલીસેવા પોર્ટલનો એક ભાગ છે. જે ડિજિટલ ઈન્ડિયા હેઠળ નાગરીક ઉડ્ડયન મંત્રાલયની પહેલ છે.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય હેલિકોપ્ટર ઓપરેટર અને જિલ્લા સત્તાધિકારીઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા સામાન્ય પ્લેટફોર્મ સ્થાપિત કરવાનો છે.
- ભારતમાં હેલિકોપ્ટર અને લઘુવિમાન ક્ષેત્રને આગળ વધારવા માટે 'પવન હંસ' અને 'જેટસર્વ' કંપનીઓ વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## JJM ડિજિટલ એકેડેમીની સ્થાપના કરવામાં આવી




- પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગે જલજીવન મિશન (JJM) ડિજિટલ એકેડેમીની સ્થાપના કરી છે.
- આ એકેડેમીનો હેતુ ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ભારતમાં પાણી પૂરવઠા ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો છે.
- નવી દિલ્હી ખાતે બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ દરમિયાન પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ તથા ઈકો ઈન્ડિયા વચ્ચે MoU ના આદાનપ્રદાન દ્વારા આ નવીન પ્રોજેકટની સ્થાપના કરવામાં આવી હતી.
- એકેડેમી રાષ્ટ્રીય અને રાજય સરકારો, સંયુકત રાષ્ટ્રની વિવિધ સંસ્થાઓ અને નાગરીક સમાજો વચ્ચે જ્ઞાન આદાન – પ્રદાન સત્રો તેમજ શ્રેષ્ઠ પ્રથાઓના સંગ્રહ સ્થાન તરીકે કાર્ય કરશે.
- તે સમગ્ર દેશમાંથી પાણી પૂરવઠા પહેલની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા માટે વહીવટીકર્તાઓ, ઈજનેરો, પંચાયત કાર્યકર્તાઓ, સ્વચ્છતા કાર્યકરોને જરૂરી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરશે.

## NHAI દ્વારા 'રાજમાર્ગયાત્રા' મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી

- નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા નાગરીક કેન્દ્રિત સંકલિત મોબાઈલ એપ્લિકેશન 'રાજમાર્ગયાત્રા' લોન્ચ કરવામાં આવી છે.
- આ એપ પ્રવાસીઓને ભારતના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વ્યાપક માહિતી તેમજ કાર્યક્ષમ ફરિયાદ નિવારણ પ્રણાલી પ્રદાન કરે છે.
- તે હાલમાં હિન્દી અને અંગ્રેજી એમ બે ભાષામાં જ ઉપલબ્ધ છે.

❖ **એપની વિશેષતાઓ :**

- વ્યાપક રીતે હાઈવે અંગેની માહિતી – તે એક જ જગ્યા પર આવશ્યક માહિતી પૂરી પાડવાનું કામ કરે છે. વાસ્તવિક સમયની હવામાન પરિસ્થિતિઓ, સમયસર પ્રસારણ સૂચનાઓ અને નજીકના ટોલ પ્લાઝા, પેટ્રોલપંપ, હોસ્પિટલ, હોટલ અને અન્ય આવશ્યક સેવાઓ વિશેની માહિતી પ્રદાન કરે છે.




- એપમાં આંતરીક ફરિયાદ નિવારણ પ્રણાલી થી સજ્જ છે.
- વપરાશ કર્તાઓ સારી સ્પષ્ટતા માટે જિયોટેગ કરેલા વીડિયો અથવા ફોટા જોડીને હાઈવે સંબંધિત સમસ્યાઓની જાણ સરળતાથી કરી શકે છે.
- ‘રાજયમાર્ગયાત્રા’ એ તેની સેવાઓને વિવિધ બેંક પોર્ટલ સાથે સંકલિત કરી શકે છે, જેનાથી વપરાશકર્તાઓ સરળતાથી તેમના FASTag રિચાર્જ કરી શકે છે, માસિક પાસ મેળવી શકે છે. અને એક જ પ્લેટફોર્મ પર અન્ય FASTag સંબંધિત બેંકિંગ સેવાઓનો લાભ મેળવી શકે છે.
- આ ઉપરાંત તે જવાબદાર અને સલામત ડ્રાઈવિંગને પ્રોત્સાહન આપવા માટે ઓવર સ્પીડિંગ સૂચના અને વોઈસ સહાય પૂરી પાડવામાં આવશે.

## ભારતના આરોગ્ય વિભાગ દ્વારા ઈ–કેર પોર્ટલની શરૂઆત કરવામાં આવી



- ભારતના આરોગ્ય વિભાગ દ્વારા વિદેશમાંથી સ્વજનનો મૃતદેહ ભારત લાવવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે ઈ–કેર પોર્ટલ શરૂ કરવામાં આવશે.
- સરકાર એરપોર્ટ હેલ્થ ઓર્ગેનાઈઝેશનમાંથી એક નોડલ ઓફિસર નિયુક્ત કરશે. જેઓ પોર્ટલનું 24×7 મોનિટરીંગ કરશે.
- દિલ્હી એરપોર્ટ ભારત માટે નોડલ એરપોર્ટ રહેશે. ભારતના તમામ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુધી સૂચના દિલ્હી એરપોર્ટ પર બનેલી ઓફિસથી મોકલવામાં આવશે.
- અરજદારે ચાર દસ્તાવેજોની સ્કેન કરેલી નકલો જમા કરવી પડશે. જેમાં મૃત્યુ પ્રમાણપત્ર એમ્બાલ્મ પ્રમાણપત્ર, ભારતીય દૂતાવાસનો ના–વાંધા પ્રમાણપત્ર અને મૃત વ્યકિતનો નિષ્ક્રીય પાસપોર્ટનો સમાવેશ થાય છે.

## NCPCR દ્વારા MASI પોર્ટલ વિકસાવવામાં આવ્યું


MASI Portal for Monitoring CHILD CARE HOMES

- National Commission For Protection of Child Rights (NCPCR) એ સમગ્ર દેશમાં ચાઈલ્ડ કેર ઈન્સ્ટિટ્યુશન (CCI) ના વાસ્તવિક સમયની દેખરેખ માટે MASI (Monitoring App for Seamless Inspection) નામની એપ્લિકેશન વિકસાવી છે.
- આ એપનો ઉદ્દેશ્ય Juvenile Justice Act- 2015 (2021 માં સુધારેલ) હેઠળ પૂરા પાડવામાં આવેલ CCIS નું અસરકારક અને કાર્યક્ષમ નિરિક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.
- એપ્લિકેશનમાં ઓથોરિટી દ્વારા પ્રશ્નાવલી ભરાવવામાં તેમજ સબમિટ કરાવવામાં આવે કે તરત જ સંપૂર્ણ અહેવાલ પોર્ટલ પર આપમેળે બનતો જાય છે.
- તે બાળ કલ્યાણ સમિતિઓ, રાજયનિરિક્ષણ સમિતિઓ, Juvenile Justice Board (JJBs) અને બાળ અધિકારોના સંરક્ષણ માટે રાજય કમિશન સહિત વિવિધ સંસ્થાઓને એકીકૃત નિરિક્ષણની મંજૂરી આપે છે.

Banking Academy

### National Commission for Protection of Child Rights (NCPCR) વિશે....

- તે એક વૈધાનિક સંસ્થા છે જે The Commission for Protection of child Right Act – 2005 હેઠળ બનાવવામાં આવી છે.
- તે મહિલા અને બાળવિકાસ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- તેનું મુખ્ય કાર્ય બાળ અધિકારો સંબંધિત કાયદાઓ નીતિઓ, કાર્યક્રમો અને વહિવટી વ્યવસ્થા ભારતના બંધારણ અને સંયુક્ત રાષ્ટ્રની સમજૂતીને અનુરૂપ સુનિશ્ચિત કરવાનો છે.
- આ કમિશનમાં એક અધ્યક્ષ અને છ સભ્યો હોય છે.

## ULLAS મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી

- કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્રપ્રધાન દ્વારા NEP – 2020 ની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે ભારત મંડપમ, પ્રગતિ મેદાન, દિલ્હી ખાતેથી ULLAS મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી.
- ULLAS નું પુરું નામ Understanding Lifelong Learning For all in Society છે.
- આ ઉપરાંત ULLAS નું સુત્ર ‘જન જન સાક્ષર’ ને પણ લોન્ચ કર્યુ હતું.

- એપ્લિકેશન કાર્યાત્મક સાક્ષરતા, વ્યાવસાયિક કૌશલ્ય અને નાણાકીય સાક્ષરતા, કાનુની સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા અને નાગરીકોના સશક્તિકરણ જેવી કેટલીક મહત્વપૂર્ણ જીવન કૌશલ્યોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- ULLAS મોબાઈલ એપ એ મૂળભૂત સાક્ષરતાને વ્યાપક પણે સુલભ બનાવવા માટે ટેકનોલોજીની ક્ષમતાનો ઉપયોગ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.




- આ એપ એન્ડ્રોઈડ અને ios બંને પર ઉપલબ્ધ છે.
- તે NCERT ના DIKSHA પોર્ટલ દ્વારા શીખનારાઓ માટે વિવિધ સંશોધનો સાથે જોડવા માટે ડિજિટલ ગેટવે તરીકે કાર્ય કરશે.
- ULLAS પહેલ મૂળભૂત સાક્ષરતા અને નિર્ણાયક જીવન કૌશલ્યો વચ્ચેના અંતરને દૂર કરીને અને દરેક માટે સુલભ શિક્ષણ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપીને સમગ્ર દેશમાં શિક્ષણ અને સાક્ષરતામાં ક્રાંતિ લાવશે.
- આ કાર્યક્રમ 15 વર્ષ અને તેથી વધુ વયના નાગરીકોને મૂળભૂત શિક્ષણ, ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા અને મહત્વપૂર્ણ જીવન કૌશલ્યોથી સજ્જ કરે છે જેમણે શાળામાં જવાની તક ગુમાવી છે.

## કેન્દ્રીય નાણામંત્રાલયે વિવાદ સે વિશ્વાસ 2.0 યોજના શરૂ કરી




- કેન્દ્રીય નાણા મંત્રાલયે સરકાર અને સરકારી ઉપક્રમોના અનિર્ણિત કરાર વિવાદોને અસરકારક રીતે ઉકેલવા માટે 'વિવાદ સે વિશ્વાસ – II' યોજના શરૂ કરી છે.
- કેન્દ્રીય નાણામંત્રી દ્વારા કેન્દ્રીય બજેટ 2023 – 24 માં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

### ❖ વિવાદ સે વિશ્વાસ – II યોજના

- તે એક સ્વૈચ્છિક સમાધાન યોજના છે જેમાં સરકારી સંસ્થા સાથે સંકળાયેલ લાંબા સમયથી ચાલતા વિવિધ કરારના વિવાદોને ઉકેલવામાં આવે છે.
- તે ખાસ કરીને એવા વિવાદો માટે છે, જયાં મધ્યથી નિર્ણય (Arbitral Award) કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.
- આ યોજના વિવાદના પડતર તબક્કાના આધારે વર્ગીકૃત કરેલી શરતો પ્રમાણે પ્રમાણિત સ્વૈચ્છિક અભિગમ અપનાવવામાં આવ્યો છે.
- આ યોજનાનો ઉદેશ્ય કરાર વિવાદોને અસરકારક રીતે ઉકેલવા, સરકાર સાથે વેપાર કરવાની સરળતાને પ્રોત્સાહન આપવુ તેમજ દેશમાં નવા રોકાણને પ્રોત્સાહિત કરવાનો છે.
- તેનો અમલ Government e- Marketplace (GeM) પ્લેટફોર્મના માધ્યમથી કરવામાં આવશે.
- આ યોજના હેઠળ કેન્દ્ર સરકારી સંસ્થાઓ જેમાં સ્વાયત્ત સંસ્થાઓ, જાહેરક્ષેત્રની બેંકો અને નાણાકીય સંસ્થાઓ, કેન્દ્રીય જાહેર ક્ષેત્રની કંપનીઓ, કેન્દ્રશાસિત પ્રદેશો અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ – દિલ્હી (NCR) નો સમાવેશ થાય છે.
- મેટ્રો કોર્પોરેશન જેવી સંસ્થઓ, જયા કેન્દ્ર પાસે 50% હિસ્સો છે, તેઓ તેમની વિવેક બુધ્ધિ, બોર્ડની મંજૂરીને આધીન યોજનામાંથી બહાર નીકળવાનું પસંદ કરી શકે છે.
- આ યોજના હેઠળ પતાવટની રકમ : કોર્ટના નિર્ણયને લગતા કેસમાં ઠેકેદારને ચૂકવવામાં આવનારી પતાવટની રકમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી કુલ રકમના 85% સુધીની હોવી જોઈએ, જયારે મધ્યસ્થીના નિર્ણયો ને લગતા કેસોમાં કુલ રકમના 65% જટલી હોવી જોઈએ.

## 'Bhartiya Vastra Evam Shilpakosh' પોર્ટલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં પ્રગતિ મેદાન સ્થિત 'ભારત મંડપમ' ખાતેથી 7 મી ઓગસ્ટના રોજ 9 માં રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ ઉજવણીની અધ્યક્ષતા કરી હતી.



- આ વર્ષનો વિષય 'Handloom for Sustainable Fashion' હતી તેનો ઉદ્દેશ્ય મશીનથી બનેલા કાપડની જગ્યાએ પર્યાવરણને અનુકુળ અને ટકાઉ ઉત્પાદનને ભાર આપે છે.
- આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ 'Bhartiya Vastra Evam Shilpa Kosh-A Repositor of Textiles & Crafts' નામનું ઈ–પોર્ટલ લોન્ચ કર્યુ હતું.
- આ પોર્ટલ દેશના તમામ હેન્ડલૂમ કલસ્ટરો, NIFT કેમ્પસ, વણકર સેવા કેન્દ્ર, રાષ્ટ્રીય હાથવણાટ વિકાસ નિગમ, હાથવણાટ નિકાસ પ્રોત્સાહન પરિષદ, KVIC સંસ્થાઓ અને વિવિધ રાજય હેન્ડલૂમ વિભાગોને એકસાથે લાવશે.
- સમગ્ર ભારતમાં 7 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય હાથવણાટના કામો અને ભારતીય હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો છે.
- દેશના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન સ્વદેશી ચળવળની શરૂઆત 7 ઓગસ્ટ 1905 ના રોજ થઈ હતી.

- તેથી તેની યાદમાં દર વર્ષે આ દિવસે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ ઉજવવામાં આવે છે.
- સૌપ્રથમ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની શરૂઆત 7 ઓગસ્ટ 2015 ના રોજ વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા કરવામાં આવી હતી.

## PM સ્વનિધિ યોજનામાં નવા લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં આવ્યા

- આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા શેરી વિક્રેતાઓ માટેની PM સ્વનિધિ યોજનામાં નવો લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં આવ્યો.
- 63 લાખ નવી લોનનું ડિસેમ્બર 2023 સુધીમાં વિતરણ કરવાનો નવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### ❖ PM સ્વનિધિ યોજના

- 1 જુન 2020 થી આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ આર્થિક પ્રોત્સાહન – II ના ભાગરૂપે આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- આ યોજનાનો ઉદ્દેશ્ય કોવિડ – 19 મહામારીના કારણે અસરગ્રસ્ત શેરી વિક્રેતાઓને આજીવિકા શરૂ કરવા માટે નીચા દરે લોન આપી પ્રોત્સાહન આપવાનો છે.




- તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
- તે આવાસ અને શહેરી બાબતોમાં મંત્રાલય હેઠળ આવે છે.
- યોજના હેઠળ પહેલુ ધિરાણ 10,000 સુધીનું, બીજુ ધિરાણ 20,000 સુધીનું અને ત્રીજુ ધિરાણ 50,000 સુધીનું આપવામાં આવે છે.
- તેમાં 7% વ્યાજ સહાય આપવામાં આવે છે.
- ધિરાણનો સમયગાળો ડિસેમ્બર 2024 સુધી લંબાવવામાં આવેલ છે.

## ઉત્તર ભારતની સૌપ્રથમ દેવિકા નદી કાયાકલ્પ પરિયોજના પૂર્ણ થશે

- કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજય મંત્રીએ દેવિકા નદી કાયાકલ્પ પરિયોજના પૂર્ણ થવા નજીક હોવાનું જણાવ્યુ હતું.
- નમામિ ગંગે કાર્યક્રમથી પ્રેરિત, આ પહેલનો હેતુ પવિત્ર દેવિકા નદીની સ્વચ્છતા અને આરોગ્યની સુરક્ષા કરવાનો છે.

### ❖ દેવિકા નદી પરિયોજના




- National River Conservation Plan (NRCP) હેઠળ આ યોજના વર્ષ 2019 ના માર્ચમાં શરૂ કરવામાં આવી હતી.
- આ યોજનાને 190 કરોડનું અનુદાન ફાળવેલ છે.
- પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન :– ઘરોને જોડતા પાઈપો અને મેનહોલ્સનું નેટવર્ક સ્થાપિત કરવું. તેનો ઉદ્દેશ્ય પ્રવાહી કચરાનો કાર્યક્ષમ નિકાલ, પ્રદૂષણ અટકાવવા અને નદીની શુદ્ધતા જાળવવાનો છે.
- ઘનકચરાનું વ્યવસ્થાપન :– તેમાં સ્થાનિક સમુદાયો દ્વારા પેદા થતા ઘન કચરાના સંગ્રહ, નિકાલ અને વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે.
- પંચાયતીરાજ સંસ્થાઓ દ્વારા સમુદાયોનું સશક્તિકરણ કરવું – કારણકે આ સંસ્થાઓ પાયાના સ્તરે યોજનાની સફળતાને સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

### ❖ દેવિકા નદી

- તે જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં શુધ્ધ મહાદેવ મંદિરની ટેકરીઓમાંથી નીકળે છે. અને પાકિસ્તાન તરફ વહીને રાવી નદીમાં જોડાય છે.
- નદી ધાર્મિક મહત્વ ધરાવે છે કારણકે હિન્દુઓ તેને ગંગા નદીની બહેન તરીકે પૂજે છે.

## ભારતના મુખ્ય ન્યાયાધીશે 'સુસ્વાગતમ' પોર્ટલ લોન્ચ કર્યુ



- સર્વોચ્ચ અદાલતે 'સુસ્વાગતમ' પોર્ટલ શરૂ કરવાની જાહેરાત કરી છે.
- આ પોર્ટલ વકીલ, મુલાકાતીઓ તાલીમાર્થીઓ અને અન્ય લોકોને પોતાના ઓનલાઈન નોંધણી કરાવવા અને સર્વોચ્ચ અદાલતમાં દાખલ થવા ઈ–પાસ મેળવવામાં મદદરૂપ થશે.
- જુલાઈ 2023 માં આ પોર્ટલનું પ્રાયોગિક ધોરણે પરિક્ષણ કરવામાં આવ્યુ હતું અને વપરાશકર્તાઓ તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.
- તે વેબ આધારિત અને મોબાઈલ ફ્રેન્ડલી એપ્લિકેશન છે જે વપરાશકર્તાઓને કોર્ટની સુનવણીમાં હાજરી આપવા, વકીલોને મળવા વગેરે જેવા વિવિધ હેતુઓ માટે ઈ– પાસની વિનંતી કરવાની મંજૂરી આપે છે.

Banking Academy

## કેન્દ્રીય કેબિનેટે સાત રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ મંત્રીમંડળએ રેલવે સંબંધિત 7 પ્રોજેક્ટને મંજૂરી આપી છે.
- જેમાં ગુજરાતના કચ્છમાં 1571 કરોડના ખર્ચે સામખિયાળી થી ગાંધીધામ વચ્ચે એક તરફે 53 કિ.મી. અને રૂટ ટ્રેક ગણતા 112.7 ના મહત્વપૂર્ણ કવાડ્રોપલીંગ પ્રોજેક્ટ (ચાર માર્ગીય રેલવે લાઈન નાખવાના) નો પણ સમાવેશ થાય છે.




- આ પ્રોજેક્ટ મલ્ટી મોડલ કનેક્ટિવિટી માટે PM ગતિ શકિત નેશનલ માસ્ટર પ્લાનનું પરિણામ છે.
- તે 9 રાજયોના 35 જિલ્લાઓને આવરી લેશે. 9 રાજયોમાં આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને પ્રશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.
- આ પ્રોજેક્ટ વાર્ષિક 200 મિલિયન ટનની નૂર પરિવહન થાય છે.
- તે ભારતીય રેલવેના વર્તમાન નેટવર્કમાં 2339 કિ.મી.નો ઉમેરો કરશે.
- કેન્દ્ર સરકાર દ્વારા 32,500 કરોડના ખર્ચના આ પ્રોજેક્ટનું સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવશે.

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | પ્રોજેક્ટની પ્રકૃતિ |
|---|---|---|
| (૧) | ગોરખપૂર – કેન્ટ – વાલ્મીકિ નગર | હાલની રેલવે લાઈનને બમણી કરવી છે. |
| (૨) | સોનનગર – અંદલ | મલ્ટી ટ્રેકિંગ |
| (૩) | નેર્ગુન્ડી બરાંગ અને ખુર્દા રોડ – વિઝિયાનગરમ | ત્રીજી રેલવે લાઈન ઉમેરવી |
| (૪) | મુડખંડ – મેડચલ અને મહબૂબનગર – ધોણે | હાલની રેલવે લાઈનને બમણી કરવી |
| (૫) | ગુંટુર – બીબીનગર | હાલની રેલવે લાઈનને બમણી કરવી |
| (૬) | ચોપન – ચુનાર | હાલની રેલવે લાઈનને બમણી કરવી |
| (૭) | સામખિયાળી – ગાંધીધામ | Quadrupling |

❖ **કવાડ્રોપલીંગ (Quadrupling)**

- તે એક રેલવે લાઈનનો એક પ્રકાર છે. જેમાં ચાર સમાંતર ટ્રેકનો સમાવેશ થાય છે. જેના બે – બે ટ્રેક બંન્ને દિશામાં જાય છે.
- તે મોટા પ્રમાણમાં ટ્રાફિકને હેન્ડલ કરી શકે છે, તેથી ખૂબ જ વ્યસ્ત રૂટ અથવા વિભાગો પર તેનો ઉપયોગ થાય છે.
- આવા ટ્રેકને 'ચતુર્ભુજ' તરીકે ઓળખવામાં આવે છે.

## કેન્દ્રીય મંત્રીમંડળે 'પી.એમ. ઈ–બસ' સેવાને મંજૂરી આપી

- પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે બસ યોજનાને મંજૂરી આપી છે. મંત્રીમંડળએ PPP (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ) ના ધોરણે શરૂ કરવાની મંજૂરી આપી છે. તેના અંતર્ગત કુલ 10,000 બસ શરૂ કરવામાં આવશે.



- આ યોજનાનો અંદાજિત ખર્ચ 57,613 કરોડનો છે. જેમાંથી 20,000 કરોડ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવશે જયારે બાકીની રકમ રાજય સરકાર આપશે.
- આ યોજના 10 વર્ષ સુધી બસની કામગીરીને ટેકો આપશે.
- આ યોજના 2011 ની વસતિ ગણતરી મુજબ 3 લાખ કે તેથી વધુ વસતિવાળા શહેરોને આવરી લેશે, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશોની તમામ રાજધાની શહેર, ઉત્તર પૂર્વીય ક્ષેત્ર અને પર્વતીય રાજયોનો સમાવેશ થાય છે.
- આ યોજનામાં સંગઠિત બસ સેવા ન ધરાવતા શહેરોને પ્રાધાન્ય આપવામાં આવશે.
- આ યોજનાને બે સેગમેન્ટમાં વિભાજિત કરવામાં આવી છે.

❖ **પ્રથમ સેગમેન્ટ (169 શહેર)**

- મંજૂર થયેલી બસ યોજના પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ પર 10000 ઈ બસો સાથે સિટી બસની કામગીરી વધારશે.
- સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રકચર – ડેપો ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે ટેકો આપશે.
- ઈ–બસ માટે મીટર પાછળનું પાવર ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરશે.

❖ **દ્વિતીય સેગમેન્ટ (181 શહેર) ગ્રીન અર્બન મોબિલિટી ઈનિશિયેટિવ**

- તેમાં બસ પ્રાથમિકતા માળખાગત સુવિધા, મલ્ટિમોડલ ઈન્ટરચેંજ સુવિધાો, NCMC આધારિત ઓટોમેટેડ ફેર કલેકશન સિસ્ટમ, ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરે જેવી હરિયાળી પહેલની કલ્પના કરવામાં આવી છે.
- રાજયો / શહેરો બસ સેવા ચલાવવા અને બસ ઓપરેટર્સને ચૂકવણી કરવા માટે જવાબદાર રહેશે.
- કેન્દ્ર સરકાર સૂચિત યોજનામાં નિર્દિષ્ટ હદ સુધી સબસિડી આપીને આ બસ સંચાલનને ટેકો આપશે.

Banking Academy

## કેન્દ્ર સરકારે પી.એમ વિશ્વકર્મા યોજનાને મંજૂરી આપી




- સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રધાનમંત્રીએ લાલ કિલ્લા પરથી પરંપરાગત કુશળ કારીગરોને લાભ આપવા માટે વિશ્વકર્મા યોજનાના અમલીકરણ અંગેની જાહેરાત કરી હતી.
- તે 13,000 કરોડના નાણાકીય ખર્ચ સાથેની કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
- આ યોજનાના અમલીકરણ માટેનો સમયગાળો નાણાકીય વર્ષ 2023-24 થી નાણાકીય વર્ષ 2027-28 સુધીનો રહેશે.

❖ **યોજનાનો હેતુ :**

- પોતાના હાથ અને સાધનો વડે કામ કરતા કારીગરો અને શિલ્પકારો દ્વારા ગુરુ –શિષ્ય પરંપરા અથવા પરંપરાગત કૌશલ્યોની કુટુંબ આધારિત પ્રથાને મજબૂત અને સંવર્ધન કરવાનો છે.
- ઉત્પાદનોની ગુણવત્તા સુધારવી અને પંહોચને વિસ્તૃત કરવી તેમજ વિશ્વકર્માઓને સ્થાનિક અને વૈશ્વિક મુલ્ય શ્રૃંખલા સાથે સંકલિત કરવાનો છે.
- આ યોજના હેઠળ કારીગર અને શિલ્પકારને PM વિશ્વકર્મા પ્રમાણપત્ર અને આઈ.ડી. કાર્ડ દ્વારા માન્યતા આપવામાં આવશે.
- આ યોજનામાં 5% વ્યાજ સહાય સાથે રૂ. 1 લાખ (પ્રથમ હપ્તો) અને રૂ. 2 લાખ (બીજો હપ્તો ) સુધીની સહાય આપવામાં આવશે.
- આ યોજના હેઠળ વધારે માં કૌશલ્ય સુધાર, ટૂલકિટ વિતરણ, ડિજિટલ વ્યવહાર અને માર્કેટિંગ સર્પોટ માટે પ્રોત્સાહન આપવામાં આવશે.
- તેમાં બે કૌશલ્ય કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જે મૂળભૂત અને આધુનિક છે.
- કૌશલ્ય પ્રશિક્ષણ દરમિયાન લાભાર્થીને દરરોજ 500 રૂ. નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

## ‘ODOP વોલ’ નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું




- વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટ (ODOP) અને દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) વચ્ચેના સહયોગી પ્રયાસ દ્વારા ‘ODOP વોલ’ રજૂ કરવામાં આવી છે.
- આ પહેલ વૈશ્વિક સ્તરે ભારતના અસાધારણ હસ્તકલા વારસાને અનુરૂપ છે.
- તેનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં ભારતની હસ્તકલાની વિશિષ્ટતા પ્રદર્શિત કરવાનો છે.
- ODOP પહેલ સંતુલિત પ્રાદેશિક વિકાસને વધારીને દરેક જિલ્લામાંથી એક અનન્ય ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- તેમાં હેન્ડલૂમ્સ, હસ્તકલા અને કૃષિ ઉત્પાદનો સહિત વિવિધ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.
- તે વેચાણને પ્રોત્સાહન આપે છે અને ગ્રામીણ સ્વસહાય જૂથો (SHG) અને સ્વદેશી હસ્તકલાને સમર્થન આપે છે.
- DAY – NRLM (Deendayal Antyodaya Yojana National Rural Livelihood Mission)
- તે કેન્દ્રીય પ્રાયોજિત કાર્યક્રમ છે. જે વર્ષ 2011 માં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.
- આ યોજનાનો હેતું ગ્રામીણ ગરીબ પરિવારો માટે બહુવિધ આજીવિકાને પ્રોત્સાહન અને નાણાકીય સેવાઓની પહોંચ દ્વારા ગ્રામીણ ગરીબીને દૂર કરવાનો છે.
- ગ્રામીણ પરિવારોને સ્વસહાય જૂથમાં જોડી, દરેક ગ્રામીણ ગરીબ પરિવારમાંથી એક મહિલા સભ્યને SHG માં જોડવું, SHG (સ્વ સહાય જૂથ) ના સભ્યોને તાલીમ અને ક્ષમતા નિર્માણ કરવુ તેમજ નાણાકીય સંસાધનોની પહોંચ આપીને આજીવિકામાં સુધારો કરશે.

## લખપતિ દીદી યોજનાની ઘોષણા કરવામાં આવી




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય દિવસના પર્વ નિમિત્તે ‘લખપતિ દીદી યોજના’ ની ઘોષણા કરી હતી.
- આ યોજનાનું લક્ષ્ય ગામડાઓમાં બે કરોડ ‘લખપતિ દીદી’ (સમૃધ્ધ બહેનો / Prosperous Sister) બનાવવાનું છે.
- આ યોજના ગરીબી નાબૂદી અને આર્થિક સશકિતકરણના મિશનને અનુરૂપ છે.
- આ યોજના હેઠળ મહિલાઓને કૌશલ્ય પ્રશિક્ષણ આપવામાં આવશે જેથી તેઓ વાર્ષિક 1 લાખ રૂપિયાથી વધુ કમાણી કરી શકે.

❖ **યોજનાની વિશેષતાઓ :**

- કૃષિ પ્રવૃત્તિઓ માટે મહિલા સ્વ સહાય જૂથોને ડ્રોન ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ પહેલનો ઉદ્દેશ્ય ગ્રામીણ સમુદાયોમાં મહિલાઓને સશકિતકરણ કરતી વખતે કૃષિ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવા માટે ટેકનલોજીને લાભ આપવાનો છે.

- લગભગ 15,000 મહિલા સ્વ સહાય જૂથોને ડ્રોન ચલાવવા અને રિપેર કરવા માટે તાલીમ આપવામાં આવશે.
- ડ્રોન ચોકસાઈવાળી ખેતી, પાકની દેખરેખ અને જંતુ નિયંત્રણ દ્વારા કૃષિમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે.
- યોજના હેઠળ મહિલાઓને LED બલ્બ બનાવવા પ્લમિંબગ અને અન્ય કૌશલ્યોની તાલીમ પણ આપવામાં આવશે.

## યુરિયા ગોલ્ડ ખાતર લોન્ચ કરવામાં આવ્યું




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તાવાર રીતે 'યુરિયા ગોલ્ડ ખાતર' લોન્ચ કર્યુ હતું.
- આ યુરિયા ગોલ્ડને રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (RCF) દ્વારા વિકસાવવામાં આવ્યુ છે, જે જાહેર ક્ષેત્રની ભારતની અગ્રણી ખાતર અને રસાયણિક ઉત્પાદન કંપની છે.
- યુરિયા ગોલ્ડના ઉપયોગથી ખરીફ અને રવિ સહિત તમામ પાકોની ઉપજમાં વધારો થશે, તેનાથી ખેડૂતોની આવકમાં વધારો થશે.

### ❖ યુરિયા ગોલ્ડ

- તેને યુરિયાનું સલ્ફર સાથે સંયોજન કરીને બનાવવામાં આવે છે. જેમાં 37% નાઈટ્રોજન (N) અને 17% સલ્ફર (S) ભેળવવામાં આવે છે.
- આ ખાતર બે ઉદ્દેશ્યોને પૂરા કરે છે. ભારતીય જમીનમાં સલ્ફરની જરૂરીયાત પૂર્ણ કરવી અને નાઈટ્રોજન વપરાશ કાર્યક્ષમતા વધારવી.
- સામાન્ય યુરિયા એ ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું ખાતર છે કારણ કે યુરિયામાં છોડના વિકાસ માટે આવશ્યક હોય તેવા 46% પોષક તત્વો રહેલા છે.

### ❖ યુરિયા ગોલ્ડ ખાતરની વિશેષતા

(1) જમીનની ઉણપને દૂર કરવી :
- ભારતની જમીનમાં સલ્ફરની ઉણપ રહેલી છે. જે તેલીબિયાં, કઠોળ વગેરે પાક માટે મહત્વપૂર્ણ ખાતર છે.
- ખાતરની રચનામાં સલ્ફરનો સમાવેશ કરીને યુરિયા ગોલ્ડ સલ્ફર આધારિત પાકોની ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા માટે પોષક તત્વોને પૂરવઠો પૂરો પાડવાનો હેતું છે.

(2) નાઈટ્રોજનની કાર્યક્ષમતા વધારવી :
- યુરિયા પર સલ્ફરના કોટિંગથી તેમા રહેલા નાઈટ્રોજનને ધીમે ધીમે મુક્ત કરે છે, જે લાંબા સમય સુધી પોષક તત્વોની ઉપલબ્ધતાને પૂરી પાડે છે.
- જેનાથી છોડ લાંબા સમય સુધી તેમનો લીલો રંગ જાળવી રાખે છે.

(3) તે પોષક તત્વોના સુધારેલા ઉપયોગ કરીને પાકની ઉપજ ક્ષમતા વધારે છે.
- યુરિયા એ સફેદ સ્ફટિકીય સંયોજન છે જે સામાન્ય રીતે કુત્રિમ ખાતર તરીકે ખેતીમાં વપરાય છે.
- યુરિયા એ ભારતમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતું ખાતર છે, જેનો વપરાશ / વેચાણ 2009 -10 અને 2022 – 23 વચ્ચે 26.7 મિલિયન ટન (MT) થી વધીને 35.7 મિલિયન ટન થવાની ધારણા છે.

## ગ્લોબલ ઈનિશિયેટિવ ઓન ડિજિટલ હેલ્થ લોન્ચ કરવામાં આવ્યું




- ગુજરાતના ગાંધીનગર ખાતે આયોજિત G-20 ના સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકમાં GIDH (Global Initiative On Digital Health) લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ બેઠકમાં WHO ના અધ્યક્ષ ટેડ્રોસ અધાનોમ બ્રેપેસસ અને G-20 ના સ્વાસ્થ્ય મંત્રીઓએ ભાગ લીધો હતો.
- બેઠક દરમિયાન કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ ડો. મનસુખ માંડવિયાએ 'સાર્વત્રિક આરોગ્ય કવરેજ અને આરોગ્ય સેવા વિતરણમાં મદદ કરવા માટે 'ડિજિટલ આરોગ્ય નવીનીકરણ અને ઉકેલો' વિષય પર માહિતી આપી હતી.
- GIDH એ ભારતની G-20 અધ્યક્ષતા હેઠળ લેવાપેલ શ્રેષ્ઠ નિર્ણય છે.
- તે વિવિધ પૂરાવાઓને એકીકૃત કરશે અને વૈશ્વિક ડિજિટલ સ્વાસ્થ્યમાં તાજેતરના અને ભૂતકાળના લાભોને વિસ્તૃત કરશે.
- GIDH એ 'WHO Managed Network' (નેટવર્ક ઓફ નેટવર્ક) હશે જે ડિજિટલ સ્વાસ્થ્યની સમાન પહોંચને પ્રોત્સાહન આપશે.
- એકપણ વ્યકિત સ્વાસ્થ્ય સુવિધાઓથી વંચિત રહી ન જાય તે ઉદ્દેશ્યથી GIDH સર્વસમાવેશકતા, અને એકીકરણને સુનિશ્ચિત કરશે.
- GIDH નો ઉદ્દેશ્ય ડિજિટલ હેલ્થ 2020-25 દરમિયાન વૈશ્વિક વ્યૂહરચનાને સમર્થન આપવા માટેના પ્રયત્નોને સંરેખિત કરશે.
- GIDH ના ચાર મુખ્ય સ્તંભો છે.

  (i) Country Needs Tracker (ii) Resource Portal
  (iii) Transformation Toolbox (iv) Convening & Knowledge Exchange.

Banking Academy

## ભારતીય વૈજ્ઞાનિકોએ નેનોમિકેનિકલ પરિક્ષણ ટેકનોલોજી વિકસાવી

- ભારતીય વૈજ્ઞાનિક ડો.સુદર્શન ફાનીએ અત્યંત નાના પાયે સામગ્રીના ચોક્કસ નેનોમિકેનિકલ પરિક્ષણ માટે એક નવી પધ્ધતિ વિકસાવી છે.
- આ નવી ટેકનોલોજી Nanoindentation પરિક્ષણ (આ પરિક્ષણ તકનીકીની મદદથી સઘન મિશ્રણથી લઈને નરમ જૈવિક પદાર્થો જેવા તમામના ગુણધર્મો જાણી શકાય છે) ની ચોકસાઈ અને સચોટતા વધારે છે. જેનાથી ઊંચા દરે ઉચ્ચ પ્રવાહ ક્ષમતા પરીક્ષણ થઈ શકે છે.




- નેનો ઈન્ડેન્ટેશન પરિક્ષણનો ઉપયોગ ઘણા ક્ષેત્રોમાં છે, જેમાં કેન્સર સેલ સંશોધન અને ઉલ્કા નિર્માણ વગેરે પદાર્થોના ગુણધર્મો સમજવા તેમજ સેમિકન્ડકટર ઉપકરણોની શક્તિ માપવી વગેરેનો સમાવેશ થાય છે.
- આ નવી પધ્ધતિ ઝડપી દરે ઉચ્ચ ચોકસાઈ અને ઉચ્ચ – ચોકસાઈવાળા નેનોઈન્ડેન્ટેશન માપન માટે મંચ તૈયાર કરે છે, જે ભૌતિક શકિત માપન સંબંધિત વિવિધ વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રોને પ્રભાવિત કરશે.

## કેન્દ્રીય મંત્રીએ NCAP કાર્યક્રમનો શુભારંભ કર્યો




- કેન્દ્રીય માર્ગ પરિવહન અને ઘોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી દ્વારા બહુપ્રતિક્ષિત ભારત New Car Assessment Programme (NCAP) લોન્ચ કરવામાં આવ્યો.
- આ કાર્યક્રમ ભારતમાં 3.5 ટન સુધીના મોટર વાહનો માટે સલામતી ધોરણો વધારીને માર્ગ સલામતી સુધારવા માટેની સરકારની પ્રતિબધ્ધતામાં એક મહત્વપૂર્ણ પગલું છે.
- તેનો ઉદ્દેશ્ય કાર ગ્રાહકોને બજારમાં ઉપલબ્ધ મોટર વાહનોની અકસ્માત સલામતીનું તુલનાત્મક મૂલ્યાંકન કરવા માટે એક સાધન પ્રદાન કરવાનો છે.
- આ પ્રોગ્રામ હેઠળ કાર ઉત્પાદકો સ્વૈચ્છિક રીતે Automotive Industry Standard (AIS) 197 અનુસાર પરિક્ષણ કરાયેલ તેમની કાર ઓફર કરી શકે છે.
- આ પરિક્ષણોમાં કારના પ્રદર્શનના આધારે કારને પુખ્ત વયના અને બાળકો માટે સ્ટાર રેટિંગ આપવામાં આવશે.
- સંભવિત કાર ગ્રાહકો વિવિધ વાહનોના સલામતી ધોરણોની તુલના કરવા માટે આ સ્ટાર રેટીંગનો સંદર્ભ લઈ શકે છે. અને તે મુજબ તેમની ખરીદીનો નિર્ણય લઈ શકે છે.
- જુલાઈ 2022 માં આ કેન્દ્રીય મંત્રીએ NCAP નો મુસદ્દો GST (General Statutory Rules) ને મંજૂરી આપી હતી.
- જે અંતર્ગત ભારતમાં કાર ઉત્પાદકો તથા આયાતકારો હવેથી ભારતમાં જ સ્ટાર રેટિંગ ચેક કરાવી શકશે.
- વિશ્વમાં સૌપ્રથમ USA દ્વારા ક્રેશ ટેસ્ટ દ્વારા કારના સલામતી ધોરણોને ચકાસવા માટેનો પ્રોગ્રામ રજૂ કર્યો હતો.

### New Car Assessment Programme (NCAP) વિશે....

- તે કાર સલામતી માટેનો મૂલ્યાંકન કાર્યક્રમ છે.
- તે કાર ક્રેશ ટેસ્ટ પ્રદર્શનના આધારે કારને 'સ્ટાર રેટિંગ્સ' આપે છે. જેમાં કારને 1 થી 5 ની વચ્ચે સ્ટાર રેટિંગ્સની ફાળવણી કરવામાં આવે છે.
- તે ભારતમાં ઉત્પાદિત કાર અને આયાત કરેલી M-I કેટેગરી (1 ડ્રાઈવર + 8 પેસેન્જર સીટોની ક્ષમતા) ની કાર જેનું કુલ વજન 3.5 ટનથી ઓછું હોય તેનું સ્ટાર રેટિંગ આપશે.



તાજેતરમાં જાહેર થયેલ સિનિયર કલાર્કની ભરતીમાં અમારી સફળતા
Banking Academy
સિનિયર
કલાર્ક
તમારા સપનાઓ સર કરો
Banking Academy
ની ટીમ સાથે
Heartiest
Congratulations
Govt. Job માં Selection પામેલ વિદ્યાર્થીઓ
RUJAL CHAUDHARI
Senior Clerk
KUSUM MAHLA
Senior Clerk
JIGAR TANDEL
Senior Clerk
MEHUL PATEL
Senior Clerk
PALAK CHAUDHARI
Senior Clerk
HIRAL PATEL
Senior Clerk
SUBHAM PATEL
Senior Clerk
Jetal Patel
Senior Clerk
HAREKRUSHNA PATEL
Senior Clerk
PINKAL GAMIT
Senior Clerk
BHAVIK PATEL
Senior Clerk
ROHIT CHAUDHARI
Senior Clerk
PUSHPAK VASAVA
Senior Clerk
ANIL DESAI
Senior Clerk
MAYUR PATEL
Senior Clerk
VAIBHAV SAGAR
Senior Clerk
BHOOMIKA MISTRY
Senior Clerk
PRIYANKA GAMIT
Senior Clerk
GPSC I/II
ના.મામલતદાર
PSI/ASI
તલાટી
કોન્સ્ટેબલ
બિન સચિવાલય
TET I/II
તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ
Our Branches
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના)
Ph. : 70461 40555
સુરત (વરાછા)
Ph. : 70464 16555
સુરત (કતારગામ)
Ph. : 70466 31555

# 7 રિપોર્ટ અને ઈન્ડેકસ

## તમાકુ નિયંત્રણ પર WHO એ અહેવાલ જાહેર કર્યો




- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ તાજેતરમાં તમાકુ નિયંત્રણ પગલા અંગે એક વ્યાપક અહેવાલ જાહેર કર્યો છે.
- આ અહેવાલમાં WHO ના MPOWER પગલાની રજૂઆત બાદ વૈશ્વિક સ્તરે તમાકુ નિયંત્રણ અંગે થયેલી પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
- વૈશ્વિક સ્તરે તમાકુ રોગચાળા અંગે WHO નો આ નવમો અહેવાલ છે. તે વર્ષ 2008 થી વિવિધ દેશોની તમાકુ નિયંત્રણમાં થયેલ પ્રગતિનું મુલ્યાંકન કરે છે.

### ❖ MPOWER પગલા શું છે?

- વર્ષ 2008 માં WHO દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા.
- તેમાં 6 સૌથી મહત્વપૂર્ણ અને અસરકારણ તમાકુ નિયંત્રણ પધ્ધતિઓનો સમાવેશ થાય છે.
  - (A) (M-Monitor) : તમાકુના ઉપયોગ અને નિવારણ નીતિની દેખરેખ
  - (B) (P- Protect) : લોકોને તમાકુના ધુમાડાથી બચાવવા
  - (C) (O-Offer) : તમાકુ છોડવા માટે મદદની ઓફર કરો.
  - (D) (W-Warn) : તમાકુના જોખમ વિશે ચેતવણી આપવી.
  - (E) (E-Enforce) : તમાકુની જાહેરાત, પ્રચાર અને પ્રાયોજકતા પર પ્રતિબંધ લાગુ કરવો.
  - (F) (R-Raise) : તમાકુ ઉત્પાદનો પર કર વધારવો.

### ❖ અહેવાલના મુખ્ય તારણો

- વિશ્વભરમાં ધૂમ્રપાનનો વ્યાપ વર્ષ 2007 માં 22% થી ઘટીને 2021 માં 17% થયો છે.
- વર્તમાનમાં ધૂમ્રપાન કરનારાઓની સંખ્યામાં 300 મિલિયનનો ઘટાડો થયો છે.
- WHO ની MPOWER પગલાએ છેલ્લા 15 વર્ષોમાં તમાકુ નિયંત્રણમાં નોંધપાત્ર ભુમિકા ભજવી છે.
- એટલે કે WHO એ આ પગલાની ઓછામાં ઓછા 5-6 અબજ લોકોને (વૈશ્વિક વસતિના 72%) સુરક્ષિત કર્યા છે.
- ઓછામાં ઓછા એક ઉપાય (MPOWER પૈકી) નો અમલ કરનારા દેશોની સંખ્યા વર્ષ 2008 માં 44 હતી જે વધીને વર્ષ 2022 માં 151 થઈ ગઈ છે.
- જયારે ચાર દેશો – બ્રાઝિલ, તુર્કી, નેધરલેન્ડ અને મોરેશિયસએ તમામ પગલાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકયા છે.
- અહેવાલમાં તમાકુ નિયંત્રણને વધુ અસરકારક બનાવવા માટે બાધારૂપ સમસ્યાનો ઉલ્લેખ તેમજ તેના સમાધાનનો પણ ઉલ્લેખ કર્યો છે.
- વિશ્વના 44 દેશોમાં કોઈપણ આ પૈકી એક પણ પ્રકારના પગલા લીધા નથી, જયારે 53 દેશોમાં આરોગ્ય સુવિધાઓમાં ધૂમ્રપાન પર સંપૂર્ણ પ્રતિબંધ નથી.
- દર વર્ષે 8.7 મિલિયન મૃત્યુ તમાકુને કારણે થાય છે. તેમાંથી 13 લાખ મૃત્યુ ધૂમ્રપાન ન કરનારાઓનું થાય છે, જે પરોક્ષ રીતે ધુમાડાના સંપર્કમાં આવે છે.
- અહેવાલ Second hand smoking (ધૂમ્રપાન કરતી વ્યકિતની નજીક રહેવુ) ને નિયંત્રિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ઈ–સિગારેટ : તેનો ઉપયોગ કરતા લોકો તેમજ તેની આસપાસના લોકો એમ બંને માટે હાનિકારક છે. હાલમાં તમાકુ ઉદ્યોગ સિગારેટના સલામત વિકલ્પ તરીકે ઈ– સિગારેટને પ્રોત્સાહન આપી રહ્યો છે.

### ❖ તમાકુ નિયંત્રણમાં ભારતની પ્રગતિ :

- તમાકુ ઉત્પાદનો પર આરોગ્ય ચેતવણી લેબલ લાગુ કરવામાં અને તમાકુના વ્યસનને રોકવા માટે સારવાર પૂરી પાડવા માટે ભારત શ્રેષ્ઠ છે.
- ભારતે આરોગ્ય સંભાળ સુવિધાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઈ–સિગારેટના વેચાણ તેમજ ધૂમપ્રાન પર પ્રતિબંધ મૂકયો છે.
- સિગારેટ પેકેટના લગભગ 85% આગળ તેમજ પાછળની બાજ પર સ્વાસ્થ્ય ચેતવણી આપેલી છે, જે ચેતવણી લેબલના કદના સંદર્ભમાં દેશને ટોચના 10 માં મૂકે છે.
- ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે ઈન્ડિયા 2016-17 મુજબ ભારતના લગભગ 269 મિલિયન પુખ્ત વયના (>, 15) લોકો તમાકુનુ સેવન કરે છે.
- ભારત તમાકુનો બીજો સૌથી મોટો ઉપભોકતા અને ઉત્પાદક દેશ છે.

## ગ્રામીણ ભારતમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ – 2023 અંગેનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો

- શિક્ષણ મંત્રાલયે ગ્રામીણ ભારતમાં પ્રાથમિક શિક્ષણ સ્થિતિ – 2023 અહેવાલ જાહેર કર્યો છે, જે વિદ્યાર્થીઓમાં સ્માર્ટ ફોનના ઉપયોગના વ્યાપને પ્રકાશિત કરે છે.
- આ અહેવાલ ગૈરસરકારી સંસ્થા ટ્રાન્સફોર્મ રૂરલ ઈન્ડિયા અને સંબોધિ રિસર્ચ એન્ડ કમ્યુનિકેશન્સના સહયોગથી ડેવલપમેન્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (DIU) દ્વારા હાથ ધરવામાં આવેલ સર્વે પર આધારિત હતો.



- સર્વેમાં 21 રાજયોના ગ્રામીણ સમુદાયોમાં 6-16 વર્ષની આયુ વાળા શાળાના બાળકોના 2,229 વાલીઓ પાસેથી પ્રતિભાવો એકત્રિત કરવામાં આવ્યા હતા.

❖ **અહેવાલના મુખ્ય તારણો :**

**(1) સ્માર્ટ ફોનનો ઉપયોગ :–**

- 49.3% વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટ ફોનની પહોંચ છે.
- 76.7% વાલીઓ અનુસાર તેમના બાળકો શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતાં મનોરંજનને પ્રાધાન્ય આપે છે.
- 34% વિદ્યાર્થીઓ અભ્યાસ સંબંધિત સામગ્રી ડાઉનલોડ કરવા તેમજ 18% વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ મેળવવા માટે તેનો ઉપયોગ કરે છે.

**(2)** ફકત 40% માતા – પિતા તેમના બાળકો સાથે તેમના શાળાકીય અભ્યાસ વિશે દરરોજ વાતચીત કરે છે, જયારે 32% માતા – પિતા અઠવાડિયામાં થોડા જ દિવસો આવી વાતચીતમાં વ્યસ્ત રહે છે.

**(3) શાળા છોડવાનું કારણ :–**

- છોરીઓના કિસ્સામાં 36.8% માતા – પિતાએ જણાવ્યુ હતુ કે તેમની પુત્રીઓએ પારિવારિક કાર્યમાં યોગદાન આપવાને કારણે અભ્યાસ છોડવો પડયો હતો.
- છોકરાઓના કિસ્સામાં ઉત્તરદાતાઓએ જણાવ્યુ કે અભ્યાસ છોડી દેવાનું મુખ્ય કારણ વિષયમાં રૂચીનો અભાવ છે.

**(4) વાલી મિટીંગ અને શૈક્ષણિક વાતાવરણ :–**

- 84% વાલીઓ નિયમિત પણે મિટિંગમાં હાજરી આપે છે. તેમ છતાં હાજરી ન આપવાના મુખ્ય કારણોમાં ટૂકા સમયની સૂચના અને ઈચ્છા શકિતનો અભાવ.

**(5) વર્ગના આધારે વિભેદક પ્રવેશ :–**

- અલગ અલગ ધોરણના વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોનની પહોંચ અલગ અલગ હોય છે.
- 58.32% ઉચ્ચ ધોરણ ($\geq$ 8) ના વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોનની સુવિધા છે.
- જયારે 42.1% નાના ધોરણ (1 થી 3) ના વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોનની સુવિધા છે.

અહેવાલ તેના વિવિધ તારણોને આધારે એવી ભલામણ કરે છે કે ઘરમાં શૈક્ષણિક વાતાવરણ તેમજ શૈક્ષણિક અને મંનોરંજન માટે સ્માર્ટફોનનો સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન આપવુ જોઈએ.

## ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ – 2023 અહેવાલ જાહેર કરવામાં આવ્યો

- કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયે ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ – 2023 નો અહેવાલ જાહેર કર્યો છે.

❖ **અહેવાલના મુખ્ય તારણો :**




- વર્ષ 2022 માં ભારતમાં કુલ 85.9 લાખ વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવ્યા છે. તેમાંથી માત્ર અમેરિકા અને બાંગ્લાદેશમાંથી અનુક્રમે 13.73 લાખ અને 12.55 માત્ર આ બે દેશમાંથી જ આવે છે.
- વિશ્વના કુલ વિદેશી પ્રવાસીઓમાંથી વર્ષ 2021 માં ભારતનો પ્રવાસ કરનાર માત્ર 1.54% જ છે, આ સાથે તે વિશ્વમાં 87 માં ક્રમાંકે છે.
- સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ મેળવતા રાજયોમાં ગુજરાત (કુલમાંથી 20.70%), મહારાષ્ટ્ર (કુલમાંથી 17.60%) અને પ્રશ્ચિમ બંગાળ (કુલમાંથી 12.8%) સાથે અનુક્રમે પહેલા બીજા અને ત્રીજા ક્રમાંકે છે.
- વર્ષ 2022 માં કુલ 17370 લાખ સ્થાનિક પ્રવાસીઓએ દેશના વિવિધ રાજયોની મુલાકાત લીધી હતી.
- જેમાં ગુજરાત 1358.1 લાખ પ્રવાસીઓ સાથે પાંચમાં ક્રમે રહયુ હતું.
- સ્થાનિક પ્રવાસીઓમાં ઉત્તરપ્રદેશ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશ અનુક્રમે પહેલા, બીજા અને ત્રીજા ક્રમાંકે રહયા છે.

- સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં વર્ષ 2019 ની સરખામણીમાં વર્ષ 2022 માં 25.45% પ્રવાસીઓનો ઘટાડો નોંધાયો છે.
- વિદેશી પ્રવાસીઓની સખ્યાંમાં વર્ષ 2019 ની સરખામણીમાં વર્ષ 2022 માં 72.68% નો ઘટાડો નોંધાયો છે.
- વર્ષ 2022 માં ભારતીય નાગરીકોના પ્રસ્થાનની સંખ્યા 210.9 લાખ છે.
- ભારતીય નાગરીકોના ગંતવ્ય દેશોમાં સંયુક્ત આરબ અમીરાત 58.91 લાખ (કુલમાંથી 27.93%) સાથે પહેલા, સાઉદી અરેબિયા 24.21 લાખ (કુલમાંથી 11.48%) સાથી બીજા અને અમેરિકા 16.83 લાખ (કુલમાંથી 7.98%) સાથે ત્રીજા નંબર પર આવે છે.
- તાજ મહેલ સ્થાન પ્રવાસીઓ (45.13 લાખ) અને વિદેશી પ્રવાસીઓ (3.28 લાખ) સાથે વર્ષ 2022 માં દેશનું સૌથી આર્કષક સ્થળ રહ્યું છે.

## ભારતીય વસતિમાં નોંધપાત્ર આનુવંશિક વિવિધતાઓ રહેલી છે

- કેલિફોર્નિયા યુનિવર્સિટી ખાતે ઈન્સ્ટિટયુટ ફોર હ્યુમન જિનેટિકસ દ્વારા એક અભ્યાસમાં ભારતીય ઉપખંડના વિવિધ પ્રદેશોના લોકોમાં ભારતીય ઉપખંડના વિવિધ પ્રદેશોના લોકોમાં ભારે આનુવંશિક તફાવતો જોવા મળે છે.
- સંશોધકોએ આનુવંશિક અભ્યાસ માટે લગભગ 5,000 વ્યકિતઓના DNA મુખ્યત્વે ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી એકત્રિત કર્યા હતા.
- આ જૂથમાં કેટલાક મલયાલમી, તિબેટીયન અને અન્ય દક્ષિણ એશિયન સમુદાયોના ડિએનએ પણ સામેલ હતા.
- ONA ની વિસ્તૃત માહિતી માટે ‘Genome Sequencing’ તકનીકીનો ઉપયોગ કર્યો હતો.

❖ **સંશોધનના મુખ્ય મુદ્દાઓ :–**



(1) અંતવિવાહી પ્રથાઓ :–
- ભારતીય ઉપખંડમાં વિવિધ સમુદાયોના લોકો વચ્ચે ખુબ જ ઓછી ક્રિયા પ્રતિક્રિયાઓ થાય છે.
- જાતિ આધારિત, પ્રદેશ આધારિત અને સજાતીય (નજીકના સંબંધિઓ) લગ્ન જેવી અંતર્વિવાહી પ્રથાઓએ સમુદાય સ્તરે આનુવંશિક પેટર્નને જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
- એક આદર્શ પરિસ્થિતિમાં, વસતિમાં અવ્યવસ્થિત સમાગમનો ગુણ હોય છે, જેનાથી આનુવંશિક વિવિધતા અને વિકૃતિઓ સાથે સંકળાયેલા પ્રકારોની આવૃત્તિમાં ઘટાડો થાય છે.

(2) પ્રાદેશિક વલણો :–
- તાઈવાન દક્ષિણ એશિયાઈ જૂથ અને તેની અંદરના દક્ષિણ ભારતીય અને પાકિસ્તાની પેટાજૂથો જેવી પ્રમાણમાં બહારની વસતિની સરખામણીમાં સંભવતઃ સાંસ્કૃતિક પરિબળોને કારણે આનુવંશિક સમયુગ્મક (Homozygous Genotype) નું પ્રમાણ વધારે હોય છે.
- સામાન્ય રીતે દરેક મનુષ્યો પાસે જનીનની બે નકલો હોય છે, જયારે વ્યકિત પાસે એક જ પ્રકારની બે નકલો હોય છે, ત્યારે તેને ‘આનુવંશિક સમયુગ્મક’ કહેવામાં આવે છે.
- મોટા ભાગના આનુવંશિક પ્રકારો જે મુખ્ય વિકૃતઓ સાથે સંકળાયેલ હોય છે તે ધીમે ધીમે દૂર થતા જાય છે. પરંતુ જયારે બે જનીનની નકલમાં હાજર હોય ત્યારે તેની નકારાત્મક અસર થાય છે.
  (વિવિધ પ્રકારનું બનવુ એટલે કે વિસમયુગ્મક આનુવંશિકતા રક્ષણાત્મક છે.)
- એક અંદાજ મુજબ દક્ષિણ ભારતીય અને પાકિસ્તાની પેટાજૂથોમાં વધારે પ્રમાણમાં આંતરીક પ્રજનન જોવા મળે છે જયારે બંગાળી પેટા જૂથોમાં તે પ્રમાણમાં ઓછુ છે.

❖ **આનુવંશિક સમયુગ્મક ઉચ્ચ પ્રમાણનું જોખમ :–**
- દુર્લભ સમયુગ્મક આનુવંશિકતાની હાજરી હદય રોગ, ડાયાબિટીસ, કેન્સર અને માનસિક વિકૃતિઓ જેવા રોગોના વધતા જોખમ સાથે સંકળાયેલુ છે.
- વિવિધ અભ્યાસોએ દર્શાવ્યુ છે કે ચોક્કસ આનુવંશિક ભિન્નતાઓ ભારતીય વસતિના સ્વાસ્થ્ય સાથે સંકળાયેલ છે. આ આનુવંશિક ભિન્નતાઓ સ્વાસ્થ્ય સમસ્યાઓની દેખરેખ અને નિયંત્રણ કરવામાં મદદરૂપ થશે.

## ઈન્ટરનેટ સ્થિતિસ્થાપકતામાં ભારત દક્ષિણ – એશિયામાં છઠ્ઠા ક્રમે રહયું

- ઈન્ટરનેટ સોસાયટી દ્વારા Internet Resilient Index – 2023 જાહેર કરવામાં આવ્યો છે.
- આ સૂચકાંકમાં ભારતે દક્ષિણ એશિયા ક્ષેત્રમાં છઠ્ઠું સ્થાન મેળવ્યું છે.
- ટેકનોલોજી અને કનેકિટવિટીના ક્ષેત્રમાં ઝડપથી વિકાસ કરી રહેલા ભારતે IRI માં એકંદરે 43 ટકાનો સ્કોર હાંસલ કર્યો છે.
- આ સૂચકાંક સુરક્ષા, કામગીરી, માળખાકીય સંરચના અને બજારની તૈયારી જેવા પરિબળોને ધ્યાનમાં લઈને દેશના ઈન્ટરનેટ ઈકોસિસ્ટમનું વ્યાપક મૂલ્યાંકન પૂરું પાડે છે.
- આ સૂચકાંકના ચાર નિર્ણાયક સ્તંભોના આધારે ભારતની સ્થિતિ નીચે મુજબ છે.

**(1) પ્રદર્શન (Performance) :**
- છેવાડાના વપરાશકર્તાઓને અબાધિત અને વિશ્વસનીય ઈન્ટરનેટ સેવાઓ પહોંચાડવી.
- ભારતે આ સ્તંભમાં 40% સ્કોર મેળવ્યો છે.



**(2) સુરક્ષા (Security)**
- સુરક્ષા ટેકનોલોજીઓ અને શ્રેષ્ઠ પ્રથાઓ અપનાવીને ઈરાદાપૂર્વકની અથવા અજાણતાં વિક્ષેપો સામે ભારતના નેટવર્કની સ્થિતિસ્થાપકતા માપે છે.
- આ સ્તંભમાં ભારત એ 66% સ્કોર મેળવ્યો છે.

**(3) ઈન્ફ્રાસ્ટ્રકચર (Infrastructure)**
- ઈન્ટરનેટ કનેકિટવિટી માટે ઉપલબ્ધ ભૌતિક સંરચના.
- ભારતે આ સ્તભમાં 31% સ્કોર મેળવ્યો.

**(4) બજારની તૈયારી**
- તેમાં ઈન્ટરનેટ બજારને નિયંત્રિત કરવાની અને અંતિમ વપરાશ કારોને યોગ્ય હોય તેવા ભાવ પ્રદાન કરવાની ક્ષમતાનું મુલ્યાંકન કરે છે.
- ભારતે 35% સ્કોર મેળવ્યો છે.

- **સૂચકાંકમાં ટોચના દેશોમાં ભૂતાન (58% સ્કોર), બાંગ્લાદેશ (51% સ્કોર), માલદીવ (50% સ્કોર) અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવે છે.**

## CPCB દ્વારા NCAP રેન્કિંગ જાહેર કરવામાં આવ્યો



- કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા NCAP (National Clean Air Programme) રેન્કિંગ જાહેર કરવામાં આવી છે.
- આ રેન્કિંગમાં ઈન્દોર પ્રથમ ક્રમાંકે રહેલું છે.
- NCAP રેન્કિંગને 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ–2023' પણ કહેવામાં આવે છે.
- આ રેન્કિંગમાં અમદાવાદ સાતમાં ક્રમાંકે રહ્યું છે.
- ઉદ્યોગોમાં શુદ્ધ બળતણનો નહિવત ઉપયોગ, ઘન કચરાને બાળવા પર પ્રતિબંધના અમલમાં તંત્રની નિષ્ફળતા, ઈ–વ્હીકલના ઓછા રજિસ્ટ્રેશન અને નોંધાયેલ વાહનના ઓછા PUC પ્રમાણપત્રના કારણે અમદાવાદ 7માં ક્રમાંકે રહ્યું છે.

| શ્રેણીઓ | ક્રમાંક | શહેર |
|---|---|---|
| શ્રેણી – 1 (> 10 લાખ વસતી) | 1 | ઈન્દોર |
| | 2 | આગ્રા |
| | 3 | થાણે |
| શ્રેણી – 2 (3 – 10 લાખ વસતી) | 1 | અમરાવતી |
| | 2 | મોરાદાબાદ |
| | 3 | ગુંટૂર |
| શ્રેણી – 3 (43 લાખ વસતી) | 1 | પરવાનું |
| | 2 | કલા અંબ |
| | 3 | અંગુલ |

**❖ શહેરોનું રેન્કિંગ આઠ માનકોના આધારે આપવામાં આવે છે :**
1. ઘન કચરો તથા પરાળી બાળીને નીકળતા ધુમાડાને નિયંત્રિત કરવા લીધેલા પગલા (20%)
2. રસ્તા પરથી ધૂળને દૂર કરવાના પગલાંઓ (20%)
3. બાંધકામ અને તેને તોડવાના કારણે ઉડતી ધૂળ ઘટાડવાના પગલાંઓ (5%)
4. વાહનના ધુમાડાને ઘટાડવા લીધેલ પગલાંઓ (20%)
5. ઉદ્યોગોના ધુમાડાને ઘટાડવાના પગલાંઓ (20%)
6. અન્ય ધુમાડાને ઘટાડવા માટે લીધેલા પગલાંઓ (10%)
7. લોક જાગૃતિ ફેલાવવા લેવાયેલ પગલાંઓ (2.5%)
8. PMIOની ગુણવત્તા સુધારવા માટે લીધેલા પગલાંઓ (2.5%)

**❖ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ**
- તેની રચના સપ્ટેમ્બર 1974માં કરવામાં આવી હતી.
- તે એક વૈધાનિક સંસ્થા છે જે જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ–1974 હેઠળ રચવામાં આવી હતી.
- મુખ્યાલય – નવી દિલ્હી
- તેના પ્રમુખ કાર્યો જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ–1974 તથા વાયુ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ–1981માં સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

**❖ રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ**
- National Clean Air Programme
- વર્ષ 2019માં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.
- NCAPનો ધ્યેય વર્ષ 2024 સુધીમાં શહેરોમાં PM – 2.5 અને PM – 10 જેવા પ્રદૂષકો દ્વારા ફેલાતુ પ્રદૂષણ 20 – 30% સુધી ઘટાડવાનો છે.
- વર્ષ 2022માં આ લક્ષ્યાંકને સુધારીને વર્ષ 2026 સુધીમાં સૂક્ષ્મ કણોની સાંદ્રતામાં 40% ઘટાડો કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

# 8 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્યને વાઘ આરક્ષિત ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવશે

- તાજેતરમાં વાઘ સંરક્ષણના પ્રયાસો માટેના નોંધપાત્ર વિકાસમાં બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચે ગોવા સરકારને મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્ય અને તેની આસપાસના વિસ્તારોને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ 1972 હેઠળ વાઘ અનામત તરીકે સૂચિત કરવા માટે નિર્દેશ જારી કર્યો છે.

❖ **મ્હાદેઈ વન્યજીવ અભયારણ્ય**

- ભારતના ગોવા રાજયમાં આવેલ મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્ય એ પ્રકૃતિ પ્રેમીઓનું સ્વર્ગ છે, જે તેની સમૃધ્ધ જૈવવિવિધતા માટે જાણીતું છે.
- તે 208.5 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે.
- તે ઉત્તર ગોવા જિલ્લામાં સત્તારી તાલુકામાં વાલપોઈ શહેરની નજીક આવેલું છે.
- વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની તેની વિવિધ શ્રેણી સાથે, અભ્યારણ્યને તેના પર્યાવરણીય મહત્વ માટે માન્યતા પ્રાપ્ત થઈ છે.
- અભ્યારણ્ય પશ્ચિમ ઘાટની અંદર આવેલું જે પર્યાવરણીય રીતે સંવેદનશીલ પ્રદેશ છે.




## તેજસ તિવારી FIDE તરફથી રેટિંગ મેળવનાર વિશ્વનો સૌથી યુવા ખેલાડી બન્યો

- ભારતના પાંચ વર્ષીય તેજસ તિવારી ચેસના વૈશ્વિક સંચાલકમંડળ FIDE તરફથી રેટિંગ મેળવનાર વિશ્વનો સૌથી યુવા ખેલાડી બન્યો છે.
- FIDE મુજબ ઉત્તરાખંડમાં રૂદ્રપુર ખાતે પ્રથમ સ્વર્ગીય ધીરજ સિંહ રઘુવંશી ઓપન FIDE રેટિંગ ચેસ ટુર્નામેન્ટ દરમિયાન કિન્ડરગાર્ડનના વિદ્યાર્થી તેજસે તેનું પ્રથમ રેટિંગ (1149) હાંસલ કર્યુ હતું.
- તેજસે તેના રાજય ઉત્તરાખંડની બહાર આયોજિત ચેસ સ્પર્ધાઓમાં 'ગોલ્ડન બોય' અને 'પંગેસ્ટ સ્ટાર' જેવા ઘણા ખિતાબ જીત્યા છે.
- તેણે વર્ષ 2022 માં ઉત્તરાખંડ સ્ટેટ ઓપન ટૂર્નામેન્ટની "8 વર્ષની અંદર" શ્રેણીમાં ટોચનું સ્થાન મેળવ્યુ હતું.



### International Chess Federation (FIDE) વિશે....

**વડુ મથક** : લૌસાને, સ્વિત્ઝર્લેન્ડ

- ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) એ ચેસની રમતનું સંચાલન કરતી સંસ્થા છે અને તે તમામ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું નિયમન કરે છે.
- બિન–સરકારી સંસ્થા તરીકે રચાયેલી, તેને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા 1999 માં વૈશ્વિક રમતગમત સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી હતી.

## સ્ક્રબ ટાયફસ ચેપી રોગ નિયંત્રણ માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું

- કેરળના આરોગ્ય વિભાગે અલપ્પુઝામાંથી સ્ક્રબ ટાયફસ ના કેસ નોંધાતા એલર્ટ જાહેર કર્યુ.

❖ **સ્ક્રબ ટાયફસ**

- જેને બુશ ટાયફસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ઓરિએન્ટિયા ત્સુત્સુગામુશી બેકટેરીયાને કારણે થાય છે.
- તે ચેપગ્રસ્ત ચિગર્સ (લાર્વો જીવાત) ના કરડવાથી વ્યકિતઓમાં ફેલાય છે.
- આ રોગ મોટા ભાગે ઉંદરો, સસલા અને ખિસકોલી જેવા પ્રાણીઓના શરીર પર હાજર ચિગરના કરડવાથી માણસોમાં ફેલાય છે.
- દક્ષિણપૂર્વ એશિયા, ઈન્ડોનેશિયા, ચીન, જાપાન, ભારત અને ઉત્તર ઓસ્ટ્રેલિયાના ગ્રામીણ વિસ્તારો આ રોગથી પ્રભાવિત છે.
- હાલમાં આ રોગને નિયંત્રિણ કરવા માટે એન્ટિબાયોટિકસ સિવાય અન્ય કોઈ રસી ઉપલબ્ધ નથી.



## ભારત રશિયાની S-400 જેવી એર ડિફેન્સ સિસ્ટમ વિકસાવશે

- ભારતના રક્ષા મંત્રાલયને ત્રણ સ્તરવાળી લાંબા અંતર સુધી જમીનથી હવામાં હુમલો કરનારી મિસાઈલ પ્રણાલી વિકસાવવાનો પ્રસ્તાવ મળ્યો છે.
- આ મિસાઈલ પ્રણાલી જમીનથી હવામાં હુમલો કરવામાં સક્ષમ હશે, જેમાં ત્રણ સ્તર હશે, જે દુશ્મનોના વિમાનો, ફાઈટર જેટ, રોકેટ, હેલિકોપ્ટર અને મિસાઈલને 400 કિમીની મર્યાદામાં તોડી શકશે.



- ભારત સરકારે આ પ્રોજેક્ટ માટે લગભગ રૂપિયા 20,000 કરોડની ફાળવણી કરેલ છે.
- ભારતની આ એર ડિફેન્સ પ્રણાલી રશિયાની S-400 પ્રણાલીમાંથી પ્રેરણા લઈને બનાવવામાં આવી છે.
- આ પહેલા ભારતે મિત્ર દેશ ઈઝરાયેલ સાથે મળીને મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM) બનાવી છે.
- આ મિસાઈલની રેન્જ 70 કિમી છે.
- S-400 હવાઈ સુરક્ષા પ્રણાલી વર્ષ 2007 થી રશિયાની સેનામાં કાર્યરત છે. તેમાં એક સાથે ત્રણ મિસાઈલ લોન્ચ થઈ શકે છે.

## મધ્યપ્રદેશમાં સૌથી વધુ વાઘની સંખ્યા નોંધાઈ

- કોર્બેટ વાઘ આરક્ષિત ક્ષેત્ર ખાતે ઉજવાયેલ વૈશ્વિક વાઘ દિવસના અવસરે, કેન્દ્રીય રાજયમંત્રી અશ્વિની કુમાર ચૌબે દ્વારા વાઘની સંખ્યાને લગતો વિગતવાર અહેવાલ જાહેર કરવામાં આવ્યો.
- અગાઉ, 9 એપ્રિલ 2023 ના રોજ મૈસુર ખાતે પ્રોજેક્ટ ટાઈગરના 50 વર્ષની ઉજવણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઘની લઘુત્તમ વસતિ જાહેર કરી હતી. જે કેમેરા– ટ્રેપ વિસ્તારની વસતિનાં અંદાજ હતો.
- હવે વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા કેમેરા – ટ્રેપ અને નોન કેમેરા ટ્રેપ વાઘના વિસ્તારોમાંથી કરવામાં આવેલા ડેટાનું વધુ વિશ્લેષણ મુજબ, વાઘની વસતિની ટોચની મર્યાદા – 3925 હોવાનો અંદાજ છે, અને સરેરાશ સંખ્યા લગભગ 3682 વાઘ છે, જે વાર્ષિક 6.1% ના પ્રશંસનીય વાર્ષિક વૃદ્ધિ દરને પ્રતિબિંબિત કરે છે.




- આ અવલોકન મુજબ મધ્ય ભારત અને શિવાલિક ટેકરીઓ અને ગંગાના મેદાનોમાં વાઘની વસતિમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

❖ **વાઘની સૌથી વધુ વસતિ ધરાવતા રાજયો :**

- મધ્યપ્રદેશમાં – 785, કર્ણાટકમાં – 563,
- ઉત્તરાખંડમાં – 560, મહારાષ્ટ્રમાં – 444

❖ **સૌથી વધુ વાઘની વસતિ ધરાવતા વાઘ આરક્ષિત ક્ષેત્ર :**

(1) કોર્બેટ → 260 (વાઘ) → ઉત્તરાખંડ
(2) બાંદીપુર → 150 → કર્ણાટક
(3) નાગરહોલ → 141 → કર્ણાટક
(4) બાંધવગઢ → 135 → મધ્યપ્રદેશ
(5) દુધવા → 135 → ઉત્તરપ્રદેશ

- જયારે મિઝોરમ, નાગાલેન્ડ, ઝારખંડ, ગોવા, છત્તીસગઢ અને અરુણાચલ પ્રદેશ સહિતના કેટલાક રાજયોમાં વાઘની ઓછી સંખ્યા નોંધાઈ છે.
- ઈકોલોજીકલ અખંડિતતાને જાળવી રાખવા માટે ઈકો – ફ્રેન્ડલી ડેવલપમેન્ટ એજન્ડાને મજબૂત રીતે ચાલુ રાખવાની ખાણકામની અસરોને ઓછી કરવાની અને ખાણકામની જગ્યાઓનું પુનર્વસન કરવાની જરૂર છે.
- વધુમાં સંરક્ષિત વિસ્તાર વ્યવસ્થાપનને મજબૂત બનાવવુ, શિકાર વિરોધી પગલાને સઘન બનાવવુ, વૈજ્ઞાનિક વિચારસરણી અને ટેકનોલોજી આધારિત ડેટા સંગ્રહનો ઉપયોગ કરવો અને માનવ – વન્યજીવ સંઘર્ષને સંબોધિત કરવું એ દેશની વાઘ વસતિને બચાવવા માટેના મહત્વપૂર્ણ પગલા છે.

## SPACEX દ્વારા વિશ્વનો સૌથી મોટો ખાનગી સેટેલાઈટ 'જયુપીટર–3' લોન્ચ કરવામાં આવ્યો

- SPACEX દ્વારા અમેરિકામાં ફ્લોરિડા ખાતે નાસાના કેનેડી સ્પેસ સેન્ટર થી ફાલ્કન હેવી રોકેટનો ઉપયોગ કરીને વિશ્વનો સૌથી મોટો ખાનગી સંચાર ઉપગ્રહ 'જયુપિટર – 3' લોન્ચ કર્યો.
- આ સેટેલાઈટ ઈકોસ્ટારની પેરેન્ટ કંપની હયુજીસનો છે આ જયુપીટર – 3 ને ઈકોસ્ટાર – XXIV સેટેલાઈટ પણ કહેવામાં આવે છે. તેને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (G.T.O) માં લોન્ચ કરવામાં આવ્યો છે.
- સેટેલાઈટ ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં વાયરલેસ ઈન્ટરનેટ જોડાણ પ્રદાન કરશે તેમજ જયારે તે સંપૂર્ણ કાર્યરત થશે ત્યારે તે વિમાનમાં Wi-fi, મેરિટાઈમ કનેકશન, એન્ટરપ્રાઈઝ નેટવર્ક વગેરે સુવિધા આપશે.

- તેની ઈન્ટરનેટ ક્ષમતા 500 Gbps જેટલી છે જે અગાઉ પ્રક્ષેપિત કરેલ જ્યુપીટર 1 અને 2 કરતા ડબલ છે.
  - ❖ **જ્યુપીટર – 1**
    - તેને ઈકોસ્ટાર – XVII પણ કહેવામાં આવે છે.
    - જુલાઈ 2012 માં તેને પ્રક્ષપિત કરવામાં આવ્યો હતો.
    - તેની સેવાઓ ઉત્તર અમેરિકા વિસ્તારમાં મર્યાદિત છે.
    - તે ભૂસ્થિરકક્ષામાં પ્રક્ષેપિત કરવામાં આવ્યો છે.
    - ઈન્ટરનેટ ક્ષમતા 120 Gbps છે.
  - ❖ **જ્યુપીટર – 2**
    - તેને ઈકોસ્ટાર XIX પણ કહેવામાં આવે છે.
    - ડિસેમ્બર – 2016 માં તેને પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો.
    - તેની સેવા મેકિસકો, કોલંબિયા અને કેનેડા સહિત ઉત્તર અમેરિકા વિસ્તારમાં ફેલાયેલી છે.
    - તેની ઈન્ટરનેટ ક્ષમતા – 200 Gbpt છે.




## Space Exploration Technologies Corporation (Space X) વિશે....

**સ્થાપના** : વર્ષ 2002
**સ્થાપક** : એલન મસ્ક
**વડુમથક** : હેવર્થોન, કેલિફોર્નિયા

- તે એક ખાનગી કંપની છે. આ વિશ્વની સૌપ્રથમ ખાનગી કંપની છે જેના દ્વારા સમાનવ અવકાશયાનને ભ્રમણકક્ષામાં લોન્ચ કરવામાં આવ્યુ હતું.
- Space X એ ફાલ્કન – 9 રોકેટ દ્વારા 143 ઉપગ્રહો અંતરિક્ષમાં પ્રક્ષેપિત કરવાનો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે.

## ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠેથી ISRO ના રોકેટનો કાટમાળ મળી આવ્યો

- ISRO (India Space Research Organisation) ના રોકેટનો કાટમાળ પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠેથી મળી આવ્યો છે. તે અંગેની પૃષ્ઠિ ઓસ્ટ્રેલિયન સ્પેસ એજન્સીએ કરી હતી.
- ISRO અધિકારીઓના જણાવ્યા અનુસાર આ કાટમાળ બે મહિના પહેલા IRNSS નક્ષત્ર માટે નેવિગેશન સેટેલાઈટ લોન્ચ કરવા ઉપયોગમાં લેવાયેલ PSLV રોકેટનો અડધો બળી ગયેલો ભાગ હોવાનું જણાય છે.
- અવકાશ કાટમાળ પૃથ્વીની ભ્રમણકક્ષામાં માનવસર્જિત વસ્તુઓનો સંદર્ભ આપે છે, જે હવે ઉપયોગમાં લઈ શકાતું નથી.
- તેમાં ઉપયોગ થયેલ રોકેટ, નિષ્ક્રિય ઉપગ્રહો, અવકાશયાનના ટુકડાઓ તેમજ એન્ટિ સેટેલાઈટ સિસ્ટમ (ASAT) નો સમાવેશ થાય છે.
  - ❖ **અવકાશ કાટમાળનો ખતરો**
    - પૃથ્વી પર અવકાશના કાટમાળની જીવન અને સંપત્તિને જોખમ પેદા કરે છે.
    - આ કાટમાળ મહાસાગરોમાં પડવાની શકયતા વધારે છે કારણ કે પૃથ્વીની સપાટીનો 70% ભાગ મહાસાગર થી ઢંકાયેલો છે.
    - તે દરિયાઈ જીવન માટે ખતરો તેમજ પ્રદૂષણનો પણ સ્ત્રોત બની શકે છે.
    - તરતો અવકાશીય ભંગાર અન્ય કાર્યરત ઉપગ્રહો અવકાશયાન વગેરે સાથે અથડાયને નુકસાન કરી શકે છે.
    - સામાન્ય રીતે અવકાશમાંથી પડતી વસ્તુઓની પૃથ્વી પર કોઈ નોંધપાત્ર નુકસાન પહોંચાડયુ હોય તેવી કોઈ ઘટના નોંધાઈ નથી.


PSLV piece washes up on Oz beach

A giant metal cylinder, which washed up on a beach in Australia on Sunday baffling local authorities and onlookers, was later confirmed by the Indian space agency to be a part of a years-old PSLV rocket. A look at how the mystery unfolded. By Soumya Pillai

A mysterious object appears on a beach

On Sunday, morning walkers at Green Head beach, 250km from Perth, were stumped when they saw a giant, copper-coloured metallic cylinder lodged in the sand.

WHAT FOLLOWED: Once locals reported the object to the authorities, the local police issued a warning, asking people to stay away from it and treat the object as hazardous. Later, the Australian Space Agency said it was investigating the object's origin. "The agency is working to confirm whether the object could be part of a foreign space launch vehicle that has washed up on shore, and liaising with global counterparts who may be able to provide information about the object," the Australian Space Agency said.

From UFO to MH370: Social media abuzz

As soon as photos of the object were posted online, social media was abuzz with theories – some plausible, and others not so much. Some users speculated that the object was a crashed UFO, while others suspected it was a washed up part from the vanished flight MH370, which disappeared on its journey from Kuala Lumpur to Beijing in March 2014.

Isro identifies 'mystery' object as stage-3 of old PSLV

On Monday, Indian Space Research Organisation confirmed that the object was part of the upper stage of India's Polar Satellite Launch Vehicle (PSLV). Isro chief said that this was probably from an earlier mission, and not from the most recent PSLV-C55 mission that was launched in April this year.

"This is part of PSLV, upper stage, but an old one. It is not from a recent mission, must be much older," S Somanath told HT on Monday. The third stage of PSLV is a solid rocket motor that provides the upper stages high thrust after the atmospheric phase of the launch.

A common occurrence, and not hazardous

Experts say that detached rocket components are not dangerous, and such objects are usually left behind by space launch of all major space agencies, including Nasa. Unlike space debris or space junk, parts of a rocket detach from at different stages after the launch, when its role in the mission is completed.

All space agencies carefully plan the location where these objects will fall (usually over empty patches of the ocean) so that they don't pose any danger to people. These spots are marked in the depths of oceans, where they sink and stay for years.

In extremely rare situations these parts get carried by strong currents and end up washing ashore – this is what happened in Australia.

HT

  - ❖ **ભુતકાળની આવી ઘટનાઓ**
    - પૃથ્વી પર પટકાતા અવકાશીય કાટમાળનો જથ્થો પ્રમાણમાં નાનો હોય છે. કારણકે વાતાવરણના ઘર્ષણના લીધે કાટમાળ સળગી ઉઠે છે.
    - નવેમ્બર 2022 માં ચીનના 'Long March 5B' પ્રક્ષેપણયાનના મોટા ટુકડાઓ દક્ષિણ– મધ્ય પ્રશાંત મહાસાગરમાં અનિયંત્રિત રીતે પડયા હતા.
    - જયારે મે, 2021 માં ચાઈનીઝ પ્રક્ષેપણયાનનો 25 ટન વજનનો ટૂકડો હિંદ મહાસાગરમાં પડયો હતો.
  - ❖ **અવકાશ કાટમાળને નિયત્રિંત કરવાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઉપાયો**

(1) બાહય અવકાશ સંધિ :
- તે વર્ષ 1969 માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અપનાવવામાં આવી હતી.
- તે મુખ્યત્વે બાહય અવકાશનો શાંતિપ્રિય ઉપયોગ તેમજ તેમાં પરમાણુ શસ્ત્રો મૂકવા પર પ્રતિબંધને પ્રોત્સાહન આપે છે.
- તેમાં અવકાશના કાટમાળ અને પૃથ્વી પર પરત ફરતા અવકાશ પદાર્થો સંબંધિત જોગવાઈઓનો સમાવેશ થાય છે.

(2) અવકાશ પદાર્થો દ્વારા થતા નુકશાન માટે આંતરરાષ્ટ્રીય જવાબદારી પર સંમેલન
- તેમાં અવકાશ અસ્કયામતોને અવકાશી પદાર્થો દ્વારા થતા નુકશાન તેમજ પૃથ્વી પર પડતા અવકાશ ભંગારને કારણે થતા નુકસાનનો પણ સમાવેશ થાય છે.
- આ સમજૂતિ હેઠળ પ્રક્ષેપણ કરના દેશને તેના અવકાશ પદાર્થને કારણે પૃથ્વી પર તેમજ અવકાશમાં થતા નુકસાનની ભરપાઈ કરવા માટે 'સંપૂર્ણપણે જવાબદાર' બનાવવામાં આવે છે.

(3) ISRO એ અવકાશ કાટમાળના જોખમીની દેખરેખ કરવા માટે Space Debris Research Centre (SDRC) ની સ્થાપના કરી છે.

(4) પ્રોજેકટ 'NETRA' એ કાટમાળ તેમજ અન્ય જોખમો શોધવા માટે ભારતીય ઉપગ્રહો દ્વારા અવકાશમાં સ્થાપિત કરાયેલ પ્રારંભિક ચેતવણી પ્રણાલી છે.

(5) Inter Agency Space Debris Co-ordination Committee (IADC) એ વર્ષ 1993 માં સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય સરકારી મંચ છે. જે અવકાશનું અન્વેષણ કરનારા દેશો વચ્ચે અવકાશના કાટમાળના મુદ્દાને રજૂ કરવા માટેના પ્રયત્નોનું સંકલન કરે છે.

## OPEN AI દ્વારા વર્લ્ડકોઈન ક્રિપ્ટો પ્રોજેકટ લોન્ચ કરવામાં આવ્યો

- Open AI ના મુખ્ય કાર્યકારી અધિકારી સેમ ઓલ્ટમેન એ વર્લ્ડકોઈન પ્રોજેકટ લોન્ચની જાહેરાત કરી હતી.
- આ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ્ય 'Orb' ઉપકરણથી તેના વપરાશકર્તાની આંખની આગવી ઓળખ એવી આઈરિસને સ્કેન કરી ઉપભોકતાની એક ખાનગી ડિજિટલ ઓળખ ઉભી કરવાનો છે.
- Orb એ એક સિલ્વર કલરનો ગોળો છે જયાં તે Orb ના ઓપરેટર ઉપકરણની મદદથી સ્વઈચ્છિત લોકોની આઈરિસના ઉચ્ચ રિઝોલ્યુશન ઈમેજ સ્કેન કરી તેમનો બાયોમેટ્રિક ડેટા એકત્રિત કરે છે, તેને બ્લોકમેન નેટવર્ક પર પાછું મોકલે છે અને તે ડેટાનો ઉપયોગ કરી તે વ્યકિતને વિશ્વ ઓળખ (World ID) મેળવવામાં મદદ કરે છે.




- જે વ્યકિત તેમની આંખો સ્કેન કરીને આ નેટવર્કમાં જોડાય તેને કેટલાંક વર્લ્ડકોઈન્સ આપવામાં આવે છે.
- વર્લ્ડકોઈન ક્રિપ્ટો પ્રોજેકટનો હેતુ સાર્વત્રિક અને વિકેન્દ્રિત ડિજિટલ ઓળખ બનાવવાનો છે જે લોકોની પ્રાઈવસીનું રક્ષણ કરી શકે અને તેમને વિવિધ સેવાઓ અને લાભો ઓનલાઈન સુલભ કરવામાં સક્ષમ કરી શકે છે.
- ઓપરેટરો લોકોને 'વિશ્વ ઓળખ' World app ની મદદથી આપે છે.
- World app ની મદદથી લોકો વર્લ્ડકોઈન ક્રિપ્ટોને નિયમિત પણે એકત્રિત તેમજ લેવડ – દેવડ પણ કરી શકે છે.
- આ પ્રક્રિયાને 'વ્યકિતત્વનો પુરાવો' (Proof of Personhood) કહેવામાં આવે છે જે એક જ વ્યકિતને એક કરતા વધારે વખત સાઈન અપ (sign up) કરતા અટકાવે છે.
- વર્લ્ડકોઈન વિશ્વભરના લોકો માટે ખુલ્લું "વિશ્વનું સૌથી મોટુ ઓળખ અને નાણાકીય જાહેર નેટવર્ક" બનાવવાનો દાવો કરે છે.
- ભારતમાં 18 જગ્યાએ Orb ઓપરેટરો લોકોની આંખો સ્કેની કરી રહી છે જેમાના મોટા ભાગના નવી દિલ્હી, નોઈડા અને બેંગ્લોરમાં આવેલ છે.

❖ **ક્રિપ્ટોકરન્સી વિશે**
- તે એક પ્રકારનું ડિજિટલ ચલણ છે, જે ભૌતિક સ્વરૂપમાં ઉપલબ્ધ હોતું નથી, તે ફકત આભાસી ચલણ છે.
- બિટકોઈન, ઈથીરિયમ, લાઈટકોઈન વગેરે મુખ્ય ક્રિપ્ટોકરન્સી છે.
- બિટકોઈનને વિશ્વની પ્રથમ ક્રિપ્ટોકરન્સી માનવામાં આવે છે જેની શરૂઆત વર્ષ 2009 માં કરવામાં આવી હતી.

## ISRO એ PSLV-C56 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ



- ISRO એ આંધ્રપ્રદેશની શ્રી હરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ લોન્ચ પેડ ખાતેથી PSLV-C56 સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું.
- PSLV – C56 છ સહયાત્રી ઉપગ્રહો સહિત સિંગાપોરના DS-SAR ઉપગ્રહને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા.
- આ મિશન New Space India Limited (NSIL) દ્વારા સમર્પિત એક વ્યાપારી મિશન છે, જે ISRO ની વ્યાપારી શાખા છે.
- PSLV ની આ 58 મી ઉડાન હતી તેમજ આ વખતે તેણે 'PSLV-Core Alone' પ્રકારના રોકેટ ઉપયોગ કર્યો હતો.
- આ પ્રકારમાં તેના પ્રથમ તબક્કામાં વધારાના થ્રસ્ટ માટે ઘન રોકેટ સ્ટ્રેપ – ઓન મોટર્સનો ઉપયોગ કરતું નથી. જયારે અન્ય પ્રકારના રોકેટ તે પરિસ્થિતિમાં છ સ્ટ્રેપઓન સુધીનો ઉપયોગ કરે છે.

❖ **DS-SAR ઉપગ્રહ**
- DS – SAR ઉપગ્રહ DSTA (Defence Science and Technology Agency-સિગાંપોર સરકાર હેઠળ) અને ST એન્જિનિયરિંગ વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવ્યો છે.

- 360 કિગ્રાના આ ઉપગ્રહને 5° ના ખૂણે અને 536 કિમીની ઉંચાઈ નજીકના વિષુવવૃત્તિય ભ્રમણકક્ષા (NEO) માં પ્રક્ષેપિત કરવામાં આવ્યો.
- આ સેટેલાઈટનો ઉપયોગ સિંગાપોર સરકારની અંદર વિવિધ એજન્સીઓની સેટેલાઈટ ઈમેજરી જરૂરીયાતોને સમર્થન આપવા માટે કરવામાં આવશે.
- ST એન્જિનિયરીંગ તેના ઉપયોગ તેના વાણિજિયક ગ્રાહકો માટે મલ્ટિ–મોડલ અને ઉચ્ચ પ્રતિભાવ ઈમેજ અને જિયોસ્પેશિયલ સેવાઓ માટે કરશે.
- DS-SAR માં ઈઝરાયેલ એરોસ્પેસનું સિન્થેટિક એપરચર રડાર(SAR) પણ જોડેલુ છે.
- આ ઉપગ્રહ તમામ પ્રકારની હવામાન પરિસ્થિતિઓમાં દિવસ અને રાત્રિની તસ્વીર લેવા સક્ષમ છે.

❖ **અન્ય છ ઉપગ્રહો**

- VLOX-AM : 23 Kg નો તકનીકીનું પ્રદર્શન કરતો માઈક્રો ઉપગ્રહ છે.
- ARCADE (Atmospheric Coupling and Dynamics Explorer) : સિંગાપોર સ્પેસ એજન્સી દ્વારા તૈયાર કરેલ પ્રાયોગિક ઉપગ્રહ છે.
- NULION : તે શહેરી અને દૂરસ્થ સ્થળોએ અબાધિત IOT જોડાણ સક્ષમ કરવા Nu Space દ્વારા બનાવવામાં આવેલ અદ્યતન 3U નેનો ઉપગ્રહ છે.
- SCOOB-II : તે ટેકનોલોજી પ્રદર્શન પેલોડ સાથેનો 3U નેનો ઉપગ્રહ છે.
- Galassia-2 : તે 30 નેનો ઉપગ્રહ છે જે પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં ફરશે.
- ORB-12 STRIDER : આ ઉપગ્રહ આંતરરાષ્ટ્રિય સહયોગ હેઠળ વિકસાવવામાં આવ્યો છે.

## કેન્દ્રીય કેબિનેટ ભારતનેટ યોજના માટે 1.39 લાખ કરોડ મંજૂર કર્યા

➲ કેબિનેટ દ્વારા ભારતનેટ પ્રોજેક્ટ માટે 1.39 લાખ કરોડના ખર્ચની મંજૂરી આપી છે. જેનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં લગભગ 6.4 લાખ ગામડાઓને ઈન્ટરનેટથી જોડવાનો છે.

❖ **ભારતનેટ યોજના (BHARATNET)**

- આ પરિયોજના ઓકટોબર 2011 માં National Optical Fiber Network ના રૂપમાં શરૂ કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2015 માં તેનુ નામ બદલીને BHARATNET કરવામાં આવ્યું.
- તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઓપ્ટિકલ ફાઈબરના માધ્યમથી 6.4 લાખ ગ્રામપંચાયતોને ઈન્ટરનેટ જોડાણ આપવાનો છે.
- યોજનાનું લક્ષ્યાંક ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં ઈ–શાસન, ઈ–સ્વાસ્થ્ય, ઈ–શિક્ષણ, ઈ–બેન્કિંગ તેમજ અન્ય સેવાઓનો વિતરણને સરળ બનાવવાનું છે.




- ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિ. (BBNL) જે ભારત સંચાર નિગમ લિમિટેડ હેઠળની વિશેષ પ્રયોજન માધ્યમ સંસ્થા છે જે યોજનાના અમલીકરણ માટે જવાબદાર છે.
- આ સંપૂર્ણ પરિયોજનાને "Universal Service Obligation Fund" દ્વારા ભંડોળ પૂરૂ પાડવામાં આવે છે.
- અત્યાર સુધીમાં આ યોજના હેઠળ 1.94 લાખ ગામડાઓ જોડાયા છે. બાકીના ગામોન આવતા અઢી વર્ષમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.

## ભારત 'નિયંત્રિત માનવ ચેપ અભ્યાસ' સંશોધન મોડલને લાવશે

➲ Indian Counil of Medical Research (ICMR) ના બાયોએથિકસ એકમે નિયંત્રિત માનવ ચેપ અભ્યાસ (Controlled Human Infection Studies – (HIS) ના ઉપયોગ અંગેના નૈતિક પાસાઓને સંબોધતા સર્વસંમતિ નિવેદનનો મુસદો તૈયાર કર્યો.

❖ **CHIS શું છે?**

- તે એક સંશોધન મોડેલ છે જેનો ઉપયોગ રોગોનો અભ્યાસ કરવા અને મેલેરિયા, ટાઈફોઈડ અને ડેન્ગ્યુ જેવા રોગો માટે રસીઓ અને સારવાર વિકસાવવા માટે નિયંત્રિત વાતાવરણમાં રોગકારક (પેથોજન) સામે ઈરાદાપૂર્વક તંદૂરસ્ત સ્વયંસેવકોને રાખી પ્રયોગ કરવા માટે થાય છે.
- તેનો ઉદ્દેશ્ય રોગ પેથોજેનેસિસ વિશેની આંતરદૃષ્ટિ મેળવવાનો અને ચેપી રોગોને રોકવા અને તેની સારવાર માટે કાર્યક્ષમ અને ખર્ચ–અસરકારક માર્ગો શોધવાનો છે.
- ICMR ના બાયોએથિક એકમે CHIS સાથે સંકળાયેલ નૈતિક ચિંતાઓને દૂર કરવા માટે સર્વસંમતિ નીતિ નિવેદન રજૂ કર્યુ છે જે જાહેર ટિપ્પણી માટે ખુલ્લુ છે.



❖ **CHIS સાથે સંકળાયેલ મુદ્દાઓ**

- નૈતિક સંવેદનશીલતા :– CHIS માં સ્વસ્થ સ્વયંસેવકોને ઈરાદાપૂર્વક પેથજન્સના સંપર્કમાં લાવવા, ઈરાદાપૂર્વકના નૂકસાન વિશે ચિંતાઓ અને સહભાગીઓના અધિકારોનું રક્ષણ કરવાનો સમાવેશ થાય છે.
- અપ્રમાણસર ચૂકવણી :– જોખમી અભ્યાસમાં ભાગ લેવા માટે સ્વયંસેવકો માટે પ્રલોભનો અને સંભવિત નાણાકીય પ્રોત્સાહનો અંગેની ચિંતાઓ.
- ત્રીજા પક્ષનું જોખમ :– આ અભ્યાસ સાથે સંકળાયેલ ન હોય તવી વ્યકિતઓમાં રોગકારક રોગના સંક્રમણનું જોખમ, જે સંભવિત સમુદાયના ફેલાવા તરફ દોરી જાય છે.
- નબળા સ્વયંસેવકો સાથે સંશોધન – એ સુનિશ્ચિત કરવુ કે સંવેદનશીલ વ્યતિઓ, જેમ કે સગર્ભા સ્ત્રીઓ, અથવા બાળકો, CHIS દરમિયાન અનુચિત જોખમોના સંપર્કમાં ન આવે.

## ભારતે ઈઝરાયેલ પાસેથી 'SPIKENLOS' મિસાઈલ પ્રાપ્ત કરી

- ભારતીય વાયુસેનાએ પર્વતીય વિસ્તારોમાં દુશ્મનના સ્થાનોને નષ્ટ કરવા માટે ઈઝરાયેલ પાસેથી SPIKE NLOS (NON Line of Sight) એન્ટિટેંક ગાઈડેડ મિસાઈલો પ્રાપ્ત કરી છે.




- જે હેલિકોપ્ટરથી લગભગ 50 કિમી અને જમીનથી લગભગ 32 કિમી સુધીના લક્ષ્યોને નાશ કરી શકે છે.

❖ **SPIKE NLOS મિસાઈલ વિશે**

- તે ટેન્ડમ ચાર્જ ઉચ્ચ વિસ્ફોટક શસ્ત્રો સાથે ફાયર અને ફોર્ગેટ એન્ટી ટેંક અને એન્ટી પર્સનલ છે.
- તેને વર્ષ 1970 માં ઈઝરાયેલી કંપની રાફેલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમ દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- આ મિસાઈલનો ઉપયોગ ઈઝરાયેલ અને હવેથી ભારત સહિત 39 દેશોના સંરક્ષણ દળો કરે છે.
- તે મેન પોર્ટેબલ, વ્હીકલ લોન્ચ અને હેલિકોપ્ટર લોન્ચ પ્રકારોમાં પણ ઉપલબ્ધ છે.
- તેમાં 'ઈલેકટ્રો–ઓપ્ટિકલ સીકર' ટેકનોલોજીનો ઉપયોગ થાય છે.
- તે 'Electro-optical seeker' ટેકનોલોજીથી સજ્જ છે જે 2512 અને ઈન્ફ્રારેડ આધારીત મિસાઈલ કરતા લોન્ચ ઓપરેટરને લક્ષ્યાંકો સ્પષ્ટ રીતે જોવા સક્ષમ બનાવે છે.

## ભારતે 'નીરાક્ષી' ઓટોનોમસ અંડરવોટર વ્હીકલ લોન્ચ કર્યુ



- ભારતે ખાણોની શોધ માટે 'નીરાક્ષી' નામનું AUV (Autonomus Underwater Vehicle) લોન્ચ કર્યુ છે.
- આ વાહન કોલકત્તા સ્થિત Garden Reach Shipbuilders and Engineers (GRSE) Ltd એ MSME એકમ Aerospace Engineering Private Ltd., ના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.
- ખાણોને શોધવા માટે રચાયેલુ AUV દેશમાં આ પ્રકારનું સૌપ્રથમ વાહન છે.
- AUV નીરાક્ષીએ GRSE ની સ્વાયત દરિયાઈ સપાટી પરના વાહનો, સમુદ્ર આધારિત ડ્રોન અને હરિત સંચાલક તકનીકીઓનું અન્વેષણ કરવાની વ્યાપમ મહત્વાકાંક્ષી યોજનાનો ભાગ છે.
- AUV નીરાક્ષીએ GRSE ની સ્વાયત દરિયાઈ સપાટી પરના વાહનો, સમુદ્ર આધારિત ડ્રોન અને હરિત સંચાલક તકનીકીઓનું અન્વેષણ કરવાની વ્યાપમ મહત્વાકાંક્ષી યોજનાનો ભાગ છે.
- AUV એ વ્યાપારીક રીતે ઉપયોગ થયા પહેલા કોસ્ટ ગાર્ડ, ભારતીય નૌકાદળ અને ભારતીય આર્મીના પરિક્ષણોમાંથી પસાર થવુ પડશે.
- AUV નો ઉપયોગ પાણીની અંદર ખાણની શોધથી લઈને ખાણના નિકાલ સુધીના સર્વેક્ષણ માટે કરી શકાય છે.

### The Garden Reach Shipbuilders and Engineers (GRSE) વિશે....

- તે એક મીનીરત્ન કંપની છે જેની સ્થાપના વર્ષ 1884 માં પશ્ચિમ બંગાળના કલકત્તામાં હુગલી નદીના કિનારે કરવામાં આવી હતી.
- વર્ષ 1960 માં સરકાર દ્વારા તેનુ રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યુ હતું.
- તેનો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ્સની સંભવિતતાનો ઉપયોગ કરવાનો અને શિપ ડિઝાઈન અને બાંધકામ ઉદ્યોગમાં નવીન ઉકેલોના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

- તે 45 કિલો વજનનું કોમ્પેક્ટ 2.1 મીટર લંબાઈનું સિલિન્ડર છે. જે લગભગ 4 કલાકની વહનક્ષમતા ધરાવે છે અને તે 300 મીટરની ઉંડાઈ સુધી કાર્ય કરવા સક્ષમ છે.

## INDIAai અને Meta India વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થયા




- INDIAai અને Meta India એ કુત્રિમ બુધ્ધિમતા અને ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગ અને સહકાર માટે માળખું સ્થાપિત કરવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
  - **INDIAai**
    - તે ભારતનું રાષ્ટ્રીય કુત્રિમ બુધ્ધિમતા પોર્ટલ છે જે મે, 2020 માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
    - તે એક નોલેજ પોર્ટલ, સંશોધન સંસ્થા અને ઈકોસિસ્ટમ નિર્માણ પહેલ છે.
    - તેનો ઉદ્દેશ્ય ભારતના AI ઈકોસિસ્ટમમાં વિવિધ એકમો સાથે જોડાણ અને સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.
    - તે ઈલકેટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (Meity), નેશનલ ઈ–ગવર્નન્સ ડિવિઝન (NeGD) અને NASSCOM ની સંયુકત પહેલ છે.
    - NeGD – તે વર્ષ 2009 માં ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશન (Meity દ્વારા સ્થાપિત નફાકારક કંપની) હેઠળ સ્વતંત્ર બિઝનેસ ડિવિઝન તરીકે બનાવવામાં આવ્યું હતું.
    - NASSCOM – તે બિન લાભકારી ઉદ્યોગ સંગઠન છે તે ભારતમાં IT અને IT સક્ષમ ઉત્પાદનો અને સેવા ક્ષેત્ર માટેની સર્વોચ્ચ સંસ્થા છે.

## ગલ્ફ પ્રવાહ પ્રણાલી વર્ષ 2025 સુધીમાં તૂટી શકે છે!




- તાજેતરમાં એક વૈજ્ઞાનિક અભ્યાસે ચિંતા વ્યકત કરી છે કે ગલ્ફ પ્રવાહ પ્રણાલી (Gulf Stream System) વર્ષ 2025 ની શરૂઆત સુધીમાં પતન થવાની સંભાવનાઓ છે.
- તે AMOC એટલાન્ટિક મહાસાગરના પ્રવાહોને આગળ ધપાવે છે અને યુરોપનું હવામાન નક્કી કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જો તે ધરાશાયી થાય, તો તે નીચા તાપમાન અને વિનાશક આબોહવા અસરો તરફ દોરી શકે છે.
- પરંતુ જળવાયુ પરિવર્તન અંગે સૌથી તાજેતરની આકરણી કરતી આંતર સરકારી પેનલ સૂચવે છે કે AMOC નું પતન આ વૈજ્ઞાનિક અભ્યાસ સૂચવે છે તેટલી ઝડપથી થશે નહી.
- આબોહવા પ્રણાલીની જટિલતા આવા પતનના ચોક્કસ સમય અને ઘટના વિશે નિશ્ચિતતા મેળવવાનું મુશ્કેલ બનાવે છે.
  - **ગલ્ફ પ્રવાહ પ્રણાલી**
    - તે ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં એક શકિતશાળી સમુદ્ર પ્રવાહ છે.
    - તે મેક્સિકોના અખાતમાં ઉદ્દભવે છે અને અમેરિકના પૂર્વીય કિનારે ઉત્તર– પૂર્વ તરફ વહે છે. પછી એટલાન્ટિક પાર યુરોપ તરફ જાય છે.
    - તે ઉષ્ણકટિંબંધીય પ્રદેશોમાંથી ઉચ્ચ અક્ષાંશો સુધી ગરમ પાણી અને ગરમીનું પરિવહન કરીને, દરિયાકાંઠાના પ્રદેશોમાં હવામાનની પેટર્ન અને તાપમાનને પ્રભાવિત કરીને આબોહવા નિયંત્રિત કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે.
  - **AMOC વિશે**
    - તે સમુદ્રી પ્રવાહોની એક મોટી સિસ્ટમ છે. તે મહાસાગર કન્વેયર બેલ્ટ અથવા થર્મોહેલાઈન સર્કયુલેશન ની એટલાન્ટિક શાખા છે અને સમગ્ર વિશ્વના સમુદ્ર તટપ્રદેશમાં ગરમી અને પોષકતત્વોનું વિતરણ કરે છે.
    - AMOC ઉષ્ટકટિંબધીય પ્રદેશોથી ઉત્તરગોળાર્ધ તરફ ગરમ સપાટીના પાણીને વહન કરે છે,જયાં તે ઠંડુ પડે છે અને ડુબી જાય છે.
    - તે પછી ઉષ્ણકટિંબધમાં અને પછી દક્ષિણ એટલાન્ટિકમાં તળિયે પ્રવાહ તરીકે પાછા ફરે છે. ત્યાંથી તે Antarctic Circumpolar Current દ્વારા ત્યાંથી તે Antarctic Circumpolar Current દ્વારા તમામ મહાસાગર તટપ્રદેશમાં વિવિરિત થાય છે.

## ભારતીય વેબ બ્રાઉઝર ડેવલપમેન્ટ ચેલેન્જ શરૂ કરવામાં આવી

- ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા Indian Web Browser Development Challenges (IWBDC) લોન્ચ કરવામાં આવી છે.
- આ ચેલેન્જ MeiTY, સર્ટિફિકેટ ઈન કોમ્પ્યુટર એપ્લિકેશન અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કોમ્પ્યુટીંગ (C-DAC), બેંગલુરૂ દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવી રહી છે.
- ચેલેન્જ દેશના તમામ ભાગોમાંથી ટેકનોલોજી ઉત્સાહીઓ, નવીન કર્તાઓ અને વિકાસ કર્તાઓને સ્વદેશી વેબ બ્રાઉઝર બનાવવા માટે પ્રેરિત અને સશકત કરવાનો પ્રયાસ કરે છે.

Banking Academy

- આ સ્વદેશી વેબ બ્રાઉઝર પાસે પોતાનું વિશ્વસનીય સંગ્રહાલય, ભારતના CCA તરફથી મેળવેલ મૂળભૂત પ્રમાણપત્રોનો ઉપયોગ કરવો તેમજ અદ્યતન કાર્યક્ષમતા અને ઉન્નત સુરક્ષા અને માહિતી ગોપનીયતા સંરક્ષણ સુવિધાઓ આપતુ હોવુ જોઈએ.
- ચેલેન્જ વિજેતાઓને રૂા. 3.4 કરોડના રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે.

❖ **આ ચેલેન્જમાં સહભાગી થવા માટેની લાયકાત નીચે મુજબ છે.**

- કંપની એકટ – 2013 હેઠળ નોંધાયેલ ભારતનીય ટેક સ્ટાર્ટઅપ, MSME, કંપનીઓ તેમજ LLP (Limited Liability Partnership) અરજી કરી શકે છે.
- ભાગ લેનાર એકમોમાં ભારતીય નાગરીક અથવા ભારતીય મૂળના લોકો પાસે ઓછામાં ઓછી 51% ભાગીદારી હોવી જોઈએ.
- અરજીકર્તાનું એકમ કોઈપણ વિદેશી કંપનીની સહાયક કંપની ન હોવી જોઈએ.

❖ **ભારતીય વેબ બ્રાઉઝરમાં કેવી સુવિધાઓની અપેક્ષા રાખવામાં આવી છે**




- તે ios, Android અન Desktop સહિત તમામ પ્લેટફોર્મ સાથે સુસંગત હોવુ જોઈએ.
- બ્રાઉઝર પાસે ક્રિપ્ટો ટોકનનો ઉપયોગ કરીને દસ્તાવેજો પર ડિજિટલી સહિ કરવાની ક્ષમતાઓ પણ હોવી જોઈએ.
- બાળકોના સુરક્ષિત બ્રાઉઝિંગ માટે વેબ ફિલ્ટર હોવુ જોઈએ.
- તેમા તમામ ભારતીય સત્તાવાર ભાષાઓને સમર્થન આપતી હોવી જોઈએ.

❖ **વેબ બ્રાઉઝર**

- વેબ બ્રાઉઝર એક સોફટવેર પ્રોગ્રામ છે, જેનો ઉપયોગ યુઝર ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ વિવિધ પ્રકારની વેબસાઈટ ઓપન કરવા માટે થાય છે.
- વિશ્વનું સૌપ્રથમ વેબ બ્રાઉઝર 1993 માં માર્ક એન્ડરસન દ્વારા તૈયાર કરવામાં આવ્યુ હતું. તેનું નામ મોઝેઈક (MOSAIC) હતું.
- ભારતનું સૌપ્રથમ સ્વદેશી વેબ બ્રાઉઝર EPIC (એપિક) જેની રચના 29 ઓગસ્ટ, 2007 માં આલોક ભારદ્વાજએ કરી હતી.
- Microsoft Internet Explorer, Google Crome, Opera, Mosaic વગેરે કેટલાક પ્રચલિત વેબબ્રાઉઝર છે.
- Jio Browser, Omigo, Bharat Browser આપેલ તમામ ભારતીય વેબ બ્રાઉઝરના ઉદાહરણ છે.

## જેની પટેલ એનાલોગ એસ્ટ્રોનોટ તરીકે પસંદગી પામનાર ભારતની સૌપ્રથમ મહિલા બની

- પોલેન્ટના લુનાર સ્પેસ રીસર્ચ સેન્ટર ખાતે બે સપ્તાહની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારી ભારતમાંથી પસંદ થનાર એકમાત્ર ભારતીય નાગરિકતા ધરાવનાર વ્યકિત, જેની પટેલની પસંદગી એસ્ટ્રોનોટ ટ્રેનિંગમાં બાયો ટેકનોલોજીકલ ઓફિસર તરીકે થઈ હતી.
- તેઓ ચંદ્ર પર ખોરાક ઉગાડવાના સંશોધનમાં ભાગ લેનાર એકમાત્ર ભારતીય મહિલા છે.
- જેની પટેલ ગુજરાતમાં નવસારીની મૂળ વતની છે.




- પોલેન્ડ ખાતે આવેલ લૂનાર્સ રીસર્ચ સેન્ટર ખાતે અવકાશી મિશનના સિમ્યુલેશનની બે સપ્તાહની તાલીમ આપવમાં આવે છે.
- આ માટે છ વ્યકિતઓને અલગ અલગ દેશોમાંથી તેમની કાબેલિયતને ધ્યાને લઈ પસંદ કરવામાં આવે છે.
- તેણીએ આ પોલેન્ડના રીસર્ચ સેન્ટર ખાતે બે સપ્તાહની સંપૂર્ણ આઈસોલેશન ટ્રેનિંગ પૂરી કર્યા બાદ, એનાલોગ એસ્ટ્રોનોટ તરીકે પસંદગી પામનાર સૌપ્રથમ મહિલા એનાલોગ એસ્ટ્રોનોટ છે. જે વ્યકિત પૃથ્વી પર રહીને જ માનવ અંતરીક્ષયાત્રાની સિમ્યુલેશન તાલીમ કે તેમા ભાગ લે છે.
- કલ્પના ચાવલા : અંતરિક્ષમાં જનાર પ્રથમ ભારતીય મહિલા અવકાશયાત્રી બની હતી. તેણીએ વર્ષ 1984 માં સોવિયેત અંતરિક્ષયાનથી ઉડાન ભરી હતી.
- રાકેશ શર્મા : તેઓ અંતરિક્ષમાં જનાર પ્રથમ ભારતીય અને વિશ્વના 138 માં વ્યકિત બન્યાં હતા. તેમણે અવકાશમાં 7 દિવસ, 21 કલાક અને 40 મિનિટ જેટલો સમય વિતાવ્યો હતો.
- સુનિતા વિલિયમ્સ : ભારતીય મૂળના અમેરિકી અવકાશયાત્રી છે. તેઓનું મૂળ વતન મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલુ ઝુલાસણ ગામ છે. તેણીએ અવકાશયાત્રી તરીકે 195 દિવસ સુધી અવકાશમાં રહેવાનો વિશ્વ રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

## 'માયા OS' વિકસાવવામાં આવી

- કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા સાયબર હુમલાઓ સામે તેની કોમ્પ્યૂટર સિસ્ટમને મજબૂત કરવા માટે 'માયા ઓપરેટીંગ સિસ્ટમ' વિકસાવવામાં આવી છે.
- માયા OS નો ઉદ્દેશ્ય માલવેર હુમલાઓ અને અન્ય સાયબર હુમલાઓને અટકાવવાનો છે.
- તે ઓપન સોર્સ ઉબુન્ટુ પ્લેટફોર્મ પર આધારિત છે, જે નિ:શુલ્ક અને સાર્વજનિક રૂપે ઉપલબ્ધ સફોટવેરનો ઉપયોગ કરે છે.

- માયા OS વિન્ડોઝ OS ની જેમ જ ઈન્ટરફેસ અને કાર્યક્ષમતા પ્રદાન કરીને સાયબર ધમકીઓ સામે મજબૂત સંરક્ષણ પ્રદાન કરવાનો છે, જે વપરાશકર્તાઓ માટે અબાધિત લેવડ દેવડ સુનિશ્ચિત કરે છે.
- માયા OS એન્ડપોઈન્ટ, એન્ટી – માલવેર અને એન્ટી વાયરસ સોફ્ટવેર છે. આ પ્રણાલી વપરાશકર્તાઓ અને ઈન્ટરનેટ વચ્ચે રક્ષણાત્મક સ્તર તરીકે કાર્ય કરે છે, જે હેકરના સંવેદનશીલ માહિતી સાથે છેડછાડ કરવાના પ્રયાસોને નિષ્ફળ બનાવે છે.
- સંરક્ષણ મંત્રાલયના વ્યૂહાત્મક સાયબર સુરક્ષા અભિગમના ભાગરૂપે મળ્યા OS ને વર્ષના અંત સુધીમાં મંત્રાલયના તમામ કમ્પ્યૂટરર્સ પર લાગુ કરવામાં આવશે.




❖ **ઓપરેટિંગ સિસ્ટમ (OS) શું છે?**
- OS એક સોફ્ટવેર પ્રોગ્રામ છે જે કમ્પ્યુટર હાર્ડવેર અને કમ્પ્યૂટર વપરાશકર્તાઓ વચ્ચે મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે.
- તે વપરાશકર્તા મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ પ્રદાન કરે છે.
- તે કમ્પ્યૂટર સિસ્ટમના હાર્ડવેર અને સોફ્ટવેર સંસાધનોનું સંચાલન કરે છે.
- ઓપરેટિંગ સિસ્ટમ વપરાશકર્તાને કમ્પ્યૂટર સાથે કાર્ય કરવા અને તેમા રહેલી એપ્લિકેશનને અસરકારક રીતે ચલાવવા માટે સક્ષમ કરે છે.
- તેને કમ્પ્યૂટરમાં boot પ્રોગ્રામ દ્વારા ઉમેરવામાં આવે છે, ત્યારબાદ તે OS કમ્પ્યૂટરમાના અન્ય તમામ એપ્લિકેશન પ્રોગ્રામનું સંચાલન કરે છે.

## ISRO એ IMS-1 સેટેલાઈટ બસ ટેકનોલોજી ખાનગી ક્ષેત્રને હસ્તાંતરણ કરી

- ISRO એ IMS-1 સેટેલાઈટ બસ ટેકનોલોજીને બેંગ્લુરુ સ્થિત ખાનગીકંપની આલ્ફા ડિઝાઈન ટેકનોલોજીને હસ્તાંતરણ કરી.
- આ હસ્તાંતરણ ISRO ની વ્યાપારી શાખા New Space India Limited (NSIL) દ્વારા હસ્તાક્ષર કરાયેલ કરાર હેઠળ કરવામાં આવ્યુ છે.




- IMS-I બસ એ UR રાવ સેટેલાઈટ સેન્ટર દ્વારા વિકસાવવામાં આવેલ એક નાનું સેટેલાઈટ પ્લેટફોર્મ છે.
- આ ટેકનોલોજી ડિઝાઈનનો હેતું અવકાશમાં ઓછા ખર્ચ પ્રવેશને સક્ષમ કરવાનો છે અને તે વિવિધ પેલોડ માટે સમર્પિત વાહન તરીકે સેવા આપી શકે છે.
- IMS બસ એ અવકાશ વિજ્ઞાન, માઈક્રોવેવ રિમોટ સેન્સીંગ, દરિયાઈ અને હવામાન સંબંધિત અભ્યાસ તેમજ પૃથ્વીનું ઈમેજિંગ જેવા વિવિધ મિશનમાં સેવા આપી શકે છે.

❖ **IMS – 1 સેટેલાઈટ બસ ટેકનોલોજી**
- તેનું વજન 100 કિલોગ્રામ છે જે તેને નાના સેટેલાઈટ મિશન માટે યોગ્ય બનાવે છે.
- તેની વહનક્ષમતા 30 કિલોગ્રામ છે.
- IMS – I બસનો ઉપયોગ IMS-1, Youthsat, અને Microsat -2D સહિત ISRO ના અનેક મિશનોમાં કરવામાં આવ્યો છે.

**Indian Space Research Organisation (ISRO) વિશે....**

**સ્થાપના** – 15 ઓગસ્ટ, 1969
**વડુમથક** – બેંગ્લોર, કર્ણાટક
**અધ્યક્ષ** – શ્રીધરા પાનીકર સોમનાથ

## હિમાલય ગીધનું સફળતાપૂર્વક સંવર્ધન કરવામાં આવ્યું



- ગુવાહાટીમાં આસામ રાજય પ્રાણી સંગ્રહાલયે ભારતમાં સૌપ્રથમ વખત કેદમાં રહેલા પ્રપંચી હિમાલયન ગીધ (Gyps Himalayensis) નું સફળતાપૂર્વક સંવર્ધન કરીને અભૂતપૂર્વ સિધ્ધિ હાંસલ કરી છે.
- International Union For Conservation of Nature (IUCN) ના Red Data Listમાં :– જોખમની નજીક શ્રેણીમાં છે.
- CITES (વન્ય પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિની નાશપ્રાય પ્રજાતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર પર સંમેલન : પરિશિષ્ટ (II)

❖ **હિમાલયન ગીધ :**
- તે મુખ્યત્વે હિમાલય પર્વતમાળાના ઉંચા શિખરો અને ખીણોમાં રહે છે.
- તે શિયાળની ઋતુમાં મેદાની વિસ્તારમાં સ્થળાંતરણ કરે છે.
- તે ચીન, ભારત નેપાળ અને ભૂતાનના દૂર્ગમ ઉચ્ચ સ્થળો પર વિતરીત છે.
- વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી ગીધ પ્રજાતિઓમાંની એક હિમાલયન ગીધ છે, તેને વિશાળ પાંખો હોય છે.
- તેમને કાળા અને ભૂરા રંગના પિંછાઓ હોય છે.

Banking Academy

- ગીધની મજબૂત વક્ર ચાંચ અને તીવ્ર દૃષ્ટિ તેને પર્યાવરણમાં સૌથી વધુ કાર્યક્ષમ સફાઈદાર બનાવે છે, જે ક્ષીણ થતા કાર્બનિક પદાર્થો ખવડાવીને પારિસ્થિતિકીતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- આરોગ્ય અને પર્યાવરણ કલ્યાણ મંત્રાલયે 31 જુલાઈ 2023 ના એક સૂચનામાં તાત્કાલીન અસરથી બે દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂકયો હતો.
- આ બે દવાઓ કેટોપ્રોફેટ અને એસેકલો ફેનાક છે. તે નોન સ્ટીરોઈડલ એન્ટી ઈન્ફલેમેટરી દવાઓ છે.
- આ દવાઓનો ઉપયોગ ઢોરમાં દુખાવો અને બળતરાની સારવાર માટે થાય છે.
- આ દવાઓ ગીધના સ્વાસ્થ્ય માટે હાનીકારક છે, જયારે ગીધ આ દવાઓથી સારવાર કરાયેલ પ્રાણીઓના શબને ખાય છે ત્યારે ગીધમાં કિડની ફેલ થવાની અને મૃત્યુ થવાની સંભાવના વધી જાય છે.

## ISRO દ્વારા ગગનયાન મિશન માટે પેરાશૂટનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું

- ISRO એ ચંદીગઢની ટર્મિનલ બેલિસ્ટિક રિસર્ચ લેબોરેટરીના RTRS (Rail Tracked Rocket Slage) પર ડ્રોગ પેરાશૂટનું સફળ પરિક્ષણ કર્યુ છે.
- આ પેરાશૂટ અવકાશયાત્રીઓના સુરક્ષિત ઉતરાણમાં મદદ કરશે.
- આ પરિક્ષણ DRDO અને ADRDE (Aerial Delivery Research and Development Establishment) દ્વારા સંયુક્તરીતે કરવામાં આવ્યુ હતું.




❖ **ડ્રોગ પેરાશૂટ**

- આ પેરાશૂટ શંકુ આકારનું છે. તેમનો વ્યાસ 5.8 મીટર છે.
- તે સિંગલ સ્ટેજ રિફિલિંગ મિકેનિઝમ ધરાવે છે અને તેના ખુલવાથી લાગતો ઝટકો પણ ઓછો હોય છે. ત્યારબાદ તે ધીરે – ધીરે નીચે આવે છે.
- ગગનયાન મિશનમાં ઉપયોગમાં લેવાતી પેરાશૂટ સિસ્ટમનું ઉત્પાદન આગ્રામાં ADRDE ના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યું છે.

## તમિલનાડુમાં નવા સ્પેસપોર્ટનું નિર્માણ કરવામાં આવશે



- તમિલનાડુમાં કુલશેખરાપટ્ટિનમ ખાતે નવા સ્પેસપોર્ટની સ્થાપના સાથે ભારત તેની અવકાશ ક્ષમતાઓનો વિસ્તાર કરશે.
- ISRO (Indian Space Research Organisation) દ્વારા વિકસિત નાના સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV) ને લોન્ચ કરવા માટે આ સ્પેસપોર્ટનો ઉપયોગ કરવામાં આવશે.
- જે ઓછા ખર્ચે નાના ઉપગ્રહોને અવકાશમાં પહોંચાડવા માટે બનાવવામાં આવ્યા છે.
- ભારતીય અવકાશ નીતિ – 2023 મુજબ ટેકનિકલ અને સુરક્ષા જરૂરીયાતોને આધીન, બીન– સરકારી એન્ટિટી દ્વારા ઉપયોગ માટે સ્પેસપોર્ટ ખુલ્લુ મુકવામાં આવશે.
- NGE ની અવકાશ પ્રવૃત્તિઓને સુવિધા આપવા અને અધિકૃત કરવા માટે સરકારે Indian National Space Promotion and Authorisation Centre (In – Space) ની પણ સ્થાપના કરી છે.

## NASA અવકાશયાત્રા માટે પરમાણુ રોકેટ વિકસાવી રહયું છે



- NASA, સંયુકત રાષ્ટ્ર અમેરિકાની DARPA (Defence Advance Research Project Agency) સાથે મળીને એક પરમાણુ રોકેટ અથવા ન્યુકિલઅર પ્રોપલ્શન સિસ્ટમની શોધ કરી રહયુ છે, જે સંભવિતપણે મંગળની મુસાફરીનો સમય અડધો કરી શકે છે.
- આ મહત્વાકાંક્ષી પહેલને 'Demonstration Rocket for Agile Cislunar Operations' (DRACO) તરીકે ઓળખવામાં આવે છે.
- આ રોકેટનો વર્ષ 2025 ના અંત સુધીમાં અથવા 2026 ની શરૂઆતમાં શુભારંભ થવાની શકયતા છે.

❖ **DRACO**

- 'Demonstration Rocket for Agile Cislunar Operations'
- આ પ્રોજેકટ અવકાશી પદાર્થો વચ્ચેની મુસાફરીનો સમય ઘટાડવો અને ઈંધણની કાર્યક્ષમતામાં વધારવા અંગે કાર્ય કરી રહયો છે.
- DRACO નું ધ્યાન પરમાણુ રિએકટર જે યુરેનિયમ અણુઓના વિભાજનમાંથી મેળવેલી ઉર્જાનો ઉપયોગ કરશે તેના પર કેન્દ્રિત છે.
- આ પ્રોજેકટ અવકાશયાત્રામાં ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે.

- રસાયણિક પ્રક્રિયાઓ (ઓક્સિજન સાથે હાઈડ્રોજન અથવા મિથેન જેવા બળતણ) પર આધાર રાખતા પરંપરાગત રોકેટ એન્જિનથી વિપરીત, પરમાણુ પ્રતિક્રિયાઓ ઘણી ઉર્જા ઉત્પન્ન કરે છે, જે અવકાશયાનને તેની સમગ્ર મુસાફરી દરમિયાન સતત વેગ આપવા સક્ષમ બનાવે છે.
- ન્યુક્લિયર પ્રોપલ્શન સિસ્ટમની ઈંધણ કાર્યક્ષમતા વધારે છે જેથી વધારે માત્રામાં ઈંધણ વહન કરવાની જરૂરિયાત રહેતી નથી.
- જેથી આંતરગ્રહીય સફરની અવધિમાં ઘટાડો કરી શકાશે.
- મુસાફરીની તીવ્ર ઝડપ ઉંડા અવકાશીય ક્ષેત્રમાં અવકાશયાત્રીઓનો સંપર્ક માનવ સ્વાસ્થ્ય વિરોધી પરિસ્થિતિનો ઘટાડે છે.

## ગુજરાતમાં આંખ આવવાના (Conjuctivitis) કેસોમાં સતત વધારો નોંધાયો

- ગુજરાત સહિત દેશના અન્ય રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંખ આવવાનો કેસોમાં સતત વધારો થયો છે.



EYE OF THE MATTER
CAUTION IS CATCHWORD

- Just like our gut, eyes too have healthy bacteria that protect them from foreign bodies
- Antibiotic drops, especially those with steroids, kill these bacteria too
- Steroids also lower immunity, thus exposing the eyes to secondary infections, i.e. bacterial infection
- The virulent bacterial infection spreads faster and causes keratoconjunctivitis, which results in ulcers in the widened cornea
- This requires major surgery of removing the infected cornea and replacing with tissues of a deceased that are donated to eye banks

WHO SHOULD BE CAREFUL?

- Those with persistent dryness of the eyes
- People with long screen usage
- Those habituated to smoking
- Direct exposure of the face to AC

BUSTING MYTHS

- Eye contact causes conjunctivitis
- Wearing sunglasses will give a protective shield
- Plain antibiotic drops can heal the infection
- Sindoor (vermillion powder), honey & other home remedies give relief

TAKE THESE PRECAUTIONS

One patient can infect 30-40 people in five days

Doctors advise infected people to stay in home to break the chain

One infected school kid can result in 50% of the class getting infected

Don't touch or rub your eyes frequently

Use hand sanitizer or wash your hands regularly

Avoid 3-D glasses in movie halls

DOCTOR SPEAK

"Though the number of cases of cornea damage is less and non-fatal, it's a concern because conjunctivitis is a self-limiting disease that heals fast. Self-medication out of panic is not at all advisable as it could lead to cornea ulcers if not treated in time in some cases

Dr Parth Rana | RETINA-OCULAR TRAUMA SURGEON, AHMEDABAD

"Usually, antibiotic doses are prescribed but patients should not use them indiscriminately. This time it is keratoconjunctivitis which suggests that there can be involvement of both cornea and conjunctiva. Patients should strictly avoid using antibiotic drops without a prescription

Dr Chetan Hindocha | OPHTHALMOLOGIST, RAJKOT

### ❖ Conjuctivitis રોગ શું છે?

- તે આંખનો રોગ છે, જેને 'નેત્રસ્તર દાહ' અથવા 'ગુલાબી આખ' (Pink Eye) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ રોગમાં આંખ લાલ થઈ જાય છે અને સોજો આવે છે.
- કોન્જુકટીવા એ પારદર્શક અને પાતળી પેશી છે જે આંખના સફેદ ભાગ (સ્કલેરા) ની બ્રાહ્ય સપાટી અને પોપચાની અંદરની સપાટીને આવરી લે છે. તે પાંપણ અને આંખની કીકીને ભેજવાળી રાખવામાં મદદ કરે છે.
- જયારે કોન્જુકટીવાની રક્તવાહિનીઓમાં સોજો અને બળતરા થવાથી આંખોની સફેદી લાલ કે ગુલાબી દેખાય છે.
- રોગના લક્ષણોમાં આંખોમાં લાલાશ, ખંજવાળ, સ્ત્રાવ અને પીડા થવીનો સમાવેશ થાય છે.
- તે વાયરસ બેકિટરિયા અથવા એલર્જીને કારણે થઈ શકે છે.
- ભારતમાં આ રોગ કેસોની સંખ્યા ચોમાસાની ઋતુમાં વધારો થાય છે કારણ ઉચ્ચ ભેજ અને વરસાદ ચેપના સંક્રમણ માટે અનુકુળ વાતાવરણ બનાવે છે.
- આ રોગના ફેલાવાને અટકાવવા માટે વ્યકિતએ વારંવાર હાથ ધોવા જોઈએ. આંખોને સ્પર્શવાનું અથવા ઘસવાનું ટાળવુ જોઈએ, અન્ય લોકો સાથે વ્યકિતગત વપરાશની વસ્તુઓ શેર ના કરવી, સનગ્લાસ અથવા ચશ્મા પહેરવા જોઈએ અને ચેપગ્રસિત લોકોથી દૂર રહેવુ જોઈએ.

## ભારતે સૌપ્રથમ લોંગ – રેન્જ રિવોલ્વર "પ્રબળ" લોન્ચ કરી




- ભારત સરકારએ તેની સૌપ્રથમ લોંગ – રેન્જ રિવોલ્વર 'પ્રબળ' લોન્ચ કરી.
- Advance Weapons and Equipment India (AWEIL) દ્વારા ઉત્પાદિત 'પ્રબળ' ભારતની પ્રથમ લોંગ રેન્જ રિવોલ્વર છે.
- આ 32 બોરની રિવોલ્વર 50 મીટર સુધીની ફાયરિંગ રેન્જ ધરાવે છે, જે દેશમાં ઉપલબ્ધ અન્ય રિવોલ્વરની તુલનામાં બમણી છે.
- પ્રબળ એક સાઈડ સ્વિંગ સિલિન્ડર ધરાવે છે, તે એક નવી ડિઝાઈન સુવિધા છે જે તેની ઉપયોગિતાને વધારે છે.
- આ નવીનતા વધુ કાર્યક્ષમ અને વપરાશકર્તાને અનુકુળ મિકેનિજમ પ્રદાન કરીને, કારતુસ દાખલ કરવા માટે હથિયારને ફોલ્ડ કરવાની જરૂરીયાતને દુર કરે છે.
- માત્ર 700 ગ્રામ વજન ધરાવતી અને વિશેષતાઓથી સજ્જ 'પ્રબળ' મહિલાઓ માટે પણ એક અનુકુળ અને સુરક્ષિત વિકલ્પ બનશે.

### ❖ AWEIL વિશે.

- Advance Weapon and Equipment India Ltd.
- તે રાજય માલિકીનું સાહસ છે.
- તેની સ્થાપના વર્ષ 2021 માં Ordinance Factory Board (OFB) ના પુનર્ગઠન અને કોર્પોરટાઈઝેશનના ભાગરૂપે કરવામાં આવી હતી.
- AWEIL, તે કાનપુર સ્થિત સરકારી માલિકીની એન્ટરપ્રાઈઝ, સંરક્ષણ સાધનોનો ઉત્પાદનમાં નિષ્ણાંત છે.
- AWEIL નો પ્રાથમિક ઉદ્દેશ્ય ભારતીય સશસ્ત્ર દળો, આંતરરાષ્ટ્રીય લશ્કરી દળો અને નાગરીક ઉપયોગ માટે નાના શસ્ત્રો અને આર્ટિલરીનું ઉત્પાદન કરવાનો છે.

## CWC દ્વારા મોબાઈલ એપ્લિકેશન "Floodwatch" લોન્ચ કરવામાં આવી

- સેન્ટ્રલ વોટર કમિશન (CWC) ના ચેરમેન કુશવેન્દ્ર વહોરાએ મોબાઈલ એપ્લિકેશન 'ફલડવોચ' (Floodwatch) લોન્ચ કરી છે.
- આ એપનો ઉદ્દેશ્ય લોકોને વાસ્તવિક સમયના આધારે પૂરની સ્થિતિ અને 7 દિવસ સુધીની આગાહીની માહિતી આપવાનો છે.




- આ એપ્લિકેશન વિવિધ સ્ત્રોતોમાંથી રીયલ ટાઈમ નદી પ્રવાહ ડેટાનો ઉપયોગ કરે છે.
- તે સચોટ અને સમયસર પૂરની આગાહીઓ પહોંચાડવા માટે સેટેલાઈટ ડેટા વિશ્લેષણ, ગાણિતિક મોડેલિંગ અને વાસ્તવિક સમય દેખરેખ જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરે છે.
- અન્ય મુખ્ય લાક્ષણિકતાઓમાં ઈન્ટરેક્ટિવ નકશાનો સમાવેશ થાય છે. જ્યાં વપરાશકર્તાઓ પૂરની આગાહી (24 કલાક × 7 દિવસ સુધી) પર સીધા નકશામાંથી માહિતી મેળવી શકે છે અથવા વપરાશકર્તા શોધ બોક્સમાં સ્ટેશનના નામ દ્વારા શોધી શકે છે.
- જયારે ડ્રોપડાઉનમાંથી સ્ટેશનનું નામ પસંદ કરવામાં આવે છે, ત્યારે સ્થાન નકશા પર ઝૂમ ઈન થશે.
- એપ્લિકેશન રાજય મુજબ / બેઝિન મુજબ પૂરની આગાહી (24 કલાક સુધી) અથવા પૂર સલાહકાર (7 દિવસ સુધી) પણ પ્રદાન કરશે, જે ડ્રોપડાઉન મેનૂમાંથી રાજય મુજબ અથવા બેસિન મુજબના ચોક્કસ સ્ટેશનોને પસંદ કરીને મેળવી શકાય છે.
- આ વપરાશકર્તા મૈત્રી પૂર્ણ એપ્લિકેશન ઈન – હાઉસ વિકસાવવામાં આવી છે જેમાં વાંચી શકાય તેવું અને ઓડિયો બ્રોડકાસ્ટ સામગ્રી છે અને તમામ માહિતી અંગ્રેજી અને હિન્દી એમ 2 ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- અહિ વપરાશકર્તાઓ દેશભરમાં પૂરની સ્થિતિ વિશે જાણી શકે છે.

## ભારતના રાષ્ટ્રપતિએ 'વિંધ્યાગીરી' જહાજ લોન્ચ કર્યું




- રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ દ્વારા કોલકત્તામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર લિમિટેડ (GRSE) ખાતેથી 'વિંધ્યાગીરી' ફ્રિગેટ લોન્ચ કરવામાં આવ્યું.
- આ ફ્રિગેટનું નામ કર્ણાટકની એક પર્વતમાળા પરથી રાખવામાં આવ્યું છે.
- વિંધ્યાગીરી એ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ પ્રોગ્રામ હેઠળનું છઠ્ઠું જહાજ છે.
- 17A પ્રોજેક્ટ હેઠળ મુંબઈના MDL (Mazagon Dock Shipbuilders Limited) માં ચાર જહાજ અને કોલકતાના GRSE માં ત્રણ જહાજનું નિર્માણ કરવામાં આવ્યું.
- પ્રોજેક્ટ 17 કલાસ ફ્રિગેટ દ્વારા પ્રેરિત આ તકનીકી રીતે ઉન્નત સ્ટીલ્થ સુવિધાઓ, અદ્યતન શસ્ત્રો, સેન્સર્સ અને પ્લેટફોર્મ સંચાલન પ્રણાલીથી સજ્જ છે.
- આ પ્રોજેક્ટ હેઠળ જહાજોના સાધનો અને વિવિધ પ્રણાલીઓ 75% જેટલા ઉપકરણ સ્વદેશી કંપનીઓના છે.

**❖ જૂની INS વિંધ્યાગીરી**

- તે નીલગીરી વર્ગની છઠ્ઠી અને છેલ્લી ફ્રિગેટ હતી.
- 8 જુલાઈ 1981 થી 11 જૂન 2012 સુધી તેણે સેવા આપી હતી.
- INS વિધ્યાંગીરીનું 2011 માં એક વેપારી જહાજ સાથે અકસ્માત સર્જાયો હતો. ત્યારબાદ તેને સેવામાંથી નિવૃત્તિ આપવામાં આવી હતી.

**❖ પ્રોજેક્ટ 17A (Project 17 Alpha) ફ્રિગેટ**

- તેને ભારતીય નૌકાદળ દ્વારા વર્ષ 2019 માં સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટની શ્રેણીના નિર્માણ માટે શરૂ કરવામાં આવી હતી.
- આ શ્રેણીની પ્રથમ ફ્રિગેટ નીલગીરી હતી જે વર્ષ 2019 માં લોન્ચ થઈ હતી.
- તેમાં કુલ સાત જહાજોનું નિર્માણ કરવામાં આવશે.
- આ ફ્રિગેટનું નિર્માણ MDL (Mazagon Dock Shipbuilders – Mumbai) અને GRSE (Garden Reach Shipbuilders & Engineer) દ્વારા કરવામાં આવ્યું.

## કમળની નવી પ્રજાતિ 'નમોહ – 108' નું અનાવરણ કરવામાં આવ્યું

- કેન્દ્રીય વિજ્ઞાનમંત્રી જિતેન્દ્ર સિંહે CSIR – NBRI નેશનલ બોટનિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, લખનૌ ખાતે કમળની નવી પ્રજાતિ 'નમોહ 108' નું અનાવરણ કર્યું હતું.
- કેન્દ્રીય મંત્રીએ લોટસ મિશનની શરૂઆત કરી હતી.
- નમોહ 108 ને લખનૌ સ્થિત નેશનલ બોટનિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (NBRI) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

**❖ NAMOH-108 (નમોહ – 108) ની વિશેષતા**

- આ પ્રકારના ફૂલ માર્ચ થી ડિસેમ્બરમાં ઉગે છે જેમાં પુષ્કળ પ્રમાણમાં પોષક તત્વો રહેલા છે.

- આ ફૂલને વિશિષ્ટ દેખાવ આપવા તેના જીન્સ (Genes) બદલીને વિકસાવવામાં આવ્યું છે અને આ રીતે વિકસાવાયેલુ આ કમળ પ્રથમ ફૂલ છે.
- ફૂલમાં 108 પાંદડીઓ છે.
- NAMOH 108 નામ 'ઓમ નમહ વાસુદેવ' પરથી ઉતરી આવ્યું છે.
- NAMOH નો અનુવાદ સંસ્કૃતમાં 'નમસ્કાર' થાય છે.
- પહેલા આ પ્રજાતિના ફૂલ મણિપૂરમાં ઉગતા હતા, જે હવેથી સુધારો થતા મણિપૂર રાજયની બહાર પણ ઉગાડી શકાશે.




❖ **લોટસ મિશન**

- એરોમા મિશનની સફળતાબાદ લોટસ મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- CSIR – NBIR એ નમોહ – 108 ફૂલોની વ્યાપક ખેતી પ્રોત્સાહન આપવા માટે આ મિશન શરૂ કર્યુ હતું.
- આ મિશન મોટા બાગાયતી મિશનનો એક ભાગ છે. તેમજ તેનો હેતું ભારતના વિવિધ પ્રદેશોમાં આ પ્રકારની ખેતીને ફેલાવવાનો છે.
- આ ફૂલમાંથી બનતી વસ્તુઓમાં જેમકે ફાઈબરમાંથી વસ્ત્રો, કમળનું અંતર 'Frotus' તેમજ પરફ્યુમનો સમાવેશ થાય છે.

## પ્રથમ સ્વદેશી ઈ–ટ્રેકટર CSIR Prima ET11 લોન્ચ કરવામાં આવ્યું

- કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહ દ્વારા સેન્ટ્રલ મિકેનિકલ એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (CMERI), દુર્ગાપુર દ્વારા વિકસિત પ્રથમ સ્વદેશી ઈ–ટ્રેકટર, CSIR Prima ET11 લોન્ચ કરવામાં આવ્યું.
- આ ઈ–ટ્રેકટર ભારતના અર્થતંત્રમાં કૃષિ સ્ટાર્ટઅપ્સમાં મહત્વની ભૂમિકા ભજવશે તેમજ કૃષિમાં નવી અને કુત્રિમ બુધ્ધિમતા આધારિત ટેકનોલોજી ને પ્રોત્સાહન આપશે.
- તે વેસ્ટ રિસાયકિલંગ, ડ્રિપ ઈરિગેશન, કેરી અને કમળ જેવી કૃષિમાં ઉપયોગ થાય તેવી રીતે તેને તૈયાર કરવામાં આવ્યું છે.



### Central Mechanical Engineering Research Institute (CMERI) વિશે....

- તેની સ્થાપના વર્ષ 1958 માં પશ્ચિમ બંગાળના દુર્ગાપૂર ખાતે થઈ હતી.
- તે CSIR (Council of Scientific and Industrial Research) ના નેજા હેઠળ મિકેનિકલ એન્જિનિયરીંગ માટેની સર્વોચ્ચ R & D સંસ્થા છે.
- આ સંસ્થાનો ઉદ્દેશ્ય આ ક્ષેત્રના ઉદ્યોગોને મદદ કરવી તેમજ મિકેનિકલ એન્જિનિયરિંગ ટેકનોલોજીનો વિકાસ કરવાનો છે.

## D-4S ને ભારતીય સશસ્ત્ર દળમાં સામેલ કરવામાં આવ્યું



- ભારતીય સશસ્ત્રદળમાં ભારતનું સૌપ્રથમ સ્વદેશીરૂપથી વિકસાવેલુ D-4S એન્ટિ ડ્રોન પ્રણાલીને સામેલ કરવામાં આવી.
- D-4 એન્ટિ ડ્રોન પ્રણાલીનો ઉપયોગ પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન સુરક્ષા માટે કરવામાં આવ્યો હતો તેમજ એરોઈન્ડિયા 2023 માં પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
- D-4 S (Drone – Detect, Deter and Destroy System)
- આ ડ્રોનને વિકસાવવામાં DRDO દ્વારા કરવામાં આવ્યું છે. જયારે ઉત્પાદન BEL (Bharat Electronics Limited) દ્વારા કરવામાં આવ્યું છે.
- આ પ્રણાલીનો હેતું અજ્ઞાત ડ્રોનને શોધી તેનો નાશ કરવાનો છે.
- આ પ્રણાલી અજ્ઞાત ડ્રોનને શોધી તેને જામ કરી દેશે જેને SOFT KILL કહેવામાં આવે છે. આ SOFT KILL 3 કિ.મી.સુધીના વિસ્તારમાં અસરકારક રહે છે.
- આ ઉપરાંત પ્રણાલીથી 1- 1.25 કિમી સુધીના વિસ્તારમાં તે ડ્રોનને લેસર દ્વારા નાશ કરવામાં સક્ષમ છે. જેને HARD KILL કહેવામાં આવે છે.

## ભારતીય સેનામાં 'SWATHI MK-II' નો સમાવેશ કરવામાં આવ્યો

- ભારતીય સેનાએ માઉન્ટ વેરિયન્ટ SWATHI MK-II વેપન લોકેટિંગ રડાર (WLR) નો સૌપ્રથમ–વાર સમાવેશ કર્યો છે.
- SWATHI MK-II નું નિર્માણ રક્ષામંત્રાલયની નવરત્ન કંપની BEL (Bharat Electronics Limited) દ્વારા કરવામાં આવ્યું છે.
- તે પર્વતીય પ્રદેશો અને ઉચ્ચ વિસ્તારમાં ઉદ્ભવતા વિવિધ પડકારો સામે રક્ષણ પૂરું પાડવા માટે બનાવેલું છે.

- વર્ષ 2022 માં આર્મેનિયાએ ભારત પાસેથી SWATHI WLR ખરીદવા માટે 40 મિલિયન USD નો કરાર કર્યો હતો.

❖ **WLT (Weapon Locating Radar)**

- તે આધુનિક સૈન્ય માટે મહત્ત્વનું હથિયાર છે તે પ્રતિકૂળ આર્ટિલરી, મોર્ટાર અને રોકેટ લોન્ચરને શોધવા અને ટ્રેક કરવા માટે અદ્યતન સિગ્નલ પ્રોસેસિંગ તકનીકોનો ઉપયોગ કરે છે.
- તે સચોટ રીતે આર્ટિલરી હુમલાની ગણતરી કરવા સક્ષમ છે.
- ઉચ્ચ ગતિશીલતા અને ઝડપી તૈનાતી ક્ષમતા તેના વિશિષ્ટ લક્ષણો છે જેથી તે સરળતાથી બદલાતી જરૂરિયાતોને અનુરૂપ કાર્યો કરી શકે છે.
- WLR દુશ્મન શસ્ત્ર પ્રણાલીઓ વિશે નિર્ણાયક માહિતી પ્રદાન કરે છે.
- સ્વાથી રડારના બે સંસ્કરણો છે – સ્વાથી મેદાન અને સ્વાથી પર્વત.


WLR - Mountain Version

## કેન્દ્ર સરકારે ગ્રીનહાઈડ્રોજનની વ્યાખ્યા જાહેર કરી

- નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય સૂચિત માપદંડો હાઈડ્રોજનના ઉત્પાદન દરમિયાન થતા ઉત્સર્જનને આધારે નિર્ધારિત કરવામાં આવ્યા છે.
- મંત્રાલયએ ગ્રીન હાઈડ્રોજનને પ્રતિ 1 kg $H_2$ ઉત્પાદનથી વધુમાં વધુ 2 Kg $CO_2$ ની સમકક્ષ વેલ–ટુ–ગેટ ઉત્સર્જન (એટલે કે પાણીની પ્રક્રિયા, વિદ્યુત વિચ્છેદન વિશ્લેષણ, ગેસ શુધ્ધિકરણ, હાઈડ્રોજનને સૂકવવો અને સંકોચન) તરીકે વ્યાખ્યાયિત કરવાનો નિર્ણય લીધો છે.
- મંત્રાલયની સૂચના અનુસાર BEE (Bureau of Energy Efficiency) ગ્રીન હાઈડ્રોજન પરિયોજના માટે દેખરેખ, ચકાસણી અને પ્રમાણપત્ર માટે એજન્સીઓની માન્યતા માટેનું મુખ્ય પ્રાધિકરણ હશે.
- વ્યાખ્યાના અવકાશમાં વિદ્યુત વિચ્છેદન વિશ્લેષણ આધારિત અને બાયોમાસ આધારિત હાઈડ્રોજન ઉત્પાદન પધ્ધતિનો સમાવેશ થાય છે.
- આ સાથે જ ભારત ગ્રીન હાઈડ્રોજનની વ્યાખ્યા જાહેર કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.

❖ **National Green Hydrogen Mission**

- જાન્યુઆરી 2023 માં વડાપ્રધાન નરેન્દ્રમોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટએ આ મિશનને મંજૂરી આપી હતી.
  - ➤ **ઉદેશ્ય :**
    - વર્ષ 2030 સુધીમાં દેશમાં લગભગ 125 ગીગાવોટની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં વધારો સાથે ઓછામાં ઓછો 5 મિલિયન મેટ્રીક ટન (MMT) પ્રતિવર્ષ ગ્રીન હાઈડ્રોજન ક્ષમતા વધારવી.
    - આઠ લાખ કરોડનું રોકાણ તેમજ છ લાખ નોકરીઓ આપવી.
    - અશ્મિભૂત ઈંધણની આયાતમાં રૂા. 1 લાખ કરોડનો ઘટાડો તેમજ વાર્ષિક હરિત ગૃહ વાયુના ઉત્સર્જનમાં આશરે 50 MT નો ઘટાડો કરવો.




- મિશન નવી અને નવીનીકરણીય મંત્રાલય હેઠળ કાર્યરત કરવામાં આવશે.
- મિશન હેઠળની પેટા યોજનાઓ ગ્રીન હાઈડ્રોજન હબ અને SIGHT (Strategic Interventions for Green Hydreogen Transition Programme) છે.

## NTCA દ્વારા ધોલપુર – કરૌલી વાઘ આરક્ષિત ક્ષેત્રને મંજૂરી આપવામાં આવી

- ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MOEFCC) હેઠળ કાર્યરત નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) દ્વારા પ્રોજેક્ટ ટાઈગર હેઠળ રાજસ્થાનના કરૌલી – સરમથુરા – ધોલપુર અભયારણ્યને ધોલપુર – કરૌલી વાઘ આરક્ષિતક્ષેત્ર તરીકે મંજૂરી આપી છે.
- તે રાજસ્થાનનું (5) મું અને સમગ્ર દેશનું 54મું વાઘ આરક્ષિતક્ષેત્ર બની ગયું છે.
- રાજસ્થાનના અન્ય વાઘ આરક્ષિત ક્ષેત્રમાં રામગઢ વિષધારી, મુકન્દ્રા હિલ્સ, રણથંભોર અને સરિસ્કાનો સમાવેશ થાય છે.
- રાજસ્થાનમાં વાઘની સંખ્યા વર્ષ 2006 માં 32 હતી તે વધીને વર્ષ 2022 માં 88 થઈ ગઈ છે.




❖ **વાઘ પરિયોજના**

- આ પરિયોજનાની શરૂઆત વર્ષ 1973 માં કરવામાં આવી હતી.
- વર્ષ 1973 માં 9 વાઘ આરક્ષિતક્ષેત્ર સાથે પારંભ કરાયેલી પરિયોજનામાં ઓ કુલ 54 વાઘ આરક્ષિતક્ષેત્રો જાહેર કરાયેલ છે.
- જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન દેશનું પ્રથમ વાઘ આરક્ષિત ક્ષેત્ર છે, જયારે નાગાર્જૂન સાગર ક્ષેત્રફળની દષ્ટિએ સૌથી મોટુ વાઘ આરક્ષિત ક્ષેત્ર છે.
- મધ્યપ્રદેશમાં સૌથી વધુ સંખ્યા હોવાને કારણે તેને 'Tiger State of India' તરીકે ઓળખવામાં આવે છે.

## લડાકુ વિમાન તેજસથી સૌપ્રથમ વખત અસ્ત્ર મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું

- ભારતના તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) LSP-7 એરક્રાફ્ટે ગોવાના કિનારેથી ASTRA સ્વદેશી અત્યાધુનિક Beyond Visual Range (BVR) હવા – થી – હવા મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યુ.




- તેનાથી તેજસની લડાયક કુશળતામાં નોંધપાત્ર વધારો થશે. અને આયાતી શસ્ત્રો પરની ભારતની નિર્ભરતા ઘટશે.
- આ મિસાઈલ પરિક્ષણનું નિરિક્ષણ એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સીના ટેસ્ટ ડાયરેકટ અને વૈજ્ઞાનિક, DRDO HAL અને ડાયરેકટ જનરલ ઓફ એરોનોટિકલ ક્વોલિટી એસ્યોરન્સ (DG-AQA) દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ મિસાઈલનું 20 હજાર ફૂટની ઉંચાઈએથી પરિક્ષણ કરવામાં આવ્યુ હતું.

### ❖ ASTRA મિસાઈલ

- અસ્ત્ર મિસાઈલ હવા – થી – હવામાં પ્રહાર કરતી ભારતની પ્રથમ સુપરસોનિક મિસાઈલ (4.5 મેક) છે.
- તે DRDO દ્વારા વિકસાવવામાં આવેલી બધી મિસાઈલો પૈકી સૌથી નાના કદની તથા ઓછા વજનની મિસાઈલ છે.
- તેની પ્રહાર ક્ષમતા 60 કિ.મી. થી 80 કિ.મી. સુધીની છે. જે 15 કિ.ગ્રા. સુધીના વજનના શસ્ત્રો લઈ જઈ શકે છે.
- અસ્ત્રમિસાઈલ લોક ઓન બિફોર લોન્ચ(LOBL) અને લોક ઓન આફટર લોન્ચ (LOAL) ની લાક્ષણિકતા ધરાવે છે.
- તે એક સમયે એક થી વધારે ટાર્ગેટ હિટ કરવા માટે સક્ષમ છે.
- તે BVRAAM (Beyond Visual Range Air to Air Missile) એટલે કે આ મિસાઈલ દૂરથી આવતા અને સ્પષ્ટ રીતે જોઈ ને શકાય તેવા લક્ષ્યને પણ તેની હાજરીનો અંદાજ લગાવી પ્રહાર કરી શકે છે.

Banking Academy

ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...

# પોલીસ કોન્સ્ટેબલ

# PSI/ASI

ની તૈયારી કરો હવે આપના વિસ્તારમાં

# સુરત

ટૂંક સમયમાં જાહેર થનાર સંભવિત 8000 થી વધુ જગ્યાઓની ભરતી

Govt. Jobs



- સામાન્ય જ્ઞાન
- Maths
- Reasoning
- કાયદો

જેવા વિષયોની સંપૂર્ણ મટીરિયલ્સ સાથે વિશેષ તૈયારી

- Weekly Test
- Full Day Faculty
- All Day Reading
- Facilities

Join New Class

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

## ટૂંક સમયમાં શરૂ

GPSC | તલાટી | બિન સચિવાલય | TET/TAT

જેવી તમામ પરીક્ષાઓની તૈયારી આજે જ શરૂ કરો

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555 | સુરત (વરાછા) Ph. : 70464 16555 | સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 9 રમત-જગત

## BWF રેન્કિંગમાં ભારતીય બેડમિન્ટન જોડી સાત્વિક – ચિરાગ બીજા ક્રમે રહ્યા



- હાલમાં જાહેર કરવામાં આવેલ BWF રેન્કિંગમાં ભારતીય બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પુરુષ યુગલમાં તેમની અગાઉની રેન્કિંગથી એક સ્થાન આગળ વધીને બીજુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.
- વર્ષ 2022 માં કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણ પદક, ફ્રેન્ચ ઓપન સુપર 750 ટાઈટલ અને આ સિઝનમાં ઈન્ડોનેશિયન ઓપન અને સ્વિસ ઓપન – 300 ટાઈટલ જીતનાર સાત્વિક અને ચિરાગના હવે 87,211 પોઈન્ટ છે.
- ઈન્ડોનેશિયાની જોડી ફઝરઅલ્ફિયાન અને મોહમ્મદ રિયાન કુલ 91629 પોઈન્ટ સાથે પ્રથમ ક્રમાંકે છે.
- મહિલા એકલમાં બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી.વી. સિંધુ 17 માં સ્થાને યથાવત છે. મહિલા યુગલમાં ત્રેષા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી પણ 19 માં સ્થાને રહી છે.
- પુરુષ એકલમાં એચ.એસ.પ્રણોયે 10 મું સ્થાન જાળવી રાખ્યુ છે. લક્ષ્ય સેનનો 13 મો ક્રમાંક છે. જયારે કિદાંબી શ્રીકાંત 20 માં સ્થાને યથાવત છે.

### Badminton World Federation (BWF) વિશે....

**સ્થાપન** : વર્ષ 1934
**અધ્યક્ષ** : પૌલ એરિક હેયર
**વડુમથક** : કુઆલાલમ્પુર, મલેશિયા
- વિશ્વ સ્તરે બેડમિન્ટન રમતનું નિયંત્રણ અને આયોજન BWF સંસ્થા કરે છે.

## ISSF વર્લ્ડ ચેમ્પિયનશિપ જુનિયર્સ – 2023 માં ભારત બીજા ક્રમાંકે રહ્યું




- દક્ષિણ કોરિયાના ચાંગવાને ખાતે ISSF વર્લ્ડ ચેમ્પિયનશિપ જુનિયર્સ – 2023 નું આયોજન કરવામાં આવ્યુ હતું.
- આ ચેમ્પિયનશિપમાં ભારતે 6 - સુવર્ણ, 6 – રજત અને 5 – કાંસ્ક પદક એમ કુલ 17 – પદક જીત્યા.
- જયારે ચીન 28 પદક (12 – સુવર્ણ, 9- રજત અને 7-કાંસ્ય) સાથે પદકતાલિકામાં ટોચ પર રહ્યું. યુક્રેન 10 પદક (5 - સુવર્ણ, 3 – રજત અને 2 – કાંસ્ય) સાથે ત્રીજા ક્રમે રહ્યો.

❖ **ભારતીય સુવર્ણ ચંદ્રક વિજેતા ખેલાડીઓ :**

| નામ | રમત |
|---|---|
| કલમજીત | પુરુષ – 50 મીટર પિસ્તોલ |
| શુભમ બિસલા | પુરુષ – 10 મીટર એર પિસ્તોલ |
| સૈન્યમ | મહિલા – 10 મીટર એર પિસ્તોલ |
| અભિનવશો અને ગૌતમી ભનોટ | 10 મીટર એર રાઈફલ (યુગલ શ્રેણી) |

### International Shooting Sport Federation (ISSF) વિશે....

**સ્થાપના** : વર્ષ 1907
**અધ્યક્ષ** : લુસિયાનો ટોસી
**વડુમથક** : મ્યુનિચ, જર્મની

## ગોવા ચેલેન્જર્સ અલ્ટિમેટ ટેબલ ટેનિસ – 2023 નું વિજેતા બન્યું




- પૂણેના છત્રપતિ રમત સંકુલ ખાતે આયોજિત Ultimate Tabel Tennis (UTT) માં ગોવા ચેલેન્જર્સની ટીમે ચેન્નાઈ લાયન્સને હરાવી પ્રથમવાર ટ્રોફી જીત્યું.
- આ સ્પર્ધામાં વિજેતા અને રનરઅપ ટીમને અનુક્રમે 75 લાખ અને 50 લાખ આપવામાં આવ્યા.
- આ વર્ષની ટૂર્નામેન્ટમાં ચેન્નઈ ટીમના યાગ–ઝી લિઉને મહિલા શ્રેણીમાં અને બેનેડિકટ ડુડાને પુરુષ શ્રેણીમાં સૌથી મુલ્યવાન ખેલાડીઓનો એવોર્ડ મળ્યો છે.

❖ **Ultimate Tabel Tennis વિશે**
- તે ભારતમાં ટેબલ ટેનિસની ટોચની લીગ છે.
- તેની પ્રથમ આવૃત્તિ વર્ષ 2017 માં રમાઈ હતી.

- આ વર્ષે તેની ચોથી આવૃત્તિ રમાઈ હતી. તે અગાઉ વર્ષ 2017, 2018 અને 2019 માં રમાઈ હતી.
- આ લીગમાં કુલ 6 ટીમ ચેન્નાઈ લાયન્સ, દબંગ દિલ્હી TTC, ગોવા ચેલેન્જર્સ, પુનેરી પલટન ટીટી. યુ મુમ્બા ટી ટી., બેંગ્લુરુ સ્મેશસ
- આ લીગનું વિઝન વર્ષ 2024 સુધીમાં ટેબલ ટેનિસમાં ભારત માટે ઓલિમ્પિક મેડલ લાવવાનું છે.

## ડોમ્મારાજુ ગુકેશએ FIDE રેન્કિંગમાં શ્રી વિશ્વનાથ આંનદને પાછળ છોડયા



- પાંચ વખતના વિશ્વ ચેસ ચેમ્પિયન વિશ્વનાથ આનંદને તેના જ શિષ્ય ડી. ગુકેશએ FIDE રેન્કિંગમાં પાછળ છોડયા છે.
- પરંપરાગત ચેસમાં ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) ની માસિક રેટિંગ સૂચિમાં તેઓ 36 વર્ષ બાદ વિશ્વનાથ આનંદને પાછળ છોડશે.
- તે પ્રથમ વખત ટોચના 10 રેન્કિંગમાં પણ પ્રવેશ કરશે, જયારે આ સિધ્ધિ હાંસલ કરનાર તે માત્ર બીજા ભારતીય બનશે.
- તે વિશ્વના નં– 1 ચેસ ખેલાડી મેગ્નસ કાર્લસનને હરાવનાર સૌથી યુવા ખેલાડી છે.
- FIDE ચેસની રમતનું સંચાલન કરતી સંસ્થા છે, જે તમામ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓનું નિયમન કરે છે. તેનુ ગઠન એક બિનસરકારી સંસ્થા તરીકે કરવામાં આવ્યુ છે.

## 'વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશીપ – 2023' ના પ્રદર્શનમાં ભારતે ટોચનું સ્થાન મેળવ્યું

- બર્લિન, જર્મની ખાતે આયોજિત વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં પદકતાલીકામાં 3 સુવર્ણ અને એક કાસ્ય એમ કુલ ચાર પદક સાથે ભારત પ્રથમ ક્રમાંકે રહ્યો.




- આ વખતે તેની 52 મી આવૃત્તિ રમાઈ હતી.
- સ્પર્ધાના C-2 વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ભારતીય ખેલાડી સુવર્ણ પદક જીત્યા.
- દક્ષિણ કોરિયા ત્રણ પદક (2 સુવર્ણ અને 1 કાંસ્ય) સાથે બીજા ક્રમાંકે, અને જર્મની, પોલેન્ડ તેમજ તુર્કી 2 પદક ( 1 સુવર્ણ અને 1 રજત) સાથે સંયુકત રીતે ત્રીજા ક્રમાંકે રહ્યા હતાં.
- ભારતની જ્યોતિ સુરેખા વેનમ, અદિતી સ્વામી અને પરિનત કૌરની મહિલા ટીમે ચેમ્પિયનશિપ જીતી છે.
- 17 વર્ષીય અદિતિ ગોપીચંદ સ્વામી ચેમ્પિયન બનતા સૌથી નાની વયની સિનિયર વિશ્વ ચેમ્પિયનનો રેકોર્ડ તેણીએ નામે કર્યો.
- આ સ્પર્ધામાં વ્યકિતગત સુવર્ણપદક જીતનાર અદિતિ સ્વામી અને અજય દેવતાલે અનુક્રમે દેશના સૌપ્રથમ મહિલા અને પુરુષ બન્યા છે.

❖ **વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશીપ**

- તેનુ આયોજન World Archery Federation દ્વારા કરવામાં આવે છે.
- તે દર બે વર્ષે યોજવામાં આવે છે.
- તે વર્ષ 1931 માં સૌપ્રથમ રમાડવામાં આવી હતી. ભારત વર્ષ 1981 ની સ્પર્ધામાં જોડાયું હતું.
- વર્ષ 2021 સુધીની તમામ આવૃત્તિઓમાં ભારત કુલ 11 પદક (9 રજત અને 2 કાસ્ય) જીત્યુ હતું.

## વર્લ્ડ યુનિવર્સિટી રમતમાં ભારતે કુલ 26 મેડલ જીત્યા




- ચીનના ચેંગડુ શહેરમાં આયોજિત FISU વર્લ્ડ યુનિવર્સિટી રમતમાં ભારતે તેના અત્યાર સુધીના ઈતિહાસનો શ્રેષ્ઠ દેખાવ કરતા 11 ગોલ્ડ, 5 સિલ્વર અને 11 બ્રોન્ઝ સહિત કુલ 26 મેડલ જીત્યા.
- ભારતના 11 ગોલ્ડમાંથી 8 ગોલ્ડ મેડલ શૂટિંગની રમતના હતા જયારે બાકીના ત્રણ તીરંદાજીમાં મળ્યા હતા.
- ગુજરાતની શુટર ઈલાવેનિલ વાલારીવને 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ તેમજ મિકસ ટીમ રમતમાં દિવ્યાંશ સિંઘ પનવર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

- ભારતીય તીરંદાજ ખેલાડી અવનીત કૌર અને સંગમપ્રીત સિંઘ બિસલાએ વ્યકિતગત તેમજ પુરુષ અને મહિલાઓની સંયુક્ત રમતમાં સુવર્ણપદક પ્રાપ્ત કર્યો છે.
- આ સ્પર્ધાનું શુભંકર રોંગબાઓ (જાયન્ટ પાંડા – ચેગડુંનું સૌથી પ્રિય પ્રાણી)
- ચીન અને જાપાન અનુક્રમે કુલ 178 પદક અને 93 પદક સાથે પહેલા અને બીજા ક્રમાંકે રહ્યા છે.
- આવનારી વર્લ્ડ યુનિવર્સિટી રમત વર્ષ 2025 માં જર્મનીમાં યોજવામાં આવશે.

## જોર્ડનમાં U-20 વિશ્વ રેસલિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું

- જોર્ડનના અમ્માન ખાતે 46 મી U-20 વિશ્વ રેસલિંગ (કુસ્તીબાજ) ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યુ હતું.
- અમ્માન ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે અઠવાડિયા સુધી ચાલેલી આ ઈવેન્ટમાં પુરુષો અને મહિલાઓની ફ્રિસ્ટાઈલ અને પુરુષોની ગ્રીકો – રોમન શ્રેણીમાં રમત યોજાઈ હતી.
- આ રમતમાં ભારતના કુલ 30 ભારતીય રેસલરે ભાગ લીધો હતો.
- જેમાં ભારતે 4 ગોલ્ડ, 3 સિલ્વર અને 7 બ્રોન્ઝ એમ કુલ 14 મેડલ સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે.
- સુવર્ણ પદક મેળવનાર વિદ્યાર્થીઓમાં મોહિત કુમાર, પ્રિયા મલિક, અંતિમ પંઘાલ અને સવિતાનો સમાવેશ થાય છે.
- અંતિમ પંઘાલ સતત બે વખત U-20 વિશ્વરેસલિંગ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતનાર ભારતની પ્રથમ મહિલા કુસ્તીબાજ બની છે.




## સ્પેન મહિલા ફિફા વર્લ્ડ કપ – 2023 નું વિજેતા બન્યું

- ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રમાયેલી ફાઈનલમાં સ્પેન એ ઈંગ્લેંડને 1-0 થી હરાવીને મહિલા ફિફા વર્લ્ડ કપ – 2023 નો ખિતાબ જીત્યો હતો.
- સ્પેન પહેલીવાર મહિલા ફિફા વર્લ્ડ કપ ચેમ્પિયન બન્યુ છે.
- ફાઈનલ મેચનો એકમાત્ર ગોલ સ્પેનની કેપ્ટન ઓલ્ગા કાર્મોનાએ કર્યો હતો.
- સ્પેન પુરુષ અને મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ જીતનાર જર્મની બાદનો બીજો દેશ બન્યો છે.
- મહિલા વર્લ્ડ કપની શરૂઆત વર્ષ 1991 માં થઈ હતી.
- અમેરિકાએ આ ટૂર્નામેન્ટમાં સૌથી વધારે કુલ ચાર વખત જીત્યું છે.
- સ્પેન મહિલા વિશ્વ કપ જીતનાર પાંચમી ટીમ બની છે. સ્પેન પહેલા અમેરિકા (ચાર વખત) જર્મની (બે વખત), જાપાન – નોર્વે (એક એક વખત) વિજેતા રહયા છે.
- વર્ષ 2023 ટૂર્નામેન્ટનો શુભંકર તાઝુની પેંગ્વિન છે.




**International Federation of Association Football (FIFA) વિશે....**

**સ્થાપના** : 21 મે, 1904
**વડુમથક** : ઝયુરિચ (સ્વિટ્ઝર્લેન્ડ)
**પ્રમુખ** : જિયાની ઈન્ફેન્ટિનો

## તીરંદાજી વર્લ્ડ કપ 2023 માં ભારતની ટીમ એ ગોલ્ડ મેડલ જીત્યો

- ફ્રાન્સના પેરિસમાં આયોજિત તીરંદાજ વર્લ્ડ કપ 2023 ના તબક્કા – 4 માં ભારતની પુરુષ કમ્પાઉન્ડ ટીમએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ઓજસ પ્રવિણ દેવતાલે, પ્રથમેશ જાવકર અને અભિષેક વર્માની બનેલી ભારતની પુરુષોની કમ્પાઉન્ડ તીરંદાજી ટીમએ ફાઈનલમાં USA ની ટીમને હરાવી હતી.
- અગાઉ બર્લિન ખાતે યોજાયેલ વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતની જ્યોતિ સુરેખા વેનમ, અદિતી સ્વામી, અને પરિનત કૌરની મહિલા કમ્પાઉન્ડ ટીમે ફાઈનલમાં મેક્સિકોને હરાવીને ભારતને સૌપ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

**તિરંદાજી વિશ્વકપવિશે....**

**વડુમથક** : લુઝાન (સ્વિત્ઝર્લેન્ડ)
- તેનું આયોજન World Archery Federation દ્વારા કરવામાં આવે છે.
- તેનું આયોજન દર વર્ષે થાય છે.



## શા'કેરી રિચાર્ડસન વિશ્વની સૌથી ઝડપી દોડવીર બની




- 23 વર્ષીય અમેરિકન દોડવર શા'કેરી રિચાર્ડસને બુડાપેસ્ટ, હંગેરીમાં ટ્રેક એન્ડ ફિલ્ડ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મહિલાઓની 100 મીટરની સ્પર્ધા જીતી હતી.
- તેણીએ આ દોડ 10.65 સેકન્ડમાં પૂર્ણ કરતી હતી.
- આ સાથે તે વિશ્વની સૌથી ઝડપી દોડવીર બની છે.
- રિચાર્ડસન વર્ષ 2017 પછી 100 મીટર વર્લ્ડ ટાઈટલ જીતનારી પ્રથમ અમેરિકન મહિલા બની છે.
- જમૈકાની શેરિકા જેકસન 10.72 સેકન્ડ સાથે બીજા અને વેસ્ટ ઈન્ડિઝની શેલી – એન ફ્રેઝર 10.77 સેકન્ડ સાથે ત્રીજા ક્રમાંકે રહયા હતા.

## પ્રજ્ઞાનનંદ FIDE વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચનાર બીજો ભારતીય બન્યો

- અઝરબૈજાનના બાકુમાં આયોજિત FIDE વર્લ્ડ કપમાં ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનનંદા બીજા ક્રમે રહ્યો છે.
- ટાઈ બ્રેકર રાઉન્ડમાં કાર્લસને વિજય મેળવીને પ્રથમ વખત વર્લ્ડ કપ ચેમ્પિયનનો તાજ જીત્યો હતો.
- ભારતીય ગ્રાન્ડ માસ્ટર આર. પ્રજ્ઞાનનંદ ચેસના FIDE વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચનાર વિશ્વનાથ આનંદ પછી બીજો ભારતીય ખેલાડી બન્યો છે.
- પ્રજ્ઞાનનંદનો જન્મ 10 ઓગસ્ટ 2005 ના રોજ તમિલનાડુના ચેન્નાઈમાં થયો હતો.
- પ્રજ્ઞાનનંદ વર્ષ 2016 માં 10 વર્ષની ઉંમરે સૌથી નાની વયનો આંતરરાષ્ટ્રીય ચેસ માસ્ટર બન્યો હતો.
- તેણે વર્ષ 2018 માં પ્રતિષ્ઠિત ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ હાંસલ કર્યો હતો. આ સિધ્ધિ હાંસલ કરનાર તે ભારતનો સૌથી યુવા ખેલાડી હતો અને તે સમયે વિશ્વનો બીજો સૌથી યુવા ખેલાડી હતો.




**FIDE વિશે....**

**મુખ્યાલય :** લૌસાને, સ્વિત્ઝર્લેન્ડ

- તેની સ્થાપના વર્ષ 1924 માં ફ્રાન્સના પેરિસ ખાતે થઈ હતી.
- ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) એ ચેસની રમતનું સંચાલન કરતી સંસ્થા છે અને તે તમામ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાનું નિયમન કરે છે.



સફળતા કોઈ જાદુઈ મંત્ર નથી, તે માત્ર તૈયારી,મહેનત અને નિષ્ફળતામાંથી શીખવાનું પરિણામ છે.
ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર થયેલ
બિન સચિવાલય
માં સફળ થયેલ અમારા વિદ્યાર્થીઓ
Govt. Jobs
Heartiest Congratulations..!
OLD IS GOLD
ASHISH RATHOD
કલેક્ટર કચેરી, તાપી
UMANG SHAH
મામલતદાર કચેરી, સુરત
MAYUR KOTKAR
મામલતદાર કચેરી, સુરત
AJAY BRAHMBHATT
સિંચાઈ યોજના વર્તુળ, અમદાવાદ
PRATIK SURATI
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી ની કચેરી
RIDDHI NAKUM
કલેક્ટર કચેરી, સુરત
BRIJESH PARMAR
કલેક્ટર કચેરી, સુરત
KAUSHIK BHIMANI
ગુજરાત પાણી પુરવઠા બોર્ડ
RUTURAJ MODI
સિંચાઈ યોજના વર્તુળ, અમદાવાદ
SHUBHAM PATEL
કલેક્ટર કચેરી, વલસાડ
PRAKASH KAPOPARA
ગુજરાત પાણી પુરવઠા બોર્ડ
HARDIK DHANDHUKIA
ગુજરાત પાણી પુરવઠા બોર્ડ
VIKASH PATEL
ગુજરાત હાઉસિંગ બોર્ડ
RAJANI GEDIYA
કલેક્ટર કચેરી, સુરત
PATEL AVANI
કમિશ્નર આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ
VIJAY GOHIL
માર્ગ અને મકાન વિભાગ વર્તુળ, વડોદરા
Selected in
Govt. Jobs 2023
ADMISSION OPEN
જો આપ સરકારી ભરતીઓની તૈયારી કરવા માંગો છો.તો આજે જ તૈયારી શરૂ કરો.
GPSC I/II
ના.મામલતદાર
PSI/ASI
તલાટી
કોન્સ્ટેબલ
બિન સચિવાલય
TET I/II
તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ
Our Branches
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના)
Ph. : 70461 40555
સુરત (વરાછા)
Ph. : 70464 16555
સુરત (કતારગામ)
Ph. : 70466 31555

# 10 નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## અમિત શાહે "ડો. એપીજે અબ્દુલ કલામ: Memories Never Die" પુસ્તકનું વિમોચન કર્યું

- કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતશાહે રામેશ્વરમમાં "ડો. એ.પી.જે. અબ્દુલ કલામ : Memories Never Die" પુસ્તકનું વિમોચન કયુ છે.
- આ પુસ્તકમાં ડો. એ.પી. જે કલામ સાથે સંકળાયેલી ઘટનાઓનું સંપૂર્ણ અને પ્રમાણિક વર્ણન છે.
- આ પુસ્તકમાં ભારતીય રોકેટ વિદ્યા, વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણનો ઈતિહાસ, ભારતીય રાજકારણ અને વહીવટી વ્યવસ્થાનું સુંદર પ્રતિનિધિત્વ તથા ડો. કલામની ઈચ્છાઓ અને કલ્પનાઓ સાથે સંબંધિત અનેક ઘટનાઓનું વર્ણન સામેલ કરવામાં આવ્યું છે.




- આ પુસ્તક વાંચકો માટે ડો. કલામનો સાહિત્ય અને કળા પ્રત્યેનો પ્રેમ, થિરુકુરલ અને ભર્તિયારની કવિતાઓ વિશે તેમણે આપેલી સલાહો તથા તેમના જીવનનાં ઘણા અજ્ઞાન પાંસાઓ વિશે જાણકારી પ્રદાન કરે છે.

❖ **APJ અબ્દુલ કલામ**

- તેમનો જન્મ તમિલનાડુના રામેશ્વરમાં આવેલ ધનુષકોડીમાં 15 ઓગસ્ટ 1931 ના રોજ થયો હતો.
- પુરુ નામ – અવુલ પાકિર જૈનુલાબ્દિન અબ્દુલ કલામ
- તેઓએ પોતાના પુસ્તક 'ઈન્ડિયા – 2020' માં ભારતને જ્ઞાન મહાશકિત અને વિકસિત રાષ્ટ્ર બનાવવાની હિમાયત કરી હતી.
- તેમની આત્મકથા "Wing of Fire" નું ગુજરાતીમાં અનુવાદ 'અગનપંખ' નામે હરેશ ધોળકિયા દ્વારા કરવામાં આવ્યું છે.
- તેમની સાથે 40 વર્ષનો અનુભવ ધરાવતા શિવથાનું પિલ્લઈ દ્વારા '40 Years with Abdul Kalam- Untold Stories" નામના પુસ્તકનું વિમોચન ઉપરાષ્ટ્રપતિ એમ. વૈકેયા નાયડુ દ્વારા કરવામાં આવ્યુ હતું.

## કોઈમ્બતુરમાં તમિલ કવિ તિરુવલ્લુવરની 25 ફૂંટ ઊંચી સ્ટીલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી

- મહાન તમિલ કવિ તિરુવલ્લુવરની 25 ફૂંટ ઊંચી તમિલ લિપિથી બનાવાયેલી પ્રતિમા કોઈમ્બતુર, તમિલનાડુમાં સ્થાપિત કરવામા આવી છે.



- કોઈમ્બતુરના કુરીમિકુલમ તળાવને કિનારે બેસવાની સ્થિતિમાં અને ભાષાકીય પાત્રો સાથે ડિઝાઈન કરાયેલ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે.
- 2.5 ટન વજનની આ મૂર્તિ તિરુવલ્લુવર રચિત 1330 કુરલ (દોહા) ના સન્માનમાં 1330 અક્ષરોને જોડીને બનાવાઈ છે.
- આ મૂર્તિની ઉંચાઈ 25ફૂટ છે તેમજ તે 247 ઈલુટ્ટક્કલ (મૂળાક્ષરો) થી કંડારાયેલ છે.
- પ્રતિમામાં તિરુવલ્લુવરને બેસવાની મુદ્રામાં દર્શાવવામાં આવ્યા છે, તેના એક હાથમાં 'પાનઈ ઓલાઈ' (તાડનું પાંદડું) અને બીજા હાથમાં 'એઝુત્થાની' (પ્રાચીન કલમ), જે હસ્તપ્રતો લખવા માટે વપરાય છે.
- આ પ્રતિમામાં દરેક તમિલ અક્ષરો સ્ટીલના બનેલા છે અને પ્રતિમા પરથી સુર્યના કિરણોને પ્રતિબિંબિત કરવા માટે જુદા જુદા આકારના અક્ષરોને એક બીજા સાથે જોડાયેલ છે.
- આ પ્રતિમાં તિરુવલ્લુવરના ત્રણ પુસ્તકો અરામ(સદ્ગુણ), પોરુલ (સંપત્તિ) અને ઈનબમ (પ્રેમ)ને દર્શાવે છે.

## પ્રસિધ્ધ પરમાણુ ભૌતિકશાસ્ત્રી વિકાસ સિંહાનું નિધન થયું

- તાજેતરમાં પ્રસિધ્ધ પરમાણુ ભૌતિકશાસ્ત્રી વિકાસ સિંહાનું 78 વર્ષની વયે વયે નિધન થયુ છે.
- વિકાસ સિંહાનો જન્મ 16 જૂન, 1945 ના રોજ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાનાં કાંડીમાં થયો હતો.
- તેઓ પરમાણુ ભૌતિકશાસ્ત્ર અને ઉચ્ચ ઉર્જા ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રોમાં સક્રીય હતા.
- તેમણે પ્રેસિડેન્સી કોલેજ, કોલકત્તામાં 1961 થી 1964 દરમિયાન તેમની સ્નાતક ડિગ્રી માટે ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.
- તેમજ તેમણે ઉચ્ચ અભ્યાસ કેમ્બ્રિજની કિંગ્સ કોલેજમાંથી પૂર્ણ કર્યો હતો.
- તેઓ જૂન 2009 માં વેરિયેબલ એનર્જી સાયકલોટ્રોન સેન્ટર અને સાહા ઈન્સ્ટિટયૂટ ઓફ ન્યુકિલઅર ફિઝિક્સના નિર્દેશક તરીકે સેવા આપી નિવૃત્ત થયા હતા.

- વિકાસ સિંહા ન્યુકિલઅર ફિઝિક્સ, હાઈ એનર્જી ફિઝિક્સ, ક્વાર્ક – ગ્લુઓન પ્લાઝમાં અને પ્રારંભિક બ્રહ્માંડ વિજ્ઞાનમાં વિશેષતા ધરાવતા હતા.
- તેમણે CERN ખાતે હિગ્સ બોસનની શોધમાં ભારતને જોડવામાં ફાળો આપ્યો હતો. વર્ષ 2008 થી વર્ષ 2012 સુધી ચાલેલી આ શોધમાં મદદ કરી હતી. જે આખરે હિગ્સ બોસોનની શોધ સાથે પરિણમ્યુ હતું.
- CERN ખાતે તેમણે હિગ્સ બોસોનની શોધ સાથે ક્વાર્ક – ગ્લુઓન પ્લાઝમાં બનાવવા અને સંશોધનમાં પણ કામ કર્યુ હતું.
- તેઓએ વડાપ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે પણ સેવા આપી હતી.
- તેમને વર્ષ 2010 માં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ પદ્મ ભૂષણ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.
- તેમને વર્ષ 2001 માં પદ્મ શ્રી પુરસ્કાર અને 2022 માં રવિન્દ્ર પુરસ્કાર એનાયત થયો હતો.




## પિયુષ પટેલની BSF ના IG તરીકે નિમણૂક થઈ

- ગુજરાત કેડરના 1998 ની બેચના IPS અધિકારી પિયુષ પુરષોત્તમદાસ પટેલને ભારતના બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ના ઈન્સ્પેક્ટર જનરલ (IG) તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે.
- તેમની આ નિયુકિત પાંચ વર્ષના સમયગાળા માટે કરવામાં આવી છે.
- તેઓ વર્તમાન BSF ના IG જી.એસ. મલિકનું સ્થાન લેશે. જી.એસ મલિકની નિમણૂક અમદાવાદના પોલિસ કમિશ્નર તરીકે કરવામાં આવી છે.
- પિયુષ પટેલ કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર જનારા ગુજરાત કેડરના 21 માં પોલીસ અધિકારી છે.

### Border Security Force (BSF) વિશે....

**સ્થાપન** : 1 ડિસેમ્બર, 1965
**મુખ્ય મથક** : નવી દિલ્હી

- BSF એ ભારતીય થલ સેનાનો એક ભાગ છે.
- BSF દેશની સૌથી મોટી સરહદ સુરક્ષા સેના છે જેની પાસે 186 બટાલિયન અને લગભગ 2.5 લાખ કર્મચારી છે.
- તેમનું મુખ્ય કાર્ય પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે ભારતના બે સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ મોરચાઓને સુરક્ષિત રાખવાનું છે.



## સચિન તેંડુલકરને ચૂંટણી પંચના 'નેશનલ આઈકોન' બનાવવામાં આવ્યા

- ચૂંટણી પંચએ ભારત – રત્ન સચિન તેંડુલકરને આકાશવાણી, નવી દિલ્હી ખાતેથી 3 વર્ષ માટે 'નેશનલ આઈકોન' તરીકે પસંદ કર્યા છે.
- સચિનની પંસદગીનો ઉદેશ્ય આવનાર વર્ષ 2024 ની ચુંટણીમાં યુવાનોમાં રહેલો તેંડુલકરની પ્રભાવશાળી છબીનો ઉપયોગ કરીને યુવાઓની ચૂંટણીમાં ભાગીદારી વધારવાનો છે.
- આ પહેલ શહેરી ઉદાસીનતા તેમજ યુવા ઉદાસીનતા જેવા પડકારોને સંબોધી નાગરીકો, તેમજ ખાસ કરીને યુવાનો તેમજ શહેરી વસતિ અને ચૂંટણી પ્રક્રિયા વચ્ચેના અંતરને દૂર કરવાનો પણ પ્રયાસ કરે છે.
- ગયા વર્ષ ચૂંટણી પંચએ પંકજ ત્રિપાઠીને નેશનલ આઈકોન તરીકે જોડયા હતા.
- અગાઉ વર્ષ 2019 ની લોકસભા ચૂંટણીમાં મહેન્દ્ર સિંહ ધોની, આમિરખાન અને મેરિકોમ ચૂંટણી પંચના નેશનલ આઈકોન બન્યા હતા.
- વર્ષ 2010 માં ડો. અબ્દુલ કલામને સૌપ્રથમ નેશનલ આઈકોન બનાવવામાં આવ્યા હતા.




❖ **કેન્દ્રીય ચૂંટણીપંચ**

- ભારતીય બંધારણના અનુચ્છેદ 324(1) અનુસાર સંસદ, રાજય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની દેખરેખ, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણી પંચની સ્થાપના કરવામાં આવશે.
- તેની સ્થાપના 25 જાન્યુઆરી 1950 માં કરવામાં આવી છે.
- અનુચ્છેદ 324(2) મુજબ ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર તથા અન્ય બે ચૂંટણી કમિશ્નર હોય છે.
- ભારતીય ચૂંટણીપંચના સભ્યની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે પરંતુ જે તે રાજયના પ્રાદેશિક ચૂંટણી કમિશનરોની નિમણૂક રાષ્ટ્રપતિ ચૂંટણી પંચની સલાહથી કરે છે.

## પ્રસિધ્ધ આંકડાશાસ્ત્રી ડો. કલ્યામપુડી રાધાકૃષ્ણ રાવનું નિધન થયું

- ભારતીય – અમેરિકન ગણિતશાસ્ત્રી અને આંકડાશાસ્ત્રી કલ્યાણપુડી રાધાકૃષ્ણ રાવનું 102 વર્ષની વયે નિધન થયું છે.
- ડો. કલ્યાણપુડી રાધાકૃષ્ણ રાવનો જન્મ 10 સપ્ટેમ્બર, 1920 ના રોજ કર્ણાટકના બેલ્લારી જિલ્લામાં એક તેલુગુ પરિવારમાં થયો હતો.




- તેમણે 'Cramer-Rao inequality' અને 'Rao-Black wellization' જેવી મૂળભૂત આંકડાકીય વિભાવનાઓ રજૂ કરવામાં રાવે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
- ભારતમાં આંકડાકીય શિક્ષણ અને સંશોધના વિકાસમાં, વિવિધ સરકારી સમિતિમાં સેવા આપવી તેમજ આ ક્ષેત્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપેલું છે.
- તેઓએ વસતિ નિયંત્રણ માટે આંકડાશાસ્ત્ર અને વસતિ વિષયક અને સંચાર સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.
- ડો. રાવના મુખ્ય સિંધ્ધાતો 'Cramer Rao Lower Bound', Rao-Blackwell Theorem અને Information Geometry છે.
- અનુક્રમે વર્ષ 1967 અને વર્ષ 2001 માં તેમને ભારતના સર્વોચ્ચ સન્માન પદમભૂષણ અને પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

Banking Academy



તાજેતરમાં જાહેર થયેલ PSI/ASI (પોલીસ) ની ભરતીમાં અમારી સફળતા
૨૦૨૨ માં પણ હંમેશા ની જેમ ગુજરાતમાં
શ્રેષ્ઠ રિઝલ્ટ આપવામાં અગ્રેસર
PSI/ASI Result - 2022
PSI
LAWRENCE GAMIT
PSI
ALISHA PATEL
Once again Banking Academy shining
ASI
NILAM GAMIT
ASI
JITENDRA CHAUHAN
ASI
MAHESH GONDALIYA
ASI
HETAL CHAUDHARI
ASI
KRUNAL KHURUKATIYA
ASI
PRATIK MAHETA
ASI
PRATIKSHA KHURUKATIYA
ASI
HARDIK TAMBOLI
Heartiest Congratulations
ADMISSION OPEN
GPSC I/II
ના.મામલતદાર
PSI/ASI
તલાટી
કોન્સ્ટેબલ
બિન સચિવાલય
TET I/II
તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ
Our Branches
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના)
Ph. : 70461 40555
સુરત (વરાછા)
Ph. : 70464 16555
સુરત (કતારગામ)
Ph. : 70466 31555

# 11 એવોર્ડ અને પુરસ્કાર

## ગુજરાતી મુળની લેખિકાની નોવેલ બૂકર પ્રાઈઝ માટે શોર્ટલિસ્ટ થઈ

- ગુજરાતી મૂળની બ્રિટિશ લેખિકા ચેતના મારુને તેમની પ્રથમ નોવેલ 'વેસ્ટર્ન લેન' (Western Lane) ને 2023 ના બૂકર પ્રાઈઝ માટે અલગ તારવવામાં આવી છે.




- ચેતના મારુની 160 પેજની આ નવલકથામાં ગોપી નામની 11 વર્ષની બાળકી તથા પરિવાર સાથેના તેના સંબધો પર આધારિત છે.
- તેણીની વાર્તાઓ પેરિસ રિવયુ, ડબ્લિન રિવ્યુમાં પ્રકીશત થઈ ચૂકી છે.

❖ **બૂકર પ્રાઈઝ વિશે**

- આ પ્રાઈઝની શરૂઆત ઈંગ્લેંડની બુકર મૈકોનલ કંપની દ્વારા વર્ષ 1969 માં થઈ હતી.
- બુકર પ્રાઈઝનું નામ વર્ષ 2001 સુધી 'બુકર પ્રાઈઝ ફોર ફિકશન' હતું જેને વર્ષ 2001 માં 'મેન બુકર પ્રાઈઝ' કરવામાં આવ્યું વર્ષ 2020 માં તેને ફરીવાર બદલીને 'બુકર પ્રાઈઝ' કરવામાં આવ્યું.
- અંગ્રેજી ભાષામાં લખાયેલી અને બ્રિટનમાં પ્રકાશિત થયેલી શ્રેષ્ઠ ઓરિજનલ નવલકથાને આ પ્રાઈઝ આપવામાં આવે છે.
- અરુંધતી રોયને વર્ષ 1997 માં 'The God of Small Things' પુસ્તક માટે બુકર પ્રાઈઝ જીતનાર સૌપ્રથમ ભારતીય હતા.

## રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર–2021ની જાહેરાત કરવામાં આવી

- 69માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર–2021ની જાહેરાત કરવામાં આવી છે. ભારતમાં દર વર્ષે માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત Directorate of Film Festival દ્વારા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર આપવામાં આવે છે.

❖ **વિજેતાઓની યાદી**

| ક્રમ | શ્રેણી | વિજેતા |
|---|---|---|
| 1 | શ્રેષ્ઠ અભિનેતા | અલ્લુ અર્જુન – પુષ્પા ધ રાઈઝિંગ |
| 2 | શ્રેષ્ઠ અભિનેત્રી | આલિયા ભટ્ટ – ગંગુબાઈ કાઠિયાવાડી, ક્રીતિ સેનન – મિમી |
| 3 | શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ | સરદાર ઉધમ સિંહ |
| 4 | શ્રેષ્ઠ ફીચર ફિલ્મ | રોકેટ્રી – ધ નામ્બી ઈફેક્ટ |
| 5 | શ્રેષ્ઠ નિર્દેશન | નિખિલ મહાજન – ગોદાવરી ધ હોલી વોટર |
| 6 | શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ | છેલ્લો શો |
| 7 | શ્રેષ્ઠ બાળ કલાકાર | ભાવિન રબારી (છેલ્લો શો) |
| 8 | શ્રેષ્ઠ સંગીત નિર્દેશક | એમ.એમ. કિરવાણી – RRR – દેવીશ્રી પ્રસાદ – પુષ્પા |
| 9 | શ્રેષ્ઠ મહિલા પ્લેબેક સિંગર | શ્રેયા ઘોષાલ |
| 10 | શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક સિંગર | કાલા ભૈરવ – RRR |
| 11 | શ્રેષ્ઠ નોન ફિચર ફિલ્મ | એકથા ગાંવ |
| 12 | બાળકો માટેની શ્રેષ્ઠ ફિચર ફિલ્મ | ગાંધી એન્ડ કંપની (ગુજરાતી) |

- સિનેમા પર શ્રેષ્ઠ પુસ્તક માટેનો પુરસ્કાર 'લક્ષ્મીકાંત પ્યારેલાલનું સંગીત : અત્યંત મધુર યાત્રા' પુસ્તકને મળે છે. જે રાજીવ વિજયકર દ્વારા અંગ્રેજી ભાષામાં લખવામાં આવ્યું હતું.




❖ **રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર**

- તેની શરૂઆત વર્ષ 1945માં કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના Directorate of Film Festival દ્વારા જાહેર કરવામાં આવે છે.
- આ પુરસ્કાર ત્રણ શ્રેણીઓમાં ફિચર ફિલ્મ, નોન ફિચર ફિલ્મ અને સિનેમા પર શ્રેષ્ઠ લેખન માટે આપવામાં આવે છે.

Banking Academy

## ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્યૂલિપ ગાર્ડનને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું

- ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્યૂલિપ ગાર્ડનને એશિયાના સૌથી મોટા અને સૌથી અદભૂત ઉદ્યાન તરીકે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.
- 1.5 મિલિયન ખીલેલા ફૂલોની મોહક વિવિધતાથી સુશોભિત આ બગીચો પ્રકૃત્તિની સુંદરતા અને વિવિધતાનો જીવંત પુરાવો છે.
- વર્લ્ડ બુકના પ્રમુખ અને CEO સંતોષ શુકલાએ ફલોરીકલ્ચર, ગાર્ડન અને પાર્કના સચિવ ફયાઝ શેખને સન્માનિત પ્રમાણપત્ર આપ્યુ હતું.



- ટ્યુલિપ ગાર્ડન શ્રીનગરમાં દાલ સરોવર અને ઝબરવાન ટેકરીઓ વચ્ચે સ્થિત છે અને તે 30 હેકટરમા ફેલાયેલો છે.
- આ બગીચામાં લગભગ 48 જાતના ટ્યુલિપ ફૂલો છે. બગીચામાં ડેફોડિલ્સ, હાયસિન્થ્સ, ગુલાબ, નાર્સિસસ તેમજ અન્ય સુશોભન છોડ સહિત અનેક પ્રકારના અન્ય ફૂલો પણ છે.
- શ્રીનગર પર્યટન અનુસાર આ બગીચો વર્ષ 2007 માં કાશ્મીર ખીણમાં ફલોરીકલ્ચર અને પર્યટનને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે ખોલવામાં આવ્યો હતો.
- આ બગીચો ઢોળાવવાળી જમીન પર ટેરેસ શૈલીમાં બાંધવામાં આવ્યો છે જેમાં સાત ટેરેસનો સમાવેશ થાય છે.
- દર વર્ષે જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા પ્રવાસન પ્રયાસોના ભાગરૂપે ટ્યૂલિપ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેનું આયોજન કાશ્મીર ખીણમાં વસંતઋતુની શરૂઆત દરમિયાન કરવામાં આવે છે.

Banking Academy

# 12 મહત્વના દિવસો

## 1 – ઓગસ્ટ : વર્લ્ડ વાઈડ વેબ દિવસ (World Wide Web Day)

- દર વર્ષે 1 ઓગસ્ટના રોજ વર્લ્ડ વાઈડ વેબ (World Wide Web – WWW) દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ઈન્ટરનેટ યુઝર્સને ઈન્ટરનેટ વિશે માહિતી આપવા અને તેનું મહત્વ સમજાવવાનો છે.
- વર્ષ 1989 માં ટિમ બર્નર્સ લી. દ્વારા વર્લ્ડ વાઈડ વેબ (WWW) ની શોધ કરવા બદલ 1 લી ઓગસ્ટના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.
- WWW નો વિચાર સ્વિત્ઝર્લેન્ડની CERN (European Organisation for Nuclear Research) સંસ્થાના સંશોધક ટિમ બર્નર્સ લી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. અને તેમણે વર્ષ 1989 માં હાઈપર ટેક્સ્ટ માર્કઅપ લેંગ્વેજ (HTML) ને વિકસાવી હતી. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય સંશોધનમાં કાર્યરત વૈજ્ઞાનિકો વચ્ચે જોડાણ કરવાનો હતો.
- WWW નું ટૂંકું નામ W3 અને ઘણીવખત તેને ફકત વેબ પણ કહેવામાં આવે છે. જે સમગ્ર ઈન્ટરનેટ પથરાયેલા તથા એકબીજા સાથે જોડાયેલા ડોકયુમેન્ટનો સમુહ છે.
- તેના ડોકયુમેન્ટનું આંતરજોડાણ હાઈપર લિંક સાથે કરવામાં આવે છે, જે URL સાથે સંકળાયેલ છે.




- તેનો સફળ પ્રયોગ 6 ઓગસ્ટ 1991 ના રોજ કરવામાં આવ્યો હતો. W3C (World Wide Web Consortium) નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા WWW નું સંચાલન કરે છે. જેની સ્થાપના વર્ષ 1994 માં ટિમ બર્નર્સ દ્વારા કરવામાં આવી હતી.
- ભારતમાં 15 ઓગસ્ટ 1995 ના રોજ વિદેશ સંચાર નિગમ લિમિટેડ (VSNL) દ્વારા સાર્વજનિક ઈન્ટરનેટની શરૂઆત કરવામાં આવી હતી.

## 1 – ઓગસ્ટ : વિશ્વ ફેફસા કેન્સર દિવસ (World Lung Cancer Day)

- દર વર્ષે 1 ઓગસ્ટના રોજ વિશ્વ ફેફસા કેન્સર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લોકોમાં ફેફસાના કેન્સરના કારણો, લક્ષણો અને નિદાન વિશે જાગરૂકતા લાવવાનો છે.
- વર્ષ 2012 થી ફોરમ ઓફ ઈન્ટરનેશનલ રેસ્પિરેટરી સોસાયટીએ ઈન્ટરનેશનલ એસોસિયેશન ફોર ધ સ્ટડી ઓફ લંગ કેન્સર અને અમેરિકન કોલેજ ઓફ ચેસ્ટ ફિઝીશિયનના સહયોગથી 1 ઓગસ્ટને વિશ્વ ફેફસા કેન્સર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- કોષીકાઓના અનિયંત્રિત વિભાજનને કારણે થતા રોગને કેન્સર કહે છે. આ બિનચેપી રોગ છે.
- સાદા કોષોનું કેન્સર કોષોમાં રૂપાંતર થવાથી કોષ નિયંત્રણની પ્રક્રિયા તૂટે છે અને કોષ વિભાજનની ક્રિયા નિરંકુશ થાય છે. પરિણામે કોષોનો જથ્થો ગાંઠ સ્વરૂપે સર્જાય જેને કેન્સર કહેવાય છે.
- કેન્સરની ગાંઠ છે કે નહી તે નક્કી કરવાના પરિક્ષણને બાયોપ્સી કહેવાય છે.




## 1 TO 7 – ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ (World Breast Feeding Week)

- દર વર્ષે 1 to 7 ઓગસ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહ (World Breast Feeding Week) ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Let's Make Breastfeeding and work, work!" છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સ્તનપાન સંબંધિત વિષયો પર જાગૃતતા લાવવા અને તેને પ્રોત્સાહન આપવાનો છે.
- વર્ષ 1992 થી World Alliance For Breast Feeding Action (WABA) દ્વારા WHO અને યુનિસેફ સાથે મળીને સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.



- વર્ષ 2016 થી વિશ્વ સ્તનપાન સપ્તાહ સંયુકત રાષ્ટ્રમાં ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG) સાથે સંરેખિત કરવામાં આવ્યુ હતું. જેથી તેને WBW-SDG ઝુંબેશ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- WHO અનુસાર 6 મહિનાથી ઓછી ઉંમરના અડધા કરતા ઓછા શિશુઓને જ સ્તનપાન કરાવવામાં આવી રહયું છે.
- જન્મ પછી બાળકને 6 મહિના સુધી ફકત માતાનું દૂધ જ આપવું જોઈએ. માતાના શરૂઆતના દૂધને કોલોસ્ટ્રમ કહે છે, જેમાં વિટામિન A , પાણી, આયર્ન, કાર્બોદિત પદાર્થો તથા પોષકતત્વો ભરપૂર પ્રમાણમાં હોય છે.

## 6 – ઓગસ્ટ : હિરોશિમા દિવસ (Hiroshima Day)




- દર વર્ષે 6 ઓગસ્ટના રોજ હિરોશિમા દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે હિરોશિમાં દુર્ઘટનાની 78 મી વર્ષ ગાંઠ છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય પરમાણુ શસ્ત્રોના ખતરા અને પરમાણુ ઉર્જાના જોખમ વિશે લોકોમાં જાગૃતતા લાવવાનો છે.
- 6 ઓગસ્ટ, 1945 ના રોજ અમેરિકા દ્વારા જાપાનના હિરોશિમા શહેર પર પરમાણુ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. જેથી 6 ઓગસ્ટને હિરોશિમા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- હિરોશિમા શહેર પર 'લિટલ બોય' નામનો પરમાણુ બોંબ ફેંકવામાં આવ્યો હતો. જેમાં લગભગ 80,000 લોકો મૃત્યુ પામ્યા હતા અને હજારો લોકો પછીથી રેડિયેશનના સંપર્કમાં આવતા મૃત્યુ પામ્યા હતા.
- વિશ્વના કોઈપણ સ્થળે ફેકવામાં આવેલ આ સૌપ્રથમ પરમાણુ બોમ્બ હતો.
- આ દિવસને વિશ્વ ઈતિહાસમાં કાળા દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દુર્ઘટનાની યાદમાં વર્ષ 1947 થી દર વર્ષે 6 ઓગસ્ટના રોજ હિરોશિમા શહેરમાં પરમાણુ બોમ્બનો ભોગ બનેલા લોકોને આશ્વાસન આપવા હિરોશિમા પીસ મેમોરિયલ સમારોહ યોજવામાં આવે છે.

## 9 – ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ (International Day of the World Indigenous People)

- દર વર્ષે 9 ઓગસ્ટના રોજ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Indeigenous Youth as agents of changes for self determination"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વમાં 5% જ મૂળનિવાસીની વસતિ છે, અને તેઓ આજે પણ પોતાના મૂળભૂત હકોથી વંચિત છે. સમાજના અન્ય વર્ગો સાથે તેઓ સમાન હક ભોગવે તથા પોતાની સંસ્કૃતિને પણ જાળવી રાખે તે હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.




- 9 ઓગસ્ટ, 1982 ના રોજ જિનિવા ખાતે સ્વદેશી વસતિ પર સંયુકત રાષ્ટ્રની પ્રથમ બેઠક યોજાઈ હતી. આથી તેની યાદમાં UNની સામાન્ય સભાએ 23 ડિસેમ્બર 1994 ના રોજ 9 ઓગસ્ટને આંતરરાષ્ટ્રીય વિશ્વ મૂળનિવાસી માનવ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 1995 માં ઉજવવામાં આવ્યો હતો.
- વર્ષ 2023 માં ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી તાપી જિલ્લાના સોનગઢ ખાતે કરવામાં આવી.
- વર્ષ 2011 ની વસતિ ગણતરી મુજબ ભારતમાં કુલ વસતિના 8.6% આદિવાસી સમુદાય છે જયારે ગુજરાતમાં કુલ વસતિના 14.75% વસતિ આદિવાસીની છે.

## 10 – ઓગસ્ટ : વિશ્વ સિંહ દિવસ (World Lion Day)




- દર વર્ષે 10 ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સિંહનું સંવર્ધન કરી, સુરક્ષિત રાખવા વિશ્વમાં જાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 2013 માં બિગ કેટ ઈનિશિયેટિવ અને નેશનલ જિયોગ્રાફિકના સહ–સ્થાપક ડેરેક અને બેવરલી દ્વારા 10 ઓગસ્ટના રોજ સિંહ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

❖ **એશિયાઈ સિંહ**

- તે બિલાડી વંશનું સૌથી ઉંચું અને વાઘ પછીનું સૌથી મોટુ પ્રાણી છે. જે વર્ષ 1973 સુધી સિંહ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી હતું.
- વર્ષ 1965 થી ગુજરાત વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહોની વસતિ ગણતરી કરવામાં આવે છે..

Banking Academy

- ગુજરાત વન વિભાગ દ્વારા વર્ષ 2020 માં સિંહોની 15 મી વસતી ગણતરી મુજબ સિંહોની સંખ્યા 674 છે.
- સમગ્ર વિશ્વમાં સિંહ ભારતના ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને આફ્રિકામાં એમ ફકત 2 જગ્યાએ જોવા મળે છે.
- એશિપાટીક સિંહોની પ્રજાતિ માત્ર ભારતમાં ગુજરાતના ગીર જંગલમાં જોવા મળે છે. ગીરના સિંહની ગઢીયો અને વેલર નામની બે જાત જોવા મળે છે.
- સિંહોના સંરક્ષણ માટે ગીર જંગલને વર્ષ 1965 માં અભયારણ્ય તેમજ વર્ષ 1975 માં રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવામાં આવ્યું છે.
- વર્ષ 1972 માં વડા પ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા ભારતના પ્રથમ પ્રજાતિ સંરક્ષણ કાર્યક્રમ હેઠળ સિંહ પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી હતી.

## 12 – ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day)




- દર વર્ષે 12 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Green Skill for Youth : Towards a Sustainable World"
- સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ યુવા વર્ગ સાંસ્કૃતિક, સામાજિક અને કાયદાકીય બાબતો પ્રત્યે જાગૃત કરવાનો તેમજ ગરીબી નિવારણ અને સતત વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવ યુવા વર્ગને નેતૃત્વ સોંપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા 17 ડિસેમ્બર 1999 ના રોજ યુવા વિશ્વ સંમેલનમાં 12 ઓગસ્ટને આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- સૌપ્રથમવાર આ દિવસ વર્ષ 2000 માં મનાવવામાં આવ્યો હતો.
- આ વર્ષે UN-DESA (Department of Economic and Social Affairs) દ્વારા UN-Global Initiative on Desent Jobs for Youth and generation Unlimited ના સહયોગથી વૈશ્વિક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું.
- ભારત સરકાર દ્વારા વર્ષ 1984 થી સ્વામી વિવેકાનંદના જન્મદિવસ 12 જાન્યુઆરીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## 13 – ઓગસ્ટ : વિશ્વ અંગદાન દિવસ (World Organ Donation Day)




- દર વર્ષે 13 ઓગસ્ટના રોજ 'વિશ્વ અંગદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે ઉજવણીનો વિષય "Step up to Volunteer need More Organ donors to fill the Lacunae"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય બ્રેઈન ડેડ વ્યકિત અથવા મૃત્યુ પામેલા લોકોના સ્વજનોમાં અંગદાન વિશે જાગૃતિ લાવવાનો તેમજ અંગોનું દાન કરવાથી અન્ય વ્યકિતના શરીરમાં પ્રત્યારોપણ કરીને તેમનું જીવન બચાવવાનો છે.
- અંગદાન કરવામાં ગુજરાત રાજયમાં સુરત શહેર અગ્રેસર છે.
- ભારતમાં 3 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય અંગદાન દિવસ ઉજવવામાં આવે છે.

## 14 – ઓગસ્ટ : વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ (Partition Horrors Remembrance Day)




- દર વર્ષે 14 ઓગસ્ટના રોજ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવના દૂર કરી માનવીય સંવેદના, એકતા અને સામાજીક સદભાવ મજબૂત કરવાનો છે.
- આ દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 2021 માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી.
- 14 મી ઓગસ્ટ 1947 ની મધ્યરાત્રી (એટલે કે 15 મી ઓગસ્ટ) એ ભારત અને પાકિસ્તાનને એક સાથે અંગ્રેજ શાસનમાંથી આઝાદી મળી. મોહમ્મદ અલીઝીણા પાકિસ્તાનના પ્રથમ ગવર્નર જનરલ બન્યા જયારે લુઈસ માઉન્ટ બેટન ભારતના પ્રથમ ગવર્નર જનરલ બન્યા અને ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ બન્યા.
- જયારે 1947 માં દેશને આઝાદી મળી ત્યારે દેશ ભારત અને પાકિસ્તાન એમ બે ભાગમાં વહેંચાયો હતો.
- ભારતના થયેલ વિભાજનને એક 'દુઃખદ દુર્ઘટના' ગણવામાં આવે છે.

## 15 – ઓગસ્ટ : રાષ્ટ્રભરમાં 77 માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી

- 15 મી ઓગસ્ટ 2023 ના રોજ સમગ્ર ભારતમાં 77 માં સ્વાતંત્ર્ય ઉજવણી કરવામાં આવી હતી.
- 15 મી ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના સ્વાતંત્ર્ય પર્વે સતત દસમી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.




- આ વર્ષે સ્વાતંત્ર્ય દિનની થીમ "National First Always First" હતી.
- આ થીમ રાષ્ટ્રીય એકતા અને વિકાસ પર સરકારના ધ્યાનને અનુરૂપ છે.
- વડા પ્રધાને તેના ભાષણમાં ભારતને વર્ષ 2026 સુધીમાં વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાંની એક અને વર્ષ 2047 માં તેના 100 માં સ્વતંત્ર દિવસ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી.

❖ **આઝાદી કા અમૃત મહોત્સવ**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 12 માર્ચ, 2021 ના રોજ સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતેથી 'આઝાદી કા અમૃત મહોત્સવ' 'INDIA@75' નું ઉદ્દ્ઘાટન કર્યુ હતું.
- આ મહોત્સવ એ ભારત સરકાર દ્વારા ભારતની આઝાદીની 75 મી વર્ષગાંઠની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમોની શ્રેણી છે.
- આઝાદીની 75 મી વર્ષગાંઠ પર આયોજિત કાર્યક્રમો અંગે નીતિઓ અને યોજનાઓ તૈયાર કરવા માટે ગૃહમંત્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી હતી.
- આ મહોત્સવના કાર્યક્રમો 15 ઓગસ્ટ, 2023 ના રોજ થયા હતા.

❖ **રાજયકક્ષા સ્તરે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી**

- મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વલસાડના ધમડાચી ગામે APMC માર્કેટના મેદાન ખાતેથી રાજયકક્ષાની ઉજવણી કરી હતી.
- ઉજવણી દરમિયાન પોલીસ પરેડ, પોલીસ ફોસ નિર્દેશન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ગુજરાત પહેલેથી જ 4G તો હતુ જ ગરવી ગુજરાત, ગતિશીલ ગુજરાત, ગુણવતુ ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને હવે ગુજરાત 5G તરફ આગળ વધી રહયુ છે. આ 5G એટલે ગ્રીન ગુજરાત.

## 19 – ઓગસ્ટ : વિશ્વ માનવતા દિવસ (World Humanity Day)

- દર વર્ષે 19 ઓગસ્ટના રોજ વિશ્વ માનવતા દિવસ ઉજવવામાં આવે છે.




- આ વર્ષની થીમ "NoMatter What" છે.
- આ દિવસ ઉજવણીનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં માનવજાતના કલ્યાણ માટે મદદ કરવાનો આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાનો તેમજ કટોકટીને કારણે અસરગ્રસ્ત થયેલા લોકોની યાદમાં ઉજવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભાએ ડિસેમ્બર 2008 માં 19 ઓગસ્ટના રોજ વિશ્વ માનવતા દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી. આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 2009 માં ઉજવવામાં આવ્યો હતો.
- આ જ દિવસે વર્ષ 2003 માં ઈરાકના બગદાદ ખાતે થયેલ બોમ્બ વિસ્ફોટમાં જાણીતા માનવવાદી સેર્ગીયો વિએરા ડી મેલો સહિત 22 લોકો મૃત્યુ પામ્યા હતા. તેથી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ માનવતા દિવસ ઉજવવા 19 ઓગસ્ટ પસંદ કરવામાં આવ્યો હતો.

## 19 – ઓગસ્ટ : વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ (World Photography Day)

- દર વર્ષે 19 ઓગસ્ટના રોજ વિશ્વ ફોટોગ્રાફી દિવસ ઉજવવામાં આવે છે.




- આ વર્ષે આ ઉજવણીની થીમ "Landscapes" છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વ્યકિતના જીવનમાં કેમેરા અને ફોટોગ્રાફીના મહત્વને સન્માન આપવાનો છે.
- વર્ષ 1837 માં ફ્રાન્સના જોસેફ નાઈસફોર અને લુઈસ ડાગ્યુઅર દ્વારા ડાગ્યુરિયોટાઈપ (Daguerreotype) પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે.
- 19 ઓગસ્ટ 1839 ના રોજ ફ્રાન્સની સરકારે આ આવિષ્કાર વિશે જાહેર કર્યુ હતું. અને તેના પેટન્ટને પોતાના નામે કરાવ્યું હતું. આ દિવસની યાદમાં વર્ષ 2010 થી 19 ઓગસ્ટને વિશ્વ ફોટોગ્રાફી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

- વિશ્વ ફોટોગ્રાફી દિવસ 2023 નિમિત્તે ભારત સરકારનાં સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા ઓનલાઈન ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની થીમ "Capturing Narratives : Unveiling Your City Throught Your Lean"

## 20 – ઓગસ્ટ : વિશ્વ મચ્છર દિવસ (World Mosquito Day)




- દર વર્ષે 20 ઓગસ્ટના રોજ 'વિશ્વ મચ્છર દિવસ' ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય મલેરિયા તથા ડેન્ગ્યુ જેવા રોગો ફેલાવતા મચ્છરો વિશે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે.
- 20 ઓગસ્ટ 1897 ના રોજ બ્રિટીશ ડો. સર રોનાલ્ડ રોસે કલકત્તાની પ્રેસિડેન્સી જનરલ હોસ્પિટલમાં મચ્છરો અને મલેરિયા વચ્ચેની કડી ઓળખી કાઢી મહત્વનું સંશોધન કર્યુ હતું.
- ડો. સર રોનાલ્ડ રોસે શોધી કાઢયુ હતું કે માદા એનાફિલીસ મચ્છર માણસોમાં મલેરિયા થવા માટે જવાબદાર છે.
- મલેરિયાની શોધ માટે વર્ષ 1902 માં તેમને નોબલ પુરસ્કાર મળ્યો હતો.
- ભારતમાં મચ્છરોના 4 સમૂહ એનોફિલિસ, કયુલેકસ, એડિઝ અને મેન્સોનિયા જોવા મળે છે.
- ભારતે 'MERA India' અભિયાન હેઠળ વર્ષ 2027 સુધીમાં ભારતને મલેરિયા મુકત અને વર્ષ 2030 સુધીમાં મલેરિયાને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો લક્ષ્ય સેવ્યુ છે.

## 23 – ઓગસ્ટ : ગુલામોના વેપાર અને તેની નાબૂદીની યાદ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ




- દર વર્ષે 23 ઓગસ્ટના રોજ ગુલામોના વેપાર અને તેની નાબૂદીની યાદ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ગુલામી પ્રધાનો ભોગ બનેલા લોકોને યાદ કરવાનો તથા ગુલામી પ્રથા વિરુધ્ધ જાગૃતિ લાવવાનો છે.
- UNESCO દ્વારા વર્ષે 1998 થી 23 ઓગસ્ટના રોજ આ દિવસ ઉજવવાનું નકકી કરવામાં આવ્યું હતું.
- UNESCO એ આફ્રિકા, યુરોપ, અમેરિકા અને કેરેબિયન વચ્ચે દસ્તાવેજીકરણ અને વિશ્લેષણ માટે 'The Slave Route' પ્રોજેકટ શરૂ કર્યો છે.

## 24 – ઓગસ્ટ : વિશ્વ ગુજરાતી ભાષા દિવસ




- દર વર્ષે 24 ઓગસ્ટના રોજ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે.
- તેને 'વિશ્વ ગુજરાતી દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગુજરાતી ગદ્યના પ્રણેતા શ્રી વીર નર્મદનો જન્મ દિવસ 24 ઓગસ્ટને આ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- શ્રી નર્મદ શંકર લાલશંકર દવેનો જન્મ 24 ઓગસ્ટ 1833 ના રોજ ગુજરાતના સુરતમાં થયો હતો.
- તેઓ ગુજરાતી સાહિત્યમાં સુરતના ત્રણ નન્ના (નર્મદ, નવલરામપંડયા, નંદશંકર મહેતા) પૈકી ના એક હતા.
- તેમણે સૌપ્રથમ 'મંડળી મળવાથી થતા લાભ' નિબંધ લખ્યો હોવાથી તેમને ગદ્યના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
- 17 વર્ષ ઉંમરે મુબઈમાં બુધ્ધિ–વર્ધક સભા (1851) ની સ્થાપના કરી હતી.
- તેમણે મહાકાવ્યની રચના માટે વીરવૃત છંદની રચના કરી હતી તેમજ સજીવા રોપણ અલંકાર પણ આપ્યો હતો.
- 25 ફેબ્રુઆરી 1886 ના રોજ મુંબઈ ખાતે તેમનું અવસાન થયું હતું.

Banking Academy

## 26 – ઓગસ્ટ : મહિલા સમાનતા દિવસ (Women's Equality Day)

- દર વર્ષે 26 ઓગસ્ટના રોજ મહિલા સમાનતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Embrace Equity'.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય મહિલાઓને સમાન અધિકાર પ્રદાન કરવાનો છે.
- વર્ષ 1920 માં અમેરિકાના બંધારણમાં 19 માં બંધારણીય સુધારા અંતર્ગત મહિલાઓ અને પુરુષોને સમાન મતાધિકાર આપવામાં આવ્યો હતો. તેથી આ ઐતિહાસિક ઘટનાની યાદમાં વર્ષ 1973 થી 26 ઓગસ્ટ ના રોજ મહિલા સમાનતા દિવસ ઉજવવામાં આવે છે.




## 29 – ઓગસ્ટ : પરમાણુ પરિક્ષણના વિરોધમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Nuclear Test)

- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 29 ઓગસ્ટના રોજ પરમાણુ પરિક્ષણના વિરોધમાં આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય પરમાણુ વિસ્ફોટની અસરો અને સુરક્ષિત વિશ્વના લક્ષ્યાંકો હાંસલ કરીને પરમાણુ હથિયારોના અંતની જરૂરિયાત અંગે જાગૃતિ વધારવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ 2 ડિસેમ્બર 2009 ના રોજ ઠરાવ પસાર કરી 29 ઓગસ્ટને આ દિવસ તરીકે ઉજવવાની સતાવાર જાહેરાત કરી. વર્ષ 2010 થી આ દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી.
- 16 જુલાઈ 1945 ના રોજ થયેલા પહેલા પરમાણુ પરિક્ષણ બાદ, દુનિયામાં અત્યાર સુધી 2000 થી વધુ પરિક્ષણ થઈ ગયા છે.
- 29 ઓગસ્ટ 1991 ના દિવસે રશિયાએ પોતાની પરમાણુ પરિક્ષણની સાઈટ કે જેનું નામ સેમિપ્લાટિન્સ્ક અથવા પોલિગન બંધ કરવાનો નિર્ણય લેતા આ દિવસ પસંદ કરાયો હતો. આ સાઈટ પર રશિયાએ વર્ષ 1949 થી 1989 (40 વર્ષમાં ) 456 પરમાણુ પરિક્ષણો કર્યા હતા.




## 29 – ઓગસ્ટ : રાષ્ટ્રીય રમતગમત દિવસ (National Sports Day)

- દર વર્ષે હોકી ખેલાડી મેજર ધ્યાનચંદ્રના જન્મદિવસ 29 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રમતગમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Sports are an enabler to an inclusive and fit society"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લિંગ, વય અને રમતવીરની ક્ષમતાના કોઈ પણ ભેદભાવ વિના દેશભરમાં વિવિધ રમતોમાં રમતવીરોની ભાગીદારી વધારવાનો તેમજ લોકોમાં આરોગ્ય અને રમત–ગમત પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.
- મેજર ધ્યાનચંદ્રે ભારતને ઓલિમ્પિકમાં વર્ષ 1928 (એમસ્ટર્ડમ), 1932 (લોસ એન્જલસ) અને 1936 (બર્લિન) માં ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.
- મેજર ધ્યાનચંદ્રને હોકીના જાદુગર (The Wizard of Hockey) તરીકે ઓળખવામાં આવે છે.
- તેઓ 22 વર્ષ (1926 થી 1948) સુધી ભારત માટે રમ્યા અને 400 થી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ કર્યો.
- ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ભારતીય ખેલાડીઓને મેજર ધ્યાનચંદ્ર ખેલરત્ન એવોર્ડ, અર્જુન એવોર્ડ તથા કોચને દ્રોણાચાર્ય એવોર્ડ આપવામાં આવે છે.



# 13 Current Affairs Booster

1. **તાજેતરમાં આયોજીત થયેલા 'ટેલિસમેન સબ્રે' યુધ્ધાભ્યાસ વિશે સત્ય વિધાન કયુ નથી?**
(A) આ એક બહુપક્ષીય દેશોનો સૈન્ય અભ્યાસ છે.
(B) આ યુધ્ધાભ્યસાનું આયોજન ઓસ્ટ્રેલિયા ખાતે કરવામાં આવ્યુ હતું.
(C) ભારત આ યુધ્ધાભ્યાસમાં નિરિક્ષક રાષ્ટ્ર તરીકે જોડાયું હતું.
(D) એક પણ નહી

2. **તાજેતરમાં આયોજીત થયેલા 'હેલી શિખર સંમેલન – 2023' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(1) નાગરીક ઉડ્યન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ મધ્યપ્રદેશના ખજુરાહોમાં આ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
(2) આ કાર્યક્રમ દરમિયાન મંત્રીએ RCS – UDAN – 5.2 અને Helisewa – app પણ લોન્ચ કરી હતી.
(3) ભારતીય હેલીકોપ્ટર અને લઘુ વિમાન ઉદ્યોગોના વિકાસ અંગે ચર્ચા કરવા માટે સામાન્ય પ્લેટફોર્મ પણ આ સંમેલન દ્વારા આપવામાં આવ્યુ હતું.
(4) ભારતમાં હેલીકોપ્ટર અને લઘુવિમાન સેવા વધારવા માટે 'પવનહંસ' અને 'જેટસર્વ' કંપનીઓ વચ્ચે કરાર કરવામાં આવ્યા છે.
(A) માત્ર 1, 3 (B) માત્ર 3, 4 (C) માત્ર 1, 2, 4 (D) આપેલ તમામ

3. **તાજેતરમાં કયા રાજયને સત્તાવાર રીતે 'લમ્પી ચામડી રોગ' પોઝિટિવ રાજય જાહેર કરવામાં આવ્યુ છે?**
(A) મણિપુર (B) મિઝોરમ (C) નાગાલેન્ડ (D) ત્રિપુરા

4. **લમ્પી ચામડી રોગ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) આ રોગ કેપ્રીપોક્સ વાયરસથી થાય છે જેને નીથલિંગ વાયરસ તરીકે પણ ઓળખાય છે.
(B) તે માત્ર ગાય અને ભેંસને જ અસર કરે છે. હરણ, બળદ જેવા અન્ય પ્રાણીઓ માટે ખતરારૂપ નથી.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

5. **'બહુરાજય સહકારી મંડળીઓ (સુધારા) બિલ, 2022 વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તાજેતરમાં રાજયસભામાંથી આ બિલ ધ્વનિમતથી પસાર કરવામાં આવ્યુ છે.
(2) આ બિલ ચુંટણી સુધારા લાગુ કરવા સહકારી ચૂંટણી ઓથોરીટી માટે જોગવાઈ કરવામાં આવેલી છે.
(3) એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ અને ત્રણથી વધુ નહી તેટલા સભ્યો આ સહકારી ચૂંટણી ઓથોરીટીમાં રહેશે.
(4) આ બિલમાં નબળા રાજયોને મદદ કરવા માટે કો – ઓપરેટીવ રિહેબીલેશન, રીકંસ્ટ્રકશન અને ડેવલપમેન્ટ ફંડની જોગવાઈ છે.
(A) માત્ર 1, 3 (B) માત્ર 1, 2, 4 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

6. **હાલમાં જાહેર થયેલા BWF રેન્કિંગ વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) BWF રેન્કિંગમાં ભારતીય બેડમિન્ટન જોડી સાત્વિક સાઈરાજ અને ચિરાગ શેટ્ટી પુરુષ યુગમાં બીજા સ્થાને રહયા છે.
(B) પુરુષ એકલમાં એચ. એસ. પ્રણોય દસમાં સ્થાને રહયા છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

7. **ISSF વર્લ્ડ ચેમ્પિયનશીપ જુનિયર્સ 2023 વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(1) દક્ષિણ કોરીયાના ચાંગવોન ખાતે આ ટુર્નામેન્ટનું આયોજન થયુ હતું.
(2) આ ચેમ્પિયનશીપમાં ભારત પ્રથમ ક્રમાંકે રહયુ હતું.
(3) ISSF નું વડુમથક મ્યુનિચ, જર્મની ખાતે આવેલુ છે.
(A) માત્ર 1 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

8. **'ઈન્ડિયા યંગ પ્રોફેશનલ્સ સ્કિમ' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તાજેતરમાં બ્રિટન સરકાર દ્વારા ભારતીયો માટે બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવેલી છે.
(2) આ યોજના હેઠળ ભારતીયોને બ્રિટનમાં બે વર્ષ રહેવા, નોકરી કરવા અને ભણવાની તક પૂરી પાડે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

9. **કેન્દ્ર સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે દેશભરની ગ્રામપંચાયતોમાંથી માટી એકઠી કરવા માટે કયુ અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે?**
(A) મેરી માટી મેરા દેશ (B) મેરી માટી અમૃત માટી (C) અમૃતકાલ મે દેશ (D) હર ગાંવ અમૃત ગાંવ

10. **તાજેતરમાં વડાપ્રધાન દ્વારા કઈ જગ્યાએ ગુજરાતનું ચોથું આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ?**
(A) ગાંધીનગર (B) રાજકોટ (C) ધોલેરા (D) સુરત

11. **'મેરા ગાંવ મેરી ધરોહર' પહેલ વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) કેન્દ્રીય મંત્રી અમિત શાહ દ્વારા દિલ્હીના કુતુબમિનાર ખાતેથી આ પહેલ લોન્ચ કરવામાં આવી હતી.
(2) સાંસ્કૃતિક મંત્રાલયે 'ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ' સાથે સંકલનમાં 'નેશનલ મિશન ઓન કલ્ચરલ મેપિંગ' હેઠળ 'મેરા ગાંવ મેરી ધરોહર' પ્રોજેક્ટ શરૂ કર્યો હતો.
(3) આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ભારતના ગામડાઓનું એક વ્યાપક વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર સાંસ્કૃતિક મેપિંગ કરવાનો છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ



Banking Academy

**12. 'સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન યોજના' વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) આ યોજનાની શરૂઆત 30 ઓગસ્ટ, 2016 ના રોજ નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.
(B) આ યોજનાની લિંક – 3 સુરેન્દ્રનગર જિલ્લાના લિંબડી ભોગાવો–2 ડેમથી જુનાગઢ જિલ્લાના હિરણ – 2 ડેમ સુધી વિસ્તરેલી છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી

**13. તાજેતરમાં ચર્ચામાં રહેલા 'સ્ટેપલ વિઝા' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) ચીનમાં યોજનારી વર્લ્ડ યુનિવર્સિટી રમતમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓને ચીને સ્ટેપલ વિઝા આપ્યા હતા.
(B) સ્ટેપલ વિઝાના કારણે તે વ્યકિતના પાસપોર્ટ પર તેમની યાત્રા વિશેનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**14. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલી YES-Tech માર્ગદર્શિકા વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) YES –Tech નું પુર્ણ નામ Yield Estimation System based on Technology છે.
(B) તે કૃષિક્ષેત્રમાં ઉપજના અંદાજ અને નિર્ણય લેવાની ક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી

**15. ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલા WIND પોર્ટલ વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) WIND નું પુર્ણ નામ Weather Information Network Data System.
(B) આ પોર્ટલ તાલુકા અને ગ્રામપંચાયત સ્તરે સ્વયંસંચાલિત હવામાન સ્ટેશન અને વરસાદ માપક દ્વારા એકત્ર કરાયેલ માહિતીનો સંગ્રહ કરે છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**16. તાજેતરમાં સીધા ખેડૂતો દ્વારા પાક વીમા નોંધણી કરવા માટે કઈ મોબાઈલ એપ વિકસાવવામાં આવેલી છે?**
(A) EPVY એપ
(B) AIDE એપ
(C) IEPV એપ
(D) એક પણ નહી.

**17. FIDE તરફથી રેટિંગ મેળવનાર વિશ્વનો સૌથી યુવા ખેલાડી કોણ બન્યો છે?**
(A) તેજસ તિવારી
(B) રુદ્રવંશ ખંડેલવાલ
(C) પાર્થ સાળુંકે
(D) એમ. પ્રણેશ

**18. વડાપ્રધાન દ્વારા 'સેમિકોન ઈન્ડિયા – 2023' નું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યુ હતું?**
(A) દિલ્હી
(B) ગાંધીનગર
(C) પૂણે
(D) બેંગલોર

**19. 'ભારત સેમીકંડકટર મિશન' વિશે અસત્ય વિધાન કયુ છે?**
(A) ઈલેકટ્રોનિક અને આઈ.ટી. મંત્રાલય દ્વારા વર્ષ 2022 માં આ મિશન લોન્ચ કરવામાં આવ્યુ હતું.
(B) આ મિશનનો ઉદ્દેશ્ય સેમીકંન્ડકટર, ડિસ્પ્લે મેન્યુફેકચરીંગ અને ડિઝાઈન ઈકોસિસ્ટમમાં રોકાણ કરતી કંપનીઓને નાણાકિય સહાય પુરી પાડવાનો છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**20. તાજેતરમાં ચર્ચામાં રહેલા 'મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્ય' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્ય અને તેની આસપાસના વિસ્તારને વાઘ આરક્ષિત ક્ષેત્ર જાહેર કરવા માટે નિર્દેશ કર્યો છે.
(B) મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્ય ગોવા રાજયમાં આવેલું છે.
(C) વન્યજીવ સંરક્ષણ અધિનિયમ 1972 હેઠળ વાઘ આરક્ષિત ક્ષેત્ર તરીકે જાહેર કરી શકાય છે.
(D) આપેલ તમામ

**21. તાજેતરમાં વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલી પહેલ 'પ્રધાનમંત્રી ખેડૂત સમૃધ્ધિ કેન્દ્રો' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) રાજસ્થાનના સીકર ખાતેથી નરેન્દ્ર મોદી દ્વારા દેશમાં 1.25 લાખ 'પ્રધાનમંત્રી ખેડૂત સમૃધ્ધિ કેન્દ્રો' શરૂ કરવાની પહેલ કરી છે.
(B) આ કેન્દ્રોમાં એક જ જગ્યાએથી ખેતી સાથે સબંધિત ખાતર, બિયારણ, કિટનાશક, મશીનરી જેવી તમામ જરૂરિયાતો ખેડૂતોને સહેલાઈથી મળી શકશે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**22. સલ્ફર કોટેડ યુરિયા (ગોલ્ડ યુરિયા) વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) જમીનમાં સલ્ફરની ઉણપને પંહોચી વળવા માટે દેશમાં સલ્ફર કોટેડ યુરિયા દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
(B) સલ્ફર કોટેડ યુરિયામાં નીમ કોટેડ યુરિયા કરતા નાઈટ્રોજન શોષણ કાર્યક્ષમતા ઓછી હોય છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**23. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) તાજેતરમાં જુલાઈ 2023 માં આ યોજનાના 15 મા હપ્તાનુ વિતરણ કરવામાં આવ્યુ હતું.
(B) આ યોજનાની શરૂઆત વર્ષ 2019 થી કરવામાં આવી હતી.
(C) આ યોજનામાં ખેડૂતોને કુલ 6,000 રૂા. વાર્ષિક સહાય અપાય છે.
(D) એક પણ નહી.

**24. ભારતના પ્રથમ કેનેબીસ મેડિસીન પ્રોજેક્ટ વિશે સત્ય વિધાન જણાવો.**
(A) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના નેતૃત્વ હેઠળ જમ્મુ કાશ્મીરમાં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.
(B) આ પ્રોજેક્ટ CSIR-IIIM જમ્મુ અને કેનેડિયન કંપનીના સહયોગથી જાહેર – ખાનગી ભાગીદારીના ધોરણે શરૂ થશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**25. જૈવવિવિધતા (સુધારા) બિલ – 2021 વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તાજેતરમાં આ બિલ લોકસભા અને રાજયસભામાંથી પસાર કરવામાં આવ્યુ છે.
(2) આ બિલ સ્થાનિક કંપનીઓ માટે અનુપાલનની જરૂરિયાતોને સરળ બનાવવા માટે જૈવવિવિધતા અધિનિયમ 2002 માં સુધારો કરે છે.
(3) આ બિલ દ્વારા નોંધાયેલા AYUSH તબીબી વ્યવસાયિકો માટે જૈવિક સંસાધનો મેળવવા રાજ્ય જૈવ વિવિધતા બોર્ડને અગાઉથી સૂચના આપવામાંથી મૂક્તિ આપવામાં આવે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 2 (D) આપેલ તમામ

**26. જૈવવિવિધતા (સુધારા) બિલ – 2021 વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) આ અધિનિયમ ગુનાઓને અપરાધિક બનાવે છે અને 50 લાખ રૂા. સુધીની દંડની જોગવાઈ કરેલ છ.
(B) બૌધિક સંપદા અધિકારોના વાસ્તવિક અનુદાન પહેલા NBA પાસેથી મંજૂરીની જરૂર પડશે, અધિકારોની અરજી પ્રક્રિયા દરમિયાન મંજૂરીની જરૂર પડશે નહી.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**27. વન (સંરક્ષણ) સુધારા બિલ – 2023 વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) તાજેતરમાં માત્ર લોકસભામાંથી વન (સંરક્ષણ) સુધારા બિલ – 2023 પસાર કરવામાં આવ્યુ છે.
(B) તેનો ઉદ્દેશ્ય વન (સંરક્ષણ) અધિનિયમ, 1980 માં નોંધપાત્ર ફેરફાર લાવવાનો છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**28. વન (સંરક્ષણ) સુધારા બિલ – 2023 ની કઈ જોગવાઈ સત્ય નથી?**
(A) આ અધિનિયમમાં પ્રસ્તાવનાનો સમાવેશ કરીને તેના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવામાં આવ્યુ છે.
(B) આ અધિનિયમમાં જંગલોની બહાર વનીકરણ અને વૃક્ષારોપણને પ્રોત્સાહિત કરવા માટે કેટલીક છૂટછાટ આપવામાં આવી છે.
(C) ઈકોટુરિઝમ, પ્રાણીસંગ્રહાલય તેમજ સફારી જેવી આર્થિક પ્રવૃત્તિઓ થકી સ્થાનિક આદિવાસી સમુદાયોનું સશકિતકરણ કરવામાં આવશે.
(D) એક પણ નહી.

**29. તાજેતરમાં ચર્ચામાં રહેલા 'ભારત મંડપમ' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે તેનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું.
(2) તે International Exibition cum Convention Center સંકુલ છે.
(3) તે આંતરરાષ્ટ્રિય પ્રદર્શનો, વેપાર મેળાઓ અને પરિષદો જેવા કાર્યક્રમોના આયોજન માટે બનાવવામાં આવ્યુ છે.
(4) ભારત મંડપમ શબ્દ ભગવાન બસવેશ્વરાની 'અનુભવ મંડપ' ની વિભાવના પરથી લેવામાં આવ્યો છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 2, 3 (C) માત્ર 2, 4 (D) આપેલ તમામ

**30. તાજેતરમાં કયા રાજય દ્વારા સ્કબ ટાયફસ ચેપી રોગના નિયંત્રણ માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે?**
(A) કેરળ (B) તમિલનાડુ (C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ

**31. જલ જીવન મિશન ડિજિટલ એકેડમી વિશે સત્ય વિધાન કયુ છે?**
(1) પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગે જલ જીવન મિશન ડિજિટલ એકેડમીની સ્થાપના કરી છે.
(2) આ એકેડમીનો હેતુ ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ભારતમાં પાણી પૂરવઠા ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**32. ભારત સરકાર દ્વારા વિદેશી નાગરીકો માટે જાહેર કરાયેલી આયુષ વિઝાની નવી શ્રેણી વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) આ પ્રકારની નવી શ્રેણી એ 'Heal In India' પહેલનો એક ભાગ છે.
(B) સરકારના ગૃહમંત્રાલય દ્વારા આયુર્વેદ અને અન્ય ભારતીય દવાઓની પ્રણાલીથી સારવાર મેળવવા માંગતા વિદેશી નાગરીકો માટે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**33. 'વર્લ્ડ કોફી કોન્ફરસ' જેનુ તાજેતરમાં ભારતમાં આયોજન થયુ હતું તેના વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) ભારતમાં બીજી વખત વિશ્વ કોફી સંમેલનનું આયોજન થયુ હતુ.
(2) આ વખતે કર્ણાટકના બેંગલોર ખાતે WCC આયોજન થયુ હતું.
(3) ટેનિસ ખેલાડી રોહન બોપન્ના આ સંમેલનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા હતા.
(4) આંતરરાષ્ટ્રીય કોફી સંગઠન અને કોફી બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે આયોજન કર્યુ હતુ.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 3, 4 (D) આપેલ તમામ

**34. તાજેતરમાં G20 દેશોની મહિલાઓના ડિજિટલ કૌશલ્ય વિકાસ માટે કયુ પ્લેટફોર્મ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની દ્વારા લોન્ચ કરવામાં આવ્યુ છે?**
(A) Tech Equity (B) Women Skill (C) Empower Women (D) Women Equity



Banking Academy

**35. International Coffee Organization વિશે અસત્ય વિધાન કયુ છે?**
(A) તેનુ વડુમથક લંડન, યુનાઈટેડ કિંગ્ડમ ખાતે આવેલું છે.
(B) કોફીના વેપારને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 1983 માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
(C) A અને B બંને (D) એક પણ નહી

**36. તાજેતરમાં ચર્ચામાં રહેલા દક્ષિણામૂર્તિ બાલમંદિર વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તાજેતરમાં આચાર્ય દેવવ્રતજીના હસ્તે ભાવનગરના દક્ષિણામૂર્તિ બાલમંદિરને શ્રેષ્ઠ બાલવાટીકા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
(2) બાળ વાર્તાકાર અને કેળવણીવિદ્ સ્વ. ગિજુભાઈ બધેકા આ બાલમંદિરના સ્વપ્નદૃષ્ટા હતા.
(3) આ બાલમંદિરનું ઉદ્‌ઘાટન વર્ષ 1922 માં કસ્તુરબા ગાંધીએ કર્યુ હતું.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2 (C) માત્ર 2, 3 (D) આપેલ તમામ

**37. ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા ઉદ્‌ઘાટન કરાયેલા 'જેપુરા વન કવચ' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) હાલોલ તાલુકાના પાવાગઢ નજીક વનવિભાગ દ્વારા આ વન કવચનું નિર્માણ કરાયેલું છે.
(B) આ વન કવચમાં સ્કાય વોક તેમજ વોચ ટાવરનું નિર્માણ પણ કરવામાં આવેલું છે.
(C) પાવાગઢમાં માંચી ખાતે આવેલા સાત કમાનના સ્ટ્રકચરની આર્ક જેવો પ્રવેશદ્વાર તૈયાર કરવામાં આવેલો છે.
(D) આપેલ તમામ

**38. ગુજરાતી ચલચિત્રો માટે પ્રોત્સાહન નીતિ – 2019 અંતર્ગત તાજેતરમાં આપેલી આર્થિક સહાય અંગે સત્ય વિધાન કયુ છે?**
(A) 'નાયકાદેવી ધ વોરિયર કવીન' ચલચિત્ર માટે સૌથી વધુ 50 લાખ રૂ. ની આર્થિક સહાય કરેલી છે.
(B) 'ગાંધીની બકરી' ચલચિત્ર માટે બીજી સૌથી વધુ 40 લાખ રૂા. ની આર્થિક સહાય આપવામાં આવેલી છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**39. ગુજરાતી ચલચિત્રો વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તાજેતરમાં ગુજરાત સરકારે વર્ષ 2020,2021 અને 2022 ના ત્રણ વર્ષના ગુજરાતી ચલચિત્રો અને દસ્તાવેજી ચિત્રોના પુરસ્કારો જાહેર કર્યા છે.
(2) આ પુરસ્કારો રાજયના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવે છે.
(3) આ પુરસ્કારો ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતી – 2021 અંતર્ગત આપવામાં આવે છે.
(A) માત્ર 2 (B) માત્ર 1, 2 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**40. તાજેતરમાં ગુજરાતી ચલચિત્રો માટે અપાયેલા પુરસ્કાર વિશે કઈ જોડી સત્ય છે?**
(1) વર્ષ 2020 માટે શ્રેષ્ઠ ચલચિત્ર – લવની લવ સ્ટોરી
(2) વર્ષ 2021 માટે શ્રેષ્ઠ ચલચિત્ર – કોઠી 1947
(3) વર્ષ 2022 માટે શ્રેષ્ઠ ચલચિત્ર – ઓમ મંગલમ સિંગલમ
(A) માત્ર 1 (B) માત્ર 2, 3 (C) માત્ર 2 (D) આપેલ તમામ

**41. તાજેતરમાં ગુજરાતી ચલચિત્રો માટે જાહેર કરાયેલા પુરસ્કારો વિશે સત્ય વિધાન તપાસો.**
(1) વર્ષ 2022 માટે શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર 'ફકત મહિલાઓ માટે' છે.
(2) વર્ષ 2022 માટે શ્રેષ્ઠ અભિનેતા પુરસ્કાર 'યશ સોની' ને અપાયો છે.
(3) વર્ષ 2021 માટે શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર 'દિવા સ્વપ્ન' છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**42. 'ગરવી ગુર્જરી એમ્પોરિયમ' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) હાથસાળ અને હસ્તકલા કારીગરો દ્વારા ઉત્પાદિત હાથ બનાવટની વસ્તુઓના વેચાણમાં વધારો કરવા માટે આ એમ્પોરિયમ ખોલવામાં આવશે.
(B) ગુજરાત સરકાર દ્વારા સહિત દેશભરમાં નવા 12 ગરવી ગુર્જરી એમ્પિોરીયમ ખોલવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**43. તાજેતરમાં કઈ કંપની દ્વારા વર્લ્ડકોઈન ક્રિપ્ટો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે?**
(A) Open AI (B) Tesla (C) Spece X (D) Apple

**44. તાજેતરમાં મહિલા સશક્તિકરણ પર G20 એમ્પાવર સંમેલનનું આયોજન કયાં કરવામાં આવ્યુ હતુ?**
(A) ઈન્દોર (B) ગાંધીનગર (C) પૂણે (D) ભોપાલ

**45. સિનેમેટોગ્રાફ (સુધારા) બિલ – 2023 ની મુખ્ય જોગવાઈઓ વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ બિલ સિનેમેટોગ્રાફ એકટ – 1952 માં સુધારો કરે છે.
(2) આ બિલની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ 3 મહિનાથી 3 વર્ષ સુધી કેદની સજા થઈ શકે છે.
(3) આ બિલ Central Board of Film Certifiation (CBFC) ની સ્વાયતત્તા પર ભાર મૂકે છે.
(4) CBFC પ્રમાણપત્રોના લાયસન્સ નવીનીકરણ કરવાની પ્રથાને દૂર કરી આજીવન માન્ય બનાવે છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 3, 4 (D) આપેલ તમામ

**46. Central Board of Film Certification નું વડુમથક કયાં આવેલું છે?**
(A) પૂણે (B) મુંબઈ (C) દિલ્હી (D) હૈદરાબાદ

**47. તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી ULLAS મોબાઈલ એપ્લિકેશન વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્રપ્રધાન દ્વારા આ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવેલી છે.
(2) ULLAS નું પુરુ નામ Understanding Lifelong Learning for all in Society છે.
(3) આ એપ્લિકેશનનું સુત્ર 'જન જન સાક્ષર' લોન્ચ કરવામાં આવેલું છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**48. 'અલ્ટિમેટ ટેબલ ટેનિસ – 2023' વિશે નીચે આપેલા પૈકી અસત્ય વિધાનો જણાવો.**
(1) વર્ષ 2023 માં પાંચમી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતું.
(2) આ લીગમાં કુલ 8 ટીમોએ ભાગ લીધો હતો.
(3) આ લીગનું વિજેતા ટિમ ગોવા ચેલેન્જર્સ રહયું હતું.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**49. ગુજરાતમાં તાજેતરમાં નારીવંદના ઉત્સવનું આયોજન કયારે કરવામાં આવ્યુ હતું?**
(A) 1 થી 7 જુલાઈ (B) 1 થી 7 ઓગસ્ટ (C) 1 થી 7 જુન (D) 15 થી 22 ઓગસ્ટ

**50. દર વર્ષે 'વર્લ્ડ વાઈડ વેબ' દિવસ કયારે ઉજવવામાં આવે છે?**
(A) 1 જુન (B) 2 જુલાઈ (C) 1 ઓગસ્ટ (D) 1 સપ્ટેમ્બર

**51. 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' વિશે નીચે આપેલા પૈકી કયુ વિધાન સત્ય છે?**
(A) દર વર્ષે 11 થી 17 ઓગસ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.
(B) માતાના શરૂઆતના દૂધને કોલોસ્ટ્રમ કહે છે, જેમા વિટામીન A, પાણી, આર્યન તથા પોષક તત્વો ભરપુર પ્રમાણમાં હોય છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**52. 'વિશ્વ ફેફસા કેન્સર દિવસ' દર વર્ષે કયારે ઉજવવામાં આવે છે?**
(A) 1 ઓગસ્ટ (B) 2 ઓગસ્ટ (C) 3 ઓગસ્ટ (D) 4 ઓગસ્ટ

**53. તાજેતરમાં કયા રાજયની 'જલેસર ધાતુ શિલ્પ કલા' ને GI ટેગ આપવામાં આવ્યો છે?**
(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ (C) બિહાર (D) પશ્ચિમ બંગાળ

**54. તાજેતરમાં આપવામાં આવેલા GI ટેગ વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) મહારાષ્ટ્રની 'મનકુરાડ કેરી' ની અનોખી જાતને GI ટેગ આપવામાં આવેલું છે.
(B) 'ગોઅન બેબિન્કા' એ ગોવાની પરંપરાગત ઈન્ડો – પોર્ટુગીઝ પુડિંગને પણ GI ટેગ આપવામાં આવેલું છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**55. તાજેતરમાં રાજસ્થાનની નીચે આપેલા પૈકી કઈ કલાઓને GI ટેગ પ્રદાન કરવામાં આવેલા છે.**
(1) ઉદયપુરની કોફતાગારી ધાતુ હસ્તકલા
(2) બિકાનેર એમ્બ્રોડરી હસ્તકલા
(3) જેસલમેરની મૂર્તિકલા
(4) જોધપુર બંધેજ હસ્તકલા
(5) બિકાનેર ઉસ્તા કલાશિલ્પ
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 2, 3, 4, 5 (C) માત્ર 1, 2, 4, 5 (D) 1, 2, 3, 4,5

**56. સૌથી વધુ બ્લડ કલેકશન કરવા બદલ કયા રાજયની રેડક્રોસ શાખાને નેશનલ એવોર્ડ એનાયત થયો છે?**
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) તમિલનાડુ (D) દિલ્હી

**57. National Commission for Protection of child Rights વિશે નીચે આપેલા કયુ વિધાન ખોટું છે?**
(A) તાજેતરમાં NCPCR દ્વારા MASI (Monitoring App for Seamless Inspection) નામની એપ વિકસાવી છે.
(B) NCPCR એ વૈદ્યાનિક સંસ્થા છે.
(C) તે મહિલા અને બાળવિકાસ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (D) આપેલ પૈકી એક પણ નહી.

**58. દિવ્યાંગોના વિકાસ માટે કઈ જગ્યાએ ગુજરાતનું કંપોઝિટ રિઝનલ સેન્ટર તૈયાર કરવામાં આવ્યુ છે?**
(A) ગાંધીનગર (B) વડોદરા (C) રાજકોટ (D) અમદાવાદ

**59. ગુજરાતી મુળની લેખિકા ચેતના મારુની કઈ નોવેલ બુકર પ્રાઈઝ માટે શોર્ટલિસ્ટ થઈ છે?**
(A) લોર્ડ ઓફ ધ ફાઈલ્સ (B) વેસ્ટર્ન લેન (C) ધ લેન્ડમાર્ક્સ (D) અ ફાઈન બેલેન્સ

**60. ભારતના આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલા 'ઈ–કેર પોર્ટલ' નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?**
(A) વૃધ્ધોની ઓનલાઈન આરોગ્ય સંભાળ માટે
(B) નાના બાળકોની રસીકરણની સુવિધા માટે
(C) વિદેશમાંથી સ્વજનોના મૃતદેહ ભારત લાવવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે
(D) દિવ્યાંગોા માટેની યોજનાઓને એક જ પ્લેટફોર્મ પર સંકલિત કરવા માટે.

**61. GTU ના પ્રથમ મહિલા કુલપતિ તરીકે તાજેતરમાં કોની નિમણૂંક કરવામાં આવી છે?**
(A) રાજુલ ગજ્જર (B) નીરજા ગુપ્તા (C) શીવાની પટેલ (D) હેમાંગી પંડયા

**62. NHAI દ્વારા પ્રવાસીઓને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વ્યાપક માહિતી તેમજ કાર્યક્ષમ ફરિયાદ નિવારણ પ્રણાલી માટે કઈ મોબાઈલ એપ વિકસિત કરવામાં આવી છે?**
(A) અમૃતમાર્ગ યાત્રા (B) રાજમાર્ગ યાત્રા (C) સુરક્ષા યાત્રા (D) યાત્રા – સુગમ

**63. જન્મ અને મૃત્યુની નોંધણી (સુધારા) બિલ – 2023 માં કઈ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?**
(1) આ બિલ જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ 1969 માં નોંધપાત્ર સુધારા રજૂ કરે છે.
(2) જન્મ અને મૃત્યુની નોંધણી માટે સામાન્ય નિર્દેશો જારી કરવા ભારતના રજિસ્ટ્રાર જનરલની નિમણૂકની જોગવાઈ કરે છે.
(3) આ બિલ રાજ્યો માટે કેન્દ્રિય નાગરીક નોંધણી પ્રણાલી નામના કેન્દ્રીયકૃત પોર્ટલ પર ડિજિટલ નોંધણી કરવાનું ફરજિયાત બનાવે છે.
(A) માત્ર 1 (B) માત્ર 1, 2 (C) માત્ર 2, 3 (D) આપેલ તમામ

**64. તાજેતરમાં AI ના ક્ષેત્રમાં સહયોગ માટે INDIAai અને કઈ કંપની વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે?**
(A) Meta India (B) Google India (C) Amazon India (D) Microsoft

**65. INDIAai વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો કયા છે?**
(1) વર્ષ 2022 માં લોન્ચ કરવામાં આવેલું ભારતનું રાષ્ટ્રીય કૃત્રિમ બુધ્ધિમતા પોર્ટલ છે.
(2) તે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય, નેશનલ ઈ – ગર્વનન્સ ડિવિઝન અને NASSCOM ની સંયુક્ત પહેલ છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**66. 'નિયંત્રિત માનવ ચેપ અભ્યાસ' ના ઉપયોગ અંગેના નૈતિક પાસાઓને સંબોધના સર્વસંમતિ નિવેદનનો મુસદ્દો કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે?**
(A) FASSAI (B) FAO (C) CSIR (D) ICMR

**67. તાજેતરમાં ચર્ચામાં રહેલા 'અવિશ્વાસ પ્રસ્તાવ' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તે સંસદના કોઈ પણ ગૃહમા રજૂ કરી શકાય છે.
(2) જો આ પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે તો તે સરકારની કામગીરી પર ચર્ચા તરફ દોરી જાય છે.
(3) જો પ્રસ્તાવ ગૃહના સભ્યોની બહુમતીથી પસાર થાય તો સરકારે પદ પરથી રાજીનામું આપવું પડે છે.
(4) સૌપ્રથમ વાર અવિશ્વાસ પ્રસ્તાવ ઈન્દિરા ગાંધીની સરકાર સામે ઓગસ્ટ 1974 માં રજૂ કરવામાં આવ્યો હતો.
(A) માત્ર 1, 3 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 2, 4 (D) આપેલ તમામ

**68. 'કોર્પોરેટ ડેટ માર્કેટ ડેવલપમેન્ટ ફંડ' વિશે કયુ વિધાન અસત્ય છે?**
(1) તાજેતરમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આ ફંડ લોન્ચ કરવામાં આવ્યુ હતું.
(2) બજારની અવ્યવસ્થા દરમિયાન નિર્દિષ્ટ ડેટ ફંડ માટે તે બેક સ્ટોપ સુવિધા છે.
(3) આ ફંડની ખાતરી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવે છે.
(A) માત્ર 2 (B) માત્ર 3 (C) માત્ર 1, 2 (D) માત્ર 1, 3

**69. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ગલ્ફ પ્રવાહ પ્રણાલી' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) તે ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં એક શક્તિશાળી સમુદ્ર પ્રવાહ છે.
(B) તે મેક્સિકોના અખાતમાં ઉદ્‌ભવે છે અને અમેરિકાના પૂર્વીય કિનારે ઉત્તર – પૂર્વ તરફ વહે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**70. 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત ગુજરાતના કેટલા સ્ટેશનો પુનઃવિકસિત કરવામાં આવશે?**
(A) 21 (B) 12 (C) 24 (D) 18

**71. 'અમૃત ભારત સ્ટેશન યોજના' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ યોજના ફેબ્રુઆરી 2023 માં રેલ્વે મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.
(2) આ યોજનાના પ્રથમ તબક્કામાં દેશના 358 રેલવે સ્ટેશનોને વિકસિત કરવામાં આવશે.
(3) રેલવે સ્ટેશનના બિલ્ડિંગની ડિઝાઈન સ્થાનિક સંસ્કૃતિ, પ્રાચીન વારસાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે.
(A) માત્ર 1 (B) માત્ર 1, 3 (C) માત્ર 2, 3 (D) આપેલ તમામ

**72. 'વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશીપ – 2023' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો કયા છે?**
(1) આ ચેમ્પિયનશીપનું આયોજન બર્લિન, જર્મની ખાતે થયુ હતું.
(2) આ ચેમ્પિયનશીપમાં કુલ 4 પદક સાથે ભારત ટોચના સ્થાને રહયુ હતું.
(3) આ ચેમ્પિયનશીપના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ભારતીય ખેલાડી સુવર્ણપદક જીત્યા હતા.
(4) આ ચેમ્પિયનશીપનું આયોજન દર બે વર્ષે કરવામાં આવે છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 2, 4 (C) માત્ર 3, 4 (D) આપેલ તમામ

**73. તાજેતરમાં કયા દેશના દરિયાકાંઠેથી ISRO ના રોકેટનો કાટમાળ મળી આવ્યો હતો?**
(A) બ્રાઝિલ (B) દક્ષિણ આફ્રિકા (C) અમેરિકા (D) ઓસ્ટ્રેલિયા

**74. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'SPIKE NLOS' મિસાઈલ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) ભારતીય વાયુસેનાએ પર્વતીય વિસ્તારોમાં દુશ્મનના સ્થાનોને નષ્ટ કરવા માટે અમેરીકા પાસેથી આ મિસાઈલ ખરીદી છે.
(B) તે મેન પોર્ટેબલ, વ્હીકલ લોન્ચ અને હેલિકોપ્ટર લોન્ચના પ્રકારોમાં ઉપલબ્ધ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**75. ભારતનેટ યોજના વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ યોજના વર્ષ 2011 માં National Optical Fiber Network ના રૂપમાં શરૂ કરવામાં આવી હતી.
(2) તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઓપ્ટિકલ ફાઈબરના માધ્યમથી 6.4 લાખ ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટથી જોડાણ આપવાનો છે.
(3) ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિ. (BBNL) સંસ્થા આ યોજનાના અમલીકરણ માટે જવાબદાર છે.
(4) આ યોજનાને 'Universal Service Obligation Fund' દ્વારા ભંડોળ પુરુ પાડવામાં આવે છે.
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 3, 4 (D) આપેલ તમામ

**76. 'રોહિણી કમિશન' વિશે નીચે આપેલા પૈકી કયુ વિધાન સત્ય નથી?**
(A) અન્ય પછાત વર્ગો (OBC) ના પેટા વર્ગીકરણ અને તેમના અનામત લાભોના સમાન વિતરણના કાર્ય માટે રોહિણી કમિશનની નિમણૂક કરવામાં આવી હતી.
(B) આ કમિશનની રચના 15 ઓગસ્ટ, 2018 માં કરવામાં આવી હતી.
(C) બંધારણના અનુચ્છેદ 340 અંતર્ગત પછાત વર્ગોની સ્થિતિની તપાસ માટે કમિશન નિયુક્ત કરવાની રાષ્ટ્રપતિની સત્તા છે.
(D) એક પણ નહી.

**77. 'ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ – 2023' અહેવાલ વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આ અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે.
(2) વર્ષ 2022 માં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ ભારતમાં અમેરિકાથી આવેલા છે.
(3) ભારતમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ મેળવતા રાજયોમાં ગુજરાત પ્રથમ સ્થાને છે.
(4) ભારતમાં સૌથી વધુ સ્થાનિક પ્રવાસીઓ મેળવના રાજયોમાં ઉત્તરપ્રદેશ પ્રથમ સ્થાને છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

**78. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'PM સ્વનિધિ યોજના' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) આ યોજના હેઠળ ધિરાણનો સમયગાળો ડિસેમ્બર– 2024 સુધી લંબાવવામાં આવ્યો છે.
(B) આ યોજના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય હેઠળ આવેલી છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**79. પ્રસિધ્ધ આંકડાશાસ્ત્રી ડો. કલ્યાણપુડી રાધાકૃષ્ણ રાવ વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) તેમનો જન્મ કર્ણાટકના બેલ્લારી જિલ્લામાં થયો હતો.
(B) તેઓએ વસતિ નિયંત્રણ માટે આંકડાશાસ્ત્ર અને વસતિ વિષયક અને સંચાર સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપેલી છે.
(C) તેમને અનુક્રમે વર્ષ 1967 અને વર્ષ 2001 માં પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.
(D) આપેલ તમામ

**80. કેન્દ્રીય નાણામંત્રાલયે શરૂ કરેલી 'વિવાદ સે વિશ્વાસ– II' યોજના વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) સરકાર અને સરકારી ઉપક્રમોના અનિર્ણિત કરાર વિવાદોને અસરકારક રીતે ઉકેલવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.
(B) કેન્દ્રીય નાણામંત્રી દ્વારા કેન્દ્રીય બજેટ 2023 – 24 માં આ યોજનાની જાહેરાત કરી હતી.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**81. ISRO દ્વારા લોન્ચ કરાયેલા PSLV-C56 મિશન વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) PSLV – C56 દ્વારા સિંગાપોરના DS-SAR ઉપગ્રહ સહિત બીજા છ ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા.
(2) DS – SAR ઉપગ્રહને વિષવવૃત્તિય ભ્રમણકક્ષામાં (NEO) સ્થાપિત કરવામાં આવ્યો છે.
(3) આ મિશન New Space India Limited દ્વારા સમર્થિત એક વ્યાપારી મિશન હતુ.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**82. તાજેતરમાં ભારતે 'INDIA STACK' શેર કરવા માટે કયા દેશ સાથે કરાર કર્યો છે?**
(A) પાપુઆ ન્યુ ગિની (B) સુરીનામ (C) એન્ટિગુઆ (D) બાર્બુડા

**83. હાલમાં ચર્ચામાં રહેલા 'INDIA STACK' શું છે? સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તે API (એપ્લિકેશન, પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ) નો સમૂહ છે.
(2) તે સરકારની આગેવાની હેઠળની પહેલ છે જે તમામ ક્ષેત્રોમાં ડિજિટલ સેવાઓની શ્રેણીને સક્ષમ કરવા માટે મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**84. તાજેતરમાં FIDE રેન્કિંગમાં શ્રી વિશ્વનાથ આનંદને પાછળ છોડનાર ચેસ ખેલાડી કયો છે?**
(A) વિગ્નેશ એન. આર. (B) ડિ. ગુકેશ (C) ભરત સુબ્રમણ્યમ (D) વી. પ્રણીય

**85. તાજેતરમાં કયા રાજયએ 'મેન્ગ્રોવ સેલ' સ્થાપવાની જાહેરાત કરી છે?**
(A) ગુજરાત (B) પશ્ચિમ બંગાળ (C) ઓરિસ્સા (D) મહારાષ્ટ્ર

**86. રાજય વન વિભાગની દિપડાની વસતી ગણતરી બાબતે સત્ય વિધાન કયુ છે?**
(A) વન વિભાગની તાજેતરની વસતિ ગણતરી મુજબ રાજયમાં છેલ્લા છ વર્ષમાં દિપડાની સંખ્યામાં 63% વધારો નોંધાયો છે.
(B) વર્ષ 2016 માં 1395 થી દિપડાની સંખ્યા વધીને વર્ષ 2023 માં 2274 થઈ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**87. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) બિલ – 2023 વિશે કયા વિધાનો સત્ય છે?**
(1) આ બિલ સેવાઓ સબંધિત કેટલીક બાબતો પર દિલ્હીના ઉપરાજયપાલને ભલામણો કરવા માટે National Capital Civil Service Authority ની સ્થાપના કરશે.
(2) આ બિલ ઉપરાજયપાલને ઓથોરિટી દ્વારા કરાયેલ ભલામણ પર તેની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરવા પર મનાઈ ફરમાવે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**88. હાલમાં ચર્ચામાં રહેલ National Capital Civil Service Authority વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તેમના અધ્યક્ષ તરીકે દિલ્હીના મુખ્યપ્રધાન રહેશે.
(2) તેમના સભ્ય સચિવ તરીકે દિલ્હીના મુખ્ય સચિવ રહેશે.
(3) તેમના અન્ય સભ્યોમાં દિલ્હીના ગૃહ સચિવ, કેન્દ્ર સરકારના મુખ્ય સચિવ અને ગૃહ સચિવ બંને રહેશે.
(4) ઓથોરીટીના તમામ નિર્ણયો હાજર રહેલા સભ્યોની બહુમતી પર આધારિત રહેશે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

**89. ગુજરાત સરકારના 'ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ' વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) આ યોજના હેઠળ ખેડૂતોને નાળિયેરી વાવેતર વિસ્તાર માટે જે ખર્ચ થયો હતો તેના 75% અથવા મહત્તમ 37,500 રૂા. પ્રતિહેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવશે.
(B) નાળિયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે ખર્ચના 75% અથવા મહત્તમ 10,000 રૂા. પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે.
(C) આ તમામ સહાય ખેડૂત ખાતા દીઠ 4 હેકટરની મર્યાદામાં જ આપવામાં આવશે.
(D) એક પણ નહી.

**90. રાજયવ્યાપી મિશન ઈન્દ્રધનુષ 5.0 વિશે કયા વિધાનો અસત્ય છે ?**
(A) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનરના શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતેથી રાજયવ્યાપી મિશન ઈન્દ્રધનુષના પાંચમા તબક્કાનો શુભારંભ કરાવ્યો હતો.
(B) આ અભિયાન હેઠળ માત્ર 0 થી 5 વર્ષ સુધીની વયના બાળકોનું રસીકરણ કરવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**91. તાજેતરમાં ઉજવવામાં આવેલા 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ' વિશે સત્ય વિધાનો કયા છે?**
(1) દેશના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન સ્વદેશી ચળવળની યાદમાં દર વર્ષે 7 ઓગસ્ટના રોજ આ દિવસ ઉજવાય છે.
(2) વર્ષ 2015 થી આ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી.
(3) વર્ષ 2023 માં આ દિવસે પ્રધાનમંત્રી દ્વારા 'Bhartiya Vastra evam Shilpa Kosh' નામનું ઈ– પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ હતું.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**92. ગુજરાતમાં કયા જિલ્લામાંથી 'મેરી માટી, મેરા દેશ' કાર્યક્રમનો રાજયવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો હતો?**
(A) તાપી (B) સુરત (C) નવસારી (D) વલસાડ

**93. તાજેતરમાં કયા યુરોપીય દેશે ભારતીય વિદ્યાર્થીઓને પાંચ વર્ષના શેંગેન વિઝા આપવાની જાહેરાત કરી છે?**
(A) ફ્રાંસ (B) જર્મની (C) આર્યલેન્ડ (D) પોલેન્ડ

**94. ભારતે લોન્ચ કરેલા ઓટોનોમસ અન્ડર વોટર વ્હીકલ 'નીરાક્ષી' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) ખાણોની શોધ કરવા માટે રચાયેલુ દેશમાં આ પ્રકારનું સૌપ્રથમ વાહન છે.
(B) ગાર્ડન રિચ શિપબિલ્ડર્સ એન્ડ ઈન્જિનિયર્સ (GRSE) એ MSME એકમ Aerospace Enginnering Private Ltd., ના સહયોગથી તેનો વિકાસ કર્યો છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**95. દિલ્હી સંબંધિત બંધારણીય જોગવાઈઓ વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) અનુચ્છેદ 239 (AA) હેઠળ સંસદને કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી અથવા તેના કોઈ પણ ભાગ અને તેનાથી સંબંધિત કોઈપણ બાબતે કાયદો બનાવવાની સંપૂર્ણ સત્તા છે.
(B) એસ બાલકિષ્ના સમિતિની ભલામણના આધારે વર્ષ 1993 માં બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**96. 'આઈકોનીક સાઈટ મ્યુઝિયમ' આદિચનાલ્લુરનો કયા રાજયમાં શિલાન્યાસ કરવામાં આવ્યો છે?**
(A) કેરલ (B) <u>તમિલનાડુ</u> (C) કર્ણાટક (D) તેલંગાણા

**97. પુરાતત્વીય સ્થળ આદિચનાલ્લુર વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) આદિચનાલ્લુર તમિરાબાદ નદીના કિનારે સ્થિત એક પ્રાચીન લોહયુગનું સ્થળ છે.
(B) અંહિથી શેકેલા માટીના વાસણો, સંખ્યાબંધ લોખંડના શસ્ત્રો, ઓજારો મળી આવેલા છે.
(C) <u>A અને B બંને</u> (D) એક પણ નહી

**98. એનાલોગ એસ્ટ્રોનોટ તરીકે પસંદગી પામનાર ભારતની સૌપ્રથમ મહિલા કોણ બની છે?**
(A) ચાર્મી મહેતા (B) આકાંક્ષી દેસાઈ (C) <u>જેની પટેલ</u> (D) નીરાલી શર્મા

**99. તાજેતરમાં ચર્ચામાં રહેલ IMS-1 સેટેલાઈટ બસ ટેક્નોલોજી વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) ISRO એ તાજેતરમાં આ ટેકનોલોજી ખાનગી કંપની 'આલ્ફા ડિઝાઈન ટેકનોલોજી' ને હસ્તાંતરણ કરી છે.
(2) આ હસ્તાંતરણ New Space India Limited દ્વારા થયેલા કરાર હેઠળ કરવામાં આવ્યુ હતું.
(3) IMS – 1 એ એક નાનું સેટેલાઈટ પ્રક્ષેપણ માટેનું પ્લેટફોર્મ છે.
(A) માત્ર 1 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) <u>આપેલ તમામ</u>

**100. તાજેતરમાં કયા દેશની સંસદમાં ભારતના સ્વાતંત્ર્ય દિવસને રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવા માટેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો?**
(A) <u>અમેરિકા</u> (B) ઈંગ્લેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) ઈઝરાયેલ

**101. વર્લ્ડ યુનિવર્સિટી રમત – 2023 વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) આ ટુર્નામેન્ટનું આયોજન ચીનના ચેંગડુ શહેર ખાતે થયું હતું.
(B) કુલ 26 મેડલ સાથે ભારતે આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.
(C) આવનારી વર્લ્ડ યુનિવર્સિટી રમત વર્ષ 2025 માં જર્મનીમાં યોજવામાં આવશે.
(D) આપેલ તમામ

**102. તાજેતરમાં GI ટેગ આપવામાં આવેલ 'ચિકરી લાકડાની હસ્તકલા' કયા રાજયની છે?**
(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરપ્રદેશ (C) ઉત્તરાખંડ (D) <u>જમ્મુ અને કાશ્મીર</u>

**103. તાજેતરમાં GI ટેગ આપવામાં આવેલા 'મુશ્કબુદજી ચોખા' વિશે કયું વિધાન સત્ય નથી ?**
(A) મુશ્કબુદજી ચોખા એ કાશમીર ખીણના ઉંચા વિસ્તારોમાં ખાસ કરીને અનંતનાગ જિલ્લામાં ઉગાડવામાં આવે છે.
(B) આ ચોખા ટૂંકા, ઘાટા અને સુગંધિત ચોખાની મૂલ્યવાન જાત છે.
(C) A અને B બંને (D) <u>એક પણ નહી.</u>

**104. દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' કઈ તારીખે ઉજવવામાં આવે છે?**
(A) 12 જાન્યુઆરી (B) <u>12 ઓગસ્ટ</u> (C) 21 ઓક્ટોબર (D) 12 જુલાઈ

**105. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'માયા OS' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા 'માયા ઓપરેટીંગ સિસ્ટમ' નો વિકાસ કરવામાં આવ્યો છે.
(2) માયા OS નો ઉદ્દેશ્ય માલવેર હુમલાઓ અને અન્ય સાયબર હુમલાઓને અટકાવવાનો છે.
(3) તે ઓપન સોર્સ ઉબુન્ટુ પ્લેટફોર્મ પર આધારિત છે.
(4) ઓપરેટીંગ સિસ્ટમને કમ્પ્યૂટરમાં boot પ્રોગ્રામ દ્વારા ઉમેરવામાં આવે છે.
(A) માત્ર 2, 4 (B) માત્ર 1, 3 (C) માત્ર 1, 2, 3 (D) <u>આપેલ તમામ</u>

**106. 'વિશ્વ સિંહ દિવસ' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ છે?**
(A) દર વર્ષે 10 ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસ ઉજવવામાં આવે છે.
(B) વર્ષ 2013 માં બિગ કેટ ઈનિશિયેટીવ અને નેશનલ જિયોગ્રાફીકના સહ સ્થાપક ડેરેક અને બેવરલી દ્વારા આ દિવસ ઉજવવાનું નકકી કરવામાં આવ્યુ હતું.
(C) <u>A અને B બંને</u> (D) એક પણ નહી.

**107. 'આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) <u>દર વર્ષે 9 ઓગસ્ટના રોજ આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.</u>
(B) વર્ષ 2023 માં ગુજરાતમાં આ દિવસની ઉજવણી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે કરવામાં આવી હતી.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**108. પરમાણુ શસ્ત્રોના ખતરા વિશે જાગૃતતા લાવવા માટે દર વર્ષે 'હિરોશિમા દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે?**
(A) 2 ઓગસ્ટ (B) 4 ઓગસ્ટ (C) <u>6 ઓગસ્ટ</u> (D) 9 ઓગસ્ટ

**109. તાજેતરમાં કઈ એરલાઈન કંપનીએ તેનો નવો લોગો 'ધ વિસ્ટા' નું અનાવરણ કર્યુ છે?**
(A) ઈન્ડીગો (B) સ્પાઈસ જેટ (C) જેટ એરવેઝ (D) <u>એર ઈન્ડિયા</u>

**110. RBI એ નાણાકીય વર્ષ 2024 ની જાહેર કરેલી ત્રીજી નાણાકીય નીતિ વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(1) આ નાણાકીય નીતિમાં પોલિસી રેપોરેટનો દર 6.50% રાખવામાં આવ્યો છે.
(2) આ નાણાકીય નીતિમાં બેંક રેટ 6.75% રાખવામાં આવ્યો છે.
(3) નાણાકીય વર્ષ 2024 માટે ઉપભોક્તા મૂલ્ય સૂચકાંક ફુગાવો દરનો અંદાજ 5.1% કરવામાં આવ્યો છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**111. તાજેતરમાં RBI એ તેની નાણાકીય નીતિમાં નાણાકીય વર્ષ 2023-24 માટે GDP વૃધ્ધિ દરનો અંદાજ કેટલો આપેલો છે?**
(A) 6.1% (B) 6.5% (C) 5.8% (D) 6.8%

**112. કયા મંત્રાલય દ્વારા 'ભારતીય વેબ બ્રાઉઝર ડેવલપમેન્ટ ચેલેન્જ' શરૂ કરવામાં આવી છે?**
(A) ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (B) શિક્ષણ મંત્રાલય
(C) સુચના પ્રસારણ મંત્રાલય (D) કૌશલ વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલય

**113. 'ભારતીય વેબ બ્રાઉઝર ડેવલપમેન્ટ ચેલેન્જ' વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) આ ચેલેન્જ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને C-DAC દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવી છે.
(B) કંપની એક્ટ 2013 હેઠળ નોંધાયેલ ભારતીય ટેક સ્ટાર્ટઅપ, MSME કંપનીઓ તેમજ LLP (Limited Liability Partnership) આ ચેલેન્જમાં અરજી કરી શકે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**114. તાજેતરમાં સ્થાપિત કરવામાં આવેલી તમિલ કવિ તિરુવલ્લુવરની પ્રતિમાં વિશે કયા વિધાનો સત્ય છે?**
(1) તમિલ કવિ તિરુવલ્લુવરની 25 ફૂટ ઉંચી પ્રતિમા મદુરાઈ ખાતે સ્થાપિત કરવામાં આવી છે.
(2) આ પ્રતિમામાં તિરુવલ્લુવરને બેસવાની મુદ્રામાં દર્શાવવામાં આવેલા છે.
(3) તેમના એક હાથમાં 'પાનઈ ઓલાઈ' અને બીજા હાથમાં 'એઝુત્થાની' દર્શાવવામાં આવ્યા છે.
(4) આખી પ્રતિમા સ્ટીલના બનેલા તમિલ મુળાક્ષરોથી બનાવવામાં આવેલી છે.
(A) માત્ર 1, 3 (B) માત્ર 1, 2, 4 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

**115. તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા 'પશુધન જાગૃતિ અભિયાન' શરૂ કરવામાં આવ્યુ હતુ?**
(A) નર્મદા (B) છોટા ઉદેપુર (C) તાપી (D) પંચમહાલ

**116. કઈ સંસ્થા અવકાશયાત્રા માટે પરમાણુ રોકેટ અથવા ન્યુક્લિઅર પ્રોપલ્શન સિસ્ટમ વિકસાવી રહયું છે?**
(A) ISRO (B) NASA (C) JAXA (D) CNSA

**117. આંખ આવવાનો (Conjuctivitis) રોગ શાના કારણે થાય છે?**
(A) વાયરસ (B) બેક્ટેરિયા (C) A અને B બંને (D) એક પણ નહી.

**118. તાજેતરમાં થયેલા યુધ્ધાભ્યાસ 'ઝાયદ તલવાર' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ છે?**
(A) આ ક્વાયત ભારત અને સાઉદી અરેબીયા દેશ વચ્ચેની નૌસેના ક્વાયત છે.
(B) આ ક્વાયતમાં ભારતીય નૌકાદળના બે જહાજો INS ત્રિકંદ અને INS વિશાખાપટ્ટનમ જોડાયા હતા.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**119. હાલમાં ચર્ચામાં રહેલા એમેઝોન જંગલ વિશે સત્ય વિધાનો તપાસો .**
(1) એમેઝોનના જંગલો ભેળવાળા ઉષ્ણકટિબંધિય વરસાદી જગલો છે.
(2) દક્ષિણ અમેરીકા ખંડના સાત દેશોમાં આ જંગલ ફેલાયેલ છે.
(3) એમેઝોન જંગલનો સૌથી વધુ 60% વિસ્તાર બ્રાઝિલ દેશમાં ફેલાયેલો છે.
(4) તેના રક્ષણ અને સંચાલન માટે વર્ષ 1995 માં Amazon co-operation Treaty Organization ની રચના કરી હતી.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

**120. તાજેતરમાં ACTO દ્વારા એમેઝોન સમિટનું આયોજન કયાં કરવામાં આવ્યુ હતું?**
(A) બેલેમ, બ્રાઝિલ (B) લાપેઝ, બોલિવિયા (C) લિમા, પેરુ (D) બગોટા, કોલંબિયા

**121. યમુના નદીના પૂરના જોખમને ટાળવા માટે કયા રાજયમાં હથનીકુંડ ડેમ બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે?**
(A) પંજાબ (B) દિલ્હી (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા

**122. 'પીએમ વિશ્વકર્મા યોજના' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) પોતાના હાથ અને સાધનો વડે કામ કરતા કારીગરો અને શિલ્પકારો દ્વારા ગુરુશિષ્ય પરંપરા અથવા પરંપરાગત કૌશલ્યોની કુટુંબ આધારિત પ્રથાને મજબૂત અને સંવર્ધન કરવા માટે આ યોજના છે.
(2) આ યોજનાના અમલીકરણનો સમયગાળો નાણાકિય વર્ષ 2023-24 થી વર્ષ 2027-28 સુધીનો છે.
(3) આ યોજનામાં 5% વ્યાજસહાય સાથે રૂા.2 લાખ સુધીની સહાય આપવામાં આવશે.
(4) કૌશલ્ય પ્રશિક્ષણ દરમિયાન લાભાર્થીને દરરોજ 500 રૂા. નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.
(A) માત્ર 1, 3 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 2, 4 (D) આપેલ તમામ

**123. 'નેશનલ સ્પેસ ઈનોવેશન ચેલેન્જ – 2023' વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન, ISRO અને ખાનગી સંસ્થા Navars Edutech દ્વારા આ ચેલેન્જ લોન્ચ કરવામાં આવી છે.
(B) ભારતની વિકસતી અવકાશીય અર્થવ્યવસ્થા અને આગામી અવકાશ ઉત્સાહીઓની પેઢીને સ્પેસ વર્કફોર્સ સમજાવવા અને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રિય સ્તરનું અભિયાન છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**124. ISRO દ્વારા વિકસિત નાના સેટેલાઈટ લોન્ચ વ્હીકલનો લોન્ચ કરવા માટે કયા રાજયમાં નવા સ્પેસપોર્ટનું નિર્માણ કરવામાં આવશે?**
(A) આંધ્રપ્રદેશ (B) ઓડિશા (C) કેરલ (D) તમિલનાડુ

**125. તાજેતરમાં ભારતે સૌપ્રથમ વખત ખનીજ તેલની ચૂકવણી ભારતીય રૂપિયામાં કયા દેશને કરી છે?**
(A) સાઉદી અરેબીયા (B) અમેરિકા (C) કુવૈત (D) યુનાઈટેડ આરબ અમીરાત

**126. ભારત સરકાર દ્વારા કઈ સંસ્થાને ઈલેક્ટ્રોનિક એવિડન્સ એક્ઝામિનરનો દરજ્જો આપવામાં આવ્યો છે?**
(A) National Forensic Sciences University (B) Institute of Forensic Sciences, Mumbai
(C) Lok Nayak Jayaprakash National Institute (D) આપેલ તમામ

**127. લોકોને વાસ્તવિક સમયના આધારે પૂરની સ્થિતિની માહિતી આપવા માટે 'Flood watch' એપ્લિકેશન કોના દ્વારા લોન્ચ કરવામાં આવી છે?**
(A) NITI આયોગ (B) ભારતીય આપત્તિ વ્યવસ્થાપન
(C) સેન્ટ્રલ વોટર કમિશન (D) પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય

**128. ભારતની પ્રથમ 3D પ્રિન્ટેડ પોસ્ટ ઓફિસનું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યુ છે?**
(A) પૂણે (B) બેંગ્લોર (C) હૈદરાબાદ (D) વિશાખાપટ્ટનમ

**129. તાજેતરમાં ચર્ચામાં રહેલા UDGAM પોર્ટલ વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આ વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવેલ છે.
(B) જાહેર જનતા એક જ જગ્યાએથી અલગ – અલગ બેંકોમાં તેમની દાવા વગરની થાપણો સરળતાથી શોધી શકે તે માટે આ પોર્ટલ બનાવવામાં આવ્યુ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**130. 'દાવા વગરની થાપણો' વિશે નીચે આપેલા પૈકી કયુ વિધાન અસત્ય છે?**
(A) RBI મુજબ બચતખાતામાં કે ચાલુ ખાતામાં રાખવામાં આવેલુ નાણુ છે જે 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહે છે.
(B) Fixed Deposit ના કિસ્સામાં પાકતી તારીખથી તે નાણાને ઉપાડવામાં આવ્યા ન હોય તે 'દાવા વગરની થાપણો' છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**131. ભારતમાં ચર્ચામાં રહેલા 'હવાના સિન્ડ્રોમ' ના મામલા વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) હવાના સિન્ડ્રોમ એ માનસિક સ્વાસ્થ્યના લક્ષણોના જૂથનો ઉલ્લેખ કરે છે.
(B) તેના પ્રારંભિક કેસો વર્ષ 2016 માં કયુબાની રાજધાની હવાનામાં મળી આવ્યા હતા.
(C) A અને B બંને (D) એક પણ નહી

**132. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ODOP વોલ' વિશે કયુ વિધાન સત્ય છે?**
(1) વન ડિસ્ટ્રક્ટ વન પ્રોડક્ટ (ODOP) અને દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન વચ્ચેના સહયોગી પ્રયાસથી 'ODOP વોલ' રજૂ કરવામાં આવી છે.
(2) આ પહેલ વૈશ્વિક સ્તરે ભારતના અસાધારણ હસ્તકલા વારસાને પ્રદર્શિત કરવા માટે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**133. વડાપ્રધાન દ્વારા ઘોષણા કરવામાં આવેલી 'લખપતિ દીદી યોજના' વિશે સાચા વિધાનો જણાવો.**
(1) આ યોજનાનું લક્ષ્ય ગામડાઓમાં બે કરોડ 'લખપતિ દીદી' (સમૃધ્ધ બહેનો) બનાવવાનું છે.
(2) કૃષિ પ્રવૃત્તિઓ માટે મહિલા સ્વસહાય જૂથોને ડ્રોન ઉપલબ્ધ કરાવવામાં આવશે.
(3) મહિલાઓને ડ્રોન ચલાવવા અને રીપેર કરવા, LED બલ્બ બનાવવા, પ્લમ્બિંગ અને અન્ય કૌશલ્યોની તાલીમ આપવામાં આવશે.
(4) આ યોજના ગરીબી નાબૂદી અને આર્થિક સશક્તિકરણના મિશનને અનુરૂપ છે.
(A) માત્ર 2, 3 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 2, 4 (D) આપેલ તમામ

**134. તાજેતરમાં 15, ઓગસ્ટ 2023 ના રોજ કેટલામાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી?**
(A) 75 માં (B) 76 માં (C) 77 માં (D) 78 માં

**135. 'યુરિયા ગોલ્ડ ખાતર' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) આ ખાતર 'રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ' દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
(B) તેને યુરિયાનું સલ્ફર સાથે સંયોજન કરીને બનાવવામાં આવે છે જેમાં 37% નાઈટ્રોજન અને 17% સલ્ફરની માત્રા હોય છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**136. 'આઝાદી કા અમૃત મહોત્સવ' વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 12 માર્ચ, 2022 ના રોજ સાબરમતી આશ્રમ ખાતેથી 'આઝાદી કા અમૃત મહોત્સવ' નું ઉદ્ઘાટન કર્યુ હતું.
(B) આ મહોત્સવ અંગે નીતિઓ અને યોજનાઓ તૈયાર કરવા માટે ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી હતી.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**137. 77 મા સ્વાતંત્ર્યદિવસની રાજયકક્ષા સ્તરે ઉજવણી કયાં કરવામાં આવી હતી?**
(A) ડેડિયાપાડા, નર્મદા (B) ધમડાચી, વલસાડ (C) ડોલવણ, તાપી (D) ધરમપુર, વલસાડ

**138. તાજેતરમાં નિધન પામેલા પ્રસિધ્ધ વ્યકિત વિકાસ સિંહા કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?**
(A) પરમાણુ ભૌતિકશાસ્ત્ર (B) મેડિસીન (C) અર્થશાસ્ત્ર (D) સમાજસેવા

**139. પ્રસિધ્ધ પરમાણુ ભૌતિકશાસ્ત્રી વિકાસ સિંહા વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) તેઓએ વડા પ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે સેવા આપેલી છે.
(B) તેમણે CERN ખાતે હિગ્સ બોસોનની શોધમાં મદદ કરી હતી.
(C) તેમને પદ્મશ્રી અને પદ્મભૂષણ પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા.
(D) એક પણ નહી.

**140. તાજેતરમાં મેરિટાઈમ સ્ટેટ કાઉન્સિલની સમિટમાં કયા પોર્ટને ભારતનું પ્રથમ મેગા પોર્ટ બનાવવાની વાત કરવામાં આવી છે?**
(A) કંડલા પોર્ટ (B) જવાહરલાલ નહેરુ પોર્ટ (C) કોચીન પોર્ટ (D) વિશાખાપટ્ટનમ પોર્ટ

**141. તાજેતરમાં ચર્ચામાં રહેલા કંડલા બંદર વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) ગુજરાતનું આ બંદર કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં આવેલું છે.
(B) મહારાજા ખેંગારજી III એ વર્ષ 1930-31 માં ત્યાં જેટી બાંધી હતી.
(C) ઈ.સ. 1951 માં તેને મહાબંદર જાહેર કરવામાં આવ્યુ હતું.
(D) ઈ.સ. 1955 માં એશિયાનું સૌપ્રથમ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) તરીકે જાહેર કરવામાં આવ્યુ હતુ.

**142. 'માલાબાર યુધ્ધાભ્યાસ' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) વર્ષ 2023 માં આ યુધ્ધાભ્યાસની 27 મી આવૃત્તિનું આયોજન થયુ હતુ.
(2) વર્ષ 2023 માં આ યુધ્ધાભ્યાસનું ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે આયોજન થયુ હતુ.
(3) આ યુધ્ધાભ્યાસમાં ભારત, અમેરીકા અને ઓસ્ટ્રેલિયા ત્રણેય દેશોની નૌસેના વચ્ચે ક્વાયત થઈ હતી.
(A) માત્ર 2, 3 (B) માત્ર 1, 2 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**143. 'મેરા બિલ મેરા અધિકાર' યોજના વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) વસ્તુ અને સેવા કર વિભાગ દ્વારા આ યોજના જાહેર કરવામાં આવી છે.
(2) વેપારીઓ પાસેથી ગ્રાહકો બીલ માંગે અને વેપારીઓ તેનો ઈન્કાર ન કરી શકે તે હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવનાર છે.
(3) તેમા 200 રૂ. થી ખરીદીના બિલ 'મેરા બિલ મેરા અધિકાર' મોબાઈલ એપ પર અપલોડ કરી શકાશે.
(4) 1 સપ્ટેમ્બરથી આ યોજના પ્રાયોગિક ધોરણે ચાલૂ કરવામાં આવેલી છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 2, 3 (C) માત્ર 3, 4 (D) આપેલ તમામ

**144. 'ગ્લોબલ ઈનિશિયેટિવ ઓન ડિજિટલ હેલ્થ' મિશન વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) ગાંધીનગર ખાતે આયોજીત G20 ના સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકમાં તે લોન્ચ કરવામાં આવ્યુ હતુ.
(B) તે વિવિધ પુરાવાઓને એકત્રિત કરશે અને વૈશ્વિક ડિજિટલ સ્વાસ્થ્યમાં તાજેત
(C) A અને B બંને (D) એક પણ નહી.

**145. તાજેતરમાં શરૂ કરવામાં આવેલા NCAP (New car Assessment Programme) વિશે સત્ય વિધાનો જણાવો.**
(1) તે કાર સલામતી માટેનો મૂલ્યાંકન કાર્યક્રમ છે.
(2) તે કાર ક્રેશ ટેસ્ટ પ્રદર્શનના આધારે કારને સ્ટાર રેટીંગ આપે છે.
(3) તે ભારતમાં ઉત્પાદિત કાર અને આયાત કરેલી 3.5 ટન થી ઓછા વજનની કારને રેટીંગ આપશે.
(4) આ પ્રોગ્રામ ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 2, 3 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

**146. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'નમોહ 108' વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) તે કમળની એક નવી પ્રજાતિ છે જેનુ કેન્દ્રીય વિજ્ઞાન મંત્રી જીતેન્દ્રસિંહે અનાવરણ કર્યુ હતુ.
(B) નમોહ 108 ને લખનૌ સ્થિત નેશનલ બોટનિકલ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા વિકસાવવામાં આવ્યુ છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**147. 'નમોહ 108' ફૂલોની ખેતી માટે કયુ મિશન શરૂ કરવામાં આવ્યુ હતું ?**
(A) લોટસ મિશન (B) અરોમા મિશન (C) ફ્લાવર મિશન (D) એક પણ નહી.

**148. પ્રથમ સ્વદેશી ઈ– ટ્રેક્ટર CSIR Prime ET11 કઈ સંસ્થા દ્વારા વિકસિત કરવામાં આવ્યુ છે?**
(A) IIT બોમ્બે
(B) IIT મદ્રાસ
(C) ઈન્ડિસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ, પંજાબ
(D) સેન્ટ્રલ મિકેનિકલ એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, દુર્ગાપુર

**149. U-20 વિશ્વ રેસલિંગ ચેમ્પિયનશિપનું આયોજન કયાં કરવામાં આવ્યુ હતું?**
(A) દોહા, કતાર
(B) મનામા, બહરીન
(C) અમ્માન, જોર્ડન
(D) રિયાધ, સાઉદી અરેબિયા

**150. સતત બે વખત U-20 વિશ્વ રેસલિંગ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતનાર ભારતની પ્રથમ મહિલા કોણ છે?**
(A) પ્રિયા મલિકા
(B) અંતિમ પંઘાલ
(C) અંશુ મલિક
(D) બબિતા કુમારી

**151. ફિફા મહિલા વર્લ્ડ કપ – 2023 વિશે કયુ વિધાન અસત્ય છે?**
(A) સ્પેન એ ઈંગલેન્ડને હરાવીને ફિફા મહિલા વર્લ્ડ કપ – 2023 નો ખિતાબ જીત્યો હતો.
(B) આ વર્લ્ડ કપનું આયોજન સંયુક્ત રીતે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડ ખાતે કરવામાં આવ્યુ હતુ.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**152. તીરંદાજી વર્લ્ડ કપ – 2023 માં ભારતની પુરુષ કમ્પાઉન્ડ ટીમએ કયો મેડલ જીત્યો હતો.**
(A) ગોલ્ડ
(B) સિલ્વર
(C) બ્રોન્ઝ
(D) એક પણ નહી.

**153. હાલમાં ચર્ચામાં રહેલા 'ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટયૂલિપ ગાર્ડન' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) શ્રીનગર સ્થિત આ ગાર્ડનને એશિયાના સૌથી મોટા અને સૌથી અદ્દભૂત ઉદ્યાન તરીકે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યુ છે.
(B) દર વર્ષે જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા પ્રવાસન પ્રયાસોના ભાગરૂપે ટયૂલિપ ઉત્સવની અંહિ ઉજવણી કરવામાં આવે છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**154. તાજેતરમાં ભારતીય સશસ્ત્ર દળમાં સામેલ કરવામાં આવેલ D-4S વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) D-4S એ ભારતનું સૌપ્રથમ સ્વદેશીરૂપથી વિકસાવેલું એન્ટિ ડ્રોન પ્રણાલી છે.
(2) તેને DRDO દ્વારા વિકસિત અને Bharat Electronics Limited (BEL) દ્વારા ઉત્પાદન કરવામાં આવ્યું છે.
(3) આ પ્રણાલીનો હેતુ અજ્ઞાત ડ્રોનને શોધી તેનો નાશ કરવાનો છે.
(A) માત્ર 1
(B) માત્ર 2, 3
(C) માત્ર 1, 3
(D) આપેલ તમામ

**155. તાજેતરમાં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવેલ 'SWATHI MK-II' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) ભારતીય સેનાએ માઉન્ટ વેરિયન્ટ SWATHI MK-II વેપન લોકેટિંગ રડારનો સૌપ્રથમ વાર સમાવેશ કર્યો છે.
(B) તેનુ નિર્માણ BEL (Bharat Electronics Limited) દ્વારા કરવામાં આવ્યુ છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**156. તાજેતરમાં 'STUDY ON INVESTMENT ATTRACTIVENESS' નામનો દેશની આર્થિક સ્થિતિ અંગે માહિતી આપતો અહેવાલ કોણે રજૂ કર્યો છે?**
(A) NITI આયોગ
(B) RBI
(C) નાણાપંચ
(D) GST કાઉન્સિલ

**157. બોર્ડર સિક્યુરિટી ફોર્સના ઈન્સ્પેકટર જનરલ (IG) તરીકે કોની નિમણૂંક કરવામા આવી છે?**
(A) પિયુષ પટેલ
(B) જી.એસ. મલિક
(C) સૌરભ દુબે
(D) અંશુમાન સિંહ

**158. તાજેતરમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી ગ્રીન હાઈડ્રોજનની વ્યાખ્યા વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે ગ્રીન હાઈડ્રોજનને પ્રતિ 1 kg $H_2$ ઉત્પાદનથી વધુમાં વધુ 2 kg $CO_2$ ની સમકક્ષ વેલ – ટુ – ગેટ ઉત્સર્જન તરીકે વ્યાખ્યાયિત કરવાનો નિર્ણય લીધો છે.
(B) બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી ગ્રીન હાઈડ્રોજન પરીયોજના માટેનું મુખ્ય પ્રાધિકરણ રહેશે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**159. નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન અંતર્ગત વર્ષ 2030 સુધીમાં ઓછામાં ઓછા કેટલો ગ્રીન હાઈડ્રોજન પ્રતિવર્ષ ઉત્પાદનનું લક્ષ્ય છે?**
(A) 15 મિલિયન મેટ્રીક ટન
(B) 5 મિલિયન મેટ્રીક ટન
(C) 25 મિલિયન મેટ્રીક ટન
(D) 10 મિલિયન મેટ્રીક ટન

**160. ભારતીય ચૂંટણી પંચ દ્વારા કોને 'નેશનલ આઈકોન' બનાવવામાં આવેલા છે?**
(A) પંકજ ત્રિપાઠી
(B) મેરી કોમ
(C) સચિન તેંડુલકર
(D) નિરજ ચોપડા

**161. રાજયમાં સૌથી વધારે ઈસબગુલનું ઉત્પાદન કરતા જિલ્લાઓને ઉતરતા ક્રમમાં ગોઠવો.**
(1) બનાસકાંઠા
(2) કચ્છ
(3) મહેસાણા
(A) 1, 2, 3
(B) 3, 2, 1
(C) 2, 3, 1
(D) 3, 1, 2

**162. શાળા શિક્ષણ માટે જાહેર કરવામાં આવેલા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) નવા ફ્રેમવર્ક અનુસાર હવેથી બોર્ડ પરીક્ષોઓ વર્ષમાં બે વખત લેવામાં આવશે.
(2) ધોરણ 11 અને 12 ના વિદ્યાર્થીઓને બે ભાષા ભણવી પડશે જેમાંથી એક ભાષા ભારતીય હોવી જોઈએ.
(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) એક પણ નહી.

**163. ઈસબગુલના પાક વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ છે?**
(A) સરકાર મુજબ દેશમાં ઈસબગુલ પ્રોસેસિંગમાં 90% હિસ્સો ગુજરાતનો છે.
(B) રાજયમાં સિધ્ધપુર અને ઉંઝામાં કુલ પ્રોસેસિંગ એકમોમાંથી 25% એકમો આવેલા છે.
(C) ભારતમાંથી નિકાસ કરવામાં આવતા તમામ ઔષધિય પાકોમાં ઈસબગુલ સૌથી વધુ વિદેશી હુંડિયામણ આપે છે.
(D) આપેલ તમામ

**164. તાજેતરમાં 100 મીટરની દોડ 10.65 સેકન્ડમાં પૂર્ણ કરનાર વિશ્વની સૌથી ઝડપી દોડવીર કોણ બની છે?**
(A) શેરિકા જેક્સન (B) શા' કેરી રિચાર્ડસન (C) શેલી – એન ફ્રેઝર (D) સ્ટીવા લેપિઝ

**165. 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' માં થયેલા સુધારા વિશે સત્ય વિધાન તપાસો.**
(A) એક જ રજીસ્ટ્રેશન ધરાવતી પાંજરાપોળ – ગૌશાળાને એક કરતા વધુ સ્થાને શાખા દીઠ તેના સંચાલન માટે સહાય આપવામાં આવશે.
(B) આ સહાય મહત્તમ 2,000 પશુઓની મર્યાદામાં રોજના રૂા. 30 પશુ દીઠ આપવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**166. નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) દ્વારા પ્રોજેક્ટ ટાઈટર હેઠળ મંજૂરી આપવામાં આવેલા 'ધોલપુર – કરૌલી વાઘ આરક્ષિત ક્ષેત્ર' કયા રાજયમાં આવેલું છે?**
(A) મધ્યપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ (C) છત્તીસગઢ (D) રાજસ્થાન

**167. ધોલપુર – કરૌલી વાઘ આરક્ષિત ક્ષેત્ર દેશનું કેટલામું વાઘ આરક્ષિત ક્ષેત્ર બન્યુ છે?**
(A) 53 (B) 54 (C) 55 (D) 56

**168. આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન માઈક્રોસાઈટનું સંચાલન કરનાર દેશનું પ્રથમ રાજય કયુ બન્યું છે?**
(A) મિઝોરમ (B) મણિપુર (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ

**169. ABDM માઈક્રોસાઈટ વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(A) તે વ્યાખ્યાયિત ભૌગોલિક ક્ષેત્ર છે જયાં નાના અને મધ્યમ કક્ષાના ખાનગી આરોગ્ય સંભાળ પ્રદાતાઓ સુધી પહોંચવાના પ્રયાસો પર કેન્દ્રિત છે.
(B) આ માઈક્રોસાઈટને નાણાકીય સંસાધનો અને સમગ્ર માર્ગદર્શન નેશનલ હેલ્થ ઓથોરીટી દ્વારા પ્રદાન કરવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**170. તાજેતરમાં યોજાયેલી 15 મી BRICS સમિટ વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ સંમેલનનું આયોજન દક્ષિણ આફ્રિકાના જહોનિસબર્ગ ખાતે થયુ હતું.
(2) આ સંમેલનમાં 6 નવા દેશોને BRICS સંગઠનમાં જોડવાનું જાહેર કરવામાં આવ્યુ હતું.
(3) BRICS નું નવુ નામ BRICS પ્લસ કરવાનું જાહેર કરવામાં આવ્યુ હતું.
(A) માત્ર 1 (B) માત્ર 1, 2, (C) માત્ર 2, 3 (D) આપેલ તમામ

**171. 15 મી BRICS સમિટ દરમિયાન નીચે આપેલા પૈકી કયા નવા દેશોને BRICS સંગઠનમાં જોડવાની જાહેરાત કરેલી છે?**
(1) આર્જેન્ટિના (2) સાઉદી અરેબિયા (3) ઈરાન (4) ઈરાક (5) સંયુક્ત આરબ અમીરાત
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 1, 2, 3, 5 (C) માત્ર 2, 3, 4, 5 (D) આપેલ તમામ

**172. FIDE વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચનાર બીજો ભારતીય ખેલાડી કોણ છે?**
(A) ડિ. ગુકેશ (B) વિગ્નેશ એન. આર. (C) આર. પ્રજ્ઞાનંદા (D) વી. પ્રણીય

**173. ભારતનું સૌપ્રથમ વિલેજ એટલાસ 'માયોમ બાયોડાયવર્સિટી એટલાસ' જાહેર કરવામાં આવ્યો છે ત કયા રાજયમાં છે?**
(A) ગોવા (B) મહારાષ્ટ્ર (C) કેરલ (D) તમિલનાડુ

**174. તાજેતરમાં લડાકુ વિમાન તેજસથી સૌપ્રથમ વખત કઈ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યુ હતું?**
(A) પ્રહાર (B) અસ્ત્ર (C) અગ્નિ (D) શૌર્યા

**175. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર – 2021 વિશે શ્રેણી અને તેમના વિજેતાઓની જોડ પૈકી કઈ જોડ સાચી છે?**

| શ્રેણી | | વિજેતા |
|---|---|---|
| (1) શ્રેષ્ઠ અભિનેતા | – | અલ્લુ અર્જુન |
| (2) શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ | – | પુષ્પા ધ રાઈઝ |
| (3) શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ | – | છેલ્લો શો |
| (4) શ્રેષ્ઠ ફિચર ફિલ્મ | – | રોકેટ્રી ધ નામ્બી ઈફેક્ટ |

(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 3, 4 (D) આપેલ તમામ

**176. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર – 2021 માં શ્રેષ્ઠ અભિનેત્રીનો ખિતાબ કોને મળ્યો છે?**
(A) આલિયા ભટ્ટ (B) ક્રીતી સેનન (C) A અને B બંને (D) એક પણ નહી.

**177. ગુલામોના વેપાર અને તેની નાબૂદીની યાદ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ કયારે ઉજવવામાં આવે છે?**
(A) 21 ઓગસ્ટ (B) 22 ઓગસ્ટ (C) 23 ઓગસ્ટ (D) 24 ઓગસ્ટ

**178. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિશે નીચે આપેલા પૈકી કયુ વિધાન સત્ય નથી?**
(A) આ પુરસ્કાર ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ડિરેકટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા જાહેર કરવામાં આવે છે.
(B) તાજેતરમાં 67 માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર – 2021 ની જાહેરાત કરવામાં આવેલી હતી.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**179. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા NCAP (National Clean Air Programme) રેન્કિંગ વિશે સત્ય વિધાનો કયા છે?**
(1) કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા આ રેન્કિંગ જાહેર કરવામાં આવેલુ છે.
(2) આ રેન્કિંગમાં ઈન્દોર પ્રથમ ક્રમાંક પર રહેલું છે.
(3) અમદાવાદ આ રેન્કિંગમાં સાતમા ક્રમાંક પર રહયુ છે.
(4) વિવિધ શહેરોના રેન્કિંગ આઠ માનકોના આધારે આપવામાં આવે છે.
(A) માત્ર 2, 3 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 1, 2, 4 (D) આપેલ તમામ

**180. 'રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ છે?**
(A) વર્ષ 2019 માં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.
(B) વર્ષ 2026 સુધીમાં સુક્ષ્મ કણોની સાંદ્રતામાં 40% ઘટાડો કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યુ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**181. કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) તે એક વૈધાનિક સંસ્થા છે જે જળ (પ્રદુષણ) નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ – 1974 હેઠળ રચવામાં આવી હતી.
(B) તેનુ મુખ્યાલય કલકત્તા ખાતે આવેલું છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**182. દર વર્ષે મહિલા સમાનતા દિવસ કયારે ઉજવવામાં આવે છે?**
(A) 26 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 12 જુલાઈ (D) 16 જુલાઈ

**183. 'રાષ્ટ્રીય રમતગમત દિવસ' વિશે કયુ વિધાન અસત્ય છે?**
(A) હોકીના જાદુગર તરીકે ઓળખતા મેજર ધ્યાનચંદના જન્મદિવસને રાષ્ટ્રીય રમતગમત દિવસ તરીકે ઉજવાય છે.
(B) દર વર્ષે 29 ઓગસ્ટના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**184. નીચે આપેલા વિધાનો પૈકી સત્ય વિધાનો કયા છે?**
(1) તાજેતરમાં RBI એ બેંકોને PENAL INTREST ની જગ્યાએ PENAL CHARGE લેવાનો આદેશ આપ્યો છે.
(2) આ નવી માર્ગદર્શિકા નાની ફાઈનાન્સ બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો સહિત પેમેન્ટ બેંકો અને નોન બેંકિંગ નાણાકીય કંપનીઓને પણ લાગુ પડશે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**185. તાજેતરમાં આસિયાન – ભારત આર્થિક મંત્રીઓની 20 મી બેઠક કયાં યોજાઈ હતી?**
(A) યાંગૂન, મ્યાનમાર (B) સેમારંગ, ઈન્ડોનેશિયા (C) મનિલા, ફિલિપાઈન્સ (D) હનોઈ, વિયેતનામ

**186. 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) દર વર્ષે 28 ઓગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ઉજવાય છે.
(B) ગુજરાતી ગદ્યના પ્રણેતા નર્મદશંકર દવેના જન્મ દિવસે આ દિવસ ઉજવવામાં આવે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**187. વ્યાપારી સંબંધોને પ્રોત્સાહન આપવા માટે 'ASEAN - ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ'ની રચના કયારે કરવામાં આવી હતી?**
(A) 2002 (B) 2003 (C) 2004 (D) 2005

**188. ASEAN સંગઠન વિશે નીચે આપેલા પૈકી ખોટું વિધાન કયુ છે?**
(A) તે ભારત સહિત દક્ષિણ – પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
(B) આ સંગઠનનું સચિવાલય જકાર્તા, ઈન્ડોનેશિયા ખાતે આવેલું છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**189. વડાપ્રધાન દ્વારા 'રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસ' કયારે ઉજવવાની જાહેરાત કરવામાં આવેલી છે?**
(A) 21 ઓગસ્ટ (B) 22 ઓગસ્ટ (C) 23 ઓગસ્ટ (D) 24 ઓગસ્ટ

**190. ચંદ્રયાન – 3 માં કાસ્ટિંગ બોડી બનાવવાનુ મશીન ગુજરાતના કયા શહેરમાં બનાવવામાં આવ્યુ હતુ?**
(A) વડોદરા (B) રાજકોટ (C) જામનગર (D) ભાવનગર

**191. લેન્ડર વિક્રમે ચંદ્રની સપાટી પર જે સ્થળે ઉતરાણ કર્યુ તે સ્થળને વડાપ્રધાન દ્વારા શું નામ આપવામાં આવ્યુ છે?**
(A) તિરંગા પોઈન્ટ (B) શિવશક્તિ પોઈન્ટ (C) શિવાજી પોઈન્ટ (D) ઈન્ડિયન પોઈન્ટ

Banking Academy

**192. ચંદ્રયાન – 3 મિશન વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**

(1) ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.

(2) આ મિશન ત્રણ ભાગોમાં વિભાજીત છે. પ્રોપલ્શન મોડ્યુલ, લેન્ડર મોડ્યુલ અને રોવર

(3) લેન્ડર વિક્રમના પૈડા પર ભારતના રાષ્ટ્રીય ચિહ્ન અને ઈસરોના લોગોની છાપ ઉપસાવવામાં આવેલી છે.

(4) ચંદ્રયાન – 3 ના લેન્ડર, રોવર અને પ્રોપલ્શન મોડ્યુલમાં કુલ છ પેલોડનો સમાવેશ થાય છે.

(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 1, 2, 4 (D) આપેલ તમામ

**193. ચંદ્રયાન – 2 ના ચંદ્રની સપાટીના ટચડાઉન પોઈન્ટને વડાપ્રધાન દ્વારા શું નામ આપવામાં આવ્યુ છે?**

(A) શિવશક્તિ પોઈન્ટ (B) શિવાજી પોઈન્ટ (C) સરદાર પોઈન્ટ (D) તિરંગા પોઈન્ટ

**194. તાજેતરમાં નિધન પામેલા વ્યકિત ડો. કલ્યામપુડી રાધાકૃષ્ણ રાવ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?**

(A) આંકડાશાસ્ત્ર (B) મેડીસીન (C) સાહિત્ય (D) સંગીત

Banking Academy

# 14 Facts.... Inshort

1. WTO (World Trade Organisation) ની 13 મી મંત્રી પરિષદના અધ્યક્ષ તરીકે કોને ચૂંટવામાં આવ્યા છે? – **સંયુક્ત અરબ અમિરાતના (UAE) વિદેશ વ્યાપાર મંત્રી ડો. થાની અલ ઝૈઉદી, મંત્રી સ્તરીય પરિષદ અબુ ધાબીમાં યોજાશે.**
2. તાજેતરમાં 'સેન્ટ્રલ બેંક ઓફ ચાઈના' ના ગવર્નર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે? – **પાન ગોંગશેંગ**
3. CERT – In એ કયાં રેન્સમવેરના હુમલા અંગે ચેતવણી જાહેર કરી છે? – **અકીરા રેન્સમવેર** (CERT – IN : Computer Emergency Response Team – India)
4. IMF (International Monetary Fund) અનુસાર વર્ષ 2023 માટે ભારતની GDP વૃધ્ધિને વધારીને કેટલુ અનુમાન કર્યુ છે? – 6.1%
5. તાજેતરમાં બોમ્બે અને આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ તરીકે કોની નિમણુક કરવામાં આવી છે? – **દેવેન્દ્રકુમાર ઉપાધ્યાય – બોમ્બે હાઈકોર્ટ અને ધીરજ સિંહ ઠાકુર – આંધ્રપ્રદેશ હાઈકોર્ટ**
6. તાજેતરમાં નાગાલેન્ડની કઈ મહિલા રાજયસભા સાંસદે રાજયસભાના અધ્યક્ષની ભૂમિકા ભજવીને તે રાજયની પ્રથમ મહિલા બની? – **એસ ફાંગનોન કોન્યાક**
7. તાજેતરમાં વર્ષ 2023 ના માઈલ્સ ફ્રેન્કલીન સાહિત્ય પુરસ્કાર કોને અને કયા પુસ્તક માટે એનાયત કરવામાં આવ્યો છે? – **શંકરી ચંદ્રનને તેની નવલકથા "Chai Time at Cinnamon Gardens"**
8. S & P ગ્લોબલના અહેવાલ 'Look Forward : India's Moment' અનુસાર FY24 થી FY31 સુધી ભારતનો સરેરાશ વૃધ્ધિ દર કેટલો રહેશે? – **6.7%**
9. તાજેતરમાં નામદેવ ધોડો મહાનોરનું નિધન થયુ હતું. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા? – **મરાઠી કવિ**
10. કેન્દ્રીય સ્ટીલ અને નાગરીક ઉડ્ડયનમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા એ કઈ ભારતીય જાહેરક્ષેત્ર ઉપક્રમનો નવો લોગો લોન્ચ કર્યો છે? – **National Mineral Development Corporation (NMDC)**
11. વૈશ્વિક ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે અમેરિકાનું ક્રેડિટ રેટિંગ AAA માંથી ઘટાડીને કેટલુ કર્યુ છે? – **AA+** (ફિંચે અમેરિકાની બગડતી રાજકોષીય સ્થિતિ, તેમજ વારંવાર દેવાની ટોચમર્યાદાનો વિવાદ વગેરેને રેટિંગ ઘટાડવા પાછળના કારણ દર્શાવ્યા છે.)
12. તાજેતરમાં કઈ સંસ્થાના વૈજ્ઞાનિકોએ અવકાશમાં અનિચ્છનીય રેડિયો ફ્રીકવન્સી ઈન્ટરફેસ (RFI) સાથે કામ કરવા માટે સ્ટારફાયર નામનું અલ્ગોરિધમ વિકસાવ્યું છે? – **રમણ સંશોધન સંસ્થા**
13. નાસાએ તાજેતરમાં જેમ્સ વેબ ટેલિસ્કોપમાંથી એક ઉચ્ચ – રિઝોલ્યુશન ઈમેજ બહાર પાડી છે જેમાં બે સક્રિય રીતે રચાતા તારાઓ દર્શાવવામાં આવ્યા છે. જે કયા નામે ઓળખાય છે? – **હર્બિંગ – હારો 46/47**
14. કોને તિલક મેમોરિયલ ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા 'લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે? – **વડાપ્રધાન નરેન્દ્રમોદી**
15. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા કયા શહેરની મેટ્રો ટ્રેનના બે કોરિડોરનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું? – **પુણે, મહારાષ્ટ્ર**
16. GST માં પાંચ કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર ધરાવતા તમામ વેપારીઓ માટે e-invoice લાગુ કરી દેવામાં આવ્યુ છે. તેનો અમલ કયારથી લાગુ કરવામાં આવશે? – **1 ઓગસ્ટ, 2023**
17. સુરતમાં આવેલ ડાયમંડ બુર્સના ઉદ્દ્ઘાટન માટે કોને આમત્રણ આપવામાં આવ્યું છે? આ ઉદ્દ્ઘાટનની અંદાજીત તારીખ કઈ છ? – **વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ડાયમંડ બુર્સના સદસ્યો દ્વારા આમંત્રણ આપવામાં આવ્યુ છે, ડિસેમ્બર માસમાં સંભવત તેનું ઉદ્દ્ઘાટન કરવામાં આવશે.**
18. કઈ બે વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ હિમાલયનાં ખનીજોમાંથી પાણીના ટીપા શોધી કાઢ્યા છે, જે અંદાજે 60 કરોડ વર્ષ પૂર્વે અસ્તિત્વમાં રહેલ પ્રાચીન મહાસાગર હોવાનું મનાય છે? – **બેંગ્લોર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISc) અને જાપાનની નિગાતા વિશ્વવિદ્યાલયા વિદ્યાર્થીઓ દ્વારા સંયુક્ત રીતે શોધવામાં આવી.**
19. પૂર્વીય એશિયા – પેસિફિક વિસ્તારની કઈ ટીમએ વર્ષ 2024 માં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર ICC પુરુષ T20 વર્લ્ડ કપમાં સામેલ થઈ છે? – **પાપુઆ ન્યુ ગિની**
20. વર્લ્ડ એકવેટિકસ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ કોણ જીત્યું? – **સ્વિડનની 29 વર્ષીય મહિલા સ્વિમર સારાહ જોસ્ટ્રોમે**
21. ભારતએ કયા દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશને 'INS Kirpan' સ્વદેશ નિર્મિત મિસાઈલ કોર્વેટ ભેટમાં આપી છે? – **વિયેતનામ**
22. ગુજરાતના એક ખેલાડી રુશ કલરિયાએ નિવૃત્તિ જાહેર કરી છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે? – **ક્રિકેટ**
23. તાજેતરમાં ચર્ચામાં રહેલી 'ટાંકાઈ પધ્ધતિ' (Tankai Method) કઈ પ્રક્રિયા સાથે સંકળાયેલ છે? – **જહાજ નિર્માણ**
24. કયા રાજયમાં "International Symposium on Sustainable Livestock Transformation" નું આયોજન કરવામાં આવ્યુ હતું? – **ગુજરાત (તેનુ આયોજન આંણદ સ્થિત 'National Dairy Development Board' ખાતે કરવામાં આવ્યુ હતું)**

25. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) અનુસાર ભારતનો વર્તમાન નાણાકીય વર્ષ માટે GOP વૃધ્ધિ દરનું શુ અનુમાન છે? – **6.4%**

26. કયાં 'Rural WASH Partner's Forum' (RWPF) પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન થયુ હતું? – **નવી દિલ્હી**

27. ONDC (Open Network For Digital Commerce) એ કોની મદદથી વેપારીઓ માટે ONDC એકેડેમી નામની લર્નિંગ એકેડેમી શરૂ કરી છે? – **NSE (National Stock Exchang)**

28. 8 મી ઓસ્ટ્રેલિયા – ભારત પોલિસી ડાયલોગ કયાં યોજાઈ હતી? – **કેનબેરા, ઓસ્ટ્રેલિયા**

29. આરાશ ડોરા ગેસ ફિલ્ડ વિવાદ શું છે? – **તે કુદરતી સંસાધનથી સમૃધ્ધ અપતટીય ક્ષેત્ર છે. જેના પર સાઉદી અરેબિયા, કુવૈત અને ઈરાન માલિકીનો દાવો કરે છે.**

30. તાજેતરમાં રાજસ્થાનમાં કેટલા નવા જિલ્લાઓ ઉમેરવામાં આવ્યા છે? – **19 નવા જિલ્લાઓ ઉમેરવામાં આવ્યા છે. આથી હવે રાજસ્થાનમાં જિલ્લાની સંખ્યા કુલ 50 થઈ છે. દૂદ અને જેસલમેર રાજયનો અનુક્રમે સૌથી નાનો અને મોટો જિલ્લો છે.**

31. ભારત સરકાર, ભૂતાન સાથે બંને દેશો વચ્ચે સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય રેલવે સેવા શરૂ કરવા ચર્ચા વિચારણાઓ કરી રહી છે. આ રેલવે કયાં બે શહેરને જોડશે? આ 57 કિમી લાંબી રેલવે લિંકનું નિર્માણ કાર્ય વર્ષ 2026 સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે – **ભૂતાનના ગેલેફુ અને આસામના કોકરાઝર પ્રદેશને જોડશે.**

32. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટિક્સની માહિતી મુજબ ભારતનો Purchasing Power Parity (PPP) માં કેટલામો રેન્ક છે? – **ત્રીજા ક્રમાંકે (જયારે ચીન – પ્રથમ અને અમેરિકા – બીજા ક્રમાંકે છે)**

33. કયા રાજયની વિધાનસભાએ કેન્દ્ર સરકારનો સમાન નાગરીક સંહિતા મુસદ્દા વિરુધ્ધ સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો છે? કેરળ રાજય વિધાન સભા **( તે દેશની સૌપ્રથમ વિધાનસભા છે જેણે UCC વિરુધ્ધ ઠરાવ પસાર કર્યો છે.)**

34. રશિયા – આફ્રિકા આર્થિક અને માનવતાવાદી સમિટનું આયોજન કયા કરવામાં આવ્યુ હતું? – **સેન્ટ પીટર્સબગ, રશિયા**

35. જુલાઈ – 2023 માં કેટલો વસ્તુ અને સેવા કર એકત્રિત કરવામાં આવ્યો હતો? – **1.65 લાખ કરોડ રૂપિયા (જુલાઈ 2023 ની આવક ગયા વર્ષના સમાન મહિના કરતા 11% વધુ છે.)**

36. હાલમાં સંરક્ષણ મંત્રાલયના રાજયમંત્રી અજય ભટ્ટ એ "કારગીલ : એક યાત્રી કી જુબાની" શીર્ષકવાળા પુસ્તક અને મિત્રોનું વિમોચન કર્યુ હતું. આ પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યુ છે? – **ઋષિ રાજ**

37. ચીનના કયા શહેરમાં તેના 140 વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે? – **(બેઈજિંગ, ચાઈનાની રાજધાની (ત્યાં 29.3 ઈંચ વરસાદ વરસ્યો હતો)**

38. આદી પેરુકકુ નામનો સાંસ્કૃતિક ઉત્સવ ભારતના કયા રાજયમાં ઉજવવામાં આવે છે? – **તમિલનાડુ (તમિલ મહિનો 'આદિ' ના 18 માં દિવસે આ ઉત્સવ ઉજવાય છે. આ તહેવાર ચોમાસાની ઋતુ અને જમીનની ફળદ્રુપતાને સન્માન આપવા માટે ઉજવાય છે.)**

39. વિશ્વમાં ક્ષેત્રફળ આધારે સૌથી નાના ત્રણ દેશો કયા – કયા છે? – **વેટિકનસિટી – 0.49 કિમી² (યુરોપખંડ), મોનાકો – 2.02 કિમી² (યુરોપ ખંડ), નૌરુ – 21 કિમી² (ઓસ્ટ્રેલિયા અને ઓશનિયા)**

40. વિશ્વમાં વસતિના આધારે સૌથી નાના ત્રણ દેશો કયા – કયા છે? – **વેટિકન સિટી– 825 (યુરોપ), તુવાલુ – 11508 (ઓસ્ટ્રેલિયા – ઓશનિયા ખંડ), નૌરુ – 12704 (ઓસ્ટ્રેલિયા અને ઓશનિયા)**

41. વર્ષ 2023 ના ફોર્ચ્યુન ગ્લોબલ 500 યાદીમાં કઈ ભારતીય કંપનીએ ભારતની તે યાદીમાં સમાવેશ થયેલ કંપનીમાં સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે? – **રિલાયન્સ ઉદ્યોગ – 88 ક્રમે રહી, જયારે વર્ષ – 2022 ની ફોર્ચ્યુન યાદીમાં 104 માં ક્રમાંકે હતી.**

42. Communication Interoperability and Security Memorandum of Agreement (CIS – MOA) નામના સુરક્ષા કરાર કયા બે દેશો વચ્ચે થયા છે? – **અમેરિકા અને પાકિસ્તાન (તે એક પાયાનો કરાર છે જેમાં અમેરિકા તેના સાથી અને ભાગીદારો સાથે ઘનિષ્ઠ સૈન્ય અને સંરક્ષણ સહયોગ જાળવી રાખવા માટે હસ્તાક્ષર કરે છે.)**

43. કયા રાજયએ તેનુ પોતાનુ નામ બદલવાવવાનો ઠરાવ તેની વિધાનસભામાંથી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે? – **કેરળ રાજય સરકારે નામ 'કેરલમ્' કરવાનો ઠરાવ પસાર કર્યો**

44. તાજેતરમાં કયા પશ્ચિમ આફ્રિકન દેશમાં સેના દ્વારા લશ્કરી બળવો કરવામાં આવ્યો હતો? – **નાઈજર (તેના રાષ્ટ્રપતિ મોહમ્મદ બાઝૌમની તેમના પોતાના મહેલમાં અટકાયત કરવામાં આવી હતી)**

45. પદમ ભૂષણ વિજેતા અને વિઠ્ઠલનું નિધન થયુ છે. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા? – **એન વિઠ્ઠલ 1960 બેચના IAS અધિકારી હતા.**

46. કયા રાજયની સરકાર તેના રાજયમાંથી વિદેશ સ્થળાંતરણ કરનારાઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે 'શુભયાત્રા' યોજના શરૂ કરશે? – **કેરળ (યોજના હેઠળ લાયક ઉમેદવારના ખર્ચને પહોંચી વળવા માટે 2 લાખ સુધીની નાણાકીય સહાય સાથે છ મહિના માટે કરમાંથી મુક્તિ તેમજ આર્કષક વ્યાજ સહાય આપવામાં આવે છે.)**

47. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) એ Cheer4India અભિયાન હેઠળ એશિયન રમત વિશે જાગરૂકતા ફેલાવવા માટે એશિયન રમતમાં ભાગ લેવા જતા રમતવીરોની યાત્રા પર કઈ ટૂંકી મુવી શ્રેણી લોન્ચ કરી છે? – **'હલ્લાબોલ' (આ શ્રેણી હેઠળ કુલ 12 મુવી પ્રદર્શિત કરવામાં આવશે.)**

48. નાણા મંત્રાલયે કયા દેશોમાંથી થતી ખાસ ઓપ્ટિકલ ફાઈબરની આયાત પર એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાગુ કરી છે? – **ચીન, દક્ષિણ કોરિયા અને ઈન્ડોનેશિયા** (Director General of Trade Remedies (DGTR) ના અહેવાલ મુજબ સ્થાનિક ઓપ્ટિકલ ફાઈબર ઉદ્યોગને આપેલ દેશોમાંથી સસ્તી અને હલકી ગુણવત્તાની આયાતના વધારાને કારણે નુકસાન ભોગવવુ પડે છે.)

49. '75 Endemic Birds of India' નામનો અહેવાલ કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો? – **Zoological Survey of India** (ભારત 1353 પક્ષીઓની પ્રજાતિનું ઘર છે. જે વૈશ્વિક સ્તરે પક્ષીઓની વિવિધતાના આશરે 12.40% છે. ભારતના 1353 પ્રજાતિના પક્ષીઓમાંથી 78 (કુલના 5% ) શિમાં સ્થાનિક છે.

50. ઈંગ્લેંડમાં COVID-19 નો કયો નવો વાયરસ ઝડપથી ફેલાઈ રહયો છે? આ વાયરસ સમગ્ર યુરોપ, એશિયા અને ઉત્તર અમેરિકામાં પણ ફેલાઈ રહયો છે – **EG 5.1**

51. વિવિધ હવામાનકીય સંસ્થાઓના વિશ્લેષણ અનુસાર આ વર્ષે 2023 નો કયો મહિનો પૃથ્વી પરના અત્યાર સુધીનો સૌથી ગરમ મહિનો ગણવામાં આવે છે? – **જુલાઈ, 2023 (પ્રારંભિક વિશ્લેષણ અનુસાર છેલ્લા 1200 વર્ષમાં સૌથી ગરમ મહિનો છે)**

52. કઈ રાજ્ય સરકાર 'ગુરુ ગોરખનાથ બોર્ડ' ની સ્થાપના કરશે? – **રાજસ્થાન** ("ગુરુ ગોરખનાથ બોર્ડ" નો મુખ્ય ઉદ્દેશ્ય રાજસ્થાનમાં જોગી, યોગી અને નાથ સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતી વિશિષ્ટ સમસ્યાઓને ઓળખવા માટે એક વ્યાપક સર્વેક્ષણ કરવાનો છે.

53. 'સ્ટારલેબ સ્ટેશન' , વોયેજર સ્પેસ અને કઈ અન્ય સંસ્થાનું સંયુક્ત સાહસ છે? – **એરબસ**

54. કઈ સંસ્થા દ્વારા 'Rice Price Index' જાહેર કરવામાં આવ્યો છે? – **Food and Aqriculture Organisation**

55. કઈ સંસ્થાએ 'વોટર ન્યુટ્રાલિટી' માટે પ્રમાણભૂત વ્યાખ્યા સ્થાપિત કરી છે? – **નીતિ આયોગ**

56. હાલમાં કયા દેશે Communication Interaperability and Security Memorundum of Aqreement (CIS_MOA) પર હસ્તાક્ષર કર્યા છે? – **પાકિસ્તાન**

57. હેરોન માર્ક – II ડ્રોનને ભારત તેના કયા દેશોની સાથે સીમા સુરક્ષા માટે તૈનાત કરશે? – **ચીન –પાકિસ્તાન** (હેરોન માર્ક - II ડ્રોનનું નિર્માણ ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવ્યું છે.)

58. પુરુષ એશિયા હોકી ચેમ્પિયન્સ ટ્રોફી 2023 માં કઈ ટીમ વિજેતા બની? – **ભારતીય પુરુષ હોકી ટીમ** (આ વખતે ટ્રોફીનું આયોજન ભારતમાં રાખવામાં આવ્યુ હતું. ભારત આ ટ્રોફી ચોથી વખત જીત્યુ છે.)

59. ગુજરાતમાં કયા નવો સફારી પાર્ક બનાવવામાં આવશે? – **ગીરના પૂર્વ વિસ્તાર એવા ઉના તાલુકાના નળિયા માંડવી ખાતે નવીન સફારી પાર્ક**

60. મુંબઈ સ્થિત NITIE (National Institute of Industrial Engineering) ને કઈ શૈક્ષણિક સંસ્થા બનાવવામાં આવશે? – **IIM – મુંબઈ (Indian Institute of Management)**

61. Luna – 25 મિશન કોનું અને શા માટે છે? – તે રશિયાની અવકાશ સંશોધન સંસ્થા 'Roscosmos' દ્વારા આયોજિત ચંદ્ર લેન્ડર મિશન છે. આ મિશન ભારતના ચંદ્રયાન – 3 મિશનને અનુસરે છે.

62. 'BARI ચિન્નાબાદમ – 12' જે તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. તે કયા પાકની નવી જાત છે? – **મગફળી**

63. તાજેતરમાં સમાચારમાં રહેલ બેનીસાગર કયા રાજયમાં આવેલું છે? – **ઝારખંડ** (ASI એ ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના એક ગામ બેનીસાગરમાં ખોદકામ વિશે માહિતી આપી છે. ખોદકામ દરમિયાન સેંકડો કલાકૃત્તિઓ મળી છે જે પૂર્વે 5 મી સદીથી સતત માનવ વસવાટની હોવાનું દર્શાવે છે.)

64. નોર્સમેન એક્સ્ટ્રીમ ટ્રાયથલોનની 2023 મી આવૃત્તિ કયા યોજાઈ હતી? જેમાં 35 દેશોના 290 રમતવીરોએ ભાગ લીધો હતો – **નોર્વે**

65. તાજેતરમાં કયા રાજયએ "વોટર ટુરિઝમ એન્ડ એડવેન્ચર સ્પોર્ટ પોલિસી– 2023 " ને મંજૂરી આપી છે? – **ઉત્તરપ્રદેશ**

66. ગુજરાતની સૌપ્રથમ AIIMS ના પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે? – **ડો.વલ્લભ કથિરિયા** (તેઓ રાજકોટના ભૂતપૂર્વ સાંસદ તેમજ કેન્દ્ર સરકારના ભૂતપૂર્વ મંત્રી રહી ચૂકયાં છે.)

67. LIC (Life Insurance Corporation of India) ના નવા MD તરીકે કોની નિમણૂક થઈ છે? – **આર. દોરાઈ સ્વામી**

68. તાજેતરમાં ડો. બિંદેશ્વર પાઠકનું નિધન થયુ છે. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ રહયાં? – **સમાજશાસ્ત્રી** (તેમણે વર્ષ 1970 માં બિનલાભકારી સંસ્થા 'સુલભ ઈન્ટરનેશનલ'ની સ્થાપના કરી હતી. તેમના હેઠળ સ્વચ્છ ભારત મિશન હેઠળ દેશમાં સુલભ શૌચાલય શરૂ કરવામાં આવ્યા હતાં)

69. ભારતીય ભાષા સંગમ – 2023 શિબિરનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું. – **એકતાનગર ટેન્ટસિટી, નર્મદા** (આ શિબિરનું આયોજન ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ નવી દિલ્હી તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી સત્તામંડળ દ્વારા સંયુકત રીતે કરવામાં આવ્યું છે)

70. કયા રાજયની સરકાર દ્વારા ગ્રાફીન ઓરોરા પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો હતો? – **કેરળ સરકાર** (આ યોજનાનો હેતુ કેરળમાં ગ્રાફિન ટેકનોલોજીન નવીનતા અને વ્યાપારીકરણને પ્રોત્સાહન આપવાનો છે)

71. તાજેતરમાં U-20 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયન શિપમાં કયા ભારતીય મહિલા ખેલાડીએ ગોલ્ડ મેડલ જીત્યો છે? – **અંતિમ પંઘાલ** (તેણી સતત બે વખત U-20 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતનાર ભારતની પ્રથમ મહિલા કુસ્તીબાજ બની છે.)

72. કયા રાજયના જાણીતા મટ્ટી કેળાને ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો છે? – **કેરળ** (મટ્ટી કેળાને 'બેબી બનાના' તરીકે પણ ઓળખાય છે જે મુખ્યત્વે 'કાલકુલમ' અને 'વિલાવનકોડ' તાલુકામાં ઉગે છે.)

73. તાજેતરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે એક સિંહનું નિધન થયુ હતું. તેનુ નામ શું હતું? – **સુત્રા** (આ સિંહ ગીર સોમનાથના સૂત્રાપાડાના જંગલમાંથી પકડાયો હતો આથી, તેનું નામ સૂત્રા રાખવામાં આવ્યું હતું. આ સિંહની ઉંમર 16 વર્ષની હતી)

74. 'કુટ્ટીક્કનમ પેલેસ' જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા રાજય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલો છે? – **કેરળ**

75. હાલમાં કઈ સંસ્થાએ 'Still Unprepared' રિપોર્ટ બહાર પાડયો છે? – **Risk Horizons**

76. ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં કયો ભારતીય ખેલાડી રનરઅપ રહ્યો છે? – **એચ. એસ. પ્રણય**

77. મણિપુરમાં રાહતની દેખરેખ માટે સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત સર્વ – મહિલા પેનલના અધ્યક્ષ કોણ છે? – **જસ્ટિસ ગીતા મિત્તલ**

78. કયા રાજયએ શાળાઓમાં આદિવાસીઓ માટે 32% અનામત આપ્યું છે? – **છત્તીસગઢ**

79. મધ્યસ્થા વિધેયક 2023 અથવા આર્બિટ્રેશન બિલ – 2023 નો ઉદ્દેશ્ય લવાદી કાર્યવાહી પૂર્ણ થવામાં લાગતો સમય ઘટાડીને કેટલા દિવસ કરવાનો છે? – **180 દિવસ**

80. આબોહવા પરિવર્તન અને દુષ્કાળના કારણે ટિટિકાકા તળાવ ગંભીર જોખમોનો સામનો કરી રહ્યું છે. તે કયા ખંડનું સૌથી મોટું તાજા પાણીનું સરોવર છે? – **દક્ષિણ અમેરિકા**

81. ભારતના કયા પુરાતત્વીય સ્થળે 'પ્રાચીન ક્રિસ્ટલ કવાર્ટઝ વેઈટ યુનિટ' મળી આવ્યુ છે? – **કીલાડી**

82. નાલંદા બૌધ ધર્મ પર 'રાષ્ટ્રીય પરિષદ' નું યજમાન કયું શહેર છે? – **લેહ**

83. કયા રાજયએ હાલમાં 'મફત અન્નપૂર્ણા ફૂડ પેકેટ' યોજના શરૂ કરી છે? – **રાજસ્થાન**

84. કયા રાજયએ 'અબુઆ આવાસ યોજના' શરૂ કરવાની જાહેરાત કરી હતી. જે 15000 કરોડ રૂપિયાના ખર્ચે આગામી બે વર્ષમાં જરૂરિયાતમંદો માટે મકાન બનાવવાનો હેતું ધરાવે છે? – **ઝારખંડ**

85. રિલાયન્સ જિયોએ તાજેતરમાં કયા દેશને હાઈ–સ્પીડ ઓપ્ટિકલ ફાઈબર કેબલ વડે જોડવાનું કામ પૂર્ણ કર્યુ છે? – **માલદીવ**

86. હરિકેન 'હિલેરી' કયા મહાસાગરમાં ઉદ્ભવ્યું હતું ? – **પૂર્વીય પેસિફિક મહાસાગર** (તે અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયામાં ત્રાટકનાર 80 વર્ષ બાદનું ઉષ્ણકટિબંધીય તોફાન છે)

87. 'ખાદી રક્ષાસૂત' કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ? – **KVIC (ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ)** (તેને રક્ષાબંધનના અવસરે લોન્ચ કરવામાં આવ્યો છે. તેમાં દેશની ગ્રામીણ મહિલાઓ દ્વારા રાખડી બનાવવામાં આવે છે. જે સંપૂર્ણપણે કુદરતી છે અને કોઈપણ રસાયણિક ઉમેરણોથી મુકત છે.)

88. 'વિદ્યાયક ક્ષેત્ર વિકાસ નિધિ યોજના' કયા રાજ્ય સાથે સંકળાયેલું છે ? – **હિમાચલ પ્રદેશ**

89. "આર્મી 2023 : 9મી International Military Technical Forum'નો આયોજક કયો દેશ છે ? – **રશિયા**

90. "Protecting Information Integrity and Public Trust in Election" વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું યજમાન કયો દેશ બન્યો છે ? – **બ્રાઝિલ**

91. Meity – National Science Foundation (NSF) સંશોધન સહયોગ માટે ભારતે કયા દેશ સાથે ભાગીદારી કરી છે ? – **અમેરિકા**

92. મેટા પ્લેટફોર્મ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપનીએ કમ્પ્યૂટર કોડ લખવામાં મદદ કરવાના હેતુથી કયા AI મોડેલને લોન્ચ કરવાની જાહેરાત કરી હતી ? – **કોડ લામા**

93. શ્રેથા થવીસીન કયા દેશના વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા ? – **થાઈલેન્ડ**

94. આફ્રિકન યુનિયન દ્વારા કયા દેશને 'બંધારણીય હુકમની અસરકારક પુનઃસ્થાપના' સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે ? – **નાઈજર**

# Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ







**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

**VARACHHA (Surat)**

4th Floor, "Silver Business Hub",
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha,
Surat PH: 70464 16555

**KATARGAM (Surat)**

422, 4th Floor, KBC -Kedar Business Hub,
Katargam Dabholi BRTS Road,
Near Bapa Sitaram Chowk, Katargam,
Surat PH: 70466 31555